ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૦ જૂલાઇ, ૨૦૨૬ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

◆અંક નંબર : ૦૫૩◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021
◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ અષાઢ સુદ - ૭ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# સંસદના ચોમાસુ સત્રનો તોફાની પ્રારંભ

**‘નીટ’ પેપર લીક અને રામમંદિર દાન ચોરી મુદ્દે વિપક્ષનો ભારે હંગામા : સ્પીકરે કહ્યુ, નારેબાજી-સુત્રોચ્ચાર સંસદની ગરીમા તોડનારૂ કદમ**



## નવા સમીકરણો અને શપથ ગ્રહણ

નવી દીલ્હી : આ સત્ર સાથે જ સંસદમાં શક્તિ અને સત્તાના નવા સમીકરણો પણ જોવા મળી રહ્યા છે. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ નવા ચૂંટાયેલા સાંસદોના શપથ ગ્રહણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં ભાજપના મહેશ કવાટે (કેવટે) તેમજ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાએ સાંસદ પદના શપથ લીધા હતા.

## મહત્વના બિલો રજૂ થવાની શક્યતા

નવી દિલ્હી : આ તોફાની સત્ર દરમિયાન સરકાર કેટલાક અત્યંત મહત્વના બિલો પાસ કરાવવાની ગણતરી રાખી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર આ સત્રમાં મોટો વળાંક લાવનારું ‘સીમાકન બિલ લાવી શકે છે, જેના પર ગૃહમાં ભારે ચર્ચા થવાની શક્યતા સેવાઈ રહી છે. વિપક્ષના આક્રમક વલણને જોતા આગામી દિવસોમાં પણ ચોમાસુ સત્રના કામકાજ પર હંગામાનું સાયું રહે તેવા એંધાણ મળી રહ્યા છે.

નવી દિલ્હી : સંસદના આજથી શરૂ થયેલા ચોમાસુ સત્રનો પ્રારંભ અપેક્ષા મુજબ જ ભારે તોફાની રહ્યો છે. સત્રના પ્રથમ દિવસે જ વિપક્ષી સાંસદોએ ‘નીટ’ પેપર લીક કૌભાંડ અને રામમંદિર ચઢાવા-દાન ચોરીના મુદ્દે ગૃહમાં ભારે દેકારો મચાવ્યો હતો. હંગામો એટલો વધી ગયો હતો કે વિપક્ષના

અનુસંધાન પાના નં.૪ પર

# ૨૦૨૭ વાઈબ્રન્ટ અત્યાર સુધીનો સૌથી મોટો હશે : C.M. અમેરિકા Dy.C.M. ઈંગ્લેન્ડ-જાપાન જશે

**૨૦૩૬ સુધીમાં ગુજરાતમાં એકશન પેક આયોજનો : ટેકનોલોજી - સેમીકન્ડકટર સહિતના ક્ષેત્રે વિશ્વની ટોચની કંપનીઓને આવકારની તૈયારી**

અમદાવાદ : ગુજરાતમાં એક નવા પ્રયોગ તરીકે વાઈબ્રન્ટ સમીટમાં રીજયોનલ કોન્ફરન્સ યોજીને સ્થાનિક ઉદ્યોગ-સાહસિકોને પણ તક મળે તે નિશ્ચિત કરાયું હતું પણ આગામી વર્ષ ૨૦૨૭માં યોજાનારી વાઈબ્રન્ટ સમીટ અત્યાર સુધીની સૌથી મોટી વાઈબ્રન્ટ સમીટ હશે તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે અને તેની તૈયારીઓ શરુ થઈ છે.

વાસ્તવમાં ગુજરાત આગામી ૧૦ વર્ષ માટે એકશન પેક તૈયારીઓ કરી રહ્યું છે જે ભારતમાં કદાચ કોઈ રાજયમાં ન થઈ હોય તેવી હશે. આગામી વર્ષના વાઈબ્રન્ટ સાથે આંતરરાષ્ટ્રીય પોલીસ ખેલકુદ મહોત્સવ ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ- ૨૦૩૬ના ઓલીમ્પીક માટે તૈયારીઓ શરૂ થઈ છે તે સમયે આગામી વર્ષના વાઈબ્રન્ટ મહોત્સવમાં હવે ગુજરાતે ટેકનોલોજી એવીએશન- સેમીકન્ડકટર ક્ષેત્રે જે ઉડાન ભરી છે તે

અનુસંધાન પાના નં.૪ પર

# અમદાવાદ વિમાન દુર્ઘટનાઃ એઆઈઆઈબીના સુપ્રીમમાં સોગદનામા સામે પીડીતોના પરીવારજનોનો જનાક્રોશ

**‘જો ડેટા સંવેદનશીલ હતો, તો શરૂઆતમાં કોકપીટનો ઓડિયો કેમ જાહેર કરાયો?’ પીડિત પરિવારોનો વેધક સવાલ AAIB દ્વારા સુપ્રીમ કોર્ટમાં સમગ્ર માહિતી જાહેર ન કરવા સોગંદનામું રજૂ કરાતા મૃતકોના સગાંઓનો ભારે આક્રોશ : દુર્ઘટના સ્થળે સ્મારક બનાવવાની માંગ**

નવી દિલ્હી :“અમદાવાદમાં સર્જાયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના કેસમાં તપાસ એજન્સી અને પીડિત પરિવારો સામસામે આવી ગયા છે. આ દુર્ઘટનાની સમગ્ર તપાસ અને ડેટા જાહેર કરવાની પીડિત પરિવારોની માંગ સામે તપાસ સંસ્થા AAIB (એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો) દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું રજૂ કરવામાં આવ્યું છે. આ સોગંદનામામાં એજન્સીએ જણાવ્યું છે કે વિમાન દુર્ઘટના સંબંધિત માહિતી અત્યંત સંવેદનશીલ હોવાથી તેને સાર્વજનિક કે જાહેર કરી શકાય નહીં.AAIBના આ વલણ સામે મૃતકોના પરિવારજનોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે અને તપાસની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. પીડિત પરિવારોએ વેધક સવાલ કરતા પૂછ્યું છે કે, “જો આ સમગ્ર ડેટા એટલો જ સંવેદનશીલ હતો અને તેને સાર્વજનિક ન કરી શકાય તેમ હતો, તો પછી દુર્ઘટનાની શરૂઆતમાં વિમાનના કોકપીટનો વોઈસ ઓડિયો (નજીકની વાતચીત) કઈ રીતે અને કેમ જાહેર કરવામાં આવ્યો હતો?દુર્ઘટનામાં પોતાના સ્વજનો ગુમાવી ચૂકેલા પરિવારો આ મામલે આરપારની કાનૂની લડાઈ લડી રહ્યા છે. તેમણે દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) સમક્ષ માંગ કરી છે કે આ ભયાનક વિમાન અકસ્માત પાછળના સાચા કારણો બહાર આવે તે માટે તપાસનો સમગ્ર ડેટા અને તમામ કાગળો સાર્વજનિક કરવામાં આવે. પરિવારોનો આરોપ છે કે ડેટા છુપાવીને કોઈ મોટી બેદરકારી પર પડદો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.સ્વજનો ગુમાવવાનું કાયમી દુઃખ ભોગવી રહેલા

અનુસંધાન પાના નં.૪ પર

**ગુજરાતના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં મોટા પાયે સર્ચ શરૂ**

# ગુજરાતમાં જૈશ-એ-મહંમદનું મોડ્યૂલ ઝડપાતાં રાજ્યભરની એસઓજી એલર્ટ

**અમદાવાદમાં રોકાયેલા આતંકી જે લોકોને મળ્યા હતા તેમની પૂછપરછ શરૂ - મોટા પ્રમાણમાં આતંકીઓ સાથે સંકળાયેલા લોકોની વિગતો મળી**

અમદાવાદઃ ગુજરાતમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મહંમદ માટે કામ કરતા ૧૩ આતંકવાદીને ગુજરાત એટીએસ દ્વારા ઝડપી લેવાયા છે. તેમના ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પણ કનેક્શન હોવાની વિગતો ખૂલતા દેશભરની એજન્સીઓ આ કેસની તપાસમાં લાગી ગઈ છે. હાલ ગુજરાત પોલીસે પણ પકડાયેલા આતંકવાદીઓની પૂછપરછ કરીને વધુ જાણકારી મેળવવાની કવાયત આદરી છે.

ગુજરાતના તમામ જિલ્લાઓની એસઓજી સર્ચની કામગીરીમાં લાગી ગઈ છે. આતંકવાદીઓના મોબાઈલ ફોનમાંથી મળેલી વિગતોની પણ તપાસ ચાલી રહી છે. જ્યારે અમદાવાદથી ઝડપાયેલા આતંકવાદીના સંપર્કમાં આવેલા લોકોની પણ પોલીસે તપાસ શરૂ કરી છે. તપાસમાં ઘણી મહત્વની વિગતો સામે આવે તેવી શક્યતા છે.સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર દેશવિરોધી માનસિકતા ધરાવતા લોકોને ટાર્ગેટ કરીને તેમને આતંકવાદી મૌલાના અઝહર મસૂદના વીડિયો મોકલવામાં આવતા હતા. જે યુવાનો તેમની વાતોમાં આવી જતા હતા, તેમનું બ્રેનવોશ કરીને તેમને આતંકવાદી સંગઠનમાં જોડવામાં આવતા હતા. આ આતંકવાદીઓ પાકિસ્તાની આતંકવાદીઓના સંપર્કમાં હતા. તેમણે જુદા જુદા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે બોમ્બ બનાવવાની પ્રેક્ટિસ અને ટેસ્ટિંગ પણ કર્યા હતા. કાશ્મીર જઈને તેઓ હથિયાર ચલાવવાની તાલીમ પણ લઈને આવ્યા હતા. આ આતંકવાદીઓ જે મદરેસામાં રહેતા હતા ત્યાં પણ સર્ચ ચાલી રહ્યું છે. આતંકવાદીઓના ભરૂચ, અંકલેશ્વર, સુરત, મોડાસા, પાટણ, પાલનપુર, કલોલ તથા અમદાવાદમાં કનેક્શન મળી આવ્યા છે. જેને પગલે તમામ જિલ્લાઓની એસઓજી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદથી ઝડપાયેલા આતંકવાદી કોના સંપર્કમાં હતો તેની તપાસ દરમિયાન પોલીસે આતંકવાદ સાથે સંકળાયેલા ઘણા લોકોને ઓળખી કાઢ્યા છે અને તેમની પૂછપરછ શરૂ કરી છે.

## એમપી-મહારાષ્ટ્રમાં ગોઝારા અકસ્માત :૧૦ના મોત

નવી દીલ્હી : ગુજરાતના પાડોશી રાજ્યો મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં મોડી રાત્રે બે અલગ-અલગ જગ્યાએ સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતોમાં કાળનો પંજો ફરી વળ્યો છે. મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં પિકનિકથી પરત ફરતી વખતે હાઈવે કિનારે ફોટા પડાવી રહેલા ૬ મિત્રોને એક સ્પીડમાં આવતા અજ્ઞાત ભારે વાહને કચડી નાખ્યા હતા. જ્યારે મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આઈશર ટ્રકે કારને પાછળથી જોરદાર ટક્કર મારતાં કાર ટ્રક નીચે દબાઈ ગઈ હતી.


KUTCH LIFE CARE

DISHAN COLLEGE OF NURSING
ADMISSION INQUIRY
OPEN : 2026-27

કોર્ષ : G.N.M. Nursing (3 Years)
A.N.M. Nursing (2 Years)

સરકારના નિયમ મુજબ સ્કોલરશીપની સુવિધા

ધો. ૧૨ પાસ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તક

:: CONTACT ::
99790 71058 I/ 84691 81757 / 95120 52611
KLC HOSPITAL 5th FLOOR - BHUJ





કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

અષાઢ સુદ-૭, તા.૨૦ જૂલાઇ, સોમવાર

# અંતરિક્ષમાં ખાનગી ક્રાંતિનો શંખનાદ વૈશ્વિક મંચ પર ભારતનો દબદબો



ભારતના પ્રથમ પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧' નું શ્રી હરિકોટાના લોન્ચ પેડ પરથી ગગનચુંબી ઉડાન ભરવું, એ માત્ર એક રોકેટનું પ્રક્ષેપણ નથી, પરંતુ ભારતીય અંતરિક્ષ વિજ્ઞાનના ઇતિહાસમાં એક અભૂતપૂર્વ અને યુગાંતરકારી ઘટના છે. અત્યાર સુધી ઇસરોના ખભા પર સવાર થઈને અંતરિક્ષમાં વિજયપતાકા લહેરાવનાર ભારતે હવે ખાનગી ક્ષેત્ર માટે સ્પેસના દ્વાર ખોલીને વૈશ્વિક સ્તરે પોતાની ક્ષમતાનું લોખંડ મનાવ્યું છે. ભારતીય અંતરિક્ષ પ્રોગ્રામના જનક ડો. વિક્રમ સારાભાઈના નામ પરથી બનેલા આ રોકેટે ભારતને વિશ્વના ગણ્યાગાંઠ્યા અને અતિવિકસિત દેશોની હરોળમાં લાવીને ઊભું રાખી દીધું છે.

વૈશ્વિક સ્તરે અત્યાર સુધી સ્પેસ માર્કેટમાં અમેરિકાની સ્પેસએક્સ જેવી ખાનગી કંપનીઓનો એકચક્રી શાસન જેવો દબદબો રહ્યો છે. 'વિક્રમ-૧' ના સફળ ઓર્બિટલ લોન્ચિંગ સાથે ભારતે દુનિયાને સંદેશ આપ્યો છે કે વૈશ્વિક સ્પેસ રેસમાં તે હવે કોઈનાથી પાછળ નથી. પશ્ચિમી દેશોની સરખામણીએ અત્યંત કિફાયતી અને સો ટકા ચોકસાઈ ધરાવતી ભારતીય ટેકનોલોજી પર હવે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વાસ વધશે. આ લોન્ચિંગ એ સાબિત કરે છે કે ભારત વૈશ્વિક સેટેલાઈટ લોન્ચિંગ માર્કેટમાં એક વિશાળ હબ બનવા માટે સંપૂર્ણ સજ્જ છે.આ ઐતિહાસિક લોન્ચિંગથી ભારતને થનારા બહુઆયામી લાભાલાભના સફળતા માત્ર વૈજ્ઞાનિક ક્ષેત્ર પૂરતી સીમિત નથી, પરંતુ તેનાથી દેશને આર્થિક, વ્યૂહાત્મક અને ઔદ્યોગિક સ્તરે દૂરોગામી ફાયદાઓ થવાના છે, વૈશ્વિક સ્પેસ ઇકોનોમીમાં ભારતનો હિસ્સો હાલમાં ઓછો છે, જે આ ખાનગી રોકેટોના વ્યાપારીકરણથી અબજો ડોલર સુધી પહોંચી શકે છે. વિદેશી કંપનીઓ સસ્તા લોન્ચિંગ માટે ભારત તરફ વળશે.ઇસરોનું ભારણ ઘટશેના સેટેલાઈટ્સ અને કોમર્શિયલ લોન્ચિંગની જવાબદારી ખાનગી કંપનીઓ સંભાળશે, જેનાથી ઇસરો 'ગગનયાન' અને 'ચંદ્રયાન' જેવા મોટા અને સંશોધનાત્મક મિશન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે.રોજગારી અને સ્ટાર્ટઅપ ક્રાંતિસ્પેસ સેક્ટરમાં ખાનગી રોકાણ આવવાથી હજારો હાઈ-ટેક રોજગારીની તકો ઊભી થશે. દેશમાં ડિફેન્સ અને સ્પેસ એન્જિનિયરિંગ ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપને મોટું બળ મળશે.વ્યૂહાત્મક સ્વાવલંબન સંચાર અને પૃથ્વીના અવલોકન માટેના નાના સેટેલાઈટ્સ ઝડપથી અને ઓછા ખર્ચે અવકાશમાં મોકલી શકાશે, જે આપત્તિ વ્યવસ્થાપન અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ગેમ-ચેન્જર સાબિત થશે. 'વિક્રમ-૧' નું સફળ લોન્ચિંગ એ નવા ભારતના આત્મવિશ્વાસનું પ્રતિબિંબ છે. તે દર્શાવે છે કે જ્યારે સરકારી નીતિઓ (જેમ કે સ્પેસ સેક્ટરને પ્રાઈવેટ પ્લેયર્સ માટે ખુલ્લું મૂકવું) અને ખાનગી ક્ષેત્રની પ્રતિભા એકસાથે મળે છે, ત્યારે ઈતિહાસ સર્જાય છે. હવે સમય આવી ગયો છે કે સરકારી તંત્ર અને નિયમનકારી સંસ્થાઓ ખાનગી સ્પેસ કંપનીઓને વધુ પ્રોત્સાહન અને સિંગલ-વિન્ડો ક્લિયરન્સ આપે, જેથી ભારત આગામી દાયકામાં સ્પેસ ટેકનોલોજીનું વૈશ્વિક પાવરહાઉસ બની શકે. અંતરિક્ષમાં ભારતનો આ ડંકો ભવિષ્યની અનેક મહાન સિદ્ધિઓની માત્ર એક નાની શરૂઆત છે.

# કચ્છ જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયકોની ભરતી પ્રક્રિયાનો પ્રારંભ





**પ્રથમ તબક્કામાં ૪૬૪ ઉમેદવારોની ફાળવણી : ભુજની ઈન્દિરાબાઈ હાઈસ્કૂલ ખાતે દસ્તાવેજ ચકાસણી અને સ્થળ પસંદગી કેમ્પ યોજાયો: આગામી દિવસોમાં ટાટ જૂની પરીક્ષા અને બી.એડ. પાસ ઉમેદવારોને પણ તક અપાશે**

ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ ધોરણ ૯ થી ૧૨ની સરકારી અને અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયકોની ભરતી પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી હતી.

આ અંતર્ગત ૧૫ જુલાઈ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી, જેના ભાગરૂપે આજે ભુજની ઐતિહાસિક ઈન્દિરાબાઈ હાઈસ્કૂલ ખાતે ઉમેદવારો માટે ખાસ ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને સ્થળ પસંદગી કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ સમગ્ર પ્રક્રિયાથી જિલ્લાની શાળાઓમાં લાંબા સમયથી પ્રવર્તતી શિક્ષકોની અછત દૂર થવાની આશા સેવાઈ રહી છે.

કચ્છ જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમારે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્ય કક્ષાએથી જિલ્લાને પ્રથમ તબક્કામાં કુલ ૪૬૪ ઉમેદવારો ફાળવવામાં આવ્યા છે.

સવારના નવ વાગ્યાથી જ ઉમેદવારોની સુવિધા માટે શાળાના દસેક જેટલા વર્ગખંડોમાં સર્ટિફિકેટ ચકાસણીની કામગીરી સુચારુ રૂપે શરૂ કરી દેવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન જે ઉમેદવારોના દસ્તાવેજો યોગ્ય જણાશે અને તેઓ સ્થળ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરશે, તે તમામને સ્થળ પર જ નિમણૂક ઓર્ડરનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સફળ થયેલા ઉમેદવારોએ આવતીકાલથી જ જે-તે શાળામાં પોતાની ફરજ પર હાજર થઈ જવાનું રહેશે.

જિલ્લાની વર્તમાન સ્થિતિની વાત કરીએ તો કચ્છમાં ધોરણ ૯ થી ૧૨ની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં કુલ ૨,૧૧૭ શિક્ષકોનું મંજૂર મહેકમ છે. તેની સામે હાલમાં ૧,૪૬૨ કાયમી શિક્ષકો અને અન્ય જ્ઞાન સહાયકો ફરજ બજાવી રહ્યા છે, જેથી જિલ્લામાં અંદાજે ૫૦૦ કરતાં વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડેલી છે.

આ ખાલી જગ્યાઓની સરખામણીએ પ્રથમ તબક્કામાં દ્વિસ્તરીય ટાટ ૫+રીક્ષા પાસ કરનારા ઉમેદવારોને પ્રાથમિકતા આપીને તક આપ વામાં આવી છે, જેનાથી મોટાભાગની શાળાઓમાં તાત્કાલિક ધોરણે શૈક્ષણિક કાર્ય સદ્ધર બનશે.

પ્રથમ તબક્કાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ જો શાળાઓમાં જગ્યાઓ ખાલી રહેશે, તો શિક્ષણ વિભાગના ઠરાવ અને નિયત સમયપત્રક અનુસાર આગામી ૨૨ જુલાઈએ બીજા તબક્કાની કામગીરી હાથ ધરાશે. આ બીજા રાઉન્ડમાં એવા ઉમેદવારોને તક આપવામાં આવશે જેમણે અગાઉની જૂની પદ્ધતિ મુજબની ટાટ પરીક્ષા પાસ કરેલી હોય અને જેમની ઉંમર ૪૮ વર્ષ સુધીની થઈ ગઈ હોય. આ પ્રક્રિયાના માધ્યમથી લાયકાત ધરાવતા વરિષ્ઠ ઉમેદવારોને પણ સિસ્ટમમાં જોડાવાની અને શિક્ષણ કાર્યમાં પોતાનું યોગદાન આપવાની ઉત્તમ તક સાંપડશે.

ત્યારબાદ પણ જો અંતિમ તબક્કામાં કોઈ જગ્યાઓ ખાલી બચશે, તો ૨૪ જુલાઈએ ત્રીજા વિકલ્પ તરીકે માત્ર બી.એડ. પાસ થયેલા સ્નાતક અને અનુસ્નાતક ઉમેદવારોની પસંદગી કરીને સ્થળ ફાળવણી કરવામાં આવશે. આમ, ત્રણ અલગ-અલગ તબક્કાની આ સઘન પ્રક્રિયાના અંતે કચ્છ જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ્ટ સંપૂર્ણપણે પૂર્ણ થઈ જશે, જેના કારણે અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓના શિક્ષણ સ્તરમાં પણ નોંધપાત્ર સુધારો અને રાહત જોવા મળશે.

# કિડાણામાં ખુલ્લેઆમ રમાતો તીનપત્તીનો જુગાર ઝડપાયો : ૬ જુગારીઓ પોલીસના હાથે ચઢ્યા



ગાંધીધામ : ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે કિડાણા ગામે સાવરીયા સોસાયટી નજીક બાવળની ઝાડીમાં ચાલતા તીન પત્તીના જુગાર પર દરોડો પાડી છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે અબ્દુલ રમજાન સિપાઈ, જાકીર હાજીખાન પઠાણ, અલ્તાફ નુરમહમદ સિપાઈ, સૈયદખાન અબુભાઈ સોલંકી, અજરૂદીન નથુભાઈ સિપાઈ અને અજરૂદીન અનવર સિપાઈને રંગેહાથ ઝડપી તેમની પાસેથી ૧૧,૩૨૦ રોકડા અને ૫૨ ગંજીપાના પત્તા કબજે કર્યા હતા. તમામ વિરુદ્ધ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મુંદરામાં શંકાસ્પદ મોબાઈલ સહિતના મુદ્દામાલ સાથે પંજાબના બે શખ્સ પકડાયા



ભુજ - કચ્છઉદય : મુંદરા વિસ્તારમાં મૂળ પંજાબના હાલે મોટા કાંડાગરામાં રહેતા વિશાલદીપ સિંઘ કુલજીત સિંઘ મજબીશીખ અને સીમરજીત સિંઘ રણજીત સિંઘને પકડી લેવામાં આવ્યા હતા. તેઓ પાસેથી નવા જુના ૯ મોબાઈલ, ૬ ઈયરબર્ડ, ૧૧ કાંડા ઘડિયાર, બે પાવર બેંક, બે ટ્રીમર, ૧૧ ચશ્મા, ૩ સી ટાઈપ કેબલ, કમરના ૩ પટ્ટા, ૩ પાકિટ મળી કુલ ૧, ૪૧, ૮૭૦નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આધાર પુરાવા ન હોવાથી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગાંધીધામ નેશનલ હાઈવે પર અડચણરૂપ વાહનો ખડકનારા ૪ ચાલકો સામે પોલીસની લાલઆંખ

ગાંધીધામઃ હાઈવે પર આડેધડ વાહનો પાર્ક કરીને ટ્રાફિક જામ અને અકસ્માતને નિમંત્રણ આપતા તત્વો સામે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે લાલઆંખ કરી છે. ગત તારીખ ૧૯/૦૭/૨૦૨૬ના રોજ ગુડ સાઈડ પૂલથી કંડલા જતા નેશનલ હાઈવે રોડ પર કાર્ગો સર્કલ પાસે જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્ક કરનારા ૪ ડ્રાઈવરો સામે ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૨૮૫ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.""પોલીસ કોન્સ્ટેબલ પરાક્રમસિંહ ઝાલાની ફરિયાદના આધારે હેડ કોન્સ્ટેબલ ગુમાનસિંહ પરમાર અને બી. બી. પ્રજાપતિ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તમામ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. ટ્રેલર નં. GJ-39-T-5928 સામે કાર્યવાહી"બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જાહેર રોડ પર ગેરકાયદેસર અને અડચણરૂપ રીતે ટ્રેલર પાર્ક કરવા બદલ ચાલક છોટૂકુમાર મુનશીલાલ રાય (ઉ.વ. ૨૮, રહે. શાંતિધામ, ગળપાદર, ગાંધીધામ) સામે ગુનો (ગુ.ર.ન. ૧૦૦૯/૨૦૨૬) નોંધી તેની ઘટનાસ્થળેથી અટકાયત કરાઈ હતી. ટ્રેલર નં. GJ-12-BW-2952 સામે કાર્યવાહી"બપોરે ૧૨:૩૦ કલાકે નેશનલ હાઈવે પર વાહન વ્યવહાર ખોરવાય તે રીતે ટ્રેલર ઊભું રાખવા બદલ ચાલક વિવેકકુમાર જીતેન્દ્ર રાય (ઉ.વ. ૨૫, રહે. કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ ઓફિસ પાસે, ગાંધીધામ) સામે ગુનો (ગુ.ર.ન. ૧૦૧૦/૨૦૨૬) દાખલ કરી ધરપકડ કરવામાં આવી છે. ટ્રેલર નં. GJ-12-BX-3190 સામે કાર્યવાહી"બપોરે ૧૩:૦૦ વાગ્યે કાર્ગો પાસે સામાન્ય જનતા તેમજ આવતા-જતા વાહનોને અવરોધાય તે રીતે ટ્રેલર પાર્ક કરનારા ચાલક મનિશકુમાર મનોજ રાય (ઉ.વ. ૨૦, રહે. કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ ઓફિસ પાસે, ગાંધીધામ) સામે ગુનો (ગુ.ર.ન. ૧૦૧૧/૨૦૨૬) નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.ડમ્પર નં. GJ-39-TA-1164 સામે કાર્યવાહી"બપોરે ૧૪:૦૦ વાગ્યાની આસપાસ હાઈવે રોડ પર જોખમી રીતે ડમ્પર પાર્ક કરી ટ્રાફિકને નડતરરૂપ બનતા ચાલક બુલેટકુમાર છોટેલાલ મુખીયા (ઉ.વ. ૨૫, રહે. કાર્ગો ગલી નં-૦૧, ગાંધીધામ) સામે ગુનો (ગુ.ર.ન. ૧૦૧૨/૨૦૨૬) નોંધી તેની અટકાયત કરવામાં આવી છે.""પોલીસની ચેતવણીઃ જાહેર માર્ગો અને હાઈવે પર વાહનોને અડચણરૂપ કે જોખમી રીતે પાર્ક કરનારા તત્વો સામે આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે કડક ઝુંબેશ અને દંડાત્મક કાર્યવાહી ચાલુ રહેશે.

# કવીઓ જૈન મહાજન ભુજ દ્વારા મહાજનનું મામેરૂ અંતગર્ત ૨૭૯મી દિકરીના લગ્ન યોજાશે

ભુજ - કચ્છઉદય : ક.વી.ઓ. જૈન મહાજન ભુજના વડીલ મુરબ્બી, અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન તારાચંદમભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહ્યું છે. છેલ્લા તેર વરસથી ચાલતી મધ્યમ તથા ગરીબ પરિવારની દિકરીઓના શુભ લગ્ન માટે મહાજનનું મામેરૂ અંતર્ગત સંસ્થાના પટાંગણમાં આવેલ શાંતિલાલ કાનજી ગડા પાર્ટી પ્લોટ મધ્યે લગ્ન કરાવી આપી અને સંસ્થા (મહાજન) દ્વારા દિકરીઓને મહાજન દ્વારા મામેરૂ સુપ્રત કરવાનો આંકડો ૨૭૯ પર પહોચ્યો છે. ત્યારે આગામી તા. ૨૧-૭ના ૨૭૯માં લગ્ન નખત્રાણા તાલકાના મોટી વિરાણી નિવાસી સ્વ. કાનજીભાઈ ગરવાની પુત્રી ચિ. મનીષા સંગે ભુજ નિવાસી મોહનભાઈ ગરવાના પુત્ર ચિ. મનીષ સંગાથે સાજન મહાજનની ઉપસ્થિતીમાં ધામધુમથી યોજાશે.

સંસ્થાના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાના જણાવ્યાનુસાર ગરીબ તથા મધ્યમવર્ગીય પરિવારોને પોતાની દિકરીના લગ્ન માટે છેલ્લા ૧૫ વરસથી સંસ્થા ધ્વારા ચાલતી મહાજનનું મામેરૂ યોજના આર્શીવાદરૂપ પુરવાર થઈ રહી છે. છેલ્લા ૧૫ વરસોમાં કુલ્લ ૨૭૮ દિકરીઓને મામેરૂ અપર્ણ કરવાનો સૌભાગ્ય સંસ્થાને પ્રાપ્ત થયો છે તેનો આનંદ છે. વધુમાં વધુ ગરીબ તથા મધ્યમવર્ગીય પરિવારો મહાજનનું મામેરૂ યોજનાનો લાભ લે તે માટે અનુરોધ કરાયો હતો.

# ભુજના કોલેજ રોડ અને સ્મૃતિવન પાસે સર્જાયેલા અકસ્માત મામલે ફોજદારી

**શહેરી વિસ્તારમાં સપ્તાહ દરમિયાન અકસ્માતમાં ત્રણ મોત થતાં માર્ગ સલામતીનો મુદો ફરી સપાટી પર આવ્યો**

ભુજ - કચ્છઉદય : શહેરી વિસ્તારમાં સપ્તાહ દરમિયાન અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. આ સિવાય ૧૦થી વધુ નાના મોટા અકસ્માતો થયા છે. વારંવાર થતા અકસ્માતોને લઈને માર્ગ સલામતીનો મુદો ફરી સપાટી પર આવ્યો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ભુજના કોલેજ રોડ પર ૧૭મી તારીખે રાત્રે આ બનાવ બન્યો હતો. ફરિયાદી ગણેશનગરમાં રહેતા ખેંગારજી ઉર્ફે અજયસિંહ જાડેજાએ જણાવ્યું કે, તે અને મિત્ર રાજેશ નટવરલાલ સુથાર તેમજ અર્જુનસિંહ રાજેન્દ્રસિંહ પરમાર એક્સેસ નંબર જી.જે. ૧૨ એચઈ ૯૭૦૭ લઈને મિરજાપરથી જ્યુબિલી સર્કલ જતા હતા, દરમિયાન રોડ પર રોંગ સાઈડમાં હતભાગી અર્જુનસિંહ કે, જે ગણેશનગરમાં રહે છે, તેનું પર્સ લેવા માટે મિરજાપર બાજુ આવતા હતા, ત્યારે સામેથી આવતી બોલેરો ગાડી નંબર જી.જે. ૧૨ બીવાય ૫૪૧૫ના ચાલકે બોલેરો ચડાવી દેતાં એક્સેસ ડિવાઈડર બાજુ ઢસડાઈ હતી, જેમાં ફરિયાદી અને રાજેશને ફેકચર સહિતની ઈજાઓ થઈ હતી.

જ્યારે અર્જુનસિંહ પરમારને ગંભીર ઈજાઓ થતાં મોત થયું હતું. ગાડી મુકીને ચાલક ભાગી ગયો હતો. આ તરફ ગત ૧૨મી જુલાઈના સ્મૃતિવનના ગેટ નંબર ૧ અને ૨ની વચ્ચે અકસ્માત થયો હતો. કોટાય ગામના ભીમજીભાઈ કાંયાભાઈ મસાણિયાએ જણાવ્યું કે, તેમના પત્ની રોડ ક્રોસ કરતા હતા, ત્યારે કાર નંબર જી.જે. ૧૨ એફઈ ૭૭૯૫ના ચાલકે ટક્કર મારી હતી. પ્રથમ ગાડીના કાચ પર માથુ ભટકાયા બાદ સાઈડમાં પટકાતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. બંને બનાવો અંગે એ અને બી ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો છે. દરમિયાન એરપોર્ટ રોડ પર ભૂતનાથ મહાદેવ મંદિરની સામે પણ અકસ્માત થયો હતો, જેમાં મહિલાનું મોત થયું હતું. રોડ પર સ્પીડ બ્રેકર બનાવી દેવાયો પરંતુ સફેદ પટા કે કોઈ આડસ ન હોતા રાત્રીના બૂલેટ સ્લીપ થવાના કારણે મહિલાનું મોત થયું હતું.

આ ઘટના બાદ સ્થાનિકના લોકો એકત્ર થયા હતા. માર્ગ અને મકાન વિભાગની બેદરકારી તેમજ લાંબા સમયથી ધીમી ગતિએ ચાલી રહેલા કામના કારણે આ રોડ પર પાંચ જેટલા જીવ ગયા હોવાનો બળાપો ઠાલવવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારમાં અકસ્માતો વધી રહ્યા છે, ત્યારે પોલીસ અને આરટીઓની ભૂમિકા સામે સવાલો ઉઠી રહ્યા છે.

# મુંદરામાં નવલખા બંગલાથી બારીવાળા નાકા સુધી રોડ બનાવવાના કામનો પ્રારંભ



મુંદરા : શહેરના નવલખા બંગલાથી બારીવાળા નાકા સુધી દર ચોમાસાની સીઝનમાં વરસાદના પાણી ભરાવાનો પ્રશ્ન હતો, ત્યારે મુન્દ્રા બારોઇ નગરપાલિકા દ્વારા ગુંદી ફળીયા જૈન સ્થાનક પાસેથી નવો માર્ગ બનાવવાનો પ્રારંભ થયો છે. હાલ રસ્તાનું કામ ચાલુ હોવાથી નવલખા બંગલાથી બારી વાળા નાકા સુધી વાહન વ્યવહાર બંધ રહેશે. ચોમાસાની સીઝનમાં વરસાદમાં ભારે પાણી ભરાતા જૈન સ્થાનકમાં બિરાજતા સાધુ સાધ્વીજીને તકલીફ અનુભવાતી હતી, પરંતુ હવે આ વિસ્તારમાં માર્ગનો કામ ચાલુ થતા માર્ગ વરસાદી પાણીનો નિકાલ થાય એ રીતે બનાવવામાં આવે તેવી માંગ રહેવાસીઓની છે.

મુન્દ્રા બારોઇ નગરપાલિકાના પ્રમુખ ભોજરાજ ગઢવી, વોર્ડ નંબર -૫ના કાઉન્સિલરો રચનાબેન જોશી, રાજેશ કષ્ટા, પ્રકાશ ઠક્કર અને હિનલબેન કષ્ટાએ માંડવી મુન્દ્રા ધારાસભ્ય અનિરૂધ્ધભાઈ દવેનો આભાર માન્યો હતો.

# ભુજ નજીક અમૂલ દૂધનું વાહન પલટતાં હજારો પાઉચ રસ્તા પર વિખેરાયા



ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના પદ્ધર વિસ્તારમાં સોમવારની વહેલી સવારે માર્ગ અકસ્માત સર્જાયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. અમૂલ દૂધના હજારો પાઉચ ભરીને જઈ રહેલું એક પુરઝડપ માલવાહક વાહન કનૈયાબે ગામ નજીક અચાનક પલટી મારી ગયું હતું. આ અકસ્માતમાં વાહનમાં ગોઠવેલા પ્લાસ્ટિકના કેરેટ અને તેમાં રહેલા દૂધના હજારો પેકેટો ક્ષણભરમાં જ રસ્તા પર ચારેતરફ ફેલાઈ ગયા હતા, જેના કારણે સમગ્ર માર્ગ પર દૂધની નદીઓ વહી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક માહિતી અનુસાર, આ માલવાહક વાહન જ્યારે કનૈયાબે ગામના પાટિયા નજીકથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે અચાનક ચાલુ વાહને તેનું એક ટાયર ધડાકાભેર ફાટ્યું હતું. ટાયર ફાટવાના કારણે વાહનની ગતિ પરથી ચાલકે પોતાનો કાબૂ ગુમાવી દીધો હતો અને સ્ટીયરીંગ લોક થઈ જતાં વાહન પલટી ખાઈ ગયું હતું. સદભાગ્યે આ ઘટનામાં ચાલકનો આબાદ બચાવ થયો છે અને કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ હજારો લીટર દૂધ રસ્તા પર ઢોળાઈ જતાં મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અકસ્માતને પગલે માર્ગ પર થોડો સમય વાહનવ્યવહાર ખોરવાયો હતો, જેને સ્થાનિક લોકોની મદદથી પુનઃ કાર્યરત કરવામાં આવ્યો હતો.

# ભુજના જ્યુબિલી સર્કલ નજીક મધરાત્રે થયેલી મારામારીથી ચકચાર




ભુજ : શહેરમાં વીડી હાઈસ્કૂલથી જ્યુબિલી સર્કલ જતા રોડ પર સંતોષી માતાના મંદિરની આગળ ગઈકાલે રાત્રે મારામારી થઈ હતી. આ બાબતે જી.કે. જનરલમાંથી મળતી વિગતો મુજબ માધાપરમાં રહેતા દિનેશ આશાભાઈ જોગીને ત્રણ જેટલા શખ્સોએ ધારદાર હથિયાર વડે માર માર્યો હતો. લોહી લુહાણ થતાં ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. તેઓને સારવાર માટે જી.કે. માં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન કપીલ ચૌહાણ પણ ઈજાઓ થવાથી જી.કે.માં દાખલ થયા હતા. રાત્રે પોણા ૧૨ વાગ્યે બનેલી ઘટનાથી દોડધામ વધી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ધમધમતા માર્ગ પર હુમલાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી.

--------

## લાલા અને બેરમાં છત અને પગથિયા પરથી પડતાં બે ઘવાયા

ભુજ : અબડાસા તાલુકાના લાલા ગામે ઘરની છત પરથી નીચે પડી જતાં પગના ભાગે ઈજાઓ થવાના કારણે યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જી.કે. જનરલ હોસ્પિટલમાંથી મળતી વિગતો મુજબ ૧૮ વર્ષિય લક્ષ્મીબેન કોલીને ઈજાઓ થવાથી જી.કે.માં દાખલ કરવામાં આવી હતી. આ તરફ નખત્રાણાના બેર વાડી વિસ્તારમાં રહેતા પ્રવીણ ગોવિંદ બારિયા કડિયાકામ કરતા હતા, ત્યારે પગથિયા પરથી નીચે પડી જતાં ઈજાઓ થઈ હતી. બંનેને સારવાર માટે જી.કે.માં દાખલ કરવામાં આવ્યા હતા.

# ગાંધીધામમાં ૨૬મીએ ચેસ સ્પર્ધાનું આયોજન

ભુજ - કચ્છ ઉદય : સક્સેસ ચેસ એકેડેમી ભુજ અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ના સંયુક્ત ઉપક્રમે હેવન ઓફ કચ્છ રેપીડ બ્લીત્ઝ ઓપન ફોર ઓલ ઓપન ચેસ સ્પર્ધા નું આયોજન તારીખ ૨૬/૭/૨૦૨૬ ના રોજ ગાંધીધામ ચેમ્બર ભવન એ.સી.હોલ. પ્લોટ નંબર -૭૧ સેક્ટર -૮ ગાંધીધામ મધ્યે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા નું મેનેજમેન્ટ ચેસ એક્સ દ્વારા કરવામાં આવશે. આ સ્પર્ધા રેપીડ અને બ્લીત્ઝ (ઓપન કેટેગરી) (૧૬ .અંડર ) (અંડર ૧૨ ) અને ઓપન કેટેગરીમાં રમાડવામાં આવશે. અંડર ૧૬ તેમજ અંડર ૧૨ ના ખેલાડીઓ ને સવારે ૯ સવારે વાગે. તેમજ ઓપન કેટેગરી ના ખેલાડીઓને બપોરે ૧ વાગે રીપોર્ટ કરવાનું રહેશે ,મોડા આવનાર ખેલાડીઓની એન્ટ્રી લેવામાં આવશે નહીં. ગર્લ્સ અને વિમેન્સ કેટેગરી માં અન્ય આકર્ષક રોકડ ઈનામો પણ રાખવામ આવેલ ઓપન કેટેગરીમાં પ્રથમ પાંચ વિજેતા સ્પર્ધકો ને (૫૦૦૦) (૩૦૦૦) (૧૫૦૦) (૭૫૦) (૭૫૦) તેમજ અંડર ૧૬/૧૨ ના પ્રથમ પાંચ વિજેતા સ્પર્ધકો ને (૨૦૦૦) (૧૫૦૦) (૧૦૦૦) (૫૦૦) (૫૦૦) રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ૨૪૦૦૦ થી વધારે રોકડ ઈનામો તેમજ ત્રણે કેટેગરી ના વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં.આવશે. ભાગ લેનાર તમમાં સ્પર્ધકો ને પોતાના ચેસ બોર્ડ સાથે લઈ આવવના રહેશે. જે શક્ય હોય તો પોતાનો ચેસ કલોક પણ લઈ આવવના રહેશે એન્ટ્રી નોંધવાની છેલ્લી તારીખ ૨૪જુલાઈ રહેશે. રસ ધરાવતા તમામ સ્પર્ધકો પોતાના નામો સંજય દાવડા મો.૯૮૭૯૪૮૯૧૭૯ લખાવવાના રહેશે.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં**

**જાહેર નોટિસ** — જન્મ-મરણ કેસ નં.૬૩/૨૦૨૬

**મુમતાઝ અકબર ચવાણ**
રહે. આસંબીયા મોટા તા.માંડવી-કચ્છ. ......................અરજદાર
અરજદારના વકીલશ્રી બ્રિજેશ પી. ગોસ્વામી, અલ્તાબ જી. જુણેજા, રાહુલ ગુંસાઈ

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહમંત્રીશ્રી આસંબીયા મોટા ગ્રામ પંચાયત ......................સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસ થી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદાર શ્રી મુમતાજ અકબર ચવાણ રહે.આસંબીયા મોટા તા.માંડવી-કચ્છ એ તા.૧૬/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેઓની પુત્રી નામે શનાયા અકબર ચવાણ નો જન્મ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ આસંબીયા મોટા મધ્યે થયેલ પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા શરતચૂકના કારણે જન્મ અંગેની નોંધણી આસંબીયા મોટા ગ્રામ પંચાયતના વર્ષ : ૨૦૨૪ ના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજિસ્ટર નં.૬૩/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(પી.એ. જેઠવા)
મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ

જ્યોતિષ કાર્યાલય
Regd. No. : 0016432 ૨૧ વર્ષનો અનુભવ
24x7 સચોટ સલાહ
3 પેઢીથી કામ, અમારે ત્યાંથી નિરાશ નહીં થવા એ જ મારી સિદ્ધિ, કામનો ચોક્કસ નિકાલ
છુટાછેડા, ધારેલાકામ, ફેમીલી-બિઝનેશ પ્રોબ્લેમ
લવ પ્રોબ્લેમ, વશીકરણ સ્પે.
વિઝા પ્રોબ્લેમ, સૌતન- સાસુનો ત્રાસ, જન્માક્ષર શું સંતાન કહેવામાં નથી ?, સંતાન યોગ
પ્રેમલગ્ન • ધારેલી વ્યક્તિનું મિલન
ગુપ્તધનના અધુરા મુકેલા કામ પૂર્ણ કરવામાં આવશે
ફોનથી દ્વારા ઘેર બેઠા કામ
9712423531

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

# ભચાઉ પટ્ટામાં યુરીયા ખાતર ના કાળાબજારીયાઓ બેફામ : આવા તત્વો સામે 'પાસા' તળે જ કરો કડક લાલઆંખ

**માત્ર શંકાસ્પદ જથ્થો ઝડપાયાના સંતોષના બદલે તમામ આધાર-પુરાવાની ઊંડાણપૂર્વક ચકાસણી અનિવાર્યઃ પકડાયેલા ત્રણેય શખ્સો સામે કડક પૂછપરછ કરી કૌભાંડના મૂળ સુધી પહોંચવા માંગઃ સબસીડીવાળું ખાતર મંડળીઓમાંથી બારોબાર સગેવગે કરી પ્લાયવુડ ફેક્ટરીઓમાં ગ્લુ બનાવવા વપરાતું હોવાની પ્રબળ આશંકા**

**જિલ્લા ખેતીવાડી વિભાગ તરફથી મળેલી સુચના અને પોલીસતંત્ર પાસેથી આવેલ પત્રના આધારે અમે કબ્જાના ખાતરમાથી સેમ્પલ લીધા છે, તપાસ અર્થે મોકલાવીશુ અને જિલ્લા કક્ષાએથી પણ સબંધિત લોકોના મંડળી સહિતના જરૂરી દસ્તાવેજો એકત્રિત કરવાની કાર્યવાહી ચાલુમાં છે, લેબ રીપોર્ટ આવ્યા બાદ જરૂરથી નિયમ અનુસરની કાર્યવાહી કરાશે : શ્રી માલી(ખેતીવાડી અધિકારી ઈન્ચાર્જ ભચાઉ)**

**જગતનો તાત લાઈનોમાં ઊભો રહે અને કાળાબજારીયાઓ માલામાલ થતા હોવા છતાં જિલ્લા કિસાન સંઘ મૌન કેમ?**

**અમે કંઈ ખોટુ નથી કર્યું, શંકાસ્પદ જથ્થા તરીકે મુદામાલ પકડયો હતો પોલીસે, ત્રણેય જામીન પર મુક્ત થઈ ગયા છીએ, અમારાથી આધાર-પુરાવા માંગ્યા છે તે અમે પુરવાર કરી દઈશુ, બાકીના આક્ષેપો ખોટા છે : શ્રી રઘુભા વાઘેલા (પૂર્વ એપીએમસી ચેરમેન ભચાઉ, ઝડપાયેલા ત્રણ પૈકીના એક શખ્સના પિતા)**

## હવે નિયમ અનુસાર કયા વિભાગે કઈ કાર્યવાહી કરવી જોઈએ?

ગાંધીધામ : ગુજરાતમાં ખાસ કરીને પૂર્વ કચ્છ અને ભચાઉ પટ્ટામાં જ્યારે પોલીસ બિનઅધિકૃત કે શંકાસ્પદ યુરીયા ખાતરનો જથ્થો પકડે, ત્યારે માત્ર પોલીસ જ નહીં પરંતુ સરકારના અલગ-અલગ વિભાગોએ નિયમ અનુસાર કડક કાનૂની અને વહીવટી પ્રક્રિયા હાથ ધરવાની હોય છે. "જો આ ખાતર તસ્કરી કે કાળાબજારીમાં APMC(માર્કેટ યાર્ડ)ના ચેરમેનનો દીકરો અથવા કોઈ વગદાર વ્યક્તિ પકડાય, તો સહકારી મંડળીઓ અને માર્કેટિંગ નેટવર્કની ભૂમિકા અત્યંત શંકાસ્પદ બને છે. આ સમગ્ર વિષય પર નિયમો અને વગદારોની સંભવિત ભૂમિકાઓની વાત કરીએ તો **"જ્યારે પોલીસ ખાતરનો જથ્થો પકડે છે,** ત્યારે તે માત્ર **આઈ.પી.સી./બી.એન.એસ. હેઠળ ગુનો નથી બનતો,** પરંતુ તે **આવશ્યક વસ્તુ અધિનિયમ** (Essential Commodities Act, 1955)નો ભંગ છે. આથી સંયુક્ત કાર્યવાહી થવી જોઈએ:

**૧. ખેતીવાડી વિભાગની કાર્યવાહી સેમ્પલિંગ અને લેબોરેટરી ટેસ્ટઃ** ખેતીવાડી અધિકારીએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ખાતરના સેમ્પલ લેવાના હોય છે, જેથી સાબિત થઈ શકે કે આ ખાતર સરકારી સબસીડીવાળો 'એગ્રીકલ્ચર ગ્રેડ' (ખેતી માટેનો) જથ્થો છે કે 'ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ' છે. **ખાતર નિયંત્રણ હુકમ** (Fertilizer Control Order - FCO, 1985) હેઠળ ગુનોઃ લાયસન્સ વગર ખાતરનો સંગ્રહ કે વેચાણ કરવા બદલ કલેક્ટર કચેરી અને ખેતીવાડી વિભાગ દ્વારા આ અધિનિયમ હેઠળ સત્તાવાર ફરિયાદ દાખલ થાય છે.

**૨. પોલીસ વિભાગની સઘન તપાસ BNS અને આવશ્યક વસ્તુ ધારોઃ** પોલીસ કલમ ૪૧/વન ડી (શંકાસ્પદ મિલકત) ઉપરાંત, આવશ્યક વસ્તુ ધારાની કલમ ૩ અને ૭ હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરે છે. 'પાસા' તળે કાર્યવાહીઃ જો આરોપીઓ રીઢા ગુનેગાર હોય કે સંગઠિત કાળાબજારી કરતા હોય, તો જિલ્લા કલેક્ટરની મંજૂરીથી તેમની સામે પાસા હેઠળ સીધી જેલ ભેગા કરવાની કાર્યવાહી થઈ શકે.

**૩. સહકારી મંડળીઓ અને રજીસ્ટ્રાર વિભાગ** "જો ખાતર કોઈ સરકારી મંડળીમાંથી બારોબાર નીકળ્યું હોય, તો જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા તે મંડળીના દસ્તાવેજો, સ્ટોક રજીસ્ટર અને PoS (Point of Sale) મશીનની ઓડિટ તપાસ થાય છે.

ભચાઉઃ વાગડ અને પૂર્વ કચ્છના ભચાઉ પટ્ટામાં સબસીડીવાળા સરકારી યુરીયા ખાતરની બારોબાર કાળાબજારી કરતું મોટું નેટવર્ક સક્રિય હોવાની વિગતો બહાર આવતા ભારે હોબાળો મચી ગયો છે. ભચાઉ પોલીસ દ્વારા વેરાઈ કૃપા હોટલ નજીકથી બિનઅધિકૃત શંકાસ્પદ યુરીયા ખાતરના જથ્થા સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે, ત્યારે લોકમુખે ચર્ચા ઉઠી છે કે આવાખેડૂતવિરોધી તત્વો સામે માત્ર સામાન્ય ગુનો નોંધીને સંતોષ માનવાના બદલે સીધી 'પાસા' (છજીછ) તળે જ કડક કાર્યવાહી કરીને જેલ ભેગા કરવા જોઈએ. આ પ્રકરણમાં માત્ર શંકાસ્પદ જથ્થો પકડાયો એટલું પૂરતું નથી, પરંતુ જથ્થાના ઉદ્ગમ સ્થાનથી લઈને તેના એન્ડ-યુઝર સુધીની તમામ કડીઓની કડક કાયદાઓની જોગવાઈ અનુસાર ચકાસવી જોઈએ અને તમામને નશ્યત કરવા ઘટે. બીજીતરફ આ બાબતે ભચાઉ એપીએમસીના પૂર્વ ચેરમેન કે જેમના પુત્ર રાજેન્દ્રભાઈ પણ ત્રણ પકડાયેલા શખ્સોમાં હતા તેવા શ્રિ રઘુભા વાઘેલાની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, અમારી પાસે ર૯મી જુનના રોજ આ ખાતર આવ્યુ હતુ, અમે તે વેંચાણ ન હોતુ કર્યુ, રાખ્યુ હતુ, અમારી રજીસ્ટર્ડ મંડળી છે, પોલીસે તપાસ કરી અને શંકાસ્પદ જથ્થા તરીકે પકડયો હતો, અમારા પુત્ર સહિત ત્રણ્યે જામીન પર મુકત થઈ ગયા છે, અમારાથી જે આધારો માંગશે તે અમે તંત્રને પુરા કરી દઈશુ, બાકી આક્ષેપો ખોટા છે, અમે કોઈ કાળા બજારી કરી નથી. હવે અહી સવાલ એ થાય છે કે , એકતરફ ખેડુતોને ખાતરની અછતની સ્થિતી સર્જાયેલ દેખાય છે, ત્યારે બીજીતરફ આ મંડળી સંચાલિત ગોડાઉનમાં ર૯મી જુનથી લઈ અને ૧૬મી જુલાઈ સુધી કોઈ ખરીદદાર નથી આવ્યા? તેમ કહેવાય છે? એ વિષય આશ્ચર્યજનક નથી લાગતો? આટલો સમયે યુરિયા ખાતર જે ખેડુતોને વિતરણ અને વેંચાણ કરવા મંગાવાયેલો હતો તે તીવ્ર ડીમાન્ડ વચ્ચે પણ પડતર પડયો રહ્યો? તો વળી આ સમગ્ર મામલે ભચાઉના ઈન્ચાર્ઝ ખેતીવાડી અધિકારીશ્રી માલીની સાથે વાતચીત કરતા તેણે કહ્યુ હતુ કે, પોલીસે યુરીયાનો શંકાસ્પદ જથ્થો ગઈકાલે પકડયો હતો, આજ રોજ અમને જાણ કરવામા આવતા પોલીસના કબજાવાળા ખાતરમાથી સેમ્પલો લીધા છે તે લેબમાં મોકલી આપવામા આવશે અને અહેવાલ આવ્યા બાદ અમે અભિપ્રાય આપીશુ જે પછી પોલીસતંત્ર તેના પર કાર્યવાહી કરશે. ઝડપાયેલાઓમાથી એકની મંડળી છે તો તેમની તમામ વિગતો જિલ્લાકક્ષાએથી એકત્રિત થઈ રહી છે અને તે પણ ક્રોસ વેરીફીકેશન ચાલી રહ્યુ છે જિલ્લાસ્તરથી આગામી પગલા એ બાબતે લેવામા આવી શકે છે તેમ શ્રી માલીએ જણાવ્યુ હતુ.

## પ્લાયવુડ ઇન્ડસ્ટ્રીઝમાં સબસીડી ખાતરનો ગેરકાયદે વપરાશ!

ગાંધીધામ : ભચાઉ અને અંજાર પંથકમાં પકડાયેલા શખ્સો સામે કડક પૂછપરછ દરમિયાન કેટલાક પાયાના સવાલોના જવાબો મેળવવા અનિવાર્ય બન્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે ગરીબ ખેડૂતો માટે સરકારે સબસીડી પર આપેલું આ ખાતર આ તત્વો લાવ્યા ક્યાંથી? અગાઉ આ ટોળકી દ્વારા કેટલી વાર આવો જથ્થો બારોબાર ઉપાડવામાં આવ્યો હતો અને તે કોને સપ્લાય થતો હતો?સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જથ્થો સ્થાનિક સ્તરે આવેલી પ્લાયવુડ ફેક્ટરીઓમાં જ જતો હોવાની પ્રબળ આશંકા છે. પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીઝમાં લાકડાને ચોંટાડવા માટેના ગ્લુ બનાવવા માટે મોટા પ્રમાણમાં યુરીયાની જરૂર પડે છે. જો ઉદ્યોગો કાયદેસરનું ઈન્ડસ્ટ્રીયલ યુરીયા ખરીદે તો તે ખૂબ જ મોંઘું પડે છે, પરિણામે પોતાનો નફો વધારવા માટે આ ફેક્ટરી માલિકો કાળાબજારીયાઓ સાથે સાંઠગાંઠ કરીને ખેડૂતોના ભાગનું સસ્તું સબસીડીવાળું ખાતર બારોબાર ખરીદી લે છે. કઈ પ્લાયવુડ કંપની આ પાપમાં ભાગીદાર છે તેની સામે પોલીસ અને ખેતીવાડી વિભાગે સંયુક્ત કડક તપાસ કરવી જોઈએ.

## ખાતર અછતના પાટિયા વચ્ચે તાલુકા-જિલ્લા કિસાન સંઘનું રહસ્યમય મૌન કેમ?

**શું યુરીયા કે સબસીડીવાળા ખાતરની ચોરી એ કોઈ ખેડુતને લગતો મુદો નથી? કિસાન સંઘો આવા મુદાઓમાં માત્ર રજુઆત કરી, આવેદન આપીને સંતોષ માની લેવાના બદલે ખાતર ચોરો સામે ધાક બેસાડતી લાલઆંખ થાય ત્યા સુધી લડી લેવાની કેમ લડત છેડતા નથી દેખાતા?**

ગાંધીધમા : જ્યારે પણ ખેતીની સીઝન આવે છે ત્યારે વાગડ અને પૂર્વ કચ્છના સાચા ખેડૂતો યુરીયા ખાતરની એક-એક થેલી માટે તડપે છે. ડેપો અને મંડળીઓ પર કલાકો સુધી ધોમધખતા તાપમાં લાઈનોમાં ઊભા રહેવા છતાં ખેડૂતોને 'ખાતર નથી' ના અછતના પાટિયા ઝુલતા બતાવી દેવામાં આવે છે.પરંતુ બીજી તરફ, આ જ ખાતર કાળાબજારીયાઓ અને ઉદ્યોગપતિઓના ગોડાઉનમાંથી ટનબંધ પ્રમાણમાં મળી આવે છે! આવી કપરી સ્થિતિમાં પણ જિલ્લા કિસાન સંઘ જેવા સંગઠનો કેમ સાવ ચૂપ બેઠા છે? ખેડૂતોના હકની લડાઈ લડવાનો દાવો કરતું કિસાન સંઘ આ ગંભીર મુદ્દે ખેતીવાડી તંત્ર કે કાળાબજારીયાઓ સામે અવાજ કેમ નથી ઉઠાવતું? કિસાન સંઘનું આ રહસ્યમય મૌન અનેક શંકા-કુશંકાઓ જન્માવે છે. ખેડૂતોની માંગ છે કે હવે પીડિતોએ પોતે જ જાગૃત થઈને તંત્ર સામે અવાજ ઉઠાવવો પડશે.

## કઈ મંડળી દ્વારા લોકોના આધારકાર્ડનો થયો ગેરઉપયોગ ?

ગાંધીધામ : બીજો ગંભીર સવાલ એ ઉઠી રહ્યો છે કે આ ખાતર કઈ સહકારી મંડળીમાંથી બહાર આવ્યું? કોઈ પણ મંડળીમાંથી ખાતર મેળવવા માટે ખેડૂતોના અંગૂઠાના નિશાન (PoS મશીન) અથવા આધારકાર્ડ જેવા સરકારી આધારો જરૂરી હોય છે. તો શું કૌભાંડીઓએ સ્થાનિક મંડળીઓના સંચાલકો સાથે મળીને અભણ કે નિર્દોષ ખેડૂતોના સરકારી આધારોનો ગેરઉપયોગ કરીને આ જથ્થો અંગૂઠા મારીને ઉપાડી લીધો છે? આ એક મોટા સંગઠિત કૌભાંડ તરફ ઈશારો કરે છે, જેના મૂળિયાં ખૂબ ઊંડા હોઈ શકે છે.

# ખેલો ઇન્ડિયાના સૂત્રો વચ્ચે કચ્છના ખેલાડીઓનું ભવિષ્ય ધૂળમાં!

**ગુજરાતના સૌથી મોટા જિલ્લામાં એક પણ સરકારી ક્રિકેટ મેદાન નહીંઃ ભુજના હજારો યુવાનોના સપનાઓ સાથે કોણ કરી રહ્યું છે અન્યાય ? હાલની સ્થિતિએ પૈસા હોય તો ક્રિકેટ રમો... નહીં તો સપના ભૂલી જાવ!**



### સરકાર ક્રિકેટની કીટો મોકલાવે પરંતુ મળે છે કોને ?

ખેલાડીઓને ક્રિકેટમાં રૂચી વધે અને નબળા પરિવારો પર રમત-ગમતથી વંચિત ન રહે તે માટે સરકારના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ક્રિકેટની કીટો આપવામાં આવે છે. સરકાર કીટ મોકલાવે પરંતુ વિદ્યાર્થીઓ સુધી પહોંચતી નથી. થોડા સમય પહેલા ભુજની બહુમાળી કચેરીમાં આવી સેંકડો કીટ ધુળખાતી હોવાના અહેવાલો પણ સામે આવ્યા હતા. નહેરૂ યુવા કેન્દ્ર શું કરે છે ? તે આજદિન સુધી લોકોને ખબર પડી નથી.

ભુજ - કચ્છઉદય : એક તરફ દેશભરમાં "ખેલો ઈન્ડિયા", "ખેલ મહાકુંભ" અને રમતગમતના વિકાસના મોટા મોટા દાવાઓ થઈ રહ્યા છે. કરોડો રૂપિયાના બજેટો જાહેર થઈ રહ્યા છે, ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની વાતો થઈ રહી છે. પરંતુ ગુજરાતના સૌથી મોટા જિલ્લા એવા કચ્છની વાસ્તવિકતા આ તમામ દાવાઓને સવાલોના ઘેરામાં મૂકી દે છે. કચ્છના પાટનગર ભુજમાં આજે પણ ક્રિકેટ રમવા માંગતા યુવાનો માટે એક પણ સરકારી ક્રિકેટ મેદાન ઉપલબ્ધ નથી. હજારો યુવાનોની આંખોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમવાના સપના છે, પરંતુ સરકારની બેદરકારીના કારણે તેમના સપનાઓ ધૂળમાં રગદોળાઈ રહ્યા છે. ગાંધીધામ અને માધાપરમાં લાંબા સમયથી સરકાર દ્વારા કરોડો રૂપીયાના ખર્ચ કર્યા છે પણ કંઈ પણ સંતોષ થાય તેવી રમત - ગમત મેદાન કે સંકુલ બન્યો હોય તેવો સંતોષ થાય તેમ નથી. ભુજમાં વ્યવસ્થિત ક્રિકેટ રમવા માટે ગણતરીના મેદાનો છે. તેમાં પણ મોટાભાગના ખાનગી અથવા ભાડા આધારિત છે. સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે નિયમિત ભાડું ચૂકવી પ્રેક્ટિસ કરવી શક્ય નથી. જયુબીલી ગ્રાઉન્ડ ઓલ્ફ્રેડ સ્કૂલની માલિકીનું છે. અહીં બારે માસ ટુર્નામેન્ટ રમાતી હોય છે પરંતુ તે ખાનગી હોય છે. અન્ય કોઈ મેદાનો છે નહીં. યુવાનોને વેકેશનમાં ક્રિકેટ રમવું હોય તો તેઓ સોસાયટીના નાના ગ્રાઉન્ડ અથવા છતરડીના તળાવમાં રમવા માટે જાય છે. હાલમાં છતરડીનું તળાવ સુકાઈ જતા અહીં સાંજે છોકરાઓ ક્રિકેટ રમે છે. વ્યાયામ શાળા મેદાન છે પરંતુ અહીં કોઈ જાતની સુવિધા નથી. આસપાસ રેસીડેન્સીયલ વિસ્તાર હોવાથી ઘણી વખત ખેલાડીઓ અને લોકો વચ્ચે બોલાચાલી થાય છે. બહારથી આવતા લોકોને જગ્યા મળતી નથી, તેમજ સ્થાનીક ન હોવાના મુદ્દે ઝઘડા પણ થાય છે. જે તે સમયે નગરપાલીકાએ આ મેદાનને વિકસાવવા થ્રીડી નકશા બનાવ્યા પણ બાદમાં કંઈ થયું નહીં. આજે અહીં ધુળ સિવાય બીજું કંઈ નથી. આ સિવાય લાલન કોલેજના મેદાનમાં ખાનગી રાહે સ્પોર્ટસ એકેડમી ચાલે છે. સવાલ એ છે કે જે ખેલાડીના હાથમાં પ્રતિભા છે પરંતુ ખિસ્સામાં પૈસા નથી, તેને સરકાર શું જવાબ આપશે? આજે અનેક યુવાનો માત્ર મેદાનના અભાવે ક્રિકેટ છોડવા મજબૂર બન્યા છે. અનેક ખુલ્લી જગ્યાઓ દબાણનો ભોગ બની ગઈ છે તો કેટલીક જગ્યાએ પાયાની સુવિધાઓનો સંપૂર્ણ અભાવ છે. અમદાવાદમાં કોમન વેલ્થ અને ઓલમ્પિક રમતો માટે હાલમાં સ્પોર્ટસ ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. કચ્છની વાત કરીએ તો ભુજમાં રેલવે, એરપોર્ટ, ફાઈવ સ્ટાર હોટલો સહિતની સુવિધા છે. પ્રવાસન હબ છે. જો અહીં સ્પોર્ટસ ગ્રાઉન્ડ તૈયાર થાય તો ભવિષ્યમાં રણજી, આઈપીએલ, ટી૨૦ જેવી મેચો રમાય તો સ્થાનીક અર્થતંત્ર આગળ વધવા સાથે અમદાવાદ જેવા મોટા શહેરોમાં વધતું ભારણ ઘટી શકે તેમ છે. હાલમાં માત્ર શાળા અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાની સ્કૂલ કે કોલેજના મેદાનમાં રમીને સંતોષ માને છે. પરંતુ અન્ય કોઈ વ્યવસ્થા નથી. ભુજમાં સ્પોર્ટસ ઓથોરીટીની કચેરી છે. દર વખતે ખેલ મહાકુંભની જાહેરાતો થાય પરંતુ વાસ્તવિક ચિત્ર સૌ કોઈ જાણે છે, લાભ મળતો નથી. માત્ર ફોટો પડે અને ગ્રાન્ટ વપરાય છે.

### અમારી પાસે ટેલેન્ટ છે... પરંતુ રમીએ ક્યાં : ખેલાડીઓની વ્યથા

ભુજના અનેક યુવા ક્રિકેટરોની વ્યથા છે કે, અંડર-૧૬થી લઈને સિનિયર કક્ષાના ખેલાડીઓને યોગ્ય પ્રેક્ટિસ માટે રાજકોટ, જામનગર, અમદાવાદ અથવા વડોદરા સુધી જવું પડે છે. દરેક પ્રવાસ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ થાય છે. ગરીબ પરિવારમાંથી આવતા પ્રતિભાશાળી ખેલાડીઓ માટે આ ખર્ચ ઉઠાવવો અશક્ય બની જાય છે અને અનેક કારકિર્દી જન્મ પહેલાં જ સમાપ્ત થઈ જાય છે.

### દીકરીઓ માટે તો સ્થિતિ વધુ કરૂણ

આજે દેશ મહિલા ક્રિકેટમાં વિશ્વભરમાં નામના મેળવી રહ્યો છે. પરંતુ કચ્છની દીકરીઓ પાસે સુરક્ષિત અને વ્યવસ્થિત ક્રિકેટ મેદાન નથી. પ્રેક્ટિસ માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાથી અનેક દીકરીઓ પરિવારની મજબૂરી અને સુરક્ષાની ચિંતાને કારણે રમત છોડી દે છે. કચ્છમાંથી મહિલા ક્રિકેટરોનો પ્રવાહ કેમ નથી ઊભો થતો તેનો જવાબ પણ આ જ છે.

### ગુજરાતના સૌથી મોટા જિલ્લાને રમતગમતમાં કેમ અવગણાયો?

અમદાવાદમાં વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ છે. રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, સહિતના શહેરોમાં આધુનિક ક્રિકેટ સ્ટેડિયમ છે. પરંતુ વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો કચ્છ હજુ પણ એક સરકારી ક્રિકેટ મેદાન માટે રાહ જોઈ રહ્યો છે.

### ભુજના ધારાસભ્યે ક્રિકેટ માટેના સ્પોર્ટસના ગ્રાઉન્ડ માટે સરકારમાં કરી છે રજુઆત

તાજેતરમાં ભુજના ધારાસભ્ય દ્વારા સરકારમાં રજુઆત કરવામાં આવી હતી કે, પાટનગર ભુજમાં સ્પોર્ટસ માટે નહીવત સુવિધાઓ છે. ભુજની આસપાસ ઘણી જમીનો છે. સરકાર દ્વારા સ્પોર્ટસ ગ્રાઉન્ડ ડેવલપ કરવામાં આવે તો ક્રિકેટ સહિતની આઉટડોર રમતો રમાઈ શકે તેમ છે. ખાસ કરીને કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ૨૫૮ એકરમાં છે. પાછળ જગ્યા ઘણી ખાલી પડી છે ત્યાં સ્પોર્ટસ મેદાન ડેવલપ થાય તો ભવિષ્યમાં ભુજમાં રણજી, આઈપીએલ સહિતની મેચો રમાય તેવી પુરી શકયતા છે.

### મેદાનના અભાવે બોક્સ ક્રિકેટનો રાફડો ફાટયો

એક સમય એવો હતો કે, ક્રિકેટ માટે ભુજમાં મેદાનોમાં યુવાનો વેઈટીંગમાં ઉભા રહેતા પરંતુ આજે ઝડપી યુગમાં તેનો બીજો વિકલ્પ બોક્સ ક્રિકેટ બની ગયો છે. હાલમાં ભુજ શહેર અને આસપાસના વિસ્તારમાં ૫૦ જેટલા બોક્સ ક્રિકેટના ગ્રાઉન્ડ છે અને તેમાં પણ રજા તેમજ શનિ - રવિવારે બોક્સ ખાલી મળતા નથી. એટલો ક્રેઝ છે. તેની ઉપરથી અંદાજો લગાવી શકાય કે લોકોમાં ક્રિકેટ પ્રત્યે રસ છે પરંતુ સરકારી મેદાન નથી.

# ગુજરાત ચેમ્બરની કારોબારીમાં સતત ચોથી વખત ગાંધીધામના ઉદ્યોગપતિ મહેશ પૂજ બિનહરીફ ચૂંટાયા



**કચ્છના વ્યાપાર-ઉદ્યોગ જગતનું ગૌરવ વધ્યુંઃ રાજ્યસ્તરે ફરી મળ્યું મજબૂત પ્રતિનિધિત્વ**

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ તથા ગાંધીધામના વેપાર-ઉદ્યોગ જગત માટે ગૌરવ અને આનંદના સમાચાર આવ્યા છે. ગુજરાતની સર્વોચ્ચ અને અગ્રણી વ્યાપારિક સંસ્થા ગણાતી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની નવી કારોબારી સમિતિમાં ગાંધીધામના અગ્રણી ઉદ્યોગપતિ અને ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઈમિડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી મહેશભાઈ પૂજ સતત ચોથી વખત બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. તેમની આ સિદ્ધિ સમગ્ર કચ્છના વેપાર, ઉદ્યોગ, બંદર, લોજિસ્ટિક્સ અને સ્જીસ્ઈ ક્ષેત્ર માટે રાજ્યસ્તરે મજબૂત પ્રતિનિધિત્વની સાબિતી સમાન છે.

રાજ્યના ઉદ્યોગ અને વેપારજગતના સૌથી પ્રભાવશાળી મંચ ય્ઝ્રૈંની કારોબારી સમિતિમાં સતત ચાર કાર્યકાળ સુધી સ્થાન પ્રાપ્ત કરવું એ શ્રી મહેશ પૂજના નેતૃત્વ, સંગઠનક્ષમતા અને ઉદ્યોગજગતમાં તેમના પ્રત્યેના અતુટ વિશ્વાસનું પ્રતિબિંબ છે. તેમની હાજરીથી કચ્છના વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નો, પડકારો અને વિકાસલક્ષી મુદ્દાઓને રાજ્ય સરકાર તથા વિવિધ નીતિ નિર્માણ મંચો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં વધુ બળ મળશે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે શ્રી મહેશ પૂજે તાજેતરમાં પૂર્ણ થયેલા કાર્યકાળ દરમિયાન રાજ્યની દ્વિતીય ક્રમની સૌથી મોટી સંસ્થા 'ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી'ના પ્રમુખ તરીકે અત્યંત સક્રિય અને પરિણામલક્ષી નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

તેમના કાર્યકાળ દરમિયાન કેન્દ્ર-રાજ્ય સરકારના વિવિધ મંત્રાલયો, સરકારી વિભાગો અને બંદર સત્તાધિકારીઓ સમક્ષ ઉદ્યોગ, વેપાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સના પ્રશ્નોની ધારદાર રજૂઆતો કરવામાં આવી હતી. વાયબ્રન્ટ ગુજરાતના સફળ આયોજનની સાથે ગાંધીધામ-આદીપુર મહાનગરના સર્વાંગી વિકાસ, માર્ગ-રેલવે સુવિધાઓ અને નિકાસકારોના પ્રશ્નો અંગે સતત ફોલોઅપ લેવાયું હતું. તેમણે જનપ્રતિનિધિઓ, વહીવટી તંત્ર અને ઉદ્યોગજગત વચ્ચે સકારાત્મક સેતુ કેળવી પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

ગુજરાત ચેમ્બરની કારોબારીમાં તેમની સતત ઉપસ્થિતિથી કચ્છના વિશિષ્ટ પ્રશ્નો અને બંદર આધારિત અર્થતંત્રને રાજ્ય સ્તરે સશક્ત અવાજ મળશે. વેપાર અને ઉદ્યોગ વર્તુળોમાં એવી દ્રઢ આશા વ્યક્ત થઈ રહી છે કે, શ્રી મહેશ પૂજની આ પુનઃપસંદગી કચ્છના આર્થિક વિકાસ માટે એક સકારાત્મક અને આશાસ્પદ ઘટના સાબિત થશે. શ્રી મહેશ પૂજની આ ગૌરવવંતી સિદ્ધિ બદલ કચ્છ અને ગાંધીધામના વ્યાપારી, ઔદ્યોગિક, સામાજિક અને વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ દ્વારા તેમને સોશિયલ મીડિયા અને રૂબરૂ મળીને વ્યાપક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## પોલીસ દ્વારા પર્યાવરણનું જતન




ભચાઉ પોલીસ સ્ટેશન ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો, અધિકારીગણ તથા કર્મચારીગણ હાજર રહેલા અને વૃક્ષોનું વાવેતર કરી વૃક્ષો ઉછેરવા સંકલ્પ લીધો હતો.

# રાજ્યમાં રેકોર્ડબ્રેક કિંમતના ડ્રગ્સનો નાશ કરવાની કચ્છમાં બીજી મોટી કવાયત

### ગુજરાત સરકારની મોટી કાર્યવાહીઃ રૂ. ૨,૧૫૩ કરોડના કરોડોના ડ્રગ્સના જથ્થાનો કરાશે નાશ

### "દહેજ અને કચ્છમાં નશીલા પદાર્થોને સળગાવાયો ; 'નો ડ્રગ્સ ઇન ગુજરાત' ના સંકલ્પ સાથે રાજ્યવ્યાપી મુહિમ તેજઃ ગૃહ મંત્રી હર્ષ સંઘવી



ગાંધીધામ"ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી 'ડ્રગ્સ મુક્ત ગુજરાત'ની મુહિમ હેઠળ વધુ એક ઐતિહાસિક અને સપાટો બોલાવતી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને સત્તાવાર માહિતી આપી છે કે, રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાંથી કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા ઝડપી પાડવામાં આવેલા અંદાજે રૂ. ૨,૧૫૩ કરોડથી વધુની કિંમતના મસમોટા માદક પદાર્થોના જથ્થાનો સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો છે.આ કરોડો રૂપિયાનું ડ્રગ્સ ગુજરાતના બે મહત્વના કેન્દ્રો દહેજ (ભરૂચ) અને કચ્છ ખાતે વૈજ્ઞાનિક ઢબે નાશ પામ્યો છે. ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના નેતૃત્વમાં સરકારનું વલણ એકદમ સ્પષ્ટ છે 'નો ડ્રગ્સ ઈન ગુજરાત'. રાજ્યભરમાં જે નશા વિરોધી અભિયાન ચાલી રહ્યું છે, આટલી મોટી કિંમતના ડ્રગ્સનો નાશ એ સરકારની મક્કમતાનો સૌથી મોટો પુરાવો છે.


રાજ્યમાં રેકોર્ડબ્રેક કિંમતના ડ્રગ્સનો નાશ કરવાની આ બીજી મોટી કવાયત છે. આ પૂર્વે પણ કચ્છ મુકામે સરહદી વિસ્તારમાં પકડાયેલા અંદાજે રૂ. ૮૦૦ કરોડના ડ્રગ્સના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તે સમયે ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ખુદ કચ્છના લાકડીયા મધ્યે રૂબરૂ હાજર રહીને ડ્રગ્સને ભઠ્ઠીમાં નષ્ટ કરાવવાની પ્રક્રિયાની દેખરેખ રાખી હતી. સરકાર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે પાકિસ્તાન સરહદેથી કે દરિયાઈ માર્ગે ગુજરાતમાં ઘુસાડવામાં આવતા નશાના કારોબારને જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. પોલીસ અને એજન્સીઓ દ્વારા જપ્ત કરાયેલો આ રૂ. ૨,૦૦૦ કરોડથી વધુનો જથ્થો હવે કાયમ માટે ખાખ થઈ જશે, જેથી નશાના સોદાગરોની કમર તૂટી જશે. આ ડ્રગ્સ ડિસ્પોઝલ પ્રક્રિયા દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કમિટીના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

#### ગાંધીધામમાં વિદેશી દારૂનો ગણનાપાત્ર જથ્થો ઝડપાયો


# ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે ૮.૦૩ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી : એક ફરાર

### સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાછળ સુભાષનગર વિસ્તારમાંથી ૧,૭૦૪ બોટલ વિદેશી દારૂ, ક્રેટા કાર અને મોબાઇલ સહિતનો મુદ્દામાલ જપ્ત

ગાંધીધામ : રાજ્યમાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા અભિયાન અંતર્ગત ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. ખાનગી બાતમીના આધારે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાછળ આવેલા સુભાષનગર વિસ્તારમાં દરોડો પાડી વિદેશી દારૂનો ગણનાપાત્ર જથ્થો ઝડપી પાડ્યો હતો.









પોલીસે દરોડા દરમિયાન નગીનભાઈ દિનેશભાઈ સુથાર (રહે. ગેનાજી ગોળીયા, તા. ડીસા, જિ. બનાસકાંઠા)ની ધરપકડ કરી હતી, જ્યારે મુકેશ શંકરજી સુથાર ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. ફરાર આરોપીને ઝડપી પાડવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કાર્યવાહી દરમિયાન ૧૮૦ એમ. એલ.ની ૧,૬૮૦ ક્વાર્ટર અને ૭૫૦ એમ.એલ.ની ૨૪ બોટલ સહિત કુલ અંદાજે ૨.૭૮ લાખનો વિદેશી દારૂ, ૫ લાખ કિંમતની હ્યુન્ડાઈ ક્રેટા કાર, એક મોબાઈલ ફોન તથા અન્ય સામાન મળી કુલ ૮,૦૩,૦૪૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

આ સમગ્ર કામગીરી સરહદી રેન્જના પોલીસ મહાનિરીક્ષક વિરાગ કોરડિયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એમ. જે. રાઠોડ અને સર્વેલન્સ સ્ટાફે સફળતાપૂર્વક પાર પાડી હતી.

# કચ્છના નાના રણમાં અગરિયાઓ અને વન વિભાગ વચ્ચેના વર્ષો જૂના જમીન વિવાદનો સુખદ અંત

### **ધારાસભ્ય પી.કે.પરમાર** દ્વારા સરકારમાં કરવામાં આવેલી **ધારદાર-અભ્યાસપૂર્વકની રજુઆતો અંતે ફળીભુત** થઈ : કચછ સહીત પાંચ જિલ્લાઓની સીમાઓ જયા મળે છે તેવા રણ વીસ્તારમાં લેવાયેલા આ નિર્ણયથી હજારો પરીવારોની અઆજીવિકાના પ્રશ્નો ઉકેલાશે : ઐતિહાસીક નિર્ણય બદલ અગરીયા સમુદાય અને સ્થાનીક આગેવાનોએ સરકાર તેમજ જહેમત ઉઠાવનાર લોકપ્રતિનિધિઓનો માન્યો આભાર

ગાંધીનગર - કચ્છઉદય : કચ્છ જિલ્લાની સરહદોને સ્પર્શતા અને અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવતા કચ્છના નાના રણમાં વર્ષોથી પરંપરાગત રીતે મીઠું પકવતા અગરિયા સમુદાય અને વન વિભાગના ઘુડખર અભયારણ્ય વચ્ચે ચાલતા જમીન વિવાદનો હવે અંત આવવાની પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. આ સંવેદનશીલ મુદ્દે રાજ્ય સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લઈને ૧૬ સભ્યોની ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરવામાં આવી છે, જેને

#### રાજ્ય સરકાર દ્વારા ૧૬ સભ્યોની ઉચ્ચસ્તરીય કમિટીની રચના : કચ્છની સરહદને અડીને આવેલા રણમાં દાયકાઓથી મીઠું પકવતા પરિવારોના હિતમાં લેવાયો મોટો નિર્ણય : ઘુડખર અભયારણ્ય અને જમીન હકોના પ્રશ્નોનું હવે થશે કાયમી નિરાકરણ

પગલે સરહદી પંથકના હજારો અગરિયા પરિવારોમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

રાજાશાહીના સમયથી કચ્છ અને તેની આસપાસના રણ વિસ્તારમાં મીઠું પકવતા અગરિયાઓ માટે આ રણપ્રદેશ માત્ર જમીનનો ટુકડો નથી પરંતુ પેઢીઓથી ચાલતો જીવનનિર્વાહનો મુખ્ય આધાર છે. જોકે, આ વિસ્તારને ઘુડખર અભયારણ્ય તરીકે જાહેર કરાયા બાદ જમીનની માલિકી અને સર્વે-સેટલમેન્ટના પ્રશ્નોને લઈને અગરિયાઓ દાયકાઓથી કાયદાકીય તેમજ વ્યવહારુ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. જમીન વિવાદના કારણે સ્થાનિક અગરિયાઓ સતત સંઘર્ષની સ્થિતિમાં જીવતા હતા, જેમના હિત માટે ધારાસભ્ય પી.કે. પરમાર દ્વારા સરકારમાં રજૂઆતો કરવામાં આવી હતી જે હવે ફળીભૂત થઈ છે.

વન વિભાગ દ્વારા સત્તાવાર રીતે લેખિત પરિપત્ર બહાર પાડીને આ ૧૬ સભ્યોની કમિટીની જાહેરાત કરવામાં આવી છે. આ કમિટી ઘુડખર અભયારણ્યની ભૌગોલિક સીમાઓ અને અગરિયાઓના પરંપરાગત જમીન હકો સહિતના તમામ પડતર પ્રશ્નોનું પ્રત્યક્ષ અને કાયદાકીય નિરાકરણ લાવવા માટે કામ કરશે. કચ્છ સહિત પાંચ જિલ્લાની સીમાઓ જ્યાં મળે છે તેવા આ રણ વિસ્તારમાં લેવાયેલા આ નિર્ણયથી હજારો પરિવારોના આજીવિકાના પ્રશ્નો ઉકેલાશે. આ ઐતિહાસિક નિર્ણય બદલ અગરિયા સમુદાય અને સ્થાનિક આગેવાનોએ સરકાર તેમજ જહેમત ઉઠાવનાર લોકપ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો છે અને કમિટીમાં સ્થાન પામેલા સભ્યો આગામી સમયમાં આ જટિલ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવશે તેવી આશા વ્યક્ત કરી છે.

# ઇન્દોરના સાંસદ શંકર લાલવાની રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા બોર્ડના સભ્ય તરીકે નિયુક્ત



ગાંધીધામ - કચ્છઉદય : ઈન્દોરના સાંસદ શંકર લાલવાનીની કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા બોર્ડના સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. આ ગૌરવશાળી નિયુક્તિના સમાચાર જાહેર થતાં જ તેમના સમર્થકો અને શુભચિંતકો તરફથી અભિનંદનનો અવિરત પ્રવાહ શરૂ થઈ ગયો છે. સમાજના વિવિધ વર્ગો અને ખાસ કરીને સિંધી સમાજ દ્વારા તેમની આ સિદ્ધિ બદલ ગર્વની લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે. સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં તેમના બહોળા અનુભવને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે, જે આગામી સમયમાં શ્રમિકો અને વંચિતોના કલ્યાણ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

# સીજેપીની સંસદકૂચ : પ્રવક્તા સૌરભ દાસનો દાવો- 'જે.પી. નડ્ડાને મળવા જઈ રહ્યા છીએ'

નવી દિલ્હીઃ આજથી સંસદના ચોમાસુ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે બધાની નજર દિલ્હીના જંતર-મંતર પર છે. જંતર-મંતર પર હાજર બીબીસી સંવાદદાતા દિલનવાઝ પાશાએ જણાવ્યું કે સવારથી જ મોટી ભીડ એકઠી થઈ છે. શિક્ષણ વ્યવસ્થામાં સુધાર અને શિક્ષણમંત્રીના રાજીનામાની માગણી સાથે આંદોલન કરી રહેલા યુવાનો આજે જંતર-મંતરથી સંસદ સુધી કૂચ કરવાની યોજના ધરાવે છે, પરંતુ પોલીસે આ માટે મંજૂરી નથી આપી. તેના કારણે દિલ્હીમાં સંઘર્ષ થવાની શક્યતા છે. કૉક્રોચ જનતા પાર્ટીએ સોમવારે સંસદ ભવન સુધી માર્ચ કરવાની જાહેરાત કરી છે, પરંતુ દિલ્હી પોલીસે કહ્યું કે આવી કૂચને કોઈ મંજૂરી આપવામાં નથી આવી, તેથી કોઈ જગ્યાએ વધુ લોકો એકત્ર થશે તો પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ દરમિયાન કૉકોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરભ દાસે દાવો કર્યો છે કે તેઓ અને પાર્ટીના અન્ય એક પ્રવક્તા આશુતોષ રાંકા કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાને મળવા જઈ રહ્યા છીએ. સૌરભ દાસે દાવો કર્યો કે સરકારે સવારે વાતચીત માટે સંપર્ક કર્યો હતો.

# CBIના રૂ. ૧૧૦૯ કરોડના બેંક કૌભાંડમાં ચાર રાજ્યોમાં દરોડા

નવી દિલ્હીઃ દેશમાં બેંકિંગ છેતરપિંડીના એક મોટા કેસમાં ઝૈએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. એજન્સીએ રૂ. ૧૧૦૯ કરોડના કથિત બેંક કૌભાંડની તપાસ અંતર્ગત ઉત્તરાખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુમાં એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી ગુપ્તા પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ અને તેની સાથે સંકળાયેલા ડિરેક્ટરો સામે નોંધાયેલા કેસના સંદર્ભમાં કરવામાં આવી છે.CBIના જણાવ્યા મુજબ તપાસનું મુખ્ય કારણ કેનેરા બેંક પાસેથી લેવામાં આવેલી મોટી લોન છે. આરોપ છે કે કંપનીએ બેંક પાસેથી ફંડ-આધારિત અને નોન-ફંડ-આધારિત સુવિધાઓ હેઠળ મોટી નાણાકીય સહાય મેળવી હતી. ત્યાર બાદ આ સુવિધાઓનો કથિત રીતે દુરુપયોગ કરવામાં આવ્યો, જેને કારણે બેંકને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું.તપાસ એજન્સીનો દાવો છે કે કંપનીએ પોતાની નાણાકીય સ્થિતિ વાસ્તવિકતા કરતાં વધુ સારી દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. તેના માટે સ્ટોકનું મૂલ્ય વાસ્તવિક કરતાં વધારે બતાવવામાં આવ્યું, ટ્રેડ રિસિવેબલ્સના આંકડા વધારીને રજૂ કરવામાં આવ્યા અને નાણાકીય હિસાબોમાં પણ કથિત ગેરરીતિ કરવામાં આવી હતી, જેથી વધુ ક્રેડિટ મર્યાદા મેળવી શકાય.CBIના જણાવ્યાનુસાર તપાસમાં એ પણ સામે આવ્યું છે કે બેંકમાંથી મેળવેલી લોનની રકમનો ઉપયોગ તે હેતુ માટે કરવામાં આવ્યો નહોતો, જેના માટે લોન લેવામાં આવી હતી. આરોપ છે કે નાણાં અન્યત્ર ટ્રાન્સફર કરવામાં આવ્યાં હતાં અને ખાતાંઓને સામાન્ય દેખાડવા માટે "એવરગ્રીનિંગ ઓફ અકાઉન્ટ્સ" જેવી પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરળ ભાષામાં કહીએ તો એવરગ્રીનિંગનો અર્થ જૂનાં દેવાંને નવાં દેવાં આપીને અથવા અન્ય રીતે નિયમિત બતાવવાનો હોય છે, જેથી ડિફોલ્ટની સ્થિતિ છુપાવી શકાય.આ કેસમાં CBIએ કુલ છ સ્થળોએ તલાશી લીધી છે. તપાસ ટીમે ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં કંપનીના ડિરેક્ટરોનાં નિવાસસ્થાનોની તપાસ કરી હતી.

# સંસદ ભવન પાસે જોરદાર પ્રદર્શન

### અભિજીત દીપકે અનસન કર્યુ ખત્મ : જયુસ પીને તોડયુ અનસન : જો કે સંસદ ભવન બહાર સીજેપીના પ્રદર્શનકારીઓ બેફામ : સુરક્ષામાં કરાયો વધારો : સંસદ ભવનના મુખ્ય ગેટ પર કડક સુરક્ષા વ્યવસ્થાન તૈનાત





નવીદીલ્હી : પ્રદર્શન કારીઓએ આજ રોજ દિલ્હી સંસદભવનમાં ભારે હંગામા સાથે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યુ છે. એકતરફ અભિજીત દિપકે જયુસ પી અને અનસન તોડી દીધુ છે તો બીજીતરફ દિલ્હીમાં સંસદ ભવનમાં સીજેપીના સમર્થકોએ મોટી સંખયામાં વિરોધ પ્રદર્શન યથાવત રાખ્યુ હતુ. આ જોરદાર સંગ્રામને જોતા સુરક્ષા વ્યવસ્થાઓ કડક કરવામા આવી છે. પોલીસે પ્રદર્શનકારીઓને રોકયા છે અને તેમને રોકવા માટે ટીયર ગેસના સેલ પણ છોડયા હોવાના અહેવાલો મળી રહ્યા છે.







## રુદ્રપ્રયાગમાં વરસાદથી જ્યાં જુઓ ત્યાં તબાહી, નદીઓ ભયજનક સપાટી પર; વહીવટીતંત્રે આપ્યું એલર્ટ

નવી દીલ્હી : ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં વરસાદે તબાહી મચાવી છે અને નદીઓ ભયજનક સપાટી પર છે. રવિવાર રાતથી પડી રહેલા મુશળધાર વરસાદે વિકરાળરૂપ ધારણ કરી લીધુ છે. સતત ધોધમાર વરસાદને કારણે અલકનંદા અને મંદાકિની નદીઓ ખતરનાક રીતે ઉપર વહી રહી છે. બેલ્ની વિસ્તારમાં અલકનંદા નદીના કિનારે સ્થાપિત ભગવાન શિવની વિશાળ પ્રતિમા સંપૂર્ણપણે ડૂબી ગઈ છે, જે નદીના વધતા પાણીના સ્તરની ભયાનક પરિસ્થિતિ દર્શાવે છે.

વરસાદને કારણે રોડ કનેક્ટિવિટી પર સૌથી વધુ અસર પડી છે. શ્રીનગર અને રુદ્રપ્રયાગ વચ્ચે સિરોબાગઢ ખાતે બદ્રીનાથ હાઈવે ભૂસ્ખલનને કારણે બંધ થઈ ગયો છે, જેના કારણે બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ છે. કેદારનાથ હાઈવેના બાંસવાડા વિસ્તારમાં ટેકરી પરથી કાટમાળ અને પથ્થરો સતત પડી રહ્યા છે, જેના કારણે ગમે ત્યારે મોટો અકસ્માત થવાની શક્યતા છે.

અલકનંદા નદીનું પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. વહીવટીતંત્રે તમામ સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ વધારી દીધી છે. જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, આપત્તિ વ્યવસ્થાપન, અને રાહત અને બચાવ ટીમો સંપૂર્ણ સતર્ક છે અને કોઈપણ ભયંકર પરિસ્થિતિનો સામનો કરવા માટે ટીમો તૈનાત કરવામાં આવી છે.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી નંદન સિંહ રાજવારે જનતાને નદીઓ અને નાળાઓની નજીક જવાનું ટાળવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને અત્યંત સાવધાની રાખવાની અપીલ કરી છે.

## રાજ્યમાં સરેરાશ વરસાદ સામે કચ્છ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી ઓછો વરસાદ થયો

ગાંધીનગર : રાજ્યમાં આ વર્ષે ચોમાસુ નબળું રહેતા અત્યાર સુધીમાં રાજ્યમાં માત્ર સરેરાશ વરસાદ સામે ૨૭ ટકા જેટલો જ વરસાદ પડ્યો છે. રાજ્યમાં સૌથી ઓછો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં માત્ર ૧.૬૦ ટકા જ્યારે કચ્છ જિલ્લામાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં માત્ર ૩.૪૨ ટકા જેટલો જ વરસાદ પડ્યો છે. આ વર્ષે ચોમાસુ મોડુ શરૂ થતા તેમજ નબળું ચોમાસું રહ્યું છે જેના કારણે રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ સામે ખૂબ જ ઓછો વરસાદ થવાના કારણે આ વખતે જો આગામી દિવસોમાં વરસાદ ન આવે તો કેટલાક જિલ્લાના તાલુકાઓમાં અછતની સ્થિતિ ઉપસ્થિત થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. રાજ્યના મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે રાજ્યમાં ચોમાસુ મોડુ શરૂ થતા અને નબળું રહેતા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં તેમજ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં સરેરાશ વરસાદ સામે આ વર્ષે અત્યાર સુધીમાં ૨૦ ટકાથી પણ ઓછો વરસાદ અત્યાર સુધીમાં થયો છે.રાજ્યમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં માત્ર ૧.૬૦ ટકા જ વરસાદ થયો છે જ્યારે કચ્છ જિલ્લામાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં માત્ર ૩.૪૨ ટક જેટલો જ વરસાદ પડ્યો છે.

## પેરુમાં ૫.૫ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ, ૫ લોકોના મોત

પેરુ : દક્ષિણ અમેરિકાના પેરુ દેશમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. પેરુના એન્ડીઝ પર્વતીય વિસ્તારમાં આવેલા એક શક્તિશાળી ભૂકંપના કારણે ભારે તબાહી મચી છે. અધિકારીઓએ રવિવારે આપેલી માહિતી અનુસાર, આ કુદરતી આપત્તિમાં ૫ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૨૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ભૂકંપ એટલો તીવ્ર હતો કે તેના કારણે અનેક લોકોએ પોતાના ઘર ગુમાવ્યા છે અને હાલમાં ૩૦૦થી વધુ લોકો બેઘર થઈ ગયા છે. યુએસ જિઓલોજિકલ સર્વે ના રિપોર્ટ પ્રમાણે, શનિવારે રાત્રે ૯:૨૪ વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધાઈ હતી.આ ભૂકંપનું કેન્દ્રબિંદુ હુઆનકાયો પ્રાંતના સિકાયા શહેરથી બે કિલોમીટર પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમમાં જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. ઓછા ઊંડાણને કારણે ભૂકંપના આંચકા ખૂબ જ તીવ્ર અને વિનાશક સાબિત થયા હતા. પેરુની નેશનલ સિવિલ ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટે જણાવ્યું છે કે, ભૂકંપના કારણે વિસ્તારની અનેક ઈમારત અને સ્થાનિક ચર્ચ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયા છે અથવા તેમને મોટું નુકસાન પહોંચ્યું છે. આ દુર્ઘટનામાં હજુ પણ કેટલા લોકો ગુમ છે તેનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી, જેથી બચાવ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

## ભારતમાં કોરોનાના દર્દીઓમાં સબવેરિયન્ટ ઓમીક્રોન જોવા મળ્યો

નવી દીલ્હી : દેશમાં ફરી એકવાર COVID-19ના કેસ વધ્યા છે. આંધ્રપ્રદેશના કડપ્પા જિલ્લામાં સૌથી વધુ કેસ નોંધાયા છે. એવું જાણવા મળ્યું છે કે, COVID-19ના વધતા કેસ માટે Omicron RF.5 સબવેરિયન્ટ જવાબદાર છે. નિષ્ણાતો કહે છે કે, આનુવંશિક પરિવર્તનને કારણે Omicron વેરિઅન્ટ બદલાઈ ગયો છે. કડપ્પા જિલ્લામાંથી ૪ નમૂનાઓ પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યા હતા. જીનોમ સિક્વન્સિંગે આની પુષ્ટિ કરી. નિષ્ણાતો કહે છે કે, આ પ્રકાર મૂળ Omicron વેરિઅન્ટ કરતાં વધુ ખતરનાક નથી. COVID-19ના ઓમિક્રોન વેરિઅન્ટના ઘણા સબવેરિયન્ટ વિશ્વભરમાં મળી આવ્યા છે. મેડિકલ એજ્યુકેશન ડિરેક્ટર વિષ્ણુવર્ધને જણાવ્યું હતું કે, SARS-CoV-2 સર્વેલન્સ દરમિયાન Omicron સબવેરિયન્ટનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું. આ ઉપરાંત, WHO પણ તેનું નિરીક્ષણ કરી રહ્યું છે.

## પહેલા પાનાથી...

#### સંસદના ચોમાસુ

કેટલાક સાંસદો વેલ સુધી ધસી આવીને સ્પીકર (અધ્યક્ષ)ના આસન સુધી પહોંચી ગયા હતા અને સરકાર વિરોધી નારેબાજી કરી હતી. વિપક્ષ દ્વારા આ બંને સંવેદનશીલ મુદ્દાઓ પર ગૃહની કાર્યવાહી અટકાવીને તાકીદની સાર્થક ચર્ચા કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, હંગામા અને નારેબાજી વચ્ચે સ્પીકરે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારે નારેબાજી કરવાથી સંસદની ગરિમા અને મર્યાદા જળવાતી નથી. તેમણે વિપક્ષને શાંતિ જાળવી ગૃહમાં સાર્થક ચર્ચા અને સંવાદ કરવા માટે અપીલ કરી હતી.

#### ૨૦૨૭ વાઈબ્રન્ટ

પણ જોવા મળશે. જે માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ આ વર્ષે અમેરિકાના પ્રવાસે જશે. આગામી માસમાં જ તેઓનો આ પ્રવાસ નિશ્ચિત થઈ રહ્યો છે જે મુખ્યમંત્રી બન્યા બાદનો પ્રથમ વિદેશ પ્રવાસ હશે તો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી બ્રિટન-જાપાનના પ્રવાસે જશે. તેમાં આ માસના અંતે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાનારા કોમનવેલ્થ ખેલ રમતોત્સવમાં હાજરી આપશે.ગુજરાત ૨૦૩૦નો કોમનવેલ્થ યોજવા જઈ રહ્યું છે તેથી તેઓ આ પ્રવાસમાં રાજ્યની તૈયારીઓ અંગે પણ ઈનપુટ મેળવી શકશે. સાથોસાથ બ્રિટન જેની સાથે હાલમાં જ ફ્રી-ટ્રેડ કરારનો અમલ શરૂ કર્યો છે ત્યાં પણ ગુજરાત કનેકશન જોડશે તથા બાદમાં જાપાન જશે. જાપાનમા સપ્ટેમ્બરમાં એશિયન ખેલ મહોત્સવ યોજાઈ રહ્યા છે. આમ તેઓ આ પ્રવાસ સમયે જ વાઈબ્રન્ટનો રોડ શો પણ કરશે. આમ આ બન્ને પ્રવાસની સાથે સીનીયર આઈએએસ અધિકારીઓની ટીમ પણ જશે તથા વાઈબ્રન્ટની બ્લુપ્રિન્ટ તૈયાર થઈ જશે.

#### અમદાવાદ વિમાન

પરિવારોએ સરકાર અને ઉડ્ડયન વિભાગ સમક્ષ એક ભાવુક અપીલ પણ કરી છે. તેમણે માંગ કરી છે કે જે સ્થળે આ કાળમુખી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી અને અસંખ્ય માસૂમોએ જીવ ગુમાવ્યા હતા, તે ઘટનાસ્થળ પર મૃતકોની યાદમાં એક ભવ્ય સ્મારક બનાવવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી ભૂલો ન દોહરાવવાની પ્રેરણા મળે અને સદગતોની સ્મૃતિ જળવાઈ રહે. હવે આ મામલે સુપ્રીમ કોર્ટ આગામી દિવસોમાં શું વલણ અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## અમદાવાદના સ્માર્ટ સિટીમાં દીપડાની દસ્તક : ઘુમાની સોસાયટીમાં મોડી રાત્રે દીપડો દેખાતાં ફફડાટ



અમદાવાદ અમદાવાદ સામાન્ય રીતે અમરેલી અને ગીરના જંગલ વિસ્તારમાં સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓ જોવા મળે તે એક સામાન્ય વાત બની ગઈ છે, પરંતુ હવે અમદાવાદ જેવા સ્માર્ટ સિટીના પોશ અને રહેણાંક વિસ્તારમાં દીપડાની દસ્તકથી લોકોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છવાઈ ગયો છે. અમદાવાદના ઘુમા વિસ્તારમાં આવેલી શરણદીપ સોસાયટીમાં મોડી રાત્રે દીપડો ઘૂસી આવ્યો હોવાની ઘટના સામે આવતાં જ સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે. મળતી વિગતો મુજબ, ઘુમાની શરણદીપ સોસાયટીમાં મોડી રાત્રે આશરે ૨:૦૦ કલાકે એક દીપડો આંટાફેરા કરતો નજરે પડ્યો હતો. આ સમગ્ર ઘટના સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.ત્યારબાદ વહેલી સવારે સોસાયટીના સભ્યો બહાર નીકળતાં તેમણે જમીન પર દીપડાના પગની સ્પષ્ટ છાપ (ફૂટમાર્ક) પણ જોઈ હોવાનો દાવો કર્યો હતો. આ ઘટનાથી સોસાયટી સહિત આસપાસના સમગ્ર વિસ્તારના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલમાં અધિકારીઓ દ્વારા સીસીટીવી ફૂટેજની ઘેરાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે તેમજ પ્રાથમિક તપાસમાં મળી આવેલા પગના નિશાનના આધારે દીપડાની હાજરી અંગે પુષ્ટિ મેળવવામાં આવી રહી છે. વન વિભાગની ટીમો દ્વારા દીપડાનું લોકેશન ટ્રેસ કરીને તેને વહેલી તકે પાંજરે પૂરવા માટેની સઘન તજવીજ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ દીપડો શહેરી વિસ્તારમાં ક્યાંથી અને કેવી રીતે આવી પહોંચ્યો તે અંગે પણ વન વિભાગ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

## અવસાન નોંધ

**આદિપુર** : ગ સ્વ. અમૃતબેન દ્વારકાદાસ ઠક્કર (ઉવ. ૭૬) તે સ્વ. દ્વારકાદાસ ભવાનજી ઠક્કરના પત્ની, લહેરીભાઈ, પ્રતિમાબેન ના માતા, આરતીબેન લહેરીભાઈ ઠક્કર, સુરેશ વેલજી બારૂ (પોસ્ટ ઓફિસ) ના સાસુ, સ્વ. જેન્તીલાલ, મથુરાદાસ, સ્વ. શશીકાંત, મણિલાલ, માધવજી, સ્વ. લક્ષ્મીદાસ,સ્વ શારદાબેન, લક્ષ્મીબેન, સ્વ. સવિતાબેન, વસંતબેન, ભગવતીબેન, રાધાબેન, જ્યોતિબેન, ચંદ્રીકાબેન ના ભાભી, સ્વ. રણછોડદાસ ધરમશી ઠક્કર એડાવાળા ના પુત્રી, સ્વ. અરવિંદભાઈ, મહેશભાઈ, પરેશભાઈ, રસીલાબેનના બહેન, જયેશ, જેકી, દિપેશ, ઉષા, કલ્પના,ચેતના, હેતલ, સ્વાતિના મોટીમા, શ્રેયાના દાદીમા, દર્શ (શિવમ)ના નાનીમા તા. ૧૯/૦૭/૨૦૨૬ ના અવસાન પામ્યા છે બંન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧/ ૦૭/ ૨૦૨૬ના મંગળવાર સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાકે આદિપુર લોહાણા મહાજનવાડી ખાતે રાખેલ છે.

ગેસ એ કિંમતી સંપત્તી છે, તેનો વ્યય ન કરો
રેસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# ગાંધીધામ લોહાણા મહાજનના પ્રમુખપદે યુવા અગ્રણી ધવલભાઈ આચાર્યની વરણી






















### સમગ્ર ગાંધીધામ કોમ્પલેક્ષના જ્ઞાતિજનો પ્રત્યે ધવલભાઈ આચાર્યએ વ્યકત કર્યો ઋણાનુભાવ : જ્ઞાતિજનોની ખાસ સુવિધાઓ અને જરૂરીયાતોને ધ્યાને રાખી અને સૌના સહયોગથી એક મોટો પાર્ટી પ્લોટ વસાવવામાં આવશે : નવનિયુકત પ્રમુખશ્રીએ વ્યકત કરી નેમ

**ડો. નિમાબેન આચાર્ય, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મનપા મેયર દિવ્યાબેન નાથાણી સહિતનાઓએ ધવલભાઈ આચાર્યને પાઠવી શુભકામના**

ગાંધીધામ : તાજેતરમાં ગાંધીધામ લોહાણા મહાજ વાડી મધ્યે મળેલ એક સામાન્ય સભામાં ઉપસ્થીત જ્ઞાતિજનોની સર્વ સહમતીથી વર્ષ ૨૦૨૬-૨૦૨૮ની કારોબારીમાં ગાંધીધામ લોહાણા મહાજનના પ્રમુખપદે જ્ઞાતિનું ગૌરવ અને સક્ષમ નેતૃત્વ ધરાવનાર એવા યુવા અગ્રણી ધવલભાઈ કાંતીલાલ આચાર્યની વરણી કરવામા આવી હતી. નવનિયુકત ગાંધીધામ લોહાણા મહાજનના પ્રમુખ ધવલભાઈએ જ્ઞાતિજનોનો આભાર વ્યકત કરતા કહ્યુ કે મારામાં જ્ઞાતિજનોએ જે વિશ્વાસ મુકેલ છે તેને સાર્થક કરવા અને સમસ્ત ગાંધીધામ કોમ્ક્ષલેક્ષના જ્ઞાતિજનોની એકતા અને ભાતૃભાવ જળવાઈ રહે અને એક થઈ સમાજ વીકાસના દરેક કાર્યોમા નિમિત બને તેવી ભાવના વ્યકત કરતા ધવલભાઈએ જ્ઞાતિજનોની જરૂરીયાત અને હાલના સંજોગો મુજબ જ્ઞાતિજનોના પ્રસંગો સારી રીતે ઉજવવામા આવે માટે એક મોટીક્ષમતા સાથેનો અને સંપૂર્ણ સુવિધા સભર વીશાળ પાર્ટી પ્લોટ નજીકના ભવિષ્યમાં જ્ઞાતિજનોના સાથ અને સહકારથી વસાવવાની નેમ વ્યકત કરી હતી. આ વરણી બદલ તેઓને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે તેમજ મીટીમાંગ બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો વતી ટ્રસ્ટીના મોહનભાઈ રામાણી, દીનેશભાઈ જોબનપુત્રા, ગંગારામભાઈ અનમ, લહેરચંદભાઈ જોબનપુત્રા, અશોકભાઈ ચંદન, ભરતભાઈ પાંચાણી, રમેશભાઈ મજીઠીયા તથા તત્કાલીન પ્રમુખ પ્રવીણભાઈ જોબનપુત્ર, મંત્રી પ્રવીણભાઈ મીરાણી અને સામાજીક અગ્રણી જેન્તીભાઈ કોડરાણી, ધવનભાઈ કોડરાણી, વિગેરેએ શુભકામના પાઠવી હતી.ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મનપા મેયર દિવ્યાબેન જીતુભાઈ નાથાણી, મહેશભાઈ ગઢવી, વિજયસિહ જાડેજા, ગીતાબેન ગણાત્રા, કમલેશભાઈ પરીયાણી, દીનેશભાઈ માલી, દેવુભા જાડેજા, મોહનભાઈ ભાનુશાલી, ભરતભાઈ મીરાણી, સાગરભાઈ શુકલા, વિજયભાઈ પરમાર સહિતનાઓએ પણ ધવલભાઈ આચાર્યને શુભકામનાઓ પાઠવી હતી.

## કચ્છમાં ઉકળાટ અને બફારા વચ્ચે ભુજ સહિત ગ્રામ્ય પંથકમાં ઝરમર વરસાદ

**કચ્છીઓ હજુ પણ સાર્વત્રિક મેઘમહેરની પ્રતીક્ષામાં : સમગ્ર જિલ્લામાં મહદઅંશે વાદળછાયું વાતાવરણ**

ભુજ - કચ્છઉદય : સમગ્ર કચ્છ જિલ્લામાં આજે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને મોટાભાગના વિસ્તારોમાં મહદ અંશે વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું.

જિલ્લા મથક ભુજ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી પરોઢે અચાનક ઝરમર સ્વરૂપે હળવો વરસાદ શરૂ થયો હતો, જેના કારણે માર્ગો ભીના થઈ ગયા હતા. જો કે, આ હળવા વરસાદ બાદ વાતાવરણમાં ઉકળાટ અને બફારાનું પ્રમાણ ખૂબ જ વધી જતાં જનજીવન ભારે પરેશાની અનુભવી રહ્યું છે.

ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં હજુ સુધી જોઈએ તેવી સાર્વત્રિક અને નોંધપાત્ર મેઘમહેર થઈ નથી, જેના કારણે ધરતીપુત્રો સહિત તમામ કચ્છી જનતા આતુરતાપૂર્વક મેઘરાજા પોતાનું અમીછાંટણું કરે અને હેત વરસાવે તેની કાગડોળે રાહ જોઈ રહી છે.

હાલમાં આકાશ વાદળોથી ઘેરાયેલું હોવા છતાં વરસાદ ન પડવાને લીધે લોકો અસહ્ય ગરમી અને બફારાનો સામનો કરી રહ્યા છે.

## કચ્છના આકાશમાં બીજી ઓગસ્ટે દેખાશે ધૂમકેતુ



ભુજ - કચ્છઉદય : વર્ષ ૨૦૨૬માં આકાશપ્રેમીઓ માટે સૌથી મોટી ખગોળીય ઘટના ઓગસ્ટ મહિનામાં બનવાની છે. દર પાંચ વર્ષ અને ચાર મહિનાની આસપાસ સૂર્યની પ્રદક્ષિણા કરતો ધૂમકેતુ ૧૦પી / ટેમ્પલ ૨ આ વખતે પૃથ્વીની ખૂબ નજીકથી પસાર થવાનો છે. ખગોળ વિજ્ઞાનીઓના મતે આ વર્ષનો સૌથી તેજસ્વી અને સ્પષ્ટ દેખાતો ધૂમકેતુ આ જ હશે.

બે ઓગસ્ટે ધૂમકેતુ સૂર્યની સૌથી નજીક પહોંચશે. તે સમયે તેનું અંતર સૂર્યથી આશરે એક કરોડ બોલીસ લાખ કિલોમીટર રહેશે. સૂર્યના તાપથી તેની સપાટી પર બરફ પીગળીને વાયુ અને ધૂળ બહાર નીકળશે અને તેની તેજસ્વીતા વધી જશે. ત્રણ ઓગસ્ટે તે પૃથ્વીથી સૌથી નજીક આવશે. તેનું અંતર લગભગ છ કરોડ વીસ લાખ કિલોમીટર જેટલું રહેશે. આ જ દિવસે તે સૌથી વધુ પ્રકાશિત હશે. તેની ચમક એટલી હશે કે મોટા દૂરબીનથી સરળતાથી જોઈ શકાશે. નરી આંખે જોવું મુશ્કેલ રહેશે. આકાશમાં તે એક નાના ઝાંખા ગોળા જેવો દેખાશે જેની મધ્યમાં તેજસ્વી ભાગ અને તેની પાછળ ટૂંકી પહોળી પૂંછડી હશે.

ધૂમકેતુ જુલાઈના મધ્યમાં મકર રાશિ તરફથી દેખાવાનું શરૂ કરશે અને ઓગસ્ટમાં તે મીન રાશિ તરફ સરકી જશે. ભારત અને ગુજરાત ઉત્તર દિશામાં આવેલા હોવાથી અહીંથી આ ધૂમકેતુ આકાશમાં બહુ ઊંચે નહીં આવે. તે દક્ષિણ દિશામાં ક્ષિતિજથી માત્ર પંદરથી વીસ અંશ ઊંચે જ રહેશે. એટલા માટે તેને જોવા માટે દક્ષિણ તરફ એકદમ ખુલ્લું અને સ્વચ્છ આકાશ જોઈએ.

કચ્છનું વિશાળ રણ, ભુજની આસપાસના વગડા, માંડવીનો દરિયાકિનારો અને નળ સરોવર જેવા શહેરથી દૂરના અંધારા વિસ્તારો જોવા માટે સૌથી ઉત્તમ રહેશે. સાંજે સૂર્ય આથમ્યાના એક કલાક પછી એટલે કે રાત્રે આઠ વાગ્યાથી દસ વાગ્યા સુધીનો સમય સૌથી યોગ્ય છે. બાર ઓગસ્ટની આસપાસ અમાસ હોવાથી તે દિવસોમાં ચાંદનીનો અવરોધ નહીં રહે અને ધૂમકેતુ વધારે સ્પષ્ટ દેખાશે. વિશ્વભરમાં દક્ષિણ ગોળાર્ધના દેશોમાં આ ધૂમકેતુનો નજારો વધારે સુંદર રહેશે. ઓસ્ટ્રેલિયાના રણ પ્રદેશ, દક્ષિણ આફ્રિકાનો રણ વિસ્તાર, ચિલીનો અટાકામા પ્રદેશ અને ન્યુઝીલેન્ડના પર્વતીય વિસ્તારોમાંથી તે આકાશમાં ઘણો ઊંચે અને તેજસ્વી દેખાશે. ત્યાંથી તેને સામાન્ય દૂરબીનથી પણ સારી રીતે નિહાળી શકાશે. છેલ્લે આ ધૂમકેતુ પાંચ વર્ષ પહેલા દેખાયો હતો. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આવો નજીકથી પસાર થતો ધૂમકેતુ દર પાંચ વર્ષે જોવા મળતો નથી. એટલે ઓગસ્ટની આ રાતો આકાશપ્રેમીઓ માટે ખાસ બની રહેશે.

## ‘હોલ ટિકિટ’ આવ્યા બાદ હવે કચ્છના ઉમેદવારોને અમદાવાદ જવા માટે ‘ટિકિટ’ની કરવી પડશે મથામણ

**બીજી ઓગસ્ટના ટાટ એચએસ મેઇન્સ પરીક્ષા**

**રેલવે સેવાઓ ખોરવાતાં પરીક્ષાર્થીઓ મુશ્કેલીમાં : સ્થાનિક સ્તરે કેન્દ્ર ફાળવવાની માંગ વણઉકેલાયેલી રહેતાં ખાનગી વાહનોનો મોંઘો સહારો લેવો પડે તેવી સ્થિતિ**

ભુજ - કચ્છઉદય : આગામી બીજી ઓગસ્ટ અને રવિવારના રોજ ટાટ એચએસની મુખ્ય એટલે કે મેઈન્સ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાંથી અસંખ્ય ઉમેદવારોએ ટાટ એચ.એસ.ની પ્રિલિમ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે અને તેઓ અત્યારે ખૂબ જ આતુરતાપૂર્વક આ મેઈન્સ પરીક્ષાની પ્રતીક્ષા કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ પરીક્ષા આગામી ૧૯મી જુલાઈના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદ વહીવટી કારણોસર તેની તારીખમાં ફેરફાર કરીને આગામી બીજી ઓગસ્ટના રોજ પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે.

એક તરફ બીજી ઓગસ્ટના રોજ કચ્છમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારો આ મહત્ત્વપૂર્ણ પરીક્ષા આપવા માટે અમદાવાદ જવાના છે, ત્યારે બીજી તરફ ટ્રાન્સપોર્ટને લઈને ઉમેદવારો માટે એક મોટી આફત ઊભી થઈ છે.

હાલમાં કચ્છના સામખિયાળી - ગાંધીધામ સેક્શન પર રેલવે વિભાગ દ્વારા નોન-ઈન્ટરલોકિંગની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીના કારણે કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી એક્સપ્રેસ સિવાયની તમામ રેલવે સેવાઓ કાં તો રોકી દેવામાં આવી છે અથવા તો સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. આવી પરિસ્થિતિમાં પરીક્ષાના દિવસે કચ્છના ઉમેદવારોને અમદાવાદ પહોંચવા માટે ભારે હાલાકી ભોગવવી પડશે અને ફરજિયાતપણે ખાનગી વાહનોનો સહારો લેવો પડે તેવી ગંભીર સ્થિતિનું સર્જન થયું છે.

કચ્છના ઉમેદવારો લાંબા સમયથી એવી ન્યાયિક માંગણી કરી રહ્યા છે કે ટેટ અને ટાટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના કેન્દ્રો કચ્છ જિલ્લામાં જ ફાળવવામાં આવે જેથી સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓને આર્થિક અને શારીરિક હાલાકી ન ભોગવવી પડે.

આમ છતાં, તંત્ર દ્વારા હજુ સુધી આ બાબતે કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી. આવા સંજોગોમાં કચ્છના ઉમેદવારોને દર વખતે પરીક્ષા આપવા માટે ફરજિયાત છેક અમદાવાદ સુધી લાંબી મુસાફરી કરવી પડે છે.

આ વખતે રેલવે સેવાઓ પણ બહોળા પ્રમાણમાં પ્રભાવિત થઈ હોવાથી ઉમેદવારોએ મોંઘા ભાડા ખર્ચીને ખાનગી વાહનો કે લક્ઝરી બસો મારફતે મુસાફરી કરવાની નોબત આવશે.

સોમવારે બપોરે ટાટ એચએસ મેઈન્સ પરીક્ષાની હોલ ટિકિટ જાહેર થવાની છે. હોલ ટિકિટ ઓનલાઈન ડાઉનલોડ કર્યાની સાથે જ ઉમેદવારોએ પોતાની પરીક્ષાના કેન્દ્રની ખાતરી કરીને તાત્કાલિક અમદાવાદ પહોંચવા માટેની ટિકિટોની વ્યવસ્થામાં લાગી જવું પડશે તેવું સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે. એક બાજુ પરીક્ષાનું ટેન્શન અને બીજી બાજુ અમદાવાદ પહોંચવા માટેની મુસાફરીની મથામણ વચ્ચે કચ્છના ઉમેદવારો અત્યારે બેવડી ચિંતામાં મુકાયા છે.

## ગાંધીધામમાં જુગાર વિરોધી પોલીસની કાર્યવાહી : બસ સ્ટેશન નજીક તીનપત્તીનો જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા

**રૂ. ૧૦,૧૫૦ની રોકડ રકમ અને ગંજીપત્તાના પાનાં કબજે; જુગારધારા હેઠળ ગુનો નોંધાયો**




ગાંધીધામ : પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે.

મળેલી બાતમીના આધારે પોલીસની સર્વેલન્સ ટીમે ગાંધીધામ બસ સ્ટેશન નજીક આવેલા અપના પાર્કિંગના ખુલ્લા મેદાનમાં દરોડો પાડી ગંજીપત્તા વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા ચાર શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

પોલીસે તેમની પાસેથી રૂ. ૧૦,૧૫૦ની રોકડ રકમ તથા ગંજીપત્તાના ૫૨ પાનાં કબજે કર્યા હતા. આ મામલે જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કામગીરી ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયા, પીએસઆઈ એલ. એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

## ગાંધીધામ નજીક માર્ગ અકસ્માતમાં હાઉસી કિંગ લય અંતાણીનું દુઃખદ અવસાન





**સમગ્ર કચ્છમાં શોકની લાગણી ફેલાઈ**

ગાંધીધામ - કચ્છઉદય : સમગ્ર કચ્છ જિલ્લામાં ‘હાઉસી કિંગ‘ તરીકે વિશિષ્ટ ઓળખ ધરાવતા અને જાણીતા એક્કર લય અંતાણીનું ૨૦ જુલાઈના રોજ ગાંધીધામ નજીક એક માર્ગ અકસ્માતમાં કરુણ અને અકાળ અવસાન થયું છે. આ દુઃખદ ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર કચ્છ પંથકમાં અને ખાસ કરીને સંગીત તેમજ મનોરંજન જગતમાં ભારે અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ છે. સ્વ. લય અંતાણી માત્ર એક કલાકાર નહોતા, પરંતુ તેઓ કચ્છના સાંસ્કૃતિક અને સામાજિક જીવનનું એક અભિન્ન અંગ હતા. વિવિધ સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો દરમિયાન તેમના દ્વારા સંચાલિત થતી હાઉસીની રમતો સમગ્ર કચ્છમાં અતિ લોકપ્રિય બની હતી. ખાસ કરીને ભુજમાં આયોજિત થતા ફ્રેન્ડ્સ ગ્રુપના ગણપતિ મહોત્સવના કાર્યક્રમોમાં તેમની પ્રેરક ઉપસ્થિતિ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેતી હતી. તે સમયે તેમની આગવી શૈલીમાં રમાતી હાઉસીમાં ભાગ લેવા માટે અને તેમને સાંભળવા માટે સમગ્ર કચ્છમાંથી મોટી સંખ્યામાં અબાલ-વૃદ્ધ સૌ કોઈ ઉમટી પડતા હતા. કચ્છના વિવિધ સમાજો દ્વારા આયોજિત થતા સામાજિક મેળાવડાઓ અને પારિવારિક સ્નેહમિલનોમાં પણ તેમની હાઉસીનું ખાસ આયોજન કરવામાં આવતું હતું. પોતાની આગવી, મધુર અને મનોરંજક શૈલીથી ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી દેવાની અદભુત કળા તેમનામાં હસ્તગત હતી. સ્ટેજ પર માઈક હાથમાં લેતાની સાથે જ શ્રોતાઓમાં એક નવો જ ઉત્સાહ ભરી દેનાર આ લોકપ્રિય કલાકારના અણધાર્યા નિધનથી કચ્છના સંગીત રસિકો અને ચાહકોમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે. તેમના આકસ્મિક અવસાન પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતા કચ્છના વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંગઠનોના હોદ્દેદારો તેમજ અગ્રણીઓએ સદગત કલાકારને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

## ઓમાનના દરિયામાં તેલ લીકેજની ઘટનાથી માંડવી-કંડલા સહિત દરિયાકાંઠાના લોકોમાં ચિંતા

માંડવી - કચ્છઉદય : ઓમાનના દરિયાકાંઠે પ્રતિબંધિત ઓઈલ ટેક્કરમાંથી થઈ રહેલા તેલના લીકેજના સમાચાર બાદ કચ્છના માંડવી સહિત ગુજરાતના દરિયાકાંઠાના લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. હાલની સ્થિતિ મુજબ ઓમાનથી લગભગ ૪૦૦ થી ૫૦૦ નોટિકલ માઈલ દૂર અરબ સાગરમાં આ ઘટના બની છે.

દરિયાઈ નિષ્ણાતોનું કહેવું છે કે તેલના ડાઘ ક્યાં જશે તે મોટાભાગે પવનની દિશા અને દરિયાના પ્રવાહ પર નિર્ભર કરે છે. હાલ ઉત્તર-પૂર્વથી દક્ષિણ-પશ્ચિમ તરફ વહેતા પ્રવાહ અને ચોમાસા બાદના પવનને કારણે તેલનો મોટો હિસ્સો ઓમાન અને યમનના કાંઠા તરફ જવાની શક્યતા વધુ છે, પરંતુ જો પવનની દિશા બદલાય અને પ્રવાહ ઉત્તર તરફ વળે તો ૭થી ૧૦ દિવસમાં તેના અંશો ગુજરાતના દરિયામાં પહોંચી શકે છે.

કચ્છનું માંડવી અને કંડલા પોર્ટ અરબ સાગરના ઉત્તર-પૂર્વ કાંઠે આવેલા છે. ભૂતકાળમાં પણ આવી ઘટનાઓમાં તેલના પાતળા પડ ગુજરાત સુધી આવ્યા હોવાના દાખલા છે. તેથી જોખમને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. જો તેલ માંડવીના બીચ સુધી પહોંચે તો દરિયાઈ જીવસૃષ્ટિ, ખારા પાણીના જંગલો અને માછીમારીને સીધું નુકસાન થઈ શકે છે. ખાસ કરીને માંડવીનો પ્રવાસન વિસ્તાર અને સ્થાનિક માછીમારોની આજીવિકા પર અસર પડે તેવી શક્યતા છે. ભારતીય તટરક્ષક દળ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડે સ્થિતિ પર નજર રાખવાનું શરૂ કર્યું છે. સેટેલાઈટ અને પેટ્રોલિંગ દ્વારા દરિયામાં તેલના ડાઘની હિલચાલ પર વોચ રાખવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે હાલ તાત્કાલિક ખતરો નથી પરંતુ આગામી એક અઠવાડિયા સુધી સત મોનિટરિંગ કરવામાં આવશે. માંડવીના માછીમારોને સલાહ આપવામાં આવી છે કે દરિયામાં કોઈ તેલના ડાઘ કે અસામાન્ય ગંધ દેખાય તો તાત્કાલિક તંત્રને જાણ કરે. હાલ જરૂર છે સાવધાનીની, ગભરાટની નહીં તેમ જણાવવામાં આવી રહ્યું છે.

## ભુજ સહિત સમગ્ર કચ્છમાં બીએસએનએલની ઇન્ટરનેટ સેવા ઠપ્પ

**સરકારી અને ખાનગી કચેરીઓમાં કામકાજ ખોરવાયા**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સપ્તાહના પ્રથમ દિવસે જ સરકારી ટેલિકોમ કંપની બીએસએનએલની ઈન્ટરનેટ સેવાઓ અચાનક ખોરવાઈ જતાં ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોમવારે સવારથી જ ભુજ સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ હતી, જેને કારણે લોકો ભારે પરેશાન જોવા મળ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, કોઈ મોટી ટેકનિકલ ખામી સર્જાવાના કારણે બીએસએનએલનું નેટવર્ક ખોરવાઈ ગયું હતું અને ઈન્ટરનેટ સેવાઓ લાંબા સમય સુધી પ્રભાવિત રહી હતી. અઠવાડિયાના પ્રથમ જ દિવસે આ પ્રકારની મોટી ટેકનિકલ સમસ્યા સર્જાતા તેની સીધી અસર વહીવટી કામકાજ પર પડી હતી. ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં આવેલી તમામ મહત્વની સરકારી કચેરીઓ તેમજ ખાનગી વ્યાપારી સંસ્થાનોમાં ઓનલાઈન કામગીરી સંપૂર્ણપણે અટકી પડી હતી. ડિજિટલ યુગમાં મોટાભાગના કામકાજ ઈન્ટરનેટ આધારિત હોવાથી કચેરીઓમાં આવેલા અરજદારો અને સામાન્ય નાગરિકોના કલાકો સુધી કામ ન થતાં તેઓ અટવાયા હતા. ખાનગી ક્ષેત્રના વ્યવસાયો અને વર્ક ફ્રોમ હોમ કરતા કર્મચારીઓને પણ આ નેટવર્ક ડાઉનની સ્થિતિને કારણે પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો.

**દસમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. ધનજીભાઈ કરસનભાઈ ચાડ**
(ડી. કે. આહિર)
સ્વ. તા.૨૦/૭/૨૦૧૬, ઉ.વ.૫૮,
મૂળ ગામ : ઉમેદપર હાલે માધાપર

આપની વિદાયને આજકાલ કરતાં દસ વર્ષ વીતી ગયા, આપની છત્રછાયાની ખોટ સદા સાલતી રહેશે. આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદૈવ અમારા હૈયે રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના..

શોકમગ્ન
- સ્વ. રવાભાઈ વિશાભાઈ ચાડ પરિવાર
- સ્વ. કરશનભાઈ વિશાભાઈ ચાડ પરિવાર
- સ્વ. ભગુભાઈ વિશાભાઈ ચાડ પરિવાર
તેમજ સમસ્ત ચાડ પરિવાર

# કેન્દ્રીય શિપિંગ રાજ્યમંત્રી સમક્ષ દીનદયાળ પોર્ટના સર્વાંગી વિકાસના મહત્વપૂર્ણ મુદ્દાઓનું વિગતવાર આવેદનપત્ર રજૂ કરતી ગાંધીધામ ચેમ્બર

## ગાંધીધામ -આદિપુર સંકુલને એક જ પરિપત્ર દ્વારા લીઝમુક્ત કરવા ગાંધીધામ ચેમ્બરની માંગણી

ગાંધીધામ : કચ્છની અગ્રણી વેપાર-ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના રાજ્યમંત્રીશ્રી શાંતનુ ઠાકુરની દીનદયાળ પોર્ટ, કંડલા- ગાંધીધામ ખાતેની રૂબરૂ મુલાકાત દરમ્યાન સંસદસભ્યશ્રી વિનોદભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલા સ્ટેકહોલ્ડર્સ મીટિંગ દરમિયાન દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ભાવિ વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ વિકાસ કાર્યો અંગે વિગતવાર આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ચેમ્બર પ્રમુખશ્રી તેજા કાનગડ.ની અધ્યક્ષતામાં ચેમ્બર પતતિનિધિમંડળે રાજ્યમંત્રીશ્રીનું કચ્છ આગમન બદલ હાર્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે દીનદયાળ પોર્ટ દેશના મુખ્ય બંદરોમાં છેલ્લા સતત સોળ વર્ષથી સર્વાધિક કાર્ગો હેન્ડલિંગ કરતુ દેશનું અગત્યનું મહાબંદર છે અને પશ્ચિમ ભારતના એક્સપોર્ટ- ઈમ્પોર્ટ વેપારમાં તેની અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આગામી સમયમાં તુણા-ટેકરા ખાતે ડી.પી. વર્લ્ડના મેગા કન્ટેનર ટર્મિનલ, ગ્રીન હાઈડ્રોજન જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ તથા સતત વધી રહેલા એક્સિમ કાર્ગોને ધ્યાનમાં રાખતાં પોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સમયસર વિસ્તરણ કરવું અત્યંત જરૂરી હોવાનું ચેમ્બરે રજૂઆતમાં જણાવ્યું હતું.આવેદનપત્રમાં ચેમ્બર પ્રમુખ તેજા કાનગડે રજુ કરેલા મહત્વપૂર્ણ મુદ્દાઓમાં સર્વ પ્રથમ દીનદયાળ પોર્ટ ખાતેની હાલ કાર્યરત ડ્રાય કાર્ગો જેટીઓ આગામી વર્ષોમાં વિવિધ મેગા પ્રકલ્પોને કારણે વધતા કાર્ગો હેન્ડલિંગદબાણને પહોંચી વળવા માટે અપૂરતા થઈ શકે તેમ હોવાનું જણાવી હાલની જેટી નં. ૧૬ પછી દક્ષિણ તરફના તટે ઉપલબ્ધ દરિયાકાંઠાના વિસ્તારમાં તબક્કાવાર નવા ડ્રાય કાર્ગો જેટીઓના વિકાસની કામગીરી હાથ ધરવાની ભારપૂર્વક રજૂઆત કરી હતી. ચેમ્બર દ્વારા પથમ તબક્કામાં ઓછામાં ઓછા ત્રણથી ચાર નવી જેટીઓના નિર્માણ માટે તાત્કાલિક ટેક્નો-ઈકોનોમિક ફિઝિબિલિટી સ્ટડી તથા ડીપીઆર તૈયાર કરી કામગીરી શરૂ કરવાની વિનંતી કરવામાં આવી હતી. ચેમ્બરે જણાવ્યું હતું કે આ વિકાસથી જહાજોની વેઈટિંગમાં નોંધપાત્ર ઘટાડો થશે, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે અને ભારતના એક્સિમ વેપારની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધુ મજબૂત બનશે.ચેમ્બર માનદમંત્રીશ્રી મહેશ તિર્થાણીએ વધુમાં રજૂઆત કરી હતી કે દીનદયાળ પોર્ટને વૈશ્વિક સ્પર્ધામાં વધુ ઝડપી ઓપરેશનલ ક્ષમતા વધારવા માટે હાલમાં ઉપલબ્ધ કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં સતત વધારો કરવા માટે આધુનિક ગેન્ટ્રી ક્રેન્સ, મોબાઈલ હાર્બર ક્રેન્સ તથા અન્ય મિકેનાઈઝ્ડ કાર્ગો હેન્ડલિંગ સાધનોની સંખ્યા વધારવી અત્યંત જરૂરી બની છે. આધુનિક સાધનો ઉપલબ્ધ થતાં જહાજોની ટર્નઅરાઉન્ડ ટાઈમમાં ઘટાડો થશે, બર્થ પ્રોડક્ટિવિટી વધશે,



પોર્ટની કામગીરી વધુ ઝડપી બનશે તેમજ વેપાર અને ઉદ્યોગને વધુ કાર્યક્ષમ સેવાઓ ઉપલબ્ધ થશે. ચેમ્બર આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ભારત સરકાર દ્વારા બ્લૂ ઈકોનોમી અને મેરિટાઈમ ટુરિઝમનેઆપવામાં આવી રહેલા પ્રોત્સાહનને ધ્યાનમાં રાખીને દીનદયાળ પોર્ટ ખાતે મેરિટાઈમ ટુરિઝમ વિકસાવવાનો પણ મહત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. કચ્છમાં દર વર્ષે લાખો પ્રવાસીઓ રણોત્સવ, ધોળાવીરા, માંડવી, નારાયણ સરોવર, કોટેશ્વર તથા અન્ય પ્રવાસન સ્થળોની મુલાકાતે આવે છે. આવા પ્રવાસીઓને દેશના અગ્રણી બંદરની કામગીરી નજીકથી નિહાળવાની તક મળે તે માટે પ્રવાસી સ્વાગત કેન્દ્ર, માહિતી ગેલેરી, પોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોડેલ, માર્ગદર્શિત પોર્ટ મુલાકાત તથા દરિયાઈ પ્રવાસ જેવી સુવિધાઓ વિકસાવવાની માંગણી કરવામાં આવી હતી. ચેમ્બરના મત મુજબ આ પહેલથી કચ્છમાં પ્રવાસનને નવી દિશા મળશે અને દરિયાઈ અર્થતંત્ર પ્રત્યે લોકોમાં જાગૃતિ પણ વધશે. માનદમંત્રીશ્રી મહેશ તિર્થાણીએ ચેમ્બર આવેદનપત્રની વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે દીનદયાળ પોર્ટમાં ચાલી રહેલા માર્ગ વિકાસના કાર્યોની પ્રશંસા કરતાં વધુમાં જણાવ્યું હતું કે વધતા કાર્ગો ટ્રાફિકને ધ્યાનમાં રાખીને પોર્ટની અંદરના આંતરિક માર્ગોનું રિસરફેસિંગ, ડ્રેનેજ વ્યવસ્થા, બેકઅપ સ્ટોરેજ વિસ્તાર, ટ્રક હોલ્ડિંગ વિસ્તાર, કેન્ટીન, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા, લાઈટિંગ અને અન્ય આવશ્યક સુવિધાઓનો પણ સમયસર વિકાસ કરવો જરૂરી છે. આ સુવિધાઓ વધારવાથી પોર્ટની કાર્યક્ષમતા, સલામતી અને લોજિસ્ટિક્સ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે તેમજ દીનદયાળ પોર્ટને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ લોજિસ્ટિક્સ હબ તરીકે વિકસાવવાના હેતુને વધુ બળ મળશે.ચેમ્બર પ્રમુખ તેજા કાનગડે રાજ્યમંત્રીશ્રીનું વિશેષ ધ્યાન ઓઈલ જેટી નં. ૯, ૧૦ અને ૧૧ના બાંધકામ તરફ પણ દોર્યું હતું. હાલમાં લિક્વિડ કાર્ગો જહાજોને લાંબા સમય સુધી બર્થ માટે રાહ જોવી પડતી હોવાથી વેપ ાર પર વધારાનો લોજિસ્ટિક્સ ખર્ચ આવે છે તથા પોર્ટની કામગીરી પર પણ તેની પ્રતિકૂળ અસર થાય છે. તેથી ઓઈલ જેટીઓના ટેન્ડર તથા વર્ક ઓર્ડરની પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરીને તાત્કાલિક બાંધકામ શરૂ કરવામાં આવે તેવી ચેમ્બરે ભારપૂર્વક માંગણી કરી હતી. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં જહાજોની વેઈટિંગમાં ઘટાડો થશે, લિક્વિડ કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં વધારો થશે અને દેશની ઊર્જા સુરક્ષા તેમજ પોર્ટની આવકમાં નોંધપાત્ર નારો છો.બેઠક દરમિયાન ચેમ્બર માનદ્ મંત્રીશ્રી મહેશ તિર્થાંગીએ રાજ્યમંત્રીશ્રી સમક્ષ ને તાગ ખુબ જ અગત્યના એવા વીઝા મુદ્દે રજૂઆત કરતા જણાવ્યું હતુ કે ગાંધીધામ- આદિપુર ટાઉનશિપનો સમગ્ર વિસ્તાર લીઝ ઉપર છે. જેથી શહેરના રહેવાસીઓને વર્ષોથી પ્રોપ ર્ટી રજિસ્ટ્રીકરણમાં ખુબ જ મુશ્કેલી પડી રહી છે. ચેમ્બર વર્ષોથી આ બાબતે મંત્રાલય સમક્ષ રજૂઆત કરતી રહી છે. તો આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે કેન્દ્રીય શિપિં ગ મંત્રાલય તરફથી એક સિંગલ નોટિફિકેશન દ્વારા સમગ્ર વિસ્તારને લીઝમુક્ત [FREEHOLD]કરી રાજ્ય સરકારને સોંપી દેવામાં આવે તો લોકોની વર્ષો જૂની સમસ્યાનો સુખદ અંત આવી શકે અને પોર્ટ પ્રશાસનનો કિંમતી સમય જમીનોના વહીવટમાં ન વપરાતા પોર્ટના વિકાસમાં વપરાશે તેવી ભારપૂર્વક રજૂઆત કરી હતી.

કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી શાન્તનું ઠાકુરે ગાંધીધામ ચેમ્બર દ્વારા લીઝ સહિતના રજુ કરાયેલ પોર્ટ વિકાસ અને વિસ્તરણના મહત્વપ ૂર્ણ મુદ્દાઓ બાબતે ગંભીરતાપૂર્વક ચર્ચા કરી જણાવ્યું હતું કે આગામી પ્રકલ્પોના કારણે દીનદયાલ પોર્ટ ઉપર કાર્ગો હેન્ડલિંગ સુવિધાઓ, પોર્ટના વિસ્તરણ તથા ચેમ્બર દ્વારા પ્રસ્તાવિત દરેક મુદ્દે કેન્દ્રીય શિપિંગ મંત્રાલય દ્વારા યોગ્ય કરવા ખાત્રી આપી હતી.અંતમાં ગાંધીધામ ચેમ્બર પ્રતિનિધિમંડળે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે માનનીય રાજ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપક વિકાસ થશે, જેના પરિણામે કચ્છ જ નહીં પરંતુ સમગ્ર દેશના એક્સપોર્ટ-ઈમ્પોર્ટ વેપારને નવી ગતિ મળશે, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે, 'Ease of Doing Business'ને વધુ પ્રોત્સાહન મળશે અને ભારતને વૈશ્વિક મેરિટાઈમ શક્તિ બનાવવાના સંકલ્પને વધુ મજબૂતી મળશે. સ્ટેકહોલ્ડર્સ મીટિંગમાં માનનીય શિપિંગ રાજ્યમંત્રીશ્રી શાંતનુ ઠાકુર, સંસદસભ્યશ્રી વિનોદભાઈ ચાવડા, પોર્ટચેરમેનશ્રી સુશીલકુમાર સિંઘ તથા પોર્ટના ઉચ્ચ અધિકારીશ્રીઓ, ગાંધીધામ ચેમ્બર પ્રતિનિધિમંડળમાં પ્રમુખશ્રી તેજા કાનગડ, માનદ મંત્રીશ્રી મહેશ તિર્થાણી, માનદ સહમંત્રીશ્રી જતીન અગ્રવાલ, કારોબારી સમિતિ સભ્ય અને શિપિંગ અગ્રણી મનોજ મનસુખાણી, જગદીશ નાહાટા, શરદ શેટ્ટી, યોગેશ ઠક્કર, ટ્રાન્સપોર્ટ અગ્રણીશ્રી રોમેશ ચતુરાણી, શિપિંગ ક્ષેત્રના અગ્રણીઓ, પોર્ટ સંલગ્ન વિવિધ એસોસિએસનોના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં પોર્ટ વપ રાશકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેવું ચેમ્બર માનદ મંત્રીશ્રી મહેશ તિર્થાણીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : ગોસ્વામી નટવરગિરિ ચીમનગિરિ (ઉ.વ. ૫૦) તે જ્યોતિગિરિના પુત્ર, હસમુખગિરિ, પંકજગિરિ, જીતુગિરિના ભાઈ, દીપ્તિબેન અને માલતીબેનના જેઠ, નયનાબેનના પતિ, વિશાલગિરિ, જયેશગિરિ, નકુલગિરિ, રિશીગિરિ, રાજગિરિના પિતા, ભગવાનપુરી અરજણપુરીના જમાઈ તા. ૧૭-૭ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૦-૭ના સાંજે ૪થી ૫ જળેશ્વર મંદિરે, તેરસની વિધિ તા. ૩૦-૭ના બપોરે, કૈલાસ સોસાયટી, ઘર નં. ૨૭૮, ભારતનગર, ગાંધીધામ ખાતે.

**આદિપુર** : જમનાબેન પરસોત્તમભાઈ ચૌહાણ (ઉ.વ.૬૫) તે પરસોત્તમભાઈ રામસિંગ ચૌહાણના પત્ની, હિરેનભાઈના માતા, ગણેશભાઈ, સ્વ. જગદીશભાઈ, સુરેશભાઈ, રમેશભાઈ, નીલેશભાઈ, મનોજભાઈ, વિનોદભાઈના ભાભી, વીરજીભાઈ, ખેંગારભાઈ (રાજકોટ), સ્વ. બળદેવભાઈ ખેંગારભાઈ (રાજકોટ)ના બહેન, કલ્પેશ, અમિત, નેહલ નિખિલભાઈ સિસોદિયાના મોટી મા, ખુશી, આનંદીના દાદી, નાગજીભાઈ ચૌહાણ, દામજીભાઈ ચૌહાણના ભત્રીજા વહુ તા. ૧૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૦૨૬ના સાંજે ૬થી ૭ લોહાણા મહાજનવાડી ૧/એમાં.

**મોટી ખેડોઈ (તા. અંજાર) :** જયસુખગિરિ ચંચલગિરિ ગુંસાઈ (ઉ.વ.૫૯) તે સ્વ. ગુલાબબેન ચંચલગિરિ અરજણગિરિના પુત્ર, મીનાબેનના પતિ, કિશનગિરિ તથા માનસીબેનના પિતા, હેતલબેન તથા હાર્દિકગિરિ (અંજાર)ના સસરા, જિતેન્દ્રગિરિના નાના ભાઈ, સવિતાબેનના દિયર, સ્વ. મણિબેન સુંદરગિરિ (દુધઈ)ના જમાઈ, ભારતીબેન (વરલી), કુસુમબેન (દેવપર), કિરણગિરિ (ભુજ)ના બનેવી, અશ્વિન, કમલેશના કાકા, મનસ્વી, ધ્રુમીલ, જૈમીન તથા બંસીના દાદા, હિતાર્થ, નિત્યમના નાના, સ્વ. મૂલગિરિ, સ્વ. અમરગિરિ, સ્વ. બલરામગિરિ, સ્વ. કાશીબેન, પારૂબેનના ભત્રીજા, પ્રવિણગિરિ, સ્વ. ગૌરીગિરિ, રમેશગિરિ, પ્રદિપગિરિ, મુકેશગિરિના કાકાઈ ભાઈ તા. ૧૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૦૨૬ના સોમવારે ૪થી ૫, રામમંદિર, મોટી ખેડોઈ ખાતે.

**ભુજ** : ખત્રી અબ્દુલઅઝીઝ હાજી જકરિઆ (જાફરવારા) (ઉ.વ. ૭૨) તે હાજી અબ્દુલગની, મ. મહમદહુશેન હાજી જકરિઆના ભાઈ, મહમદ ઈકબાલ, હાજી અબ્દુલગનીના કાકા તા. ૧૯-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૧-૭ના મંગળવારે સવારે ૧૧થી ૧૨ ખત્રી જમાતખાના, ખત્રીચકલા, ભુજ ખાતે.

**સુખપર (તા. ભુજ)** : મૂળ બાગના રમેશલાલ તે સ્વ. રતનબેન પ્રેમજી રાઘવજીના પુત્ર, ગવરીબેનના પતિ, બિપિન, મયૂરના પિતા, ખુશ્બૂ, પૂજાના સસરા, કાંતિલાલ, હરિલાલ, સ્વ. હીરાલાલ, સ્વ. નારાણભાઈ, દમયંતીબેન જયંતીલાલ નાકરના મોટા ભાઈ, દક્ષાબેનના જેઠ, સ્વ. બચુલાલ, સ્વ. મણિશંકર, સ્વ. ભચીબાઈ, સ્વ. જવેરબાઈના ભત્રીજા, અનિલભાઈ, નવીનભાઈ, રાજાભાઈના કાકાઈ ભાઈ, જય, વંશિકા, નિયતિ, રિદ્ધિના દાદા, હિતેશ, દીપક, સંદીપ, રીટાના મોટા બાપા, સ્વ. રતનબેન હરિરામ વેલજી માકાણી (સાંધવ)ના જમાઈ, સ્વ. લાભશંકર, વિજયાબેન, સરલાબેન, લક્ષ્મીશંકર, પ્રફુલ્લભાઈના બનેવી તા. ૧૬-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૦૨૬ના સોમવારે સાંજે ૩થી ૫ દરજી સમાજવાડી, સ્વરાજ ટ્રેક્ટરવાળી ગલી, ગોપેશ્વર મહાદેવની બાજુમાં, સુખપર, જૂનાવાસ ખાતે.

**ભુજ** : મૂળ સણોસરા (નાન્દ્રા) નાનબાઈ દામગર ગુંસાઈ (ઉ.વ. ૯૫) તે સ્વ. દામગર શંભુગરના પત્ની, દમયંતીબેન નારણગર (નરેડી), મોહનગર (દેવપર), રતનગર (મુંદરા), ખીમગર (ભુજ), વિનોદગર (મુંબઈ)ના માતા, જ્યોતિબેન, રીપાબેન, નીતાબેન, ભાવનાબેનના સાસુ, કસ્તૂરબેન માધવગર (મુંબઈ)ના કાકીજી સાસુ, સ્વ. જીગરગર, સ્વ. નિખિલગર, કપિલગર, આશિષગર, પીયૂષગર, કેવલગર, રશ્મિબેન જયગિરિ (ભુજ), હીનાબેન સચિનભારથી (માધાપર), દીનાબેન દીપેનભારથી (નારણપર), સપનાબેન પ્રણયગર (માધાપર)ના દાદી, મુકેશ, નીતિનગર, રસીલાબેન હરેશગરના નાની, ક્રિષ્નાબેન કેવલગરના દાદીજી, સ્વ. વીરબાઈ સામગર ઝવેરગર (લાખિયારવીરા)ના પુત્રી, સ્વ. વિશ્રામગર (લાખિયારવીરા), સ્વ. ગોવિંદગર (લાખિયારવીરા), સ્વ. શાંતાબેન ગગુભન (ભુજ), કુંવરગર (લાખિયારવીરા)ના બહેન તા. ૧૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૦૨૬ના સોમવારે સાંજે ૪થી ૫ દશનામ ગોસ્વામી સમાજવાડી, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ મુળીના અર્જુનસિંહ રાજુભા પરમાર તે રાજુભા ચંદુભા પરમારના પુત્ર, નરેન્દ્રસિંહ, અનિરૂદ્ધસિંહ, પ્રવીણસિંહ, ગિરિરાજસિંહના ભત્રીજા, પૃથ્વીરાજસિંહ, ભૂપેન્દ્રસિંહ, ઈન્દ્રજિતસિંહ, યશપાલસિંહના ભાઈ, યુવરાજસિંહ સતુભા જાડેજા (ટોડા-કાલાવાડ), જયદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા (ખેડોઈ)ના સાળા, પ્રદીપસિંહ ભીખુભા વાઘેલા (ઉમિયા રાપર)ના ભાણેજ તા. ૧૭-૭ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૭ના સોમવારે સાંજે ૪થી ૬ શક્તિધામ, ભુજ - મિરજાપર હાઈવે ખાતે.

**ભુજ** : મૂળ ઉંચડી (તા. ધંધુકા)ના હર્ષાબા સુરેન્દ્રસિંહ ચૂડાસમા (ઉ.વ. ૪૨) તે સુરેન્દ્રસિંહ (જશુભા) ખીમુભા ચૂડાસમાના પત્ની, મેઘનાબા, વિશ્વજિતસિંહના માતા, સૂર્યદીપસિંહ મહાવીરસિંહ વાઘેલાના સાસુ, યોગેન્દ્રસિંહ ખીમુભા ચૂડાસમા, દિલહરબા યોગેન્દ્રસિંહ (જેઠ-જેઠાણી), કૃણાલસિંહ, વિશ્વાબા (રાજકોટ)ના કાકી, ભારતીબા, સંગીતબા, કપુબા, ઓમદેવસિંહ, રામદેવસિંહ (વાંકાનેર)ના બહેન તા. ૧૭-૭ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૭ના સોમવારે સાંજે ૫થી ૬ બિલેશ્વર મહાદેવ મંદિર, માતાજી ચાગબાઈ સુંદરજી સેજપાલ સત્સંગ હોલ, માતૃછાયા સ્કૂલ પાછળ, ભુજ ખાતે.

**ઝુરા-કેમ્પ (તા. ભુજ)** : સામકોરબા રાણાજી સોઢા (ઉ.વ. ૫૬) તે રાણાજી પતુજી સોઢાના પત્ની, વિશ્વરાજસિંહના માતા, સવાઈસિંહના ભાઈના પત્ની, સુરતાજી, દાનાજી, હઠુભા, પથુભા, રાણુભા, ખેંગારજી, કાનજી, સવાઈસિંહ, હરિસિંહના ભાભી, વિક્રમસિંહ, રણજિતસિંહ, કિરીટસિંહ, ઘનશ્યામસિંહના કાકી તા. ૧૧-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૨૦-૭-૨૦૨૬ના રાત્રે અને ધાર્મિકક્રિયા (ઘડાઢોળ) તા. ૨૧-૭-૨૦૨૬ના સવારે નિવાસસ્થાન ઝુરા-કેમ્પ ખાતે.

**માંડવી** : આસબાઈ લાલજી વિંઝોડા (ઉ.વ. ૭૩) તે સ્વ. લાલજી વેલજી વિંઝોડાના પત્ની, સ્વ. દેવા આસમલ અબચુંગ (ગુંદિયાળી)ના પુત્રી, ડાયા દેવા અબચુંગ, અરજણ દેવા અબચુંગના બહેન, આત્મારામ, દેવરાજ, પ્રેમજી, લાલબાઈ ખેતશી ડગરા (તરા મંજલ), ગોમતીબેન કાનજી કટુઆ, પુરબાઈ નવીન ધુવા, દેવિકાબેન જીવરાજ ધુવાના ભાભી, નેણબાઈ મંગલ પાતારિયા (ભુજપુર), શંકર લાલજી વિંઝોડા (વાયરમેન - ગઢશીશા એસબીઓ), લક્ષ્મીબેન કાન્તિલાલ ડગરા (તરા મંજલ)ના માતા, વિવેક, પૂજાના દાદી તા. ૧૩-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે.

**નખત્રાણા (નવાનગર)** : મૂળ સુજાપરના રતનબેન મુરા ખોખર (ઉ.વ. ૮૫) તે રેમુ મુરા, દાદુ મુરાના માતા, વિશાલ, ગોવિંદ, રાજેશ, પ્રકાશના દાદી, ધનજી દેવજી જેપાર (ભુજ)ના સાસુ, પુના ભીમા જેપાર (સાભડા)ના ભાભી, હીરજી જેઠાના ફઈ, ખીમજી મગાભાઈ ગોરડિયા (નખત્રાણા)ના માસી, મનજી મીઠુ સંજોટ (નલિયા)ના બહેન તા. ૧૬-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૨૦-૬-૨૦૨૬ના સાંજે કોટ, તા. ૨૧-૭-૨૦૨૬ના પાણીઢોળ નિવાસસ્થાન નખત્રાણા ખાતે.

**નખત્રાણા** : શાંતાબેન બાબુલાલ (જીવરાજભાઈ) કેશરાણી (ઉ.વ. ૬૮) તે બાબુલાલ પચાણભાઈ કેશરાણીના પત્ની, મનસુખભાઈ, સંજયભાઈ, જયંતીભાઈ, રાધાબેન પરસોત્તમ રામાણી (રામપર - રોહા)ના માતા, ગોવિંદભાઈ, મહેન્દ્રભાઈ, જગદીશભાઈ (રાયપુર), નરેન્દ્રભાઈના ભાભી, વનિતાબેન મનસુખભાઈ, હર્ષાબેન સંજયભાઈ, સીમાબેન જેન્તીભાઈના સાસુ, વેદિકા, જીત, ચિરાગ, દેવ, બંસી, વીરના દાદી તા. ૧૮-૭ના અવસાન પામ્યા છે. બેસણું (સાદડી) તા. ૨૦થી ૨૧-૭ (બે દિવસ) સવારે ૮:૩૦થી ૧૦:૩૦, બપોરે ૩:૩૦થી ૫ નિવાસસ્થાને. પ્રાર્થનાસભા તા. ૨૨-૭ના બુધવારે બપોરે ૩:૩૦થી ૫ ફોરેસ્ટ કોલોનીની સામે, ઉમા વિદ્યાલયની બાજુમાં, પાટીદાર સમાજવાડી-૧, નવાવાસ-નખત્રાણા ખાતે. દશમવિધિ તા. ૨૭-૭ના, બારસવિધિ તા. ૨૮-૭ના

**ડુમરા (તા. અબડાસા)** : ગોસ્વામી શાંતાબેન (ઉ.વ. ૬૪) તે શિવપુરી ખીમપુરીના પત્ની, સ્વ. ખીમપુરી ગંગાપુરીના પુત્રવધૂ, સ્વ. શંભુગિરિ જાદવગિરિ (દહીંસરા)ના પુત્રી, તુલસીપુરી, હરેશપુરી, પ્રવીણપુરી, ગં.સ્વ. જશોદાબેન, ગં.સ્વ. ઉર્મિલાબેન, પ્રવીણાબેન, હેમલતાબેનના ભાભી, દહીંસરાના હરેશગિરિ, મુકેશગિરિ, સ્વ. કાન્તાબેન, સવિતાબેન, મંજુલાબેન, શારદાબેન, વર્ષાબેનના બહેન, તરુણપુરી, વિજયપુરી, સ્વ. માયાબેન હિતેષગિરિ (રાજકોટ), રશ્મિબેન સમીરગિરિ (મુંદરા)ના માતા તા. ૧૯-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૭ના મંગળવારે સાંજે ૪થી ૫ ભીમનાથ મહાદેવ મંદિરનું પટાંગણ, બસ સ્ટેન્ડની બાજુમાં, ડુમરા ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કારાઘોઘાના રંજન દિનેશ શેઠીયા (ઉં.વ.૬૬) ૧૭-૭ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઈ વેલજી જેઠાના પુત્રવધુ. દિનેશ (ખેરનાર)ના પત્ની. ફોરમ, ઝુબીનના માતા. લુણીના જીવીબાઈ પ્રેમજી માલશી ગલીયાના પુત્રી. કસ્તુર, મંજુલા, ઉર્મીલા, રૂક્ષ્મણી, વિમળા, લક્ષ્મીચંદના બેન. પ્રા. શ્રી.વ.સ્થા.જૈન. શ્રા. સં. કરસન લધુ નિસર હોલ - દાદર. ટા. ૪થી ૫.૩૦.

કપાયાના ભાનુબેન વસનજી ભાણજી ભેદા (ઉં.વ. ૮૮) તા. ૧૮-૭ના અવસાન પામ્યા છે. ભાણબાઈ ભાણજી દેવજીના પુત્રવધુ. વસનજીના પત્ની. ગિરીશ, અતુલ, સ્મિતા, મનીષાના માતા. સાડાઉના વેલબાઈ / સાકરબેન હંસરાજના પુત્રી. કપાયાના જવેરબેન ધનજી, મોખાના જયવંતીબેન ભવાનજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨થી ૩.૩૦.

# કચ્છ નોંધ

**કણજરામાં આંખની તપાસ કેમ્પ**

● કે.સી.આર.સી (અંધજન મંડળ), ભુજ દ્વારા ગાયત્રી પરિવાર, નલિયાના સહકારથી ૨૧મી જુલાઈ મંગળવારે સવારે ૧૦થી ૧ મુન્દ્રા તાલુકાના કણજરા ગામે આવેલી પ્રાથમિક શાળામાં આંખના તમામ પ્રકારના રોગોની ફ્રી તપાસ નિદાન સારવાર તથા તમામ ઓપરેશન ફ્રી કેમ્પ યોજાશે.

**રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર**

● કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર, ભુજ ખાતે સોમથી શનિ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ ડૉ. ફાલ્ગુનીબેન મહેતા (દંતરોગ નિષ્ણાત) અને સાંજે ૪ થી ૭ ડૉ. અંકિતાબેન ગોર (દંતરોગ નિષ્ણાત) પોતાની સેવા રાહત દરે આપશે. દાંતની તમામ પ્રકારની સારવાર રાહત દરે કરી આપવામાં આવશે. સોમથી શનિ રાત્રે ૯ થી ૧૦ ડૉ. અશોકભાઈ ત્રિવેદી (હોમિયોપેથીક) પોતાની સેવા રાહત દરે આપશે. ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તાર માટે વિનામૂલ્યે મોક્ષવાહિની સેવા મેળવવા સંપર્ક કરવો.


**કવિઓ જૈન મહાજન**

● અનશન વ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર છેડાના માર્ગદર્શન હેઠળ કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત નવતીનગર, ભુજ-મુંદરા રોડ ખાતે આવેલ પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી સાર્વજનિક દવાખાના ખાતે જાણીતા જનરલ પ્રેક્ટિસનર ડૉ. જયશ્રીબેન સોજીત્રા સોમવારથી શનિવાર સુધી સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી દર્દીઓની તપાસણી રાહત દરે કરશે. દવા, ઈન્જેક્શન અને તબીબી સારવાર રાહત દરે પૂરી પાડવામાં આવશે.

**મૈત્રી સંસ્થા**

● ઓલ્ફ્રેડ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંસ્થા 'મૈત્રી'ની સને ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભા તા.૨૫-૭ને શનિવારના સાંજે ૫ કલાકે સંસ્થાના પ્રમુખ પ્રિતમ આર. મહેતાના વાણિયાવાડ સ્થિત નિવાસસ્થાને તેમના અધ્યક્ષ સ્થાને યોજાશે, જેમાં ગત વર્ષની વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી, વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબો તથા ઓડીટેડ રિપોર્ટની રજૂઆત અને બહાલી, સરસ્વતી સન્માન સમારંભ ૨૦૨૬ના આયોજન અંગે માહિતી તથા ચર્ચા-વિચારણા, પ્રમુખની મંજૂરીથી અન્ય કોઈ રજૂઆત થયેથી તે અંગે ચર્ચા અને બહાલી અપાશે. સભ્ય નોંધણી માટે પ્રિતમ મહેતા અને ડૉ. મહેન્દ્ર ઠક્કરનો સંપર્ક કરવો. કોરમના અભાવે સભા મુલતવી રહેશે તો તે અડધા કલાક બાદ તેજ સ્થળે શરૂ કરવામાં આવશે. જેને કોરમનો બાધ રહેશે નહીં.

# માખેલ ખાતે સૂર્ય મંદિરના ૧૯મા પાટોત્સવ નિમિત્તે ધારાસભ્યની સાકરતુલા



ગાંધીધામ - કચ્છઉદય : રાપર તાલુકાના આડેસર ચિત્રોડ નેશનલ હાઈવે પર આવેલ પૌરાણિક માખેલ ગામે આવેલ સુર્ય મંદિરનો ૧૯મા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની તંદુરસ્તી માટે સાકરતુલા કરવામાં આવી હતી.

સૂર્યનારાયણ મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ અને સમસ્ત માખેલ ગ્રામજનો દ્વારા મંદિરનો ૧૯મો પાટોત્સવ પ્રસંગે રાપર ધારાસભ્ય જાડેજા ઉપ સ્થિત રહી સૂર્યનારાયણ ભગવાનના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ગ્રામજનો દ્વારા ધારાસભ્યની તંદુરસ્તી અને દીર્ઘાયુ માટે સાકર તુલ્લા કરી માનતા પૂર્ણ કરેલ હતી. રાપર નગરપાલિકા પ્રમુખ ચાંદભાઈ ઠક્કર, ધારાસભ્યના કાર્યાલય મંત્રી વિનુભાઈ થાનકી, વિકાસભાઈ રાજગોર, જયદીપસિંહ જાડેજા, સુરેશભાઈ મકવાણા, ઉપપ્રમુખ ભરત સોલંકી, સરપંચ મેહુલભાઈ મઢવી, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ ઢીલા, દિનેશભાઈ ગઢવી, ભરતભાઈ મઢવી, કલ્યાણ મહારાજ, રાયમલ મહારાજ, કુંભાભાઈ રાજપુત, ડોલરભાઈ ગોર, કેસુભા વાઘેલા, રામજીભાઈ સોલંકી, અશોકભાઈ રાજગોર, શંકરભાઈ ખાંડેકા, ખેંગારભાઈ મઢવી, અંબારામભાઈ મઢવી, ગુણવંતભાઈ મઢવી, અંકુશભાઈ મઢવી, હરેશભાઈ મઢવી, ગૌતમભાઈ સહિત સરપંચો, ઉપસરપંચો, સદસ્ય અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આપનું અઠવાડીયું કેવું જશે..?

કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.

વૃષભ : આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથયશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

મિથુન : આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે.

કર્ક : આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

સિંહ : આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે, ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૂં છતાં પણ બેચેની રહે.

કન્યા : આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

તુલા : આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું હિતાવહ.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૂં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.

ધન : આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃ હજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. આરોગ્ય એકંદરે સારૂં રહે.

મકર : આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

કુંભ : આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂં રહે.

મીન : આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

## રત્નકણિકા

**પરસ્ત્રી, પરધન, પરનિંદા, પરિહાસ અને વડીલો સામે ચંચળતા આ સર્વનો ત્યાગ કરવો જોઇએ.**

**- ચાણક્ય નીતિ**

## પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. સફર-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૩, અષાઢ સુદ-૭ વિવસ્ત સપ્તમી તા.૨૦ જુલાઈ ૨૦૨૬, સોમવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૫, હસ્ત નક્ષત્ર, શિવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો :
તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

# ભુજમાં ટ્રાફિક પોલીસની ઝુંબેશથી સવાલ : 'મેમો તો મળે છે, પણ ગાડી પાર્ક ક્યાં કરીએ?'

## પાર્કિંગની સુવિધા વિના કડક અમલથી વાહનચાલકો મૂંઝવણમાં : ફૂટપાથ-બેઝમેન્ટ પર દબાણ દૂર કરાય તો જ મળશે કાયમી ઉકેલ

ભુજ - કચ્છઉદય : શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી સીટી ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જ્યૂબીલી સર્કલ, હોસ્પિટલ રોડ, વાણિયાવાડ, હમીરસર, સ્ટેશન રોડ, ન્યુ સ્ટેશન રોડ સહિતના મુખ્ય માર્ગો પર દરરોજ પેટ્રોલિંગ કરીને રસ્તા પર આડેધડ પાર્ક કરાયેલા વાહનોને મેમો ફટકારવામાં આવી રહ્યા છે. ફોરવ્હીલરના ફોટા લઈ ઈ-મેમો પણ મોકલાઈ રહ્યા છે. ટ્રાફિકજામ ઘટાડવા માટે પોલીસની કાર્યવાહી જરૂરી હોવા છતાં હવે વાહનચાલકો એક મહત્વનો સવાલ ઉઠાવી રહ્યા છે કે, "શહેરમાં પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા જ નથી તો વાહનો રાખવા ક્યાં?" સાંજના સમયે ભુજના મુખ્ય બજારોમાં વાહનોની ભારે અવરજવર રહે છે. રોડ પર આડેધડ પાર્કિંગના કારણે ઘણી વખત ટ્રાફિક સંપૂર્ણ ઠપ થઈ જાય છે. પરંતુ બીજી તરફ મોટાભાગના વિસ્તારોમાં નિયમ મુજબ પાર્કિંગ માટે સફેદ પટ્ટા દોરવામાં આવ્યા નથી. જ્યાં નવા રસ્તાઓ પર સફેદ પટ્ટા છે ત્યાં પણ ધૂળ અને માટીના ઢગલાને કારણે તે દેખાતા જ નથી. પરિણામે વાહનચાલકોને પાર્કિંગ માટે અધિકૃત જગ્યા ક્યાં છે તેની સ્પષ્ટ જાણકારી મળતી નથી. હોસ્પિટલ રોડ, વાણિયાવાડ અને અન્ય વ્યસ્ત વિસ્તારોમાં સ્થિતિ વધુ વિકટ છે. અનેક સ્થળે દુકાનદારો પોતાની દુકાન સામે વાહનો ઊભા રાખવા દેતા નથી. ફોરવ્હીલર પાર્ક કરવાની જગ્યા મળતી નથી, જ્યારે ટુ-વ્હીલર પણ ઘણી વખત રોડ પર જ રાખવી પડે છે. આવી સ્થિતિમાં ટ્રાફિકજામ સર્જાય છે અને ત્યારબાદ પોલીસ દ્વારા મેમો ફટકારવામાં આવે છે.

શહેરના અનેક વિસ્તારોમાં ફૂટપાથ પર દબાણો, પતરા, શેડ, જાહેરાતના બોર્ડ અને અન્ય અતિક્રમણોના કારણે વાહન પાર્કિંગની ઉપલબ્ધ જગ્યા પણ ઘટી ગઈ છે. જે જાહેર પાર્કિંગ પ્લોટો છે ત્યાં પણ અનેક જગ્યાએ દબાણ થયાના આક્ષેપો થઈ રહ્યા છે. બીજી તરફ હાઈવે અને મુખ્ય માર્ગો પર મોટા પ્રમાણમાં 'નો પાર્કિંગ'ના બોર્ડ લગાવવામાં આવ્યા હોવાથી વાહનચાલકો માટે વિકલ્પો વધુ સીમિત બની ગયા છે. શહેરમાં અનેક કોમર્શિયલ બિલ્ડિંગોમાં બેઝમેન્ટ પાર્કિંગ ફરજિયાત હોવા છતાં તેનો ઉપયોગ પાર્કિંગ માટે થવાને બદલે હોટલ, ગોડાઉન અથવા અન્ય વ્યાવસાયિક પ્રવૃત્તિ માટે કરવામાં આવતો હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે. જો આવા બેઝમેન્ટનો નિયમ મુજબ પાર્કિંગ માટે ઉપયોગ થાય તો શહેરમાં પાર્કિંગની સમસ્યા ઘણી હદ સુધી હળવી બની શકે. ટ્રાફિક પોલીસની ઝુંબેશને મોટાભાગના નાગરિકો આવકારે છે, પરંતુ તેઓનું કહેવું છે કે નિયમોના કડક અમલની સાથે પાર્કિંગની સુવિધા અને સ્પષ્ટ માર્ગદર્શન પણ ઉપલબ્ધ કરાવવું જોઈએ. શહેરમાં પાર્કિંગ માટે યોગ્ય સ્થળો નિર્ધારિત કરવા, સફેદ પટ્ટા સ્પષ્ટ દેખાય તે રીતે જાળવવા, જાહેર પાર્કિંગ પ્લોટો દબાણમુક્ત કરવા અને બેઝમેન્ટ પાર્કિંગનો નિયમ મુજબ ઉપયોગ સુનિશ્ચિત કરવામાં આવે તો જ ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ મળી શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાફીક અને પાર્કિંગ પ્લોટના અબાવે અવાર- નવાર મારા - મારી ઘટના બનતી હોય છે.

### નગરપાલિકા બસ સ્ટેશનની દુકાનો પ્રશ્નનો કોઈ ઉકેલ નહી... કમસેકમ પાર્કિંગ ફ્રી કરાવે

ભુજના બસ સ્ટેશન પાસે નગરપાલિકાની જર્જરીત દુકાનો આવેલી છે. મોરબીમાં પુલ તુટ્યા બાદ ભુજનો કૃષ્ણાજી પુલ ચાર વર્ષથી વન-વેમાં ચાલુ છે, છતાં બ્રીજને કંઈ થયું નથી. નગરપાલિકાની દુકાનોમાં પોપડા પડે છે. દર ચોમાસે પાલિકા જવાબદારીમાંથી હાથ ખંખેરવા નોટીસ આપીને છટકી જાય છે. આ દુકાનો દુર કરવામાં આવતી નથી. પરિસ્થિતિ એવી છે કે, નોન એસી લકઝરી બસ ટર્ન વાળી શકતી નથી. તેમજ બહાર નાસતાની દુકાનોના કારણે ફુલ ટ્રાફીકજામ હોય છે. કમસેકમ બસ સ્ટેશનની અંદર અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગ છે તે કમસેકમ કલાક માટે નિઃશુલ્ક કરવામાં આવે તો ટ્રાફીક સમસ્યામાં રાહત થાય તેમ છે. આ રોડ પર ટ્રાફીક પોલીસે નો પાર્કિંગના સીગ્નલ લગાવ્યા છે. બસ સ્ટેશનમાં લોકો પ્રવાસીઓને મુકવા - લેવા આવે, બહારે નાસતો કરવા આવે પોલીસે બોર્ડ લગાવ્યા છે તો ગાડીઓ રાખવી કયાં ? તે સવાલ ઉઠી રહ્યો છે. પ્રવાસીઓને લેવા - મુકવા અથવા નાસતો કરવા કલાકથી વધુનો સમય ન જાય. કલાક માટે નિઃશૂલ્ક પાર્કિંગની છુટ અપાય તો બહારે ટ્રાફીકજામની સમસ્યામાંથી છુટકારો મળે તેમ છે.

### કલેકટર હમીરસર તળાવની મુલાકાત લે છે, ભુજમાં પાર્કિંગ પ્લોટ ક્યાં પગા..? તે બાબતના પુછાણું જરૂરી

તાજેતરમાં રવિવારે કલેકટરે ભુજમાં સફાઈ વ્યવસ્થાનો અભાવ હોવાનું અવલોકન કરીને ભુજમાં સફાઈ માટે વહીવટી તંત્ર સહયોગ આપશે તેવું નિવેદન આપ્યું હતું. ભૂકંપ બાદ ભુજમાં વાહન પાર્કિંગ પ્લોટ અનામત રાખવામાં આવ્યા હતા. પરંતુ વગદારોએ ઠેકઠેકાણે દબાણ કરી લીધા છે. ખરેખર સફાઈની સાથે - સાથ ભુજમાં મોટી સમસ્યા વાહન પાર્કિંગની છે. લોકોને પણ બજારમાં ખરીદી કરવા આવતા હોય તો પોતાના વાહનો કિલોમીટર સુધી દુર મુકીને આવવું પડે છે. ખરેખર કલેકટર આ રવિવારે ભુજના પાર્કિંગ પ્લોટની મુલાકાત લે તે જરૂરી બન્યું છે.

### ભાજપના નગરસેવકો પાર્કિંગ પ્લોટ પર દબાણરૂપી કચરો સાફ કરવા કયારે નિકળશે ?

હાલમાં ભાજપે દર રવિવારે સ્વચ્છતાનું "ફોટો સુટ" શરૂ કર્યું છે. એટલે જયાં કચરો નથી હોતો ત્યાં સફાઈ કરી ફોટા પડાવવામાં આવે છે. ખરેખર ભુજના જે પાર્કિંગ પ્લોટો છે તેના પર દબાણ થયા છે. આ દબાણરૂપી કચરો સાફ કરાવે, પાર્કિંગ પ્લોટો લોકો માટે ખુલ્લા મુકવામાં આવે ત્યારે ભાજપનું સ્વચ્છતા અભિયાન સાર્થક થશે. કોંગ્રેસ પાસે કોઈ મુદ્દા નથી. માત્ર અખબારોમાં ચીમકી આપીને રાજકીય રોટલા શેકી લે છે. ગ્રાઉન્ડ લેવલ પર વિપક્ષ પહેલા નબળો હતો અને આજે પણ નબળો જ છે, જેથી લોકોના પ્રશ્નો ટલ્લે ચડી રહ્યા છે.

# ધોરડોના ઘાસ ગોડાઉનની જિલ્લા કલેકટરે કરી સમીક્ષા





### રાહતદરે ઘાસ ઝડપથી પશુપાલકોને ઉપલબ્ધ થાય તે માટે વન વિભાગને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપતાં કચ્છ કલેક્ટર : રાહતદરે ઘાસ વિતરણ સુચારૂ રીતે થાય અને જરૂરિયાતમંદ પશુપાલકોને ઘાસ ઉપલબ્ધ થાય એ જ કચ્છ જિલ્લા વહીવટીતંત્રની પ્રાથમિકતા

ભુજ - કચ્છઉદય : પશુપાલકોને ઘાસચારો મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે અને સમયસર પૂરતો જથ્થો મળી રહે તે માટે કચ્છ જિલ્લા વહીવટીતંત્ર તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે આજે કચ્છ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ વન વિભાગ અને મહેસૂલી અધિકારીઓ, તલાટીઓ સાથે બન્ની ગ્રાસ લેન્ડ વિભાગ હસ્તકના ધોરડો ફોરેસ્ટ ગોડાઉનની રૂબરૂ મુલાકાત લઈ ઘાસના સ્ટોરેજ ગોડાઉનનું નિરીક્ષણ કરીને રખરખાવ અને ઘાસની ગુણવત્તાની સમીક્ષા કરી હતી.

કચ્છ કલેક્ટરે સ્થળ પર ઉપસ્થિત સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપતાં જણાવ્યું હતું કે, ગોડાઉનમાં ઉપલબ્ધ ઘાસનો જથ્થો પશુપાલકોને તાત્કાલિક અને વિલંબ વિના મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે. ઘાસ મેળવવા આવતા પશુપાલકોને કોઈ અગવડ ન પડે અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને સરળ રહે તે બાબતે ખાસ ધ્યાન રાખવા તાકીદ કરવામાં આવી છે.

આ મુલાકાત દરમિયાન પશુપાલકોના વિશાળ હિતમાં વન વિભાગ, મામલતદાર કચેરી, પોલીસ પ્રશાસન અને સ્થાનિક તલાટીઓને સંકલન સાધીને કામગીરી કરવા કલેક્ટરશ્રીએ જણાવ્યું છે. મુલાકાત દરમિયાન વન વિભાગને ઘાસ વિતરણ કામગીરીમાં પૂરતો સહયોગ આપવા માટે સૂચનાઓ આપીને જરૂરી માર્ગદર્શન કચ્છ કલેક્ટરે પુરૂં પાડ્યું હતું.

કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયાએ બન્ની ઘાસ ગોડાઉનની જાત મુલાકાત લઈને ઘાસની ગુણવત્તા અને રખરખાવ વિશે જાણકારી મેળવી હતી.

આ નિરીક્ષણ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરની સાથે ફોરેસ્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, મામલતદાર, પોલીસ વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક તલાટીઓ અને વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### કલેકટરે દત્ત ભગવાનની પૂજા અર્ચના કરી





કાળા ડુંગરની કચ્છ કલેકટર અનિલકુમાર રાણાવાસીયાએ મુલાકાત લીધી હતી. અને દત્ત મંદિરની દત્ત ભગવાનની આરતી કરી હતી. પૂજારીએ દત્ત મહારાજની પૂજન વિધિ કરાવેલ હતી. તેમની સાથે દત્ત વિકાસ સમિતિના આનંદભાઈ સાથે રહ્યા હતા. કલેકટરનું મંદિર સમિતિ પ્રમુખ વિપલભાઇ તન્ના અને સમિતિના સભ્ય અનિરૂદ્ધ રાજદેએ આવકાર સાથે સ્વાગત કર્યું હતું.

# સરકારની રાહત દરે ઘાસ આપવાની નીતિ સામે લખપત અને બન્નીના માલધારીઓમાં વ્યાપક અસંતોષ

### પાંચ પશુઓની મર્યાદા સામે વાસ્તવિક સ્થિતિ જુદી હોવાનો સૂર : મોટા પશુધનની સામે અપૂરતા જથ્થાને કારણે પશુ વગરના લોકોના નામે નકલી ઘાસકાર્ડ બનાવવાની માલધારીઓની લાચારી : વહીવટી તંત્ર યોજનાની ત્રુટિઓ સુધારે તેવી પ્રબળ માંગ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચોમાસુ વરસાદમાં વિલંબ થતાં રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને પશુપાલકોની આજીવિકાને ધ્યાનમાં રાખીને ખાસ કિસ્સામાં રાહત દરે ઘાસ વિતરણ કરવાની મહત્વકાંક્ષી યોજના તાજેતરમાં જાહેર કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુધનને બચાવવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર ઘાસનું વિતરણ શરૂ પણ કરી દેવાયું છે. સરકારના આ પ્રશંસનીય પગલાંથી શરૂઆતમાં પશુપાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ યોજનાના અમલીકરણના નિયમો હવે માલધારીઓ માટે નવી મુશ્કેલીઓ ઉભી કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ખાસ કરીને એશિયાના સૌથી મોટા ગણાતા બન્ની અને પચ્છમ વિસ્તાર અને લખપત ના પ્રતિકૂળ સંજોગોમાં જીવતા માલધારીઓ માટે સરકારનો એક ચોક્કસ નિયમ ગળાનો ફાંસો સાબિત થઈ રહ્યો છે.

સરકારી ધારાધોરણો મુજબ આ રાહત યોજના હેઠળ પ્રતિ કાર્ડધારક માલધારીને વધુમાં વધુ પાંચ ઢોરદીઠ ઘાસ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તંત્રના હિસાબે આ મર્યાદા કદાચ યોગ્ય હોઈ શકે, પરંતુ બન્ની-પચ્છમ અને લખપત ના અંતરિયાળ સીમાડાઓમાં વસતા માલધારીઓની વાસ્તવિક પશુ સંખ્યા આ આંકડા કરતાં ઘણી વધારે છે. પશુપાલન પર જ નિર્ભર એવા આ પ્રદેશના એક-એક માલધારી પાસે સરેરાશ પશુઓની સંખ્યા પચીસથી પચાસ જેટલી જોવા મળે છે. પશુઓની આટલી મોટી સંખ્યા સામે માત્ર પાંચ પશુઓ પૂરતું ઘાસ મળવાથી બાકીના અડધાથી વધુ પશુઓ માટે ચારાની વ્યવસ્થા ક્યાંથી કરવી તે પ્રશ્ન માલધારીઓ માટે વિકરાળ બન્યો છે. માલધારી સંગઠનોનું કહેવું છે કે સરકારની ઉદારતા હોવા છતાં જમીની હકીકતને નજરઅંદાજ કરાતાં પશુઓ ભૂખમરાનો ભોગ બની રહ્યા છે. આ વ્યવહારિક મર્યાદાના કારણે સ્થાનિક સ્તરે એક નવો જ સામાજિક અને વહીવટી જુગાડ શરૂ થયો હોવાની ચોંકાવનારી વિગતો પણ સામે આવી રહી છે. પોતાના પચીસથી પચાસ પશુઓનો જીવ બચાવવા માટે માલધારીઓ હવે અન્ય રસ્તાઓ શોધવા મજબૂર બન્યા છે. બન્ની વિસ્તારના ગ્રામીણ વિસ્તારોમાં જે લોકો પાસે પોતાના કોઈ પશુઓ નથી અથવા જેઓ પશુપાલનના વ્યવસાય સાથે સીધા સંકળાયેલા નથી, તેવા સ્થાનિક રહીશોનો માલધારીઓ દ્વારા વ્યાપક સંપર્ક કરવામાં આવી રહ્યો છે. માલધારીઓ પશુવિહોણા લોકોના નામે પણ નવા સરકારી ઘાસકાર્ડ કઢાવવા માટે કામે લાગ્યા છે, જેથી તે કાર્ડના આધારે મળનારા પાંચ-પાંચ પશુઓના ઘાસના જથ્થાને ભેગો કરીને પોતાના વાસ્તવિક પશુધનને પૂરતો ચારો પૂરો પાડી શકાય.

સ્થાનિક સામાજિક અગ્રણીઓના મતે આ કોઈ સંગ્રહખોરી કે કાળાબજારીનો મામલો નથી, પરંતુ પોતાના મૂંગા પશુઓને બચાવવા માટેની માલધારીઓની એક લાચારી છે. જો સરકાર પશુઓની સંખ્યાની આ મર્યાદામાં સમયસર સુધારો નહીં કરે, તો વહીવટી તંત્રના ચોપડે નકલી ઘાસકાર્ડની સંખ્યામાં મોટો ઉછાળો આવશે અને યોજનાનો મૂળ હેતુ પણ જોખમાશે. બન્નીના માલધારીઓએ સામૂહિક સૂર વ્યક્ત કરતા સરકારને વિનંતી કરી છે કે ખાસ કિસ્સામાં જાહેર થયેલી આ ઘાસ યોજનાના નિયમો પણ ખાસ રાખવામાં આવે. પશુઓની વાસ્તવિક સંખ્યા ચકાસીને પશુદીઠ ઘાસનો જથ્થો વધારવામાં આવે તો જ કચ્છના પશુધનને સાચા અર્થમાં નવજીવન મળી શકશે.

# મોટા કપાયામાં કંપનીનો કેમિકલ યુક્ત કચરો ખાતા ૨ ગાયના મોત, ૩ ઘાયલ





મુંદરા - કચ્છઉદય : હજુ છસરા પાજરાપોળના ૩૦ વાછરડા, ૨ ગાયોએ ઘાસચારો ખાવાથી મોતને ભેટી હતી, તેની સાઈ સુકાઈ નથી, ત્યાં જ મોટા કપાયા રોડ પર આવેલ કંપનીનો ઝેરી પાણી કચરામાં નખાતા તે કચરો ગાયોએ ખાતા બે ગાયોના ઘટનાસ્થળે મોત થયા છે. બાકીની ૩ ગાયોને મુંદરા પશુ રક્ષા કેન્દ્રના રતન ગઢવી અને તેઓની ટીમે તાત્કાલિકા પાગળાપોળમાં સારવાર આપી તેમનો જીવ બચાવ્યો હતો. મોટા કપાયા રોડ પર આવેલ ગોડાઉનની બહાર કાઢવામાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટ અને કેમિકલ યુક્ત કચરો ખાધા બાદ આ ઘટના બની હતી. જેથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે અને તંત્ર કંપની સામે પગલાં ભરે તેવી માંગ કરી છે.

# કચ્છમાં નાની ઉંમરે બાળકોને ચશ્મા આવવાના કેસો વધ્યા

### બાળકોને મોબાઈલથી દૂર રાખવાની સલાહ વચ્ચે ખુદ શાળાઓ તરફથી વોટ્સએપમાં હોમવર્ક મોકલાય છે : ભણવાના બહાને રીલ્સ અને ગેમ્સના રવાડે ચડતા બાળકો

ભુજ - કચ્છ ઉદય : આજના આધુનિક યુગમાં મોબાઈલ ફોન જરૂરિયાત બની ગયો છે, પરંતુ મોબાઈલ હવે બાળકોના ભવિષ્ય અને સ્વાસ્થ્ય માટે ખતરો સાબિત થઈ રહ્યો છે. હાલમાં સ્થિતિ એવી છે કે માત્ર ૩ વર્ષના ભૂલકાઓને પણ મોબાઈલ જોયા વગર જમવાનું ભાવતું નથી. પરિણામે, નાની ઉંમરે બાળકોની આંખો નબળી પડી રહી છે અને તેમને ચશ્મા આવી રહ્યા છે. એકતરફ ડોક્ટરો અને શાળાઓ બાળકોને ડિજિટલ સ્ક્રીનથી દૂર રાખવાની સલાહ આપે છે, તો બીજી તરફ ખુદ શાળાઓ જ હોમવર્ક ડાયરીના બદલે વોટ્સએપ ગ્રૂપમાં મોકલી રહી છે. ડિજિટલ શિક્ષણના નામે વિરોધાભાસી નીતિના કારણે વાલીઓ મૂંઝવણ અને ચિંતામાં મુકાયા છે. અગાઉના સમયમાં દરેક શાળામાં બાળકોને ક્લાસરૂમમાં જ અલગથી હોમવર્કની નોટ કે ડાયરીમાં લેસન લખાવી દેવામાં આવતું હતું. પરંતુ હવે મોટાભાગની શાળાઓમાં શિક્ષકો વર્ગખંડમાં મહેનત કરવાને બદલે ગ્રૂપમાં લેસન આવી જશે તેમ કહીને ક્લાસના તમામ વિદ્યાર્થીઓના વોટ્સએપ ગ્રૂપમાં હોમવર્કની યાદી કે ફોટા મોકલી દે છે. આના કારણે જે બાળકોને મોબાઈલથી દૂર રાખવાના પ્રયાસો વાલીઓ કરતા હોય છે, તેમણે જ સામેથી બાળકને ફોન આપવો પડે છે. એકવાર હોમવર્ક જોવા માટે બાળકના હાથમાં મોબાઈલ આવે એટલે વાલીઓની નજર ચૂકવીને બાળકો સોશિયલ મીડિયા પર રીલ્સ જોવાની કે ઓનલાઈન ગેમ્સ રમવાની લતે ચડી જાય છે. સ્ક્રીન ટાઈમ વધવાના કારણે બાળકોમાં ચિડચિડાપણું, અનિદ્રા અને આંખોમાં બળતરા જેવી ગંભીર સમસ્યાઓ જોવા મળી રહી છે.

### આ બાબતે શું કહે છે કચ્છના વાલીઓ

#### કિસ્સો - ૧ : 3 વર્ષનો દીકરો ફોન વગર જમતો નથી

મારો દીકરો હજુ માંડ ત્રણ વર્ષનો થયો છે, તેને જમાડવા માટે અમારે ફરજિયાત મોબાઈલ આપવો પડે છે કારણ કે તેના વગર એ ખાતો જ નથી. અમે ડિજિટલ ડિટોક્સ કરવાનો પ્રયાસ કરીએ છીએ, પણ મોટી દીકરી જે ત્રીજા ધોરણમાં ભણે છે તેનું બધું હોમવર્ક શાળામાંથી વોટ્સએપ પર જ આવે છે. ઘરમાં એક બાળક ફોન લઈને બેસે એટલે નાનો પણ જીદ કરે છે. શાળાઓએ આ વોટ્સએપ પર લેસન મોકલવાનું બંધ કરવું જોઈએ. - રમેશભાઈ (વાલી)

#### કિસ્સો - ૨ : લેસન જોવાના બહાને દીકરી કલાકો સુધી રીલ્સ જોયા રાખે છે

શાળામાં શિક્ષકો ક્લાસમાં લેસન લખાવતા નથી. સાંજે ગ્રૂપમાં મેસેજ આવે એટલે દીકરી કહે કેમમ્મી મારું લેસન આવ્યું છે, ફોન આપો અમે ફોન આપીએ એટલે થોડીવાર લેસન જોયા પછી એ ક્યારે રીલ્સ અને શોર્ટ વીડિયોના રવાડે ચડી જાય છે તેની ખબર જ નથી પડતી. એકવાર ફોનની લત લાગ્યા પછી બાળક પાસેથી ફોન પાછો લેવો મુશ્કેલ બને છે. પરિણામે નાની ઉંમરે તેને આંખોના નંબર આવી ગયા છે.- અલ્પાબેન (વાલી)

#### કિસ્સો - ૩ : શિક્ષકોએ પણ પોતાની જવાબદારી સમજવી પડશે

એકબાજુ વાલી મીટિંગમાં શિક્ષકો આપણને સલાહ આપે છે કે બાળકોને મોબાઈલ ન આપો. બીજી બાજુ એ જ શિક્ષકો આળસના કારણે ક્લાસરૂમમાં લેસન લખાવવાને બદલે ફોનમાં ફોટા પાડીને મોકલી દે છે. આ તો કેવો ન્યાય ? જો શિક્ષકો જ ક્લાસમાં દરેક બાળકની નોટબુક કે ડાયરીમાં હોમવર્ક નોંધાવવાનો આગ્રહ રાખે, તો બાળકોને આખો દિવસ ફોન પકડવાની જરૂર જ ન પડે. - કિશોરભાઈ (વાલી)

# કચ્છમાં રાહત દરે ઘાસ વિતરણના નિર્ણયને અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘે વધાવ્યો

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે શુધન માટે ઘાસચારાની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી.

આ વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા ૧૭ જુલાઈના ઠરાવથી કચ્છના નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને માલધારીઓ માટે રાહત દરે ઘાસ વિતરણ કરવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકારના આ સંવેદનશીલ અભિગમને શ્રી અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘે આવકાર્યો છે.

સંસ્થાનાપ્રમુખભરતભાઈસોંદરવાએમુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ મંત્રી વાસણભાઈ આહીર, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ અને કલેક્ટર અનિલ રાણાવસિયા સહિતના મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. સંસ્થાના જણાવ્યા અનુસાર, આ નિર્ણયથી હજારો પશુપાલકોને મોટી રાહત મળશે અને ગૌધનના સંરક્ષણમાં મદદ થશે.

# ગુજરાતના પૂર્વ ધારાસભ્યોને પેન્શન અને અન્ય સુવિધાઓ આપવા વડાપ્રધાન મોદીને રજૂઆત

ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાતના પૂર્વ ધારાસભ્યોના લાંબા સમયથી પડતર પ્રશ્નો, માસિક પેન્શન અને અન્ય વહીવટી સુવિધાઓ અંગે ગુજરાત પૂર્વ ધારાસભ્ય કલ્યાણ મંડળ અને ગુજરાત પૂર્વ ધારાસભ્ય કાઉન્સિલ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત પૂર્વ ધારાસભ્ય વેલ્ફેર એસોસીએશનના કન્વીનર વાલજી પી. દનિચા અને ગુજરાત પૂર્વ ધારાસભ્ય કાઉન્સિલના ચેરમેન બાબુભાઈ મેઘજી શાહ દ્વારા વડાપ્રધાનને અલગ-અલગ પત્રો લખીને વિનંતી કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૦૫ના ફેબ્રુઆરી મહિનાથી પૂર્વ ધારાસભ્યોને માસિક પેન્શન, પ્રવાસ અને અન્ય ન્યાયપૂર્ણ સુવિધાઓ મેળવવા માટે સતત પત્રવ્યવહાર કરવામાં આવી રહ્યો છે. દેશના 'વન નેશન, વન મિશન' ના સૂત્રને અનુરૂપ આ વ્યવસ્થા ગુજરાતમાં પણ સત્વરે અમલમાં આવે તેવી આશા વ્યક્ત કરીને પૂર્વ ધારાસભ્યોએ રાજ્યના નિર્માણમાં આપેલા પ્રજાસેવાના યોગદાનની યોગ્ય કદર થવી જોઈએ તેમ જણાવ્યું છે. એસોસીએશન દ્વારા રજૂ કરાયેલી મુખ્ય માંગણીઓમાં ઓગસ્ટ ૧૯૮૯થી મંજૂર થયેલ બિલ મુજબ માસિક રૂપિયા ૨૦,૦૦૦ પેન્શન આપવાની તેમજ હયાત ન હોય તેવા પૂર્વ ધારાસભ્યોના સીધી લીટીના વારસદારોને ફેમિલી પેન્શન આપવાની બાબત પ્રમુખ છે.

આ ઉપરાંત વાર્ષિક ૩૦,૦૦૦ કિલોમીટરના સેકન્ડ એસી ક્લાસના મફત રેલ્વે પાસ અથવા રૂપિયા ૩૦,૦૦૦ ના રેલ્વે કૂપન આપવા, ગાંધીનગરમાં રાહત દરે રહેણાંકના પ્લોટ ફાળવવા અને જમીન વિહોણા પૂર્વ ધારાસભ્યોને ૨૦ એકર જમીન વિના મૂલ્યે આપવા માંગ કરાઈ છે. દેશના અન્ય રાજ્યોના ઉદાહરણો ટાંકીને પત્રમાં ઉલ્લેખ કરાયો છે કે કેટલાક રાજ્યોમાં પૂર્વ ધારાસભ્યોનું માસિક પેન્શન રૂપિયા એક લાખ સુધીનું છે અને તમામ રાજ્યોનું સરેરાશ માસિક પેન્શન રૂપિયા ૪૦ થી ૫૦ હજાર જેટલું થાય છે.

કર્ણાટક, ગોવા, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં પૂર્વ ધારાસભ્યોને લાખો રૂપિયાના તબીબી ભથ્થાં, મફત મુસાફરી, પેટ્રોલ-ડીઝલ, આવાસ લોન અને પરિવારજનો માટે આજીવન આર્થિક સહાય જેવી મબલખ સુવિધાઓ મળી રહી છે, જેની સરખામણીએ ગુજરાતના પૂર્વ ધારાસભ્યો ઘણો ઓછો લાભ મેળવી રહ્યા છે. પૂર્વ ધારાસભ્યોએ રાજ્યના વિકાસમાં આપેલા નોંધનીય ફાળાની કદરરૂપે આ સુવિધાઓ સમાન ધોરણે મળવી જોઈએ તેવી રજૂઆત સાથે કેટલીક બંધારણીય અને વહીવટી માંગણીઓ પણ કરવામાં આવી છે. જેમાં ગુજરાત પૂર્વ ધારાસભ્ય કાઉન્સિલના ચેરમેનના હોદ્દાને બંધારણીય પદ જાહેર કરી વિધાનસભાના વિરોધ પક્ષના નેતા સક્ષમ ગણી સત્તા આપવા, રાજ્યના અંદાજપત્રમાં પૂર્વ ધારાસભ્યોના વિકાસલક્ષી સૂચનો મેળવવા દર વર્ષે નાણામંત્રી સાથે બેઠક યોજવા તેમજ પોતાના મતવિસ્તારમાં એક કરોડ રૂપિયા સુધીના વિકાસકામોની ભલામણ કરવાની ગ્રાન્ટ ફાળવવાની માંગનો સમાવેશ થાય છે.

આ સાથે જ પૂર્વ ધારાસભ્યોને સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે વરણી કરવા, વિવિધ સરકારી સમિતિઓ, નિગમો અને યુનિવર્સિટીઓના સલાહકાર બોર્ડમાં પ્રતિનિધિ તરીકે સ્થાન આપવા તથા પૂર્વ ધારાસભ્યના અવસાન બાદ સરકારી માન-સન્માન સાથે તેમની રાજકીય અંતિમ વિધિ કરવા માટે સરકારે પરિપત્ર બહાર પાડવા વિનંતી કરાઈ છે. તમામ પક્ષના પૂર્વ ધારાસભ્યોના હિતમાં આ પડતર પ્રશ્નોની સુચારૂ ચર્ચા અને સકારાત્મક પરિણામ માટે વડાપ્રધાન સત્વરે મુલાકાતનો સમય ફાળવે તેવી અપીલ કરવામાં આવી છે.

# ટ્રાન્સમિશન લાઈન તથા ટાવરના જમીન અસરગ્રસ્તોને નુકસાન પેટે જમીનની બજાર કિંમતના બે ગણું વળતર ચુકવાશે : પ્રભારીમંત્રી







## ભુજ ખાતે પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાએ ખેડૂતો સાથે સીધો સંવાદ કરીને રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સમિશન અને કોરિડોરના વળતર મુદ્દે ખેડૂતના હિતમાં લેવાયેલા નવા નિયમો અંગે આપી સમજ : વળતર પ્રક્રીયાને પારદર્શક અને ગતિશીલ બનાવવા જિલ્લા કક્ષાએ ખાસ 'માર્કેટ રેટ કમિટી'ની રચના કરાશે : સાંસદ વિનોદભાઈ ચાવડા

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાએ કચ્છના ખેડૂતો સાથે પરિસંવાદ વિશેષમાં ટ્રાન્સમિશન લાઈનો નાખતી વખતે રાઈટ ઓફ વે કોરિડોર અને ટાવર આધારિત વિસ્તારની જમીનના વળતર સંબંધી અસરગ્રસ્તોને ન્યાય વળતર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઘડાયેલા નવા નિયમો તથા અદ્યતન માર્ગદર્શિકા અંગે ખાસ સમજ આપી હતી. સરકાર હંમેશા ખેડૂતોના હિતમાં નિર્ણયો લેતી હોવાનું જણાવીને વીજ લાઈન અને ટાવર મુદ્દે ન્યાયી વળતર માટે સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

કચ્છ જિલ્લા પ્રભારીમંત્રી તથા શ્રમ કૌશલ્ય વિકાસ કાંતિલાલ અમૃતિયાએ સ્મૃતિવન ખાતેના પરિસંવાદમાં ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકા અંગે વધુમાં જણાવ્યું હતું કે, ટ્રાન્સમિશન લાઈન તેમજ ટાવર ઉભા કરતી વખતે જમીન અને વૃક્ષોને થતા નુકસાનના વળતર અંગે નવી સંકલિત અદ્યતન માર્ગદર્શિકા રાજ્ય સરકારે અમલી કરી છે. જેમાં પારદર્શક અને ગતિશીલ નિર્ણયો લઈ શકાય તે માટે માર્કેટ રેટ કમિટી દ્વારા નિર્ધારિત જમીનની બજાર કિંમતના ૨૦૦% એટલે કે બે ગણું વળતર જમીન અસરગ્રસ્ત કે ખેડૂતોને ચુકવાશે. આ ઉપરાંત દરેક બાજુ એક મીટરનું વધારાનું વિસ્તરણ પણ ધ્યાને લેવામાં આવશે. જ્યારે કોરીડોરના સંદર્ભમાં માર્કેટ રેટ કમિટી દ્વારા નિર્ધારિત જમીનની બજાર કિંમતને ધ્યાને લઈ ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ ટકા, શહેરી વિસ્તારમાં ૪૫ ટકા તેમજ મહાનગરપાલિકાઓમાં ૬૦ ટકા દરે ચુકવણી કરાશે. તે સાથે ફળાઉ ઝાડ તથા અન્ય વૃક્ષ તથા પાક સંબંધી નુકસાનમાં લાગુ કરેલા નિયમ મુજબ વળતર અપાશે. સાથે પ્રભારીમંત્રી ખેડૂતો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો તત્કાલ ઉકેલવા તથા વરસાદ ખેંચાતા સર્જાયેલી ઘાસચારાની તંગીને નિવારવાની ખાતરી આપી હતી.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ ખેડૂતો સાથે સંવાદ કરતા કિસાનોના આર્થિક હિતમાં હંમેશા સરકાર કામ કરતી હોવાનું જણાવીને ઉમેર્યું હતું કે, જમીન અસરગ્રસ્તોને ન્યાયીક વળતર મળે તે બજારભાવ નક્કી કરવા રાજ્યસરકાર જિલ્લા કક્ષાએ ખાસ માર્કેટ રેટ કમિટીની રચના કરશે. કમિટીના ચેરમેન જિલ્લા કલેક્ટર રહેશે તથા જમીન માલિકોવતી એક પ્રતિનિધિ તથા ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરના એક પ્રતિનિધિ સભ્ય રહેશે. જરૂરિયાત હશે તો અન્ય બે વધારાના સભ્યો નીમી શકાશે. આ કમિટીમાં ત્રણ જમીન મૂલ્યાંનકારોની પણ નિમણૂંક કરાશે. જે પૈકી એકની નિમણૂંક જમીન માલિકો કરશે, એક કંપની દ્વારા અને એક જિલ્લા કલેક્ટર દ્વારા કરાશે. જમીન મૂલ્યાંનકારો દ્વારા અપાયેલા બજારભાવમાંથી નવા નિયમ મુજબ આખરી બજાર દર નક્કી કરવામાં આવશે અને તે મુજબ વળતર ચૂકવાશે.

પરિસંવાદ વિશેષમાં કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયાએ વીજટાવર તથા કોરીડોરના વળતર મુદ્દે રાજ્ય સરકારના નવા પરિપત્ર અંગે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂતોને એડવાન્સમાં વળતર ચૂકવીને ત્યારબાદ જ કામગીરી કરાશે. આમ રાજ્યસરકારે ખેડૂતોના હિતની ચિંતા કરીને નિર્ણયો અમલી કર્યા છે.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, પ્રધ્યુમનસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેન ખેતાણી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, આગેવાન ફલજીભાઈ ચોધરી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ સહિતના આગેવાનો, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# એફઆઈએસઈસી અંડર ૧૭ની રાષ્ટ્રિય ફુટબોલ મેચમાં ભારતીય ટીમ વતી લોરિયાના ખેલાડી તીર્થરાજસિંહ સોઢાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન




**ત્રણ વર્ષમાં કોઈ પણ ભારતીય ખેલાડી દ્વારા ગોલ કરવાની પ્રથમ ઘટના : જર્મની સામે ગોલ કરી ઇતિહાસ રચ્યો**

ભુજ - કચ્છઉદય : ૭૬મી એફઆઈએસઈસી - એફઆઈસીઈપી ગેમ્સ ૧૩ જુલાઈથી ૧૯ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન હંગેરીના બુડાપેસ્ટમાં યોજાઈ હતી . ગ્રેટ સેન્ટ આલ્બર્ટ એસોસિએશન દ્વારા આયોજિત આ આંતરરાષ્ટ્રીય યુવા મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટ વિશ્વભરના ૧ હજારથી વધુ વિદ્યાર્થી-એથ્લેટ્સ અને કેથોલિક સ્કૂલ સ્પોર્ટ્સ ફેડરેશનના અધિકારીઓને એકસાથે લાવે છે.

યુથ સ્કૂલ અને સ્પોર્ટ એ ત્રણ મુખ્ય સ્તંભોને પ્રકાશિત કરતા સંદેશથી પ્રેરિત આ રમતગમત કાર્યક્રમમાં વિદ્યાર્થી-રમતવીરો માટે ૬ મુખ્ય શાખાઓમાં સ્પર્ધા કરે છે, જેમાં એથ્લેટિક્સ (ટ્રેક અને ફીલ્ડ) ,બાસ્કેટબોલ , ફૂટસલ, તરણ , ટેબલ ટેનિસ ,વોલીબોલ સહિતની રમતોનો સમાવેશ થાય છે. આ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રિયા, બેલ્જિયમ (ફ્લેન્ડર્સ), બ્રાઝિલ, ચિલી, ચેક રિપબ્લિક, ફ્રાન્સ, જર્મની, હંગેરી, આયર્લેન્ડ, ઈટાલી, માલ્ટા, નેધરલેન્ડ્સ, રોમાનિયા (ટ્રાન્સિલવેનિયા), સ્પેન અને ભારત (ફૂટસલ ટીમ મોકલતી) ની ટીમોએ ભાગ લીધો હતો. એથ્લેટિક સ્પર્ધાઓ ઉપરાંત આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય યુવા વિનિમય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વાજબી રમતના સિદ્ધાંતો પર ભાર મૂકે છે. ભારત છેલ્લા ૩ વર્ષથી આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું છે. પણ અત્યાર સુધી ફૂટબોલની મેચમાં કોઈ ભારતીય ખેલાડી ગોલ કરી શક્યો નહોતો. મૂળ ભુજ તાલુકાના લોરિયા ગામના વતની તીર્થરાજસિંહ હિંમતસિંહ સોઢા જર્મની સામેની મેચમાં ગોલ કરી છેલ્લા ૩ વર્ષમાં એફઆઈએસઈસી - એફઆઈસીઈપી ટુર્નામેન્ટમાં ગોલ કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બનેલ છે. આમ તેમણે ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવ્યું છે. આ સિધ્ધિ બદલ તેમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે. આ અગાઉ તેઓ નવેમ્બર ૨૦૨૫ માં થાઈલેન્ડના ચિયાંગ માઈ ફૂટબોલ ફેસ્ટિવલમાં પણ રમવા ગયા હતા.ફૂટબોલમાં પોતાની કુશળતા વધુ વિકસાવવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સારું એક્સપોઝર મેળવવાના હેતુથી તીર્થરાજસિંહ સોઢા ટૂંક સમયમાં ચંદીગઢ સ્થિત મિનર્વા ફૂટબોલ અકાદમીમાં જોડાશે. ભવિષ્યમાં ભારતની રાષ્ટ્રીય ટીમ વતી રમવાનું તેમનું લક્ષ્ય છે.

# વર્લ્ડ ચેસ ડે : કમ્પ્યુટર ચેસ કેવી રીતે રમે છે ?

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ૧૯૯૭માં ગેરી કાસ્પારોવ અને ડીપ બ્લૂ વચ્ચેની મેચની તસવીર છે. એ જ સમયે દુનિયાએ જોયું કે કમ્પ્યુટર શ્રેષ્ઠ માનવ મગજને પણ ચેસમાં હરાવી શકે છે. તો કમ્પ્યુટર તમારું મન વાંચીને ચેસ કેવી રીતે રમે છે ? કમ્પ્યુટર માણસની જેમ વિચારતા નથી. શરૂઆતના એન્જિન જેમ કે ડીપ બ્લૂ એક સેકન્ડમાં લાખો ચાલોની ગણતરી કરતા હતા. તમે જે ચાલ કરો તેના માટે કમ્પ્યુટર આગળના ૧૦ થી ૨૦ ચાલ સુધીના બધા જ શક્ય જવાબો તપાસે છે. પછી દરેક સ્થિતિને ગુણ આપે છે. સામગ્રી, રાજાની સુરક્ષા, પ્યાદાની રચના જેવી બાબતોના આધારે તે નક્કી કરે છે કે કઈ ચાલ સૌથી સારી છે.


આજના એન્જિન જેમ કે સ્ટોકફિશ અને આલ્ફાઝીરો તો વધુ આગળ ગયા છે. આલ્ફાઝીરોએ પોતાની જાત સાથે લાખો રમતો રમીને શીખ્યું છે. તેણે પેટર્ન, બલિદાન અને રણનીતિ માણસની જેમ જ અનુભવથી શીખી છે. એટલે જ ક્યારેક તે એવી ચાલ કરે છે જે એકદમ માનવીય અને સર્જનાત્મક લાગે છે. કમ્પ્યુટર પાસે હજારો ઓપનિંગની ચાલો અને પર્ફેક્ટ એન્ડગેમ પણ યાદ હોય છે. એટલે શરૂઆતની ૧૦ ચાલ અને છેલ્લા થોડા પ્યાદા બાકી હોય ત્યારે તેને હરાવવું લગભગ અશક્ય બની જાય છે. એટલે કમ્પ્યુટર મન નથી વાંચતું. તે માત્ર ગણિત, યાદશક્તિ અને પેટર્નને માનવ કરતા અનેક ગણી ઝડપથી સમજે છે. પણ જ્યારે કમ્પ્યુટર ૮ ચાલ પછી ચેકમેટ માટે રાણીનું બલિદાન આપે છે ત્યારે ખરેખર એવું લાગે છે કે તે તમારી યોજના જાણી ગયું છે.

# કોકરોચ જનતા પાર્ટીનો સંસદ માર્ચ : પોલીસે ટીયર ગેસ છોડ્યો, પ્રદર્શનકારીઓની અટકાયત

નવી દિલ્હી : કોકરોચ જનતા પાર્ટી દ્વારા યોજવામાં આવેલો સંસદ માર્ચ સંસદ ભવન નજીક પહોંચતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રદર્શનકારીઓને રોકવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા હતા અને સંસદના તમામ ગેટ પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે. આ દરમિયાન પ્રદર્શનકારીઓ રાજીવ ચોક અને મંડી હાઉસ મેટ્રો સ્ટેશનમાં ઘૂસી ગયા હતા, જ્યારે અનેક લોકો બેરિકેડિંગ તોડીને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન સુધી પહોંચી જતાં પોલીસે તેમની કસ્ટડી લીધી હતી. આ પૂર્વે સવારે ૧૦ વાગ્યે જંતર-મંતર ખાતે પ્રદર્શનકારીઓ પર પોલીસે લાઠીચાર્જ કર્યો હોવાના આક્ષેપો થયા છે, જેમાં અનેક લોકોને માથામાં ઈજાઓ પહોંચી હોવાનું કહેવાય છે, જોકે પોલીસે લાઠીચાર્જની વાતનો ઈનકાર કર્યો છે.બીજી તરફ, સીજેપીના સ્થાપક અભિજિત દીપકે પોતાની ભૂખ હડતાળ સમેટી લીધી છે અને ચીમકી ઉચ્ચારી છે કે જો સોનમ વાંગચુકને વહેલી તકે જંતર-મંતર મોકલવામાં નહીં આવે તો તેઓ પણ સંસદ માર્ચ માટે નીકળશે. ઉલ્લેખનીય છે કે, સોનમ વાંગચુક હાલ સફદરજંગ હોસ્પિટલમાં દાખલ છે અને આજે તેમની ભૂખ હડતાળનો ૨૩મો દિવસ છે. તેમણે હોસ્પિટલ પ્રશાસનને પત્ર લખીને સંસદ માર્ચમાં જોડાવા માટે પોતાને ડિસ્ચાર્જ કરવાની માંગ કરી છે. આ રાજકીય ગતિવિધિઓ વચ્ચે સીજેપીના પ્રવક્તા સૌરભ દાસ અને આશુતોષ રાંકા કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાને મળવા પહોંચ્યા છે.

# આવતીકાલે ગુજરાતના માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો જન્મદિવસ



ભુજ - કચ્છઉદય : ગુજરાતના માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો આવતીકાલે ૨૧મી જુલાઈના જન્મદિવસ છે.૧૯૪૦માં ગાંધીનગર પાસેના વસાણ ગામમાં જન્મેલા શ્રી શંકરસિંહ વાઘેલા ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૬થી ૨૭ ઓક્ટોબર, ૧૯૯૭ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા.૧૯૭૦થી ૧૯૯૬ સુધી ભારતીય જનતા પાર્ટીમાં રહ્યા હતા. આ પછી ૧૯૯૬ થી ૧૯૯૮ દરમિયાન રાષ્ટ્રીય જનતા પાર્ટીમાં હતા. ૧૯૯૮માં? ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં અને ૨૦૧૯થી ૨૦૨૦ દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં હતા. તેઓ હાલના જૂનામાં જૂના પીઢ રાજકારણી ગણાય છે.તેમણે ૧૯૭૭માં ૬ ઠ્ઠી, ૯ મી, ૧૦ મી, ૧૩ મી અને ૧૪ મી લોકસભામાં ચુંટાયેલા સંસદના સભ્ય તરીકે પણ સેવા આપી છે. તેઓ ૧૯૮૪ થી ૧૯૮૯ સુધી રાજ્યસભાના સભ્ય પણ હતા. ૧૯૭૭થી ૧૯૮૦ દરમિયાન તેમણે ગુજરાતમાં જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ અને ૧૯૮૦થી ૧૯૯૧ સુધી તેમણે મહામંત્રી અને ગુજરાતના ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના પ્રમુખ તરીકે સેવા આપેલી.૧૯૯૫માં ભાજપ ૧૨૧ બેઠક જીતીને સત્તામાં આવી. ત્યારે તેઓ સીએમની દાવેદારીમાં સૌથી આગળ હોવાનું કહેવાતું હતું, પણ રાષ્ટ્રીય નેતૃત્વએ કેશુભાઈ પટેલની સીએમ તરીકેની પસંદગી કરી હતી. આ કારણે તેમનાં સમર્થકો ખુબજ નારાજ થયા અને વાઘેલા ૨૦મી ઓગસ્ટ ૧૯૯૬ના રોજ, સમર્થકો સાથે, ભાજપથી અલગ થયા. ત્યાર બાદ રાષ્ટ્રીય જનતા પાર્ટીની રચના કરી પોતાની સરકાર બનાવી અને ગુજરાતના ૧૨ મા મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી.મે, ૨૦૦૪માં તેઓને કેન્દ્રિય કપડા મંત્રીનો પદભાર સોંપાયો હતો. તેઓએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી પણ સંભાળી હતી

# ભુજના સામાજિક અને રાજકીય અગ્રણી ચેતન રવિલાલ શાહનો જન્મદિવસ



ભુજ - કચ્છઉદય :: ૨૦મી જુલાઈ ૧૯૬૫ના જન્મેલા ભુજના રાજકીય સામાજિક બેંકિંગ અને ધાર્મિક ક્ષેત્રના અગ્રણી તથા અત્યંત સેવાભાવી ચેતનભાઈ રવિલાલ શાહના આજના જન્મદિવસે તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન મળી રહ્યા છે. ચેતનભાઈ વીશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ, ભુજ કોમર્શિયલ કોપરેટીવ બેંક, ખેતીવાડી ઉત્પન બજાર સમિતિના અગ્રણી અને જુદા જુદા પદ પર સેવા આપી ચુકયા છે. અને અત્યારે પણ કેટલાક પદ ધરાવે છે. તાજેતરની જે નગરપાલિકાની ચૂંટણીમાં તેમણે તેમના અંગત વ્યક્તિત્વ અને રાત દિવસની અંગત સેવાની સુવાસથી લોકો ઉપર રહેલી અમિટ છાપથી ભાજપની જબરજસ્ત લહેર વચ્ચે કોંગ્રેસ પાર્ટીમાંથી વોર્ડ નંબર પાંચમાં ચૂંટણી લડી અને પેનલ ટુ પેનલ વિજય પ્રાપ્ત કરી અને તેમની લોકપ્રિયતાની પરાકાષ્ઠા સિદ્ધ કરી હતી. ચેતનભાઈનો જીવન મંત્ર રહ્યો છે "ન કોઈ ખોટી આશા, ન કોઈ ખોટી વાત, સમાજસેવા, બસ એક જ નાદ.." એમનો જીવન સંકલ્પ ત્રણ શબ્દોમાં રહ્યો છે "સત્ય સરળતા અને સેવા" તેઓ કોઈ પણ ક્ષેત્રમાં કાર્ય કરે છે ત્યારે દિલથી સેવા કરી છે અને પોતાના સંપર્કમાં આવેલા લોકોનું દિલ જીતી જાય છે. જીવદયા માટે પણ મુકસેવા કરે છે. જૈન ધર્મના સામાજિક તથા ધાર્મિક કાર્યોમાં હંમેશા તેઓ ખડેપગે ઊભેલા જોવા મળ્યા છે. કોઈ સંજોગોમાં તો વરસતા વરસાદની વચ્ચે બધા જ કાર્યકરોની સાથે પોતાની ધાર્મિક સેવા આપતા નજરે ભૂતકાળમાં જોવા મળ્યા છે. તેઓ સાધુ સાધ્વીજી ભગવંતો અને મહારાજ સાહેબ માટે ખૂબ જ આદર ધરાવે છે એટલું જ નહીં પરંતુ તેમની પણ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક અને દિલથી સેવા કરતા જોવા મળ્યા છે. તેમના આશીર્વાદ ચેતનભાઈના કોઈપણ ધ્યેય સાથે ફળીભૂત થતા જોવા મળે છે.

# બ્રહ્મલીન ગજાનંદગિરિજી ગૌસેવાના પ્રખર હિમાયતી હતા : હંસગિરિજી મહારાજ









## પિયોણી નિલકંઠ મહાદેવના મહંત ગજાનંદગિરિજી મહારાજની સાતમી નિર્વાણતિથિ ધામધૂમથી ઉજવાઈ : કચ્છ, ગુજરાતમાંથી સંતો - મહંતો ઉપસ્થિત રહ્યા : આરાધીવાણી, સંતવાણી, સમાધીપૂજન, પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા

નખત્રાણા - કચ્છઉદય : નિલકંઠ મહાદેવ આનંદ આશ્રમ પિયોણી મહાદેવ મંદિરના બ્રહ્મલીન મહંત ગજાનંદગિરિજીની સાતમી નિર્વાણતિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

મંદિરના મહંત હંસગિરિજી મહારાજે કહ્યું કે, બ્રહ્મલીન ગજાનંદગિરિજી ગૌસેવાના પ્રખર હિમાયતી હતા, તેમના ઉચ્ચ વિચારો મનુષ્ય જીવનને નવી દિશા આપે છે. સંત, શાસ્ત્રો અને સત્ય જીવનને સાર્થક કરવાનું માધ્યમ ગણાતા જીવદયાપ્રેમી ગજાનંદગિરિ આ તપોભૂમિમાં રહી હજારો સેવકોને સત્યના પંથે વાળ્યા છે. લઘુમહંત આયુષગિરિજી નિલકંઠ મહાદેવની છત્રછાયામાં આજના અવસરે પધારેલા કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રના સંતો - મહંતોનું સન્માન કરી ભેટ - પૂજા અર્પણ કરી હતી અને કચ્છ, ગુજરાતમાં સત્વરે સચરાચર વરસાદ આવે તેવી ભગવાન આશુતોષને પ્રાર્થના કરાઈ હતી.

આ અવસરે સવારે શિવાલય શણગાર, મહાઆરતી, રૂદ્રીપૂજન, આરાધીવાણી ઉપરાંત સંતવાણીમાં જનકગિરિ ગોસ્વામી અને મનોજ જોગીએ ભજનો રજૂ કર્યા હતા. ગૌસેવા સન્માન, આહવાન અભિયાન અંતર્ગત ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા હસ્તાક્ષરમાં ૨૦૦ ગૌપ્રેમીઓ સાઈન કરી હતી, તેમાં યશંવંતગિરિ ગોસ્વામી તથા રોહિત અબોટી દ્વારા સ્ટોલ ઉભો કરાયો હતો. મહાપ્રસાદનો ભાવિકોએ લાભ લીધો હતો. આ તિથિ મહોત્સવમાં આસપાસના ગામોના સેવકો જોડાયા હતા. મંદિર પરિસર જય ગિરનારીના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

# કવિ ઉમાશંકર જોશી અને સંગીતકાર અવિનાશ વ્યાસની કાલે જન્મજયંતી



ભુજ- કચ્છઉદય :: ગુજરાતી ભાષાના મહાન કવિ ઉમાશંકર જોશી અને અદભુત સંગીતકાર અવિનાશ વ્યાસની આવતીકાલે ૨૧મી જુલાઈના જન્મજયંતી છે. ઉમાશંકર જોશીનો જન્મ ૧૯૧૧માં બામણા ગામમાં થયો હતો. તેમને ૧૯૩૯માં રણજીતરામ સુવર્ણચંદ્ર, ૧૯૪૩ માં નર્મદ સુવર્ણચંદ્ર, ૧૯૬૩ થી ૬૫ દરમિયાન સ્નેહરશ્મિ પુરસ્કાર, તથા ૧૯૬૭માં જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો. ૧૯મી ડિસેમ્બર ૧૯૮૬ના દિવસે મુંબઈમાં તેમનું અવસાન થયું હતું. ૧૯૧૨ માં જન્મેલા ગુજરાતના મહાન ફિલ્મ સંગીતકાર અવિનાશ વ્યાસે અંદાજિત ૧૯૦ ગુજરાતી ફિલ્મોમાં એમનું યાદગાર સંગીત આપ્યું છે. એમને પદ્મશ્રી પુરસ્કાર, ગીતકાર અને સંગીતકાર તરીકે ગુજરાત રાજ્ય ફિલ્મ પુરસ્કારો,ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર મળ્યા છે. ૨૦ મી ઓગસ્ટ ૧૯૮૪ના તેમનું મૃત્યુ થયું હતું.

# વાસદમાં બાળકીની હત્યાનો આરોપી સુરેશ પરમાર પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

ગાંધીનગર - કચ્છઉદય : આણંદ જિલ્લાના વાસદમાં સાડા ચાર વર્ષની બાળકીની હત્યાના કેસમાં ફરાર આરોપી સુરેશ પરમારને પોલીસે એક્રાઉન્ટરમાં ઠાર માર્યો છે. પોલીસના જણાવ્યા મુજબ બાળકીની હત્યા બાદથી જ સુરેશ પરમાર ફરાર હતો. તેની શોધમાં ગુજરાત પોલીસની અનેક ટીમો લાગી હતી. સીસીટીવી ફૂટેજમાં આરોપી બાળકીને લઈ જતો અને બાદમાં એકલો ફરતો જોવા મળ્યો હતો. આ ફૂટેજના આધારે જ પોલીસ તેની ઓળખ કરી શકી હતી. શનિવારે પોલીસને માહિતી મળી કે આરોપી વાસદ વિસ્તારમાં જોવા મળ્યો છે. ઘેરાબંધી દરમિયાન સુરેશ પરમારે પોલીસ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, જેના જવાબમાં પોલીસની ફાયરિંગમાં તેનું મોત થયું. આ ઘટના બાદ વાસદ અને આસપાસના વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. પોલીસે કહ્યું કે મામલાની વધુ તપાસ ચાલુ છે અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. આ જઘન્ય ગુનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો હતો. હવે આરોપીના એક્રાઉન્ટર બાદ લોકોમાં ન્યાય મળ્યાની ભાવના જોવા મળી રહી છે.

# માંડવી તાલુકા પંચાયત શાસક પક્ષ નેતા કીર્તિભાઈ ગોરનો આજે જન્મદિવસ



ભુજ - કચ્છઉદય :: માંડવી તાલુકા પંચાયતના શાસકપક્ષના નેતા કીર્તિભાઈ ગોરના આજે જન્મદિવસ પ્રસંગે તેમને અનેક શુભેચ્છાઓ મળી રહી છે. કિર્તીભાઈ ગોર ૧૪ વર્ષની નાની ઉંમરથી પરિવારના સંસ્કારોને કારણે ધર્મસેવામાં અને પછી સામાજિક સેવામાં જોડાયા હતા. પશ્ચિમ કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજની યુવા પાંખના તેઓ હાલ પ્રમુખ છે. છેલ્લા ૨૦ વર્ષથી સામાજિક રાજકીય અને સેવા ક્ષેત્રે ક્ષેત્રે સક્રિય છે. હાલનું તેઓ માંડવી પાસેના મસ્કા ગામમાં રહે છે. ભારતીય જનતા પાર્ટીના તેઓ પાયાના કાર્યકર છે અને માડવી તાલુકામાં તથા કચ્છમાં પક્ષના કાર્યક્રમોમાં તેમની સક્રિયતા મહત્વની હોય છે.

જીવદયા અને માનવ સેવાના કાર્યોમાં પણ તેઓનું યોગદાન ઘણું મોટું છે. યુવાનોમાં સનાતન ધર્મની ચેતના અને સેવાની ભાવના જાગૃત કરવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે.

# ઘાસ માટે દાન અપાયું

મુંદરા : શહેરના રી. સાઈટ, આશાપુરા સકુલ પાસે આવેલ પુનિત વન સાજના ગ્રૂપના વડીલો દ્વારા વરસાદ ખેંચાયો છે અને ઘાસની અછત છે, ત્યારે ફુલ ની પાખડી સવરૂપે, ૭ મણ લીલો ચારો અને એક કી. ગોળ, અંદાજિત ૧૭૦૦ રૂપિયાનો ફાળો ભુજ પાજરાપોળ, નાગોર રોડને અર્પણ કરેલ છે. હસ્તે હિતેષભાઇ ચોથાણીએ આપેલ છે. એવું ભુપેન્દ્ર મહેતાની યાદીમાં જણાવેલ છે.

# ખાંભલા ગામે બ્લેક ટ્રેપની માઈનસ સામે ગામ લોકોને વાંધો

**ગ્રામ પંચાયતને વિશ્વાસમાં લીધા વિના સુનાવણી અમે માન્ય નહીં રાખીએ : સરપંચ**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ખાંભલા ગામે સરકારી જમીન સર્વે નંબર ૨૦૫ અને ૨૦૬ પૈકીમાં બ્લેક ટ્રેપ માઈન્સની સામે મથલ ગ્રામ પંચાયતના સરપંચે વાંધો નોંધાવ્યો હતો.

મથલ જૂથ ગ્રામ પંચાયત હેઠળ આવતા ખાંભલા ગામની આવેલ સર્વે નંબર ૨૦૫ અને ૨૦૬માં બ્લેક ટ્રેક માઈન્સની તા. ૨૫-૬ના પર્યાવરણ લોક સુનાવણી રાખવામાં આવેલ હતી, જેમાં આડકતરી રીતે રાખેલી સુનાવણી સામે સરપંચ હુસૈન સીધિક ખલીફા તથા ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનોની લાગણી અને માંગણી ધ્યાન લેવા માટે જણાવ્યું હતું.

મથલ ગામના સરપંચ હુસેન સિદ્ધિ ખલીફા જણાવ્યું કે ગામોના હિતોને નુકસાન થાય તે રીતે સર્વે નંબરોને છોડીને છેક કોટડા જડોદરના સર્વે નંબર ૬૪૧ એટલે કે આ પ્રોજેક્ટથી દૂર ૮ કિલોમીટરના અંતરે રાખીને મથલ અને ખાંભલાના ગ્રામજનોને રજૂઆતથી વંચિત રાખવાનો પ્રયાસ કરવામાં આવેલ છે, આ સુનાવણી રદ કરી ગ્રામજનોના હિતમાં નિર્ણય લેવા જણાવ્યું હતું. ડુંગરોના ખોદાણથી ખેડૂતોની જમીનનું ધોવાણ થશે. ખેતી પાકને નુકસાન મોટા પ્રમાણમાં થશે. આ ડુંગરના ખોદાણ કામથી વરસાદી પાણી ખેડૂતોના પાકને તેમજ ખાંભલા ગામને પુર સંરક્ષણનું કામ કરતા વરસાદીપુરનું કવચ ગણાતા ડુંગરને રક્ષિત રાખવામાં આવે તેવી સમગ્ર ગ્રામજનોની માંગણી છે.

વરસાદી પાણીના કુદરતી વહેણને વિક્ષેપ ઊભો થશે. ખાંભલા ગામને દર વર્ષના ચોમાસામાં ભયની કાયમી સ્થિતિ ઊભી થશે. ચોમાસામાં સમગ્ર ખાંભલા ગામનો આશ્રિત સ્થાન એ લઈ જવાની પરિસ્થિતિ ઊભી થશે. ચોમાસામાં સમગ્ર ગામને હિજરત કરવી પડે માનવ તેમજ પશુઓના જાન બચાવવા માટે ખાંભલા ગામને ખાલી કરવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થશે. પ્રોજેક્ટનું અહીં નિર્માણ થશે તો તેમાંથી ઉડતી ઝીણી રેતી ડસ્ટક આરોગ્ય માટે બાળકો અને સિનિયર સિટીઝનો માટે જાન લેવા સાબિત થશે.

ડુંગરોના પેટાળમાંથી જતા કુદરતી પાણીના રેસા સ્ત્રોતને કાયમી અવરોધ ઊભું થશે જેથી ખેડૂતોના બોરને કાયમી પણ નુકસાન થવાની અથવા બોર બંધ પડી જશે. ખાંભલાની બાજુમાં જ મોટા ડુંગરો હોય ભૂકપ જેવી કુદરતી આફત સમયે જમીનને સ્થિર અને સમતલ રાખીને આ ગામને ભૂકંપ સામે રક્ષણ આપતા પર્વતો માનવામાં આવે છે. કુદરતી રક્ષિત પર્વતોનો નાશ થવાથી થાંભલા ગામને પાણીના સ્ત્રોતોને મોટું નુકસાન થવાનો જાનમાલના જીવન સાથે પડકાર ઉભો થશે. પ્રોજેક્ટથી લોક સુનાવણી પહેલા સ્થાનિકની ગ્રામ પંચાયતને સંબંધિત કચેરી દ્વારા અગાઉથી કોઈ જાણ કરવામાં આવી નથી. કોઈ પત્રકો કે પુસ્તિકાઓ આપવામાં આવી નથી. મથલ અને ખાંભલા ગ્રામજનોને અંધારામાં રાખીને એક તરફી લેવાતા નિર્ણયોથી જનતામાં નારાજગી અને ઉદાસીનતા છવાયેલી છે. લોક સુનાવણીને કાયમી ધોરણે રદ કરી માનવ પશુઓ પક્ષીઓ પાણીના કુદરતી સ્ત્રોતો ભૂકંપ સામે રક્ષણ જેવા શુભ હેતુને ધ્યાને લઈ આ પ્રોજેક્ટને કાયમી રદ કરવો ના મંજૂર કરી આમ જનતાની માંગણી છે તેવું સરપંચે જણાવ્યું હતું.

ગામતળની નજીક મંજૂર થયેલ બ્લેક ટ્રેપ ખાણ અંગે ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે. ગ્રામજનોનું કહેવું છે કે સુનાવણી ગામથી આશરે આઠ કિમી દૂર રાખવામાં આવી હતી, જેના કારણે ઘણા અસરગ્રસ્ત લોકો હાજર રહી શકયા ન હતા. તેથી સુનાવણી ફરીથી ગામમાં અથવા નજીકના સ્થળે યોજવામાં આવે તેવી માંગ કરવામાં આવેલ છે. પર્યાવરણ અને જાહેર હિતનું રક્ષણ કરવામાં આવે તેવું સોઢા પ્રતાપસિંહ, નરપતસિંહ સોઢા, વંકા હમીર રબારી, વિરમ લાખા રબારી, કાના આશા રબારી, ભરતસિંહ સોઢા, હિતેન્દ્રસિંહ સોઢા સહિતનાઓએ વિરોધ નોંધાયો હતો.

# કચ્છ રણની ભૂમિ પર સદીઓથી જીવંત હેરિટેજ ઇમારતો

ભુજ - કચ્છઉદય : ભારતમાં બ્રિટિશ અને યુરોપિયન શાસન દરમિયાન બનેલા ભવ્ય ઘરો અને મહેલો આજે પણ પોતાનો ઇતિહાસ જીવંત રાખી રહ્યા છે. કોલકાતા, ચેન્નાઈ, મુંબઈ અને ગોવાની જેમ કચ્છ પણ આ વારસાને સાચવવામાં પાછળ નથી. રણ, દરિયા અને વેપારના સંગમ પર વસેલા કચ્છની ઇમારતો માત્ર ઈંટ-પથ્થર નથી, પરંતુ તે કચ્છના ઇતિહાસના ભૂંગા સાક્ષી સમાન છે.

કચ્છમાં વસાહતી સમય અને રાજવી કાળની સ્થાપત્યકલાનો અદભૂત મિશ્રણ જોવા મળે છે. ભુજનું આઈનામહેલ અને પ્રાગમહેલ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ૧૮મી અને ૧૯મી સદીમાં મહારાવો દ્વારા બનાવાયેલા આ મહેલોમાં આરસ, આરીસા, મોટા થાંભલા અને યુરોપિયન ઝુમ્મરની ભવ્યતા આજે પણ જોવા મળે છે. ઈટાલિયન કારીગરોની મદદથી તૈયાર થયેલા આ મહેલો પર બ્રિટિશ સમયની છાપ સ્પષ્ટ દેખાય છે. ૨૦૦૧ના ભૂકંપમાં નુકસાન થયા બાદ સરકાર અને હેરિટેજ પ્રેમીઓના પ્રયાસોથી તેનું પુનઃનિર્માણ કરીને ફરીથી જીવંત કરવામાં આવ્યા છે.

માંડવીનો વિજય વિલાસ પેલેસ કચ્છની ઓળખ બની ગયો છે. દરિયાકાંઠે આવેલો આ પીળા પથ્થરનો મહેલ રાજસ્થાની, મોગલ અને યુરોપિયન શૈલીના સંગમથી બન્યો છે. વિશાળ વરંડા, લાકડાની જાળી અને ઊંચા ગુંબજો તેની શાન વધારે છે. એક સમયે તે મહારાજાઓનું ઉનાળુ નિવાસસ્થાન હતું અને આજે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

કચ્છના અંજાર, મુન્દ્રા અને ભુજપુરના જૂના વેપારી હવેલીઓમાં પણ તે સમયની ઝલક મળે છે. ઊંચી છત, મોટી લાકડાની બારીઓ અને કોતરણીવાળું ફર્નિચર ધરાવતા આ ઘરો વેપાર દ્વારા યુરોપ સાથે જોડાયેલા કચ્છના સંબંધોની કહાની કહે છે. માંડવી અને કંડલા બંદરો પરના જૂના ગોદામો અને કસ્ટમ ઓફિસની ઇમારતો પણ વસાહતી સમયના વેપારી વારસાને સાચવી રહી છે. હાલ સરકાર અને ખાનગી સંસ્થાઓ આ હેરિટેજ ઇમારતોના જતન માટે કામ કરી રહી છે. ઘણા જૂના બંગલા અને મહેલોને હેરિટેજ હોટેલ અને મ્યુઝિયમમાં ફેરવવામાં આવ્યા છે. રણ ઉત્સવ દરમિયાન દેશ-વિદેશના પ્રવાસીઓ આ ઇમારતો જોવા કચ્છ આવે છે અને કચ્છની સંસ્કૃતિ, કલા અને ઇતિહાસને નજીકથી અનુભવે છે.

નિષ્ણાતોનું માનવું છે કે કચ્છની આ હેરિટેજ ઇમારતો માત્ર પ્રવાસન માટે જ નહીં, પરંતુ આવનારી પેઢીને પોતાના મૂળ અને વારસા સાથે જોડવા માટે પણ ખૂબ જરૂરી છે. રણની કઠોરતાની વચ્ચે પણ કલા અને સંસ્કૃતિને પાંગરતી રાખનાર કચ્છની આ ઇમારતો ખરેખર આપણા ગૌરવની વાત છે.

ભારતમાં બ્રિટિશ અને યુરોપિયન શાસન દરમિયાન બનેલા ભવ્ય ઘરો અને મહેલો આજે પણ પોતાનો ઇતિહાસ જીવંત રાખી રહ્યા છે. કોલકાતા, ચેન્નાઈ, મુંબઈ અને ગોવાની જેમ કચ્છ પણ આ વારસાને સાચવવામાં પાછળ નથી. રણ, દરિયા અને વેપારના સંગમ પર વસેલા કચ્છની ઇમારતો માત્ર ઈંટ-પથ્થર નથી, પરંતુ તે કચ્છના ઇતિહાસના ભૂંગા સાક્ષી સમાન છે.

# દીકરીઓની સુરક્ષા અને ન્યાય માટે ક્ષત્રિય સમાજનું એકમત સંકલ્પ

**રાજલબા વાઘેલા પ્રકરણમાં સત્ય બહાર લાવવા અને દોષિતોને સજા કરવા ઉઠી માંગ**

અંજાર-કચ્છઉદય : સ્વ. રાજલબા સુખદેવસિંહ વાઘેલાના આત્મહત્યા પ્રકરણને લઈને કચ્છ જિલ્લા રાજપૂત (ક્ષત્રિય) સમાજના વિવિધ સંગઠનો, મહિલા મંડળો અને યુવા આગેવાનો દ્વારા એકજૂટતા દર્શાવીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સમાજના પ્રતિનિધિઓએ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ, પારદર્શક અને સમયબદ્ધ તપાસ કરાવી સત્ય બહાર લાવવા તેમજ જવાબદાર વ્યક્તિઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

આ પ્રસંગે સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે કોઈ પણ દીકરીને માનસિક, શારીરિક કે સામાજિક દબાણના કારણે જીવન ટૂંકાવવાની ફરજ ન પડે તે સુનિશ્ચિત કરવું સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે. રાજલબા વાઘેલાનું પ્રકરણ માત્ર એક પરિવારની પીડા નથી, પરંતુ સમાજને વિચારવા મજબૂર કરનારી ઘટના છે. આવી ઘટનાઓના મૂળ કારણો સુધી પહોંચી તેનું નિરાકરણ લાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી. કચ્છ જિલ્લા મહિલા સભાના પ્રમુખ ચેતનાબા જાડેજાએ જણાવ્યું હતું કે મહિલાઓ અને દીકરીઓને સન્માનપૂર્ણ જીવન જીવવાનો બંધારણીય અને માનવ અધિકાર પ્રાપ્ત છે. જો કોઈ દીકરી પર માનસિક કે શારીરિક અત્યાચાર થતો હોય તો સમાજે માત્ર દર્શક બની રહેવાને બદલે તેની સાથે ઊભું રહેવું જોઈએ. તેમણે સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરીને પીડિત પરિવારને ન્યાય અપાવવા અને ભવિષ્યમાં આવી દુઃખદ ઘટનાઓ અટકાવવા માટે કડક પગલાં લેવાની માંગ કરી હતી. સામાજિક અગ્રણી જયદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સમાજની આ રજૂઆત કોઈ વ્યક્તિ કે પરિવાર વિરુદ્ધ નથી, પરંતુ દીકરીઓના સન્માન અને સુરક્ષા માટેની સામાજિક જવાબદારીનું પ્રતિબિંબ છે. પરિવાર અને સમાજમાં એવી સંસ્કૃતિ વિકસાવવાની જરૂર છે જ્યાં દીકરીઓને સમાન સન્માન, પ્રેમ અને સુરક્ષા મળે તેમજ કોઈ પણ પ્રકારની પીડા સામે તેઓ નિર્ભયતાથી પોતાની વાત રજૂ કરી શકે.

આવેદનપત્ર પાઠવવા માટે યોજાયેલા કાર્યક્રમમાં અંજાર શહેર ક્ષત્રિય સમાજના પ્રમુખ દશરથસિંહ જાડેજા, સામાજિક અગ્રણી અજયપાલસિંહ જાડેજા, ગાંધીધામ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભરતસિહ જાડેજા, અંજાર સુધરાઈના નગરસેવક રાજેન્દ્રસિંહ જાડેજા, રાજુભા જાડેજા સહિત કચ્છના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાઓએ જણાવ્યું હતું કે દીકરીઓના સન્માન અને સુરક્ષાનો મુદ્દો માત્ર એક સમાજ પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સમાજ વ્યવસ્થાની સંવેદનશીલતા સાથે જોડાયેલો વિષય છે. મહિલાઓ પ્રત્યે વધતી જતી હિંસા, માનસિક ત્રાસ અને અન્યાયના બનાવોને અટકાવવા માટે સામાજિક જાગૃતિ, કાનૂની સજાગતા અને પરિવારોમાં સંસ્કારમય વાતાવરણનું નિર્માણ જરૂરી છે. આવેદનપત્ર પાઠવતી વેળાએ કચ્છ જિલ્લા રાજપૂત (ક્ષત્રિય) સભા, મહિલા અને યુવા સભા, કચ્છ જિલ્લા રાજપૂત કરણી સેના, અંજાર તાલુકા તથા શહેર રાજપૂત ક્ષત્રિય સભા અને કંડલા કોમ્પ્લેક્સ રાજપૂત ક્ષત્રિય સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દીકરીઓના માન-સન્માન, સુરક્ષા અને ન્યાય માટે સમાજે એકજૂટ બની લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# નાના માલધારીઓને મોટી રાહત : વધુ પશુ ધરાવતા પશુપાલકો માટે હજુ પણ ચિંતા યથાવત

**ઓગસ્ટના પ્રથમ સપ્તાહ સુધી વરસાદ ખેંચાશે તો અછત જાહેર થવાની સંભાવના**

ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લા માટે જાહેર કરવામાં આવેલી રાહત દરે ઘાસચારાની વિશેષ યોજનાને સ્થાનિક પશુ માલિકો અને માલધારીઓ તરફથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. ખાસ કરીને ઓછા પશુઓ ધરાવતા નાના માલધારીઓ માટે આ યોજના વર્તમાન પરિસ્થિતિમાં ખૂબ જ મોટી રાહત સમાન સાબિત થશે તેમ માનવામાં આવી રહ્યું છે. સરકારના આ નિર્ણય હેઠળ પશુ માલિકોને તેમના વધુમાં વધુ પાંચ પશુઓ માટે દૈનિક ચાર કિલોગ્રામ લેખે રૂપીયા બેના હિસાબે આખા એક સપ્તાહનો એટલે કે સાત દિવસનો ઘાસચારો એક સાથે જ આપી દેવાની જે જોગવાઈ કરવામાં આવી છે, તે માલધારીઓ માટે ભારે લાભદાયક નીવડશે. દરેક માલધારીઓના કાર્ડ બની જશે અને તેમને ઘાસ વિતરણ કરવામાં આવશે. આ વ્યવસ્થાના કારણે પશુપાલકોને દરરોજ ડેપો પર ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને તેમની હાલાકીમાં મોટો ઘટાડો થશે. કચ્છમાં ઉપલબ્ધ સૂકા ઘાસચારાના તથા અંગે અગાઉ જ સર્વે કરી લેવામાં આવેલ છે ત્યારબાદ પણ જો વધુ સૂકાચારાની જરૂરિયાત ઊભી થશે તો દરેક અથવા રોડ ટ્રાન્સપોર્ટ અને રેલ મારફતે વધારાના ઘાસની વ્યવસ્થા પણ કરવામાં આવશે તેવું વહીવટી તંત્ર દ્વારા જાણવા મળી રહ્યું છે.

બીજી તરફ, આ યોજનાના સિક્કાની બીજી બાજુ પણ સામે આવી રહી છે. જે મોટા માલધારીઓ પાસે પશુઓની સંખ્યા પાંચ કરતાં ઘણી વધારે છે, તેમના માટે પોતાના તમામ પશુઓના નિભાવ માટે પૂરતા ઘાસચારાની વ્યવસ્થા કરવી હજુ પણ એક મોટી કસોટી સમાન બની રહેશે તેવું જાણવા મળી રહ્યું છે, કારણ કે યોજના હેઠળ માત્ર પાંચ જ પશુઓની મર્યાદા નક્કી કરાઈ છે.

આ ઉપરાંત, સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા હાલ પૂરતી માત્ર આગામી ૧૫ દિવસ માટે જ આ રાહત દરે ઘાસ આપવાની જાહેરાત કરવામાં આવી છે, જે પ્રાથમિક તબક્કે આવકારદાયક ચોક્કસ છે. જોકે, સ્થાનિક સૂત્રોએ એવી સંભાવના પણ વ્યક્ત કરી છે કે જો આ પંદર દિવસના સમયગાળા દરમિયાન પણ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ નહીં થાય, તો આગામી દિવસોમાં કચ્છમાં સત્તાવાર રીતે અછત જાહેર કરવી પડે તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

# શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોએ શિક્ષણ અધિકારી સાથે કરી મુલાકાત



ભુજ - કચ્છ ઉદય : કચ્છી નવા વર્ષના દિવસે નવ રચિત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - કચ્છના અનુદાનિત આચાર્ય, ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક સંવર્ગના હોદ્દેદારોએ જિલ્લા શિક્ષણ અધિકારીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. પ્રાંત કોર ટીમના ઉપાધ્યક્ષ મુરજીભાઈ ગઢવી માર્ગદર્શન તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક પ્રાંત સહસંગઠન મંત્રી અલ્પેશભાઈ જાનીના સંકલનથી ત્રણેય અનુદાનિત સંવર્ગના પ્રમુખ કાર્યકર્તાઓએ જિલ્લા શિક્ષણ અધિકારીનું શાલ, પુસ્તક અને પેન અર્પણ કરી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે આચાર્ય સંવર્ગના અધ્યક્ષ વસંતભાઈ ગઢવી, મહામંત્રી ભાણજી વીગોરા, ઉપાધ્યક્ષ હાસમભાઈ મંધરા, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ ડૉ. પૂજાબેન જોષી, મહામંત્રી પ્રેમપ્રકાશ ગુપ્તા, મહિલા ઉપાધ્યક્ષ ડૉ. દીનાબેન જોબનપુત્રા, કોષાધ્યક્ષ ડૉ. નરેશભાઈ કારિયા તેમજ માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ અલ્પેશભાઈ જાની, મહામંત્રી ચેતનભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપાધ્યક્ષ રૂપેશભાઈ સોલંકી, ઉપાધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ પરમાર, મંત્રી કાંતિલાલ ચૌહાણ, કોષાધ્યક્ષ કીર્તિભાઈ પરમાર, પ્રચાર પ્રમુખ કિશનભાઈ પટેલ અને સરકારી ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ અમોલભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારીએ નવ નિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવતાં તેમના કાર્યકાળ માટે હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. તેવું પ્રચાર પ્રમુખ કિશનભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# વૃક્ષો અને કુદરતી સંપત્તિનું સંવર્ધન જ ઉજ્જવળ ભવિષ્યની ચાવી

**વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રયાસ ગુરૂકુલમમાં ગોષ્ઠિ : વૃક્ષારોપણ અને ૩૫૦થી વધુ રોપાઓનું વિતરણ કરાયું**

ભુજ - કચ્છ ઉદય : વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે કુકમા સ્થિત પ્રયાસ ગુરૂકુલમ ખાતે આવેલા પ્રકૃતિ મંદિરમાં પર્યાવરણ જાગૃતિ અને કુદરતી સંસાધનોના સંવર્ધન અંગે વિશેષ ગોષ્ઠિ યોજાઈ હતી. આ પ્રસંગે રામકૃષ્ણ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. મનોજભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિએ આપેલી અમૂલ્ય સંપત્તિનું જતન કરવું એ દરેક નાગરિકની નૈતિક જવાબદારી છે. કુદરતી સંસાધનોનો બિનજરૂરી વેડફાટ અટકાવી તેના સંવર્ધન માટે જાગૃત પ્રયાસો કરવામાં આવે તો આવનારી પેઢીઓને વધુ સુરક્ષિત અને સમૃદ્ધ પર્યાવરણ આપી શકાય.

તેમણે જણાવ્યું હતું કે વધતા પ્રદૂષણ, ઘટતા જળસ્ત્રોતો અને પર્યાવરણના અસંતુલન વચ્ચે પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનવાની જરૂરિયાત વધી રહી છે. પર્યાવરણનું સંરક્ષણ માત્ર એક દિવસ પૂરતું સીમિત ન રહે, પરંતુ જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનવું જોઈએ. દરેક વ્યક્તિ પોતાના સ્તરે વૃક્ષારોપણ, પાણી બચાવવું અને સ્વચ્છતા જાળવવા જેવા નાના પ્રયાસો દ્વારા મોટું યોગદાન આપી શકે છે.

કાર્યક્રમ દરમિયાન ડો. મુક્તિબેન પટેલ, ડો. વિરાભાઈ ચાવડા અને જિજ્ઞેશભાઈ પટેલે પર્યાવરણ જતન, જૈવ વિવિધતાના મહત્વ અને હરિયાળી વધારવાના પ્રયાસો અંગે માર્ગદર્શન આપ્યું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે કુદરત સાથેનું સંતુલન જ માનવજીવનના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુરુકુલમ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ પ્રકૃતિ મંદિર ખાતે વિશેષ પૂજન યોજાયું હતું. રામકૃષ્ણ ટ્રસ્ટના કર્મચારીઓ અને ઉપસ્થિતોએ હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ નિર્માણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટ દ્વારા સમાજમાં હરિયાળી પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી ૩૫૦થી વધુ રોપાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. વ્યવસ્થા મુકેશભાઈ બેરવા અને સામજીભાઈ ભટ્ટીએ સંભાળી હતી, જ્યારે સંચાલન તેજસ પટ્ટણીએ કર્યું હતું.

# સંઘર્ષથી સફળતા સુધીની સફર, દીપ્તિ ભાનુશાલીએ મહિલાઓમાં ફિટનેસ માટે જગાવી નવી ચેતના

**૧૨૫ કિલોથી નોંધપાત્ર વજન ઘટાડીને અનેક મહિલાઓ માટે બન્યા પ્રેરણાસ્ત્રોત : નવ વર્ષથી ફિટનેસ ક્ષેત્રે આપી રહ્યા છે માર્ગદર્શન**

ભુજ-કચ્છઉદય : જીવનમાં પડકારો આવે ત્યારે ઘણા લોકો હિંમત હારી જાય છે, પરંતુ કેટલાક લોકો એ જ પડકારોને પોતાની શક્તિમાં ફેરવી સફળતાનો નવો માર્ગ સર્જે છે. ભુજના માધાપરમાં વસવાટ કરતા દીપ્તિ ભાવેશ ભાનુશાલી એવી જ એક પ્રેરણાદાયી વ્યક્તિ છે, જેમણે પોતાના વધેલા વજન સામે લડત આપીને માત્ર પોતાનું જીવન જ બદલ્યું નથી, પરંતુ આજે અનેક મહિલાઓના જીવનમાં પણ સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસનો નવો પ્રકાશ ફેલાવી રહ્યા છે.

મૂળ માંડવીના અને હાલ માધાપરમાં રહેતા દીપ્તિબેન એક સમયે ૧૨૫ કિલો વજન ધરાવતા હતા. વધેલા વજનને કારણે શારીરિક અને માનસિક પડકારોનો સામનો કરવો પડતો હતો. જોકે તેમણે પરિસ્થિતિ સામે ઝૂકવાને બદલે નિયમિત વ્યાયામ, યોગ, એરોબિક્સ અને સંતુલિત આહાર અપનાવી પોતાના જીવનમાં આમૂલ પરિવર્તન લાવ્યું. સતત મહેનત અને દૃઢ સંકલ્પના પરિણામે તેમણે નોંધપાત્ર પ્રમાણમાં વજન ઘટાડીને નવી ઓળખ ઉભી કરી છે. ધોરણ-૧૦ સુધી અભ્યાસ કર્યા હોવા છતાં દીપ્તિબેને પોતાના રસ અને પ્રતિભાને વ્યવસાયિક દિશા આપી. શાળા કાળથી જ રમતગમત અને ફિટનેસ પ્રત્યેનો ઝોક ધરાવતા દીપ્તિબેન છેલ્લા નવ વર્ષથી એરોબિક્સ, જુમ્બા અને જીમ ટ્રેનર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ મહિલાઓને પર્સનલ તેમજ જનરલ ટ્રેનિંગ આપીને સ્વસ્થ જીવનશૈલી તરફ દોરી રહ્યા છે.

તેમની આગેવાની હેઠળ અનેક મહિલાઓએ વજન ઘટાડવામાં સફળતા મેળવી છે. ૧૦૦ કિલોથી વધુ વજન ધરાવતી અનેક મહિલાઓને સ્વસ્થ જીવન તરફ આગળ વધારવામાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હાલમાં પણ એક મહિલાનું ૯૦ કિલો વજન માત્ર ત્રણ મહિનામાં ૧૫ કિલો ઓછું કરાવી તેમણે નોંધપાત્ર પરિણામ મેળવ્યું છે. તેમના મતે ફિટનેસનો અર્થ માત્ર શરીર પાતળું બનાવવો નથી, પરંતુ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવું એ સાચી ફિટનેસ છે. મહિલાઓમાં ફિટનેસ અંગે વધુ જાગૃતિ ફેલાય તે હેતુથી દીપ્તિબેન દર રવિવારે સવારે ભુજના સ્મૃતિવન ખાતે નિઃશુલ્ક જુમ્બા સેશનનું આયોજન કરે છે. આ પ્રવૃત્તિમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ રહી છે અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરાઈ રહી છે. તેમની આ પહેલને મહિલાઓ તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ફિટનેસ ટ્રેનિંગ ઉપરાંત દીપ્તિબેને ડાયટિશિયનનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો છે. તેઓ વ્યક્તિગત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડાયટ પ્લાન તૈયાર કરે છે અને યોગ્ય આહાર સાથે વ્યાયામનું માર્ગદર્શન આપે છે. તેમના મતે યોગ્ય આહાર અને નિયમિત કસરત દ્વારા દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. ફિટનેસ ક્ષેત્ર સિવાય દીપ્તિબેન સિલાઈ, ડિઝાઈનર ડ્રેસ, હેન્ડવર્ક ભરતકામ અને મહેંદી ડિઝાઈનિંગ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પણ નિપુણતા ધરાવે છે. ઘર, પરિવાર અને વ્યવસાય વચ્ચે સંતુલન જાળવી તેઓ અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બન્યા છે.

તેમના પતિ મુન્દ્રા સ્થિત શિપિંગ કંપની સાથે સંકળાયેલા છે. દીપ્તિબેન પોતાની સફળતાનો શ્રેય પરિવારના સહકારને આપે છે. તેમના જણાવ્યા મુજબ પરિવાર તરફથી મળેલા પ્રોત્સાહન અને વિશ્વાસના કારણે જ તેઓ પોતાના સપનાઓને સાકાર કરી શક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા' અભિયાનના સંદેશને સમાજ સુધી પહોંચાડવાના હેતુ સાથે દીપ્તિબેન સતત કાર્યરત છે. મહિલાઓને સ્વસ્થ, આત્મવિશ્વાસુ અને સશક્ત બનાવવા માટે તેઓ કરી રહેલી કામગીરી આજે કચ્છમાં ફિટનેસ ક્ષેત્રે એક પ્રેરણાદાયી ઉદાહરણ બની છે.

# ભુજમાં ઝુપડપટ્ટી વિસ્તારમાં કેસર કેરીનું વિતરણ કરાયું

ભુજ - કચ્છ ઉદય : શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા છેલ્લા ઘણા દાયકાથી ભુજ શહેરની અંદર વિવિધ સેવા કાર્યો કરે છે ભુજ તાલુકાના કેરા ગામના નયનાબેન કેરાઈ દ્વારા કેસર કેરી મળતા તેનું વિતરણ ભુજ ખાતે કરવામાં આવ્યું હતું.

સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા ભૂંગા અને ઝુંપડાઓમાં રહેતા બાળકોને કેસર કેરી આપવામાં આવી હતી. જેમાં દર્શકભાઈ અંતાણી, અંકિતાબેનધોકાઈ, નર્મદાબેન ગામોટ, માલશ્રીબેન ગઢવી, રાજુલાબેન શાહ, નરેન્દ્રભાઈ સ્વાદીયા, જટુભાઈ ડુડીયા વગેરે જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, કેરા ગામના નયનાબેન કેરાઈ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ભુજ શહેરની અંદર સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા યોજાતા કાર્યક્રમમાં આર્થિક રીતે સહયોગ આપી રહ્યા છે. તાજેતરમાં તેમના દ્વારા ભુજ શહેરના જરૂરીયાત મંદ બાળકોને શૈક્ષણિક સાધનો મળે તે માટે તેમના પ્રયાસોથી દાતા દ્વારા યોગદાન મળ્યું છે જેનું વિતરણ અત્યારે ચાલુમાં છે. ભુજ શહેરમાં અલગ અલગ અલગ અલગ વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી વિવિધ સેવા કર્યો કરવામાં આવે છે.

# શિક્ષણના વિકાસ માટે નવા હોસ્ટેલ ભવનનો પ્રારંભ

**રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે બનનારા ભવન માટે સમાજના દાતાશ્રીઓને સહયોગની અપીલ**

ભુજ-કચ્છ ઉદય : ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી દ્વારા સંચાલિત મ્યુઝ કેમ્પસ ખાતે નવા હોસ્ટેલ ભવનના નિર્માણ કાર્યની પાયાવિધિ મુફ્તી-એ-આઝમ કચ્છ સૈયદ હાજી અમીનશા બાવાના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે શિક્ષણ, હોસ્ટેલ, શાળા અને આરોગ્ય ક્ષેત્રે સમાજના સખી દાતાઓને ઉદાર હાથે દાન આપવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન હાજી અલીમોહમ્મદભાઈ જતે જણાવ્યું હતું કે નવા ભવનને 'સૈયદ હાજી અહમદશા બુખારી હોસ્ટેલ' નામ આપવામાં આવ્યું છે. અંદાજે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ હોસ્ટેલ ભવનમાં એક રૂમનો ખર્ચ રૂ. ૪.૫૧ લાખ જેટલો થશે. જે દાતાશ્રીઓ આ રકમ અથવા તેથી વધુનું યોગદાન આપશે, તેમના નામની તકતી રૂમ પર લગાવવામાં આવશે.

મુફ્તી-એ-આઝમ કચ્છે જણાવ્યું હતું કે સમાજના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રહેવાની સુવિધા મળે તે માટે આવા પ્રકલ્પો સમયની જરૂરિયાત છે. સમાજના આગેવાનો અને દાતાશ્રીઓએ આ કાર્યમાં વધુને વધુ સહભાગી બની ભાવિ પેઢીના ઘડતરમાં યોગદાન આપવું જોઈએ.

કાર્યક્રમ દરમિયાન વાઈસ ચેરમેન હાજી અમીરઅલીભાઈ લોઢિયાએ સંસ્થાની કામગીરીનો પરિચય આપ્યો હતો. સેક્રેટરી હાજી જુમાભાઈ નોડેએ સ્વાગત પ્રવચન આપ્યું હતું, જ્યારે પૂર્વ ચેરમેન સૈયદ હાજી અબ્દુલરસુલશાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, શાળાના પ્રિન્સિપાલો, સ્ટાફગણ તેમજ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્રે સમાજના સહયોગ અને સંકલ્પની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ગાંધીધામના નેત્રકેમ્પમાં ૮૦ દર્દીઓને મળ્યો પ્રકાશનો માર્ગ

**૧૦૯મા નેત્રયજ્ઞમાં ૩૦ દર્દીઓના નિઃશુલ્ક ઓપરેશન : લોહાણા સમાજના કોર્પોરેટરોનું કરાયું સન્માન**

ગાંધીધામ - કચ્છઉદય : સમાજસેવા અને આરોગ્યસેવાને સમર્પિત રણછોડદાસ બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ તથા રઘુવંશી જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીધામ ખાતે આયોજિત ૧૦૯મા નેત્ર નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ મેળવ્યો હતો. વર્ષોથી સતત ચાલી રહેલી આ સેવાકીય પ્રવૃત્તિ હેઠળ આ વખતે ૮૦ દર્દીઓની આંખોની નિષ્ણાત તબીબો દ્વારા તપાસ કરવામાં આવી હતી, જ્યારે ૩૦ દર્દીઓને નિઃશુલ્ક ઓપરેશન માટે રાજકોટ મોકલવામાં આવ્યા હતા.

કેમ્પના પ્રારંભે દીપપ્રાગટ્ય સાથે કાર્યક્રમને શુભ શરૂઆત આપવામાં આવી હતી. પ્રસંગે લોહાણા સહિયર ગ્રુપના પ્રમુખ હેમાંગીબેન કોઠારી, મંત્રી સારિકાબેન કતીરા, ગીતાબેન ગણાત્રા, કોમલબેન, મીતલબેન, ભારતીબેન, જલપાબેન, વિપુલાબેન, શિલ્પાબેન, રક્ષાબેન, રમાબેન, સંગીતાબેન તેમજ લોહાણા મહાજનના ટ્રસ્ટી રમેશ મજીઠિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ગાંધીધામ મહાનગરપાલિકામાં લોહાણા સમાજનું પ્રતિનિધિત્વ કરતા નવનિયુક્ત કોર્પોરેટર ભરત મીરાણી અને અનિતાબેન દક્ષિણીનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનોએ બંને પ્રતિનિધિઓને જનસેવાના કાર્યોમાં સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

નેત્ર નિદાન કેમ્પમાં રાજકોટથી આવેલા નિષ્ણાત તબીબોની ટીમે દર્દીઓની વિગતવાર તપાસ કરી હતી. તપાસ બાદ જરૂરી સારવાર ધરાવતા ૩૦ દર્દીઓને બસ મારફતે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના સફળ નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયામાં દર્દીઓની સુવિધા અને સંભાળ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવા બળવંત રૈયા, હરિલાલ મજીઠિયા, બચુલાલ કોટક, જગદીશ સાયતા, મોહનલાલ કોટક, ભરત મારાજ, સુરેશ વીરજી, સાવન ચંદે, અશોક રેલોન, ધીરૂભાઈ કોટક, ધરમશીભાઈ, પ્રેમજીભાઈ રાજદે, પ્રવીણ ગણાત્રા, ધનાભાઈ આહીર, રસિકલાલ અખાણી અને વિશનજી અમરશી સહિતના સેવાભાવીઓએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. અશોક સચદેએ સંચાલન અને આભારવિધિ કરી હતી. આયોજક સંસ્થાઓએ લોહાણા મહાજન, તબીબો, દાતાશ્રીઓ અને સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આવનારા સમયમાં પણ જરૂરિયાતમંદ દર્દીઓ માટે આવા આરોગ્યલક્ષી સેવાયજ્ઞો સતત ચાલુ રાખવામાં આવશે.

# ફિફા ૨૦૨૬ :ફાઇનલમાં ગત ચેમ્પિયન આર્જેન્ટિનાને ૧-૦થી હરાવી સ્પેન ચેમ્પિયન



## એક્સ્ટ્રા ટાઈમમાં ફેરાન ટોરેસના ગોલથી સ્પેને ૧૯ વર્ષનો દુકાળ ખતમ કર્યો : લિયોનેલ મેસીની આગેવાની હેઠળની આર્જેન્ટિનાની ટીમ ટાઈટલ ડિફેન્ડ કરવામાં નિષ્ફળ રહી

ન્યુ જર્સી : અહીંના પ્રખ્યાત મેટલાઇફ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની હાઈ-વોલ્ટેજ અને રોમાંચક ફાઇનલ મેચમાં સ્પેને શાનદાર પ્રદર્શન કરીને ગત ચેમ્પિયન આર્જેન્ટિનાને ૧-૦થી પરાજય આપ્યો છે. આ શાનદાર જીત સાથે સ્પેને ફૂટબોલ જગત પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરી દીધું છે અને ૧૬ વર્ષ લાંબો વર્લ્ડ કપનો દુકાળ ખતમ કર્યો છે. અગાઉ સ્પેનિશ ટીમ વર્ષ ૨૦૧૦માં ચેમ્પિયન બની હતી. બીજી તરફ, લિયોનેલ મેસીની આગેવાની હેઠળની આર્જેન્ટિનાની ટીમ પોતાનું ટાઈટલ ડિફેન્ડ કરવામાં નિષ્ફળ રહી હતી, જેના કારણે સતત બે વાર વર્લ્ડ કપ જીતવાનો ઈટાલી અને બ્રાઝિલનો ઐતિહાસિક રેકોર્ડ બરાબરી કરવાની તક પણ તેમણે ગુમાવી દીધી હતી. મેચની અંતિમ વ્હીસલ વાગતાં જ મેદાન પર લિયોનેલ મેસી અત્યંત ભાવુક થઈને રડતો જોવા મળ્યો હતો. આ મહામુકાબલામાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. નિર્ધારિત ૯૦ મિનિટના નિયમિત સમય સુધી બંનેમાંથી એકપણ ટીમ ગોલ કરી શકી નહોતી અને સ્કોર ૦-૦ ની બરાબરી પર રહ્યો હતો, જેના કારણે મેચ એક્સ્ટ્રા ટાઈમમાં પ્રવેશી હતી. મેચની ૧૦૬મી મિનિટે સ્પેન માટે સબસ્ટિટ્યૂટ ખેલાડી તરીકે મેદાનમાં આવેલા ફેરાન ટોરેસે નિકો વિલિયમ્સના શાનદાર પાસ પર ગોલ ફટકારીને સ્પેનને ૧-૦ની નિર્ણાયક લીડ અપાવી હતી, જે મેચના અંત સુધી જળવાઈ રહી હતી. આ ગોલ સાથે ફેરાન ટોરેસ સ્પેનની જીતનો અસલી હીરો બન્યો હતો.

આખી મેચ દરમિયાન સ્પેનનું સંપૂર્ણ પ્રભુત્વ જોવા મળ્યું હતું અને આર્જેન્ટિનાના સુપરસ્ટાર કેપ્ટન લિયોનેલ મેસીનો જાદુ બિલકુલ ચાલ્યો નહોતો. સ્પેનિશ ડિફેન્ડર્સે મેસીને આખી મેચ દરમિયાન જકડી રાખ્યો હતો, જેના કારણે તે લાચાર દેખાયો હતો. મેચના આંકડા અનુસાર પ્રથમ હાફમાં સ્પેન પાસે ૬૫ ટકા અને બીજા હાફમાં ૬૮ ટકા બોલ પઝેશન રહ્યું હતું. સ્પેને ગોલપોસ્ટ પર ઘણા સચોટ પ્રહારો કર્યા હતા, જેનો આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે પ્રશંસનીય બચાવ કર્યો હતો, જ્યારે આર્જેન્ટિના આખી મેચમાં એક પણ શૉટ ઓન ટાર્ગેટ લગાવી શકી નહોતી. મેચના અંતિમ સમયમાં આર્જેન્ટિનાના એન્ઝો ફર્નાન્ડીઝને બીજો યલો કાર્ડ મળતાં રેડ કાર્ડ આપી મેદાનની બહાર મોકલી દેવાયો હતો, જે આર્જેન્ટિના માટે મોટો ઝટકો સાબિત થયો હતો. બંને ટીમો માટે ફાઈનલ સુધી પહોંચવાનો રસ્તો ખૂબ જ પડકારજનક રહ્યો હતો. સ્પેને ગ્રુપ સ્ટેજમાં ટોચનું સ્થાન મેળવ્યા બાદ રાઉન્ડ ઓફ-૩૨માં ઓસ્ટ્રિયા, રાઉન્ડ ઓફ-૧૬માં પોર્ટુગલ, ક્વાર્ટર ફાઇનલમાં બેલ્જિયમ અને સેમિફાઇનલમાં મજબૂત ફ્રાન્સને ૨-૦થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ, આર્જેન્ટિનાએ ઈજિપ્ત, સ્વિટ્ઝર્લેન્ડ અને સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે રોમાંચક જીત મેળવીને સતત બીજી વખત ફાઇનલમાં જગ્યા બનાવી હતી. આ ઐતિહાસિક વિજય સાથે સ્પેને આર્જેન્ટિના સામે વર્લ્ડ કપના ઈતિહાસમાં ૬૦ વર્ષ જૂનો હિસાબ પણ બરાબર કરી લીધો છે.

# ભારતની આખા એલચીની નિકાસે તોડ્યો રેકોર્ડ


**એલચીની નિકાસ છેલ્લા બે વર્ષમાં ત્રણ ગણી વધીને ૨૦૨૫-૨૬માં ૪૩૬ મિલિયન ડોલરને પાર પહોંચી : ૬ મહિનામાં આખા લીલા એલચીના ભાવમાં કિલોએ ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો ભાવ વધારો : દિવાળી અને લગ્નસરાની સિઝનમાં મીઠાઈઓ અને મસાલામાં વપરાશ વધતા ભુજ, ગાંધીધામ અને અંજારના બજારોમાં છૂટક વેપાર બન્યો તેજ : વેપારીઓ કેરળથી સીધો માલ મંગાવીને કચ્છથી કંડલા પોર્ટ મારફતે કરે છે નિકાસ**



ભુજ - કચ્છઉદય : ભારત માટે મસાલાના ક્ષેત્રે ગૌરવભર્યા સમાચાર સામે આવ્યા છે. દેશની આખા એલચીની નિકાસ છેલ્લા બે વર્ષમાં ત્રણ ગણી વધીને ૨૦૨૫-૨૬માં ૪૩૬ મિલિયન ડોલરને પાર પહોંચી ગઈ છે. "મસાલાની રાણી" તરીકે ઓળખાતી એલચીની આ તેજીએ ખેડૂતોથી માંડીને નિકાસકારો સુધી બધાને ફાયદો કરાવ્યો છે. આ વધારાનું સૌથી મોટું કારણ મધ્ય પૂર્વના દેશોમાં ભારતીય એલચીની વધતી માંગ છે. સાઉદી અરેબિયા, યુએઈ અને કુવૈતમાં કોફી અને મીઠાઈઓમાં એલચીનો ઉપયોગ ખૂબ થાય છે અને ત્યાં ગુણવત્તા માટે ભારતીય એલચીને સૌથી વધુ પસંદ કરવામાં આવે છે. આ કારણે આંતરાષ્ટ્રીય બજારમાં તેના ભાવ પણ સારા મળી રહ્યા છે. આ સીધી અસર ગુજરાતના મસાલા બજારો પર પણ જોવા મળી રહી છે. અમદાવાદના ખાડિયા અને જામનગર, રાજકોટના જથ્થાબંધ મસાલા માર્કેટમાં છેલ્લા એક વર્ષમાં એલચીના ભાવ અને વેપાર બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે. કચ્છમાં ભુજના હોલસેલ મસાલા બજાર અને માંડવીના વેપારી કેન્દ્રોમાં પણ એલચીની માંગ વધી છે. કચ્છ એક બોર્ડર અને પોર્ટ વિસ્તાર હોવાથી અહીંથી ઘણો મસાલાનો માલ અખાતી દેશોમાં જાય છે. વેપારીઓનું કહેવું છે કે છેલ્લા ૬ મહિનામાં આખા લીલા એલચીના ભાવમાં કિલોએ ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. દિવાળી અને લગ્નસરાની સિઝનમાં મીઠાઈઓ અને મસાલામાં વપરાશ વધતા ભુજ, ગાંધીધામ અને અંજારના બજારોમાં છૂટક વેપાર પણ તેજ બન્યો છે. સ્થાનિક વેપારીઓ કેરળથી સીધો માલ મંગાવીને કચ્છથી કંડલા પોર્ટ મારફતે નિકાસ માટે મોકલી રહ્યા છે. એપીઈડીએના આંકડા મુજબ સરકારે ગુણવત્તા નિયંત્રણ અને બ્રાન્ડિંગ પર ભાર મૂક્યો હોવાથી ખેડૂતોને પણ સારી કિંમત મળી રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ ગતિ યથાવત રહે તો ભારત ફરી એકવાર વિશ્વમાં એલચીનો સૌથી મોટો નિકાસકાર બની શકે છે અને કચ્છ જેવા નિકાસલક્ષી જિલ્લાને તેનો સીધો લાભ મળશે.

# બેઇજિંગમાં યોજાઈ વિશ્વની પહેલી રોબોટ લડાઈ સ્પર્ધા, ૩૨ દેશોના ખેલાડીઓએ લીધો ભાગ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ચીનની રાજધાની બેઈજિંગમાં તાજેતરમાં દુનિયાની પહેલી રોબોટ લડાઈની સ્પર્ધા યોજાઈ હતી. આ અનોખી સ્પર્ધામાં વિશ્વના ૩૨ દેશોની મોટી કંપનીઓ અને યુનિવર્સિટીઓની ટીમોએ ભાગ લીધો હતો. આયોજકોએ સ્પર્ધા માટે કુલ ૧૨ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનારા તમામ રોબોટ માણસ જેવા બે પગ પર ચાલી શકતા હતા અને તેમના હાથ-પગ પણ માણસની જેમ જ હતા. લડાઈ બોક્સિંગના નિયમો પ્રમાણે થઈ. દરેક મુકાબલો ત્રણ રાઉન્ડનો હતો અને એક રાઉન્ડ બે મિનિટનો રહ્યો. રોબોટને દૂર બેઠેલા સંચાલકો નિયંત્રિત કરતા હતા. મુક્કા, લાત અને ધક્કા મારીને સામે વાળા રોબોટને પાડવાનું હતું. જો કોઈ રોબોટ જમીન પર પડી જાય તો તેને આઠ




સેકન્ડમાં પાછું ઊભું થવું પડતું, નહીંતર તે હારી જતો.

સ્પર્ધા દરમિયાન ઘણા રોબોટ સંતુલન ગુમાવીને પડ્યા અને કેટલાકના હાથ-પગમાં તૂટફૂટ પણ થઈ. તેમ છતાં પ્રેક્ષકો માટે આ નજારો ખૂબ આકર્ષક રહ્યો. મેદાન ખીચોખીચ ભરાયું હતું અને લોકોએ તાળીઓથી ખેલાડી રોબોટને પ્રોત્સાહન આપ્યું. અંતિમ મુકાબલામાં ચીનની એક ટીમના રોબોટે જીત મેળવીને પહેલો વિશ્વ વિજેતાનો ખિતાબ પોતાના નામે કર્યો.

ચીનની સરકારનું કહેવું છે કે આ સ્પર્ધા માત્ર મનોરંજન માટે નહોતી. તેનો મુખ્ય હેતુ રોબોટની ચાલવાની શક્તિ, સંતુલન અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતાને ચકાસવાનો હતો. ભવિષ્યમાં આવા રોબોટને કારખાનામાં, બચાવ કાર્યમાં અને ખતરનાક જગ્યાએ માણસોની જગ્યાએ કામે લગાડી શકાય તે માટે આ પ્રયોગ કરવામાં આવ્યો. નિષ્ણાતો માને છે કે આવી સ્પર્ધાઓથી રોબોટવિદ્યાના ક્ષેત્રમાં મોટી પ્રગતિ થશે અને આવનારા સમયમાં રોબોટ આપણા રોજિંદા જીવનનો ભાગ બની જશે.

# સોશિયલ મીડિયાના યુગમાં પત્રકારત્વ માટે નિયમોની જરૂર : દિલ્હી હાઈકોર્ટ

**મોબાઇલ અને માઈક્રોફોન ધરાવતી દરેક વ્યક્તિ પત્રકાર બની શકતી નથી, પ્રેસની આઝાદી સાથે જવાબદારી પણ જરૂરી**

નવી દિલ્હી : દિલ્હી હાઈકોર્ટે પ્રેસની સ્વતંત્રતા અને સોશિયલ મીડિયાના વધતા પ્રભાવ અંગે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતાં જણાવ્યું છે કે આજના સમયમાં મોબાઈલ ફોન અને માઈક્રોફોન ધરાવતી દરેક વ્યક્તિ પોતાને પત્રકાર ગણાવવા લાગી છે, પરંતુ પત્રકારત્વ માટે માત્ર સાધનો પૂરતા નથી. પત્રકારત્વ સાથે તાલીમ, નૈતિકતા, જવાબદારી અને કાયદાની સમજ પણ એટલી જ જરૂરી છે. જસ્ટિસ ગિરીશ કથપાલિયાએ જણાવ્યું હતું કે પ્રેસની સ્વતંત્રતા લોકશાહીનો મજબૂત અને અનિવાર્ય સ્તંભ છે. જોકે, આ સ્વતંત્રતાનો ઉપયોગ ગેરજવાબદાર પત્રકારત્વ, ધમકી, દબાણ અથવા કાયદો અને વ્યવસ્થાને અસર પહોંચાડે તેવી સામગ્રી પ્રસારિત કરવા માટે થઈ શકે નહીં. પ્રેસને મળેલા અધિકારો સાથે જવાબદારીઓનું પાલન કરવું પણ જરૂરી છે.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું કે સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના વધતા ઉપયોગને કારણે મીડિયા ક્ષેત્રમાં મોટા ફેરફારો આવ્યા છે. આવી સ્થિતિમાં હવે સમય આવી ગયો છે કે ધારાસભા મીડિયા માટે યોગ્ય નિયમનકારી માળખા અંગે વિચારણા કરે. આ માળખું એક તરફ પ્રેસની સ્વતંત્રતાનું રક્ષણ કરે અને બીજી તરફ વ્યાવસાયિક ધોરણો, નૈતિક મૂલ્યો, કાયદાના શાસન, નાગરિકોના અધિકારો અને જનહિતનું પણ સંરક્ષણ સુનિશ્ચિત કરે.

કોર્ટે આ ટિપ્પણી એક અનધિકૃત કોલોનીમાં વીડિયો રેકોર્ડિંગ કરી રહેલા બે ફ્રીલાન્સ યુટ્યુબ રિપોર્ટરો પર થયેલા હુમલાના કેસની સુનાવણી દરમિયાન કરી હતી. હાઈકોર્ટના આ અવલોકનોને ડિજિટલ યુગમાં વધતા બિનવ્યવસાયિક પત્રકારત્વ અને સોશિયલ મીડિયા આધારિત સમાચાર પ્રસારણ અંગેની ગંભીર ચેતવણી તરીકે જોવામાં આવી રહ્યા છે.

# બુલેટ ટ્રેનનો બીજો ટનલ બોરિંગ મશીન થાણે ક્રીક નીચે ખોદકામ માટે શરૂ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે થાણે ક્રીક નીચેથી પસાર થનારી ટનલના ખોદકામ માટે બીજું ટનલ બોરિંગ મશીન કામે લાગી ગયું છે. આ ટનલ સમુદ્રની સપાટીથી લગભગ ૨૫ થી ૬૫ મીટર નીચે બનાવવામાં આવશે અને તેની લંબાઈ લગભગ ૭ કિલોમીટર હશે. આ ટનલ મહારાષ્ટ્રના શિલફાટા અને ગુજરાતના વાપી વચ્ચેના માર્ગનો મહત્વનો ભાગ છે.

ટનલનો એક ભાગ જમીનની નીચે અને બીજો ભાગ થાણે ક્રીકના પાણીની નીચેથી પસાર થશે. આ પ્રકારની દરિયાઈ ટનલ ભારતમાં પહેલી વાર બનાવવામાં આવી રહી છે.

પ્રથમ ગયા વર્ષે શરૂ કરવામાં આવ્યું હતું અને હવે બીજા મશીનની મદદથી ખોદકામની ઝડપ બમણી થશે. અધિકારીઓના કહેવા મુજબ આ ટનલ બુલેટ ટ્રેનને મુંબઈ અને ગુજરાત વચ્ચે ઝડપી અને સુરક્ષિત જોડાણ આપશે. પ્રોજેક્ટ ૨૦૨૭ સુધીમાં સુરત-બિલિમોરા સેક્શન અને તબક્કાવાર આખો કોરિડોર શરૂ કરવાનું લક્ષ્ય ધરાવે છે. થાણે ક્રીકની આ ટનલ પૂર્ણ થયા બાદ બુલેટ ટ્રેન માત્ર ૨ કલાકમાં મુંબઈથી અમદાવાદ પહોંચાડશે તેવી અપેક્ષા છે.

# કેમ્બ્રિજશાયર ઝૂ દુર્ઘટનાઃ મગરના પાંજરામાં ફેંકાયેલા 3 વર્ષના બાળકની તબિયતમાં ચમત્કારિક સુધારો

કેમ્બ્રિજશાયર : ગયા મહિને યુકેના કેમ્બ્રિજશાયરમાં હંટીંગડન નજીક આવેલા 'જોન્સન્સ ઓફ ઓલ્ડ હર્સ્ટ' પ્રાણી સંગ્રહાલયમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં પીડિત ત્રણ વર્ષના માસૂમ બાળકની તબિયતમાં હવે નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. ૧૮ જૂનના રોજ બનેલી આ ઘટનામાં, એક 30 વર્ષીય અજાણ્યા શખ્સે માસૂમ બાળકને ચાર ફૂટ ઊંચી સુરક્ષા વાડ પરથી સીધો ૧૦ થી ૧૫ મગરોથી ભરેલા પાંજરામાં ફેંકી દીધો હોવાનો ગંભીર આરોપ છે. તે સમયે પ્રાણી સંગ્રહાલયના સ્ટાફ અને માલિક ટ્રેસી જોન્સને અપ્રતિમ બહાદુરી બતાવી તાત્કાલિક પાંજરામાં કૂદીને બાળકને હેમખેમ બહાર કાઢ્યો હતો, ત્યારબાદ તેને એર એમ્બ્યુલન્સ મારફતે કેમ્બ્રિજની એડનબ્રુક હોસ્પિટલમાં ખસેડાયો હતો.

હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ છેલ્લા ચાર સપ્તાહમાં બાળકની નાની ઉંમરે સાત જેટલી જટિલ સર્જરી કરવામાં આવી છે. આ અઠવાડિયે જ તબીબોએ તેના ડાબા હાથની ક્ષમતા પાછી લાવવા માટે 'નર્વ ગ્રાફ્ટ' (ચેતા પ્રત્યારોપણ) નામનું જટિલ ઓપરેશન કર્યું હતું, જેમાં બાળકના પગમાંથી નર્વ લઈને હાથમાં જોડવામાં આવી છે. શરૂઆતમાં ચેપ અને ઈજાના કારણે હાથ કાપી નાખવો પડે તેવી ભીતિ સેવાતી હતી, પરંતુ તબીબોની મહેનત રંગ લાવી છે. જોકે, આ નર્વ ગ્રાફ્ટ સર્જરી કેટલી સફળ રહી છે તેનો ચોક્કસ ખ્યાલ આગામી થોડા મહિનાઓ પછી જ આવી શકશે.

આ ભયાનક આઘાતમાંથી બહાર આવી રહેલા બાળકના માતા-પિતાએ ભાવુક થઈને જણાવ્યું હતું કે, તેમનો "રમતિયાળ દીકરો" હવે ફરીથી વાત કરતો થયો છે અને તેના ચહેરા પર હાસ્ય પાછું ફર્યું છે. તે હોસ્પિટલના બિછાનેથી જ પોતાના પગ વડે રમી રહ્યો છે. તબીબોના મતે ટૂંક સમયમાં જ તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવશે અને તે પોતાના ઘરે પરત ફરી શકશે. બીજી તરફ, આ આર્થિક અને માનસિક કટોકટીના સમયે બાળકની દાદી દ્વારા લાંબા ગાળાના તબીબી પુનર્વસન ખર્ચ માટે પ્લેટફોર્મ પર એક આર્થિક મદદની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ ઝુંબેશને વૈશ્વિક સ્તરે જનતાનો ભારે પ્રતિસાદ મળ્યો છે અને અત્યાર સુધીમાં ૬૯,૦૦૦ પાઉન્ડ (અંદાજે ૭૩ લાખ રૂપિયાથી વધુ)નું ભંડોળ એકત્ર થઈ ચૂક્યું છે.

સ્થાનિક પોલીસે આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈને બાળકની હત્યાના પ્રયાસના ગુના હેઠળ ઘટનાસ્થળેથી જ 30 વર્ષના શખ્સની ધરપકડ કરી હતી. જોકે, પ્રાથમિક પૂછપરછ અને તબીબી-માનસિક મૂલ્યાંકન કર્યા બાદ, આરોપીને આગામી સપ્ટેમ્બર મહિના સુધી શરતી જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે અને કેસની વધુ તપાસ ચાલી રહી છે. એક માસૂમ બાળકે આટલી નાની ઉંમરે આવી કાળઝાળ પીડા અને ભયનો સામનો કર્યા બાદ જે રીતે જિંદગીની જંગ જીતી છે, તે તેના પરિવાર સહિત સમગ્ર માનવતા માટે એક મોટી રાહત અને ચમત્કાર સમાન છે.

# રાજ્યો વચ્ચે છેલ્લા ૨૦ વર્ષથી ચાલતા નર્મદા જળવિવાદ અંગે ઐતિહાસિક સમજુતી



**નર્મદાના જળવિવાદનો ગૃહમંત્રી અમિત શાહની મધ્યસ્થી અને કુનેહભરી સમજાવટથી જળ વહેચણી, ખર્ચ વહેંચણી, બાકી રહેતા નાણાકીય લેણા, પુનર્વસન ખર્ચ, જમીનનો સંપાદનનું વળતર અને વ્યાજ જેવા મુદ્દાઓનું સમાધાન કરાયું : ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યના લાંબા સમયથી લટકતા પ્રશ્નોનો અંત**

ભુજ - કચ્છઉદય : ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યો વચ્ચે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક કરાર થયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યો હતો. છેલ્લા ૨૦ વર્ષથી ચાલ્યા આવતા વિવાદનો આ કરારની સાથે ઉકેલ આવી ગયો છે. સરદાર સરોવર પ્રોજેક્ટના નિર્માણ ખર્ચની વહેંચણી અને નર્મદા જળ વિવાદ ટ્રિબ્યુનલના વર્ષ ૧૯૭૯ના એવોર્ડ મુજબના બાકી લેણાં અંગેનો દાયકાઓ જૂનો વિવાદ આ એક 'વન-ટાઈમ સેટલમેન્ટ' એટલે કેએક વખતની પતાવટ દ્વારા ઉકેલાઈ ગયો છે.આ કરાર હેઠળ પ્રોજેક્ટ સાથે જોડાયેલા બાકી નાણાકીય લેણાં, પુનર્વસન ખર્ચ, જમીન સંપાદનનું વળતર અને વ્યાજ જેવા મુદ્દાઓનું સમાધાન કરવામાં આવ્યું છે.આ કરારથી ગુજરાત મહારાષ્ટ્ર રાજસ્થાન અને મધ્યપ્રદેશ એમ ચારેય? રાજ્યો વચ્ચે પાણીના ઉપયોગ અને પ્રોજેક્ટના સંચાલન અંગેના લાંબા સમયથી લટકતા પ્રશ્નોનો અંત આવ્યો છે, જે સહકારી સંવાદનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.આ કરાર મહારાષ્ટ્ર માટે પણ ખૂબ જ મહત્વનો છે, કારણ કે તેનાથી નર્મદા પ્રોજેક્ટ સંબંધિત નાણાકીય જવાબદારીઓ સ્પષ્ટ થઈ છે અને પ્રોજેક્ટના હિતોનું રક્ષણ થયું છે. આ પગલાથી ભવિષ્યમાં નર્મદાના પાણીના યોગ્ય ઉપયોગ અને તેનાથી સિંચાઈ અને વીજળીના મળતા લાભો વધુ સરળતાથી મેળવવાનો માર્ગ મોકળો થયો છે., ૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ થયેલો આ કરાર સરદાર સરોવર પ્રોજેક્ટને લગતા તમામ બાકી નાણાકીય વિવાદોને કાયમી ધોરણે પૂર્ણ કરે છે.નર્મદા નદીના પાણીની વહેંચણી અને મહારાષ્ટ્રને મળતા હિસ્સા અંગેની સ્થિતિ નીચે મુજબ છે.

નર્મદા જળ વિવાદ ટ્રિબ્યુનલના અંતિમ ચુકાદા મુજબ, મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર વચ્ચે પાણીની ફાળવણી નક્કી કરવામાં આવી છે. આ અંગેની મહત્વની વિગતો આ મુજબ છે. મહારાષ્ટ્રનો હિસ્સો ટ્રિબ્યુનલના આદેશ મુજબ, મહારાષ્ટ્રને નર્મદા યોજનામાંથી વાર્ષિક ૦.૨૫ મિલિયન એકર ફીટ પાણી વાપરવાની મંજૂરી આપવામાં આવી છે. આ પાણીનો મુખ્ય ઉપયોગ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સિંચાઈ માટે કરવાનો છે.મહારાષ્ટ્ર સરકાર અને નર્મદા કંટ્રોલ ઓથોરિટી વચ્ચે આ અંગે સ્પષ્ટ કરાર અને સમજૂતી પહેલેથી જ અસ્તિત્વમાં છે. મહારાષ્ટ્ર આ પાણીનો ઉપયોગ મુખ્યત્વે 'લિફ્ટ ઈરિગેશન' પ્રોજેક્ટ્સ દ્વારા કરી રહ્યું છે.નર્મદા કંટ્રોલ ઓથોરિટી મહારાષ્ટ્રને ફાળવાયેલા પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો અને કયા પ્રોજેક્ટ્સ દ્વારા તે પહોંચાડવું, તેનું મોનિટરિંગ દ્વારા કરવામાં આવે છે.

હાલમાં મહારાષ્ટ્ર તેના ફાળવેલા હિસ્સાનો ઉપયોગ કરવા માટે વિવિધ નાના અને મધ્યમ કદના સિંચાઈ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે.હાલમાં ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે નર્મદાના પાણીને લઈને કોઈ નવો વિવાદ કે અસહમતી નથી. બંને રાજ્યો ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરાયેલ માળખા મુજબ કામ કરી રહ્યા છે.મહારાષ્ટ્ર સરકાર તેના હિસ્સાનું પાણી મેળવવા માટે નર્મદા નદીના ડાબા કાંઠા પરના વિસ્તારોમાં નહેર અને પમ્પિંગ સ્ટેશનનું નેટવર્ક વિસ્તારી રહી છે. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય મહારાષ્ટ્રના આદિવાસી અને પછાત વિસ્તારોમાં પીવાનું પાણી અને ખેતી માટે સિંચાઈની સુવિધા પૂરી પાડવાનો છે.મહારાષ્ટ્રને નર્મદાના પાણી આપવાનો મુદ્દો વર્ષો પહેલાં જ નર્મદા જળ વિવાદ ટ્રિબ્યુનલના ચુકાદા દ્વારા ઉકેલાઈ ગયો છે. લેટેસ્ટ અપડેટ એ જ છે કે મહારાષ્ટ્ર સરકાર આ પાણીનો ઉપયોગ કરવા માટેની માળખાકીય સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને તેને ફાળવાયેલા ૦.૨૫ એમએએફ પાણી મેળવવા માટે તે હકદાર છે.

## ઈરાનનું ચલણ રેકોર્ડ નીચલા સ્તરે, નવેસરના સંઘર્ષથી અર્થતંત્રને ખતરો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઈરાની રિયાલ અમેરિકી ડોલર સામે ૧.૯૫ મિલિયનના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો. જુલાઈની શરૂઆતમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો નાજુક યુદ્ધવિરામ તૂટવા લાગ્યો ત્યારથી તે લગભગ ૧૦ ટકા ઘટ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના બંદરો પર ફરી નાકાબંધી લાદી અને ઈરાની તેલના વેચાણ માટે આપવામાં આવેલી છૂટ રદ કરી તેના પછી આ ઘટાડો જોવા મળ્યો. આ પગલાથી ઈરાનની વિદેશી આવકના મુખ્ય સ્ત્રોત પર સીધી અસર પડી અને નવા સંઘર્ષના ભયને કારણે બજારમાં ગભરાટ ફેલાયો છે. તેલની નિકાસ પર ફરીથી પ્રતિબંધ અને અમેરિકા-ઈરાન તણાવને કારણે બજારમાં અસ્થિરતા વધી છે. રિયાલ નબળો પડવાથી આયાત મોંઘી થશે અને ઈરાનમાં મોંઘવારીનું દબાણ વધુ વધવાની શક્યતા છે.

# સુપ્રીમ કોર્ટનો આદેશ : પાકિસ્તાન સરહદે ધ્વંસ પર રોક, કચ્છના ગામોને પણ રાહત

ભુજ - કચ્છઉદય : સુપ્રીમ કોર્ટે દેશની પાકિસ્તાન સાથેની સરહદ પર ગેરકાયદેસર ગણાતા બાંધકામો તોડવાની કાર્યવાહી પર તાત્કાલિક બે અઠવાડિયા માટે રોક લગાવી દીધી છે. આદેશથી ગુજરાતના કચ્છ જિલ્લા સહિત સરહદી વિસ્તારોમાં રહેતા હજારો લોકોને હાલની રાહત મળી છે. કચ્છનો ૪૫૦ કિમી લાંબો દરિયાઈ અને જમીની બોર્ડર પાકિસ્તાન સાથે જોડાયેલો છે. અહીં નારાયણ સરોવર, કોટેશ્વર, લખપત જેવા વિસ્તારોમાં વર્ષોથી માછીમાર અને ખેડૂત પરિવારો વસે છે. તાજેતરમાં સરહદી સુરક્ષા અને ગેરકાયદેસર બાંધકામ હટાવવાના નામે કેટલાક ગામોમાં નોટિસો અપાતા લોકોમાં ભયનો માહોલ હતો. અરજીકર્તાઓએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે આ લોકો દાયકાઓથી અહીં રહે છે અને અચાનક ઘર તોડવાથી તેઓ બેઘર થઈ જશે. આ દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા સૌથી ઉપર છે, પરંતુ સામાન્ય નાગરિકોને પણ કાયદેસરની પ્રક્રિયા અને પુનર્વસન વિના હટાવી ન શકાય. કોર્ટે કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્યોને નિર્દેશ આપ્યો કે આગામી બે અઠવાડિયા સુધી કોઈપણ ધ્વંસની કાર્યવાહી ન કરવામાં આવે. આ સમયમાં કોર્ટ સરકાર પાસેથી ધ્વંસના કારણો અને વૈકલ્પિક વ્યવસ્થાની વિગતો માંગશે. કચ્છના સરહદી ગામોના લોકોએ આ નિર્ણયને આવકાર્યો છે. તેમનું કહેવું છે કે સુરક્ષા જરૂરી છે, પરંતુ તેની સાથે તેમના ઘર-બાર અને આજીવિકાનું પણ રક્ષણ થવું જોઈએ. હવે આગામી સુનાવણીમાં કોર્ટ આ મુદ્દે અંતિમ નિર્ણય લેશે ત્યાં સુધી સરહદી વિસ્તારોમાં સ્થિતિ યથાવત રહેશે.

# મોડેલ સ્કૂલમાં વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ

### શૈક્ષણિક સુવિધાઓમાં વધારો, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને ભવિષ્યના શિક્ષણ વિકાસની જાહેરાત

અંજાર - કચ્છઉદય : અંજારની મોડેલ સ્કૂલ ખાતે દશાબ્દી મહોત્સવ અને કચ્છી નવાં વર્ષ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની દસ વર્ષની શૈક્ષણિક યાત્રાને યાદગાર બનાવતા આ પ્રસંગે શિક્ષણ, સંસ્કાર અને આધુનિક સુવિધાઓના સમન્વયને ઉજાગર કરતાં અનેક કાર્યક્રમો યોજાયા હતા. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આગેવાનોની ઉપસ્થિતિમાં સમગ્ર કેમ્પસ ઉત્સવમય બની ગયો હતો.કાર્યક્રમ દરમિયાન ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા તથા સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજના હસ્તે શાળા પરિસરમાં વિકસાવવામાં આવેલા ઉપવન, જલધારા અને અદ્યતન સાયન્સ લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાની દેવી સરસ્વતી માતાની પ્રતિમાની સ્થાપના પણ કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત સૌએ શિક્ષણ અને સંસ્કારના પ્રતીકરૂપે વધાવી લીધી હતી.પ્રસંગે સંબોધન કરતાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે અંજાર અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વધુ સારી તકો ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે અંજારમાં નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી શરૂ કરવાની પ્રક્રિયા તેમજ પોલીટેકનિક કોલેજ અને વેટનરી કોલેજ કાર્યરત કરવાની યોજનાઓ અંગે માહિતી આપી હતી. આ જાહેરાતોને ઉપસ્થિત લોકોએ વધાવી લીધી હતી.

કાર્યક્રમમાં હાર્મની આર્ટ એન્ડ કલ્ચરના સંસ્થાપક સંજયભાઈ શાહ અને શીતલબેન શાહના સહયોગથી સ્થાપિત સરસ્વતી માતાની પ્રતિમાને વિશેષ આકર્ષણનું કેન્દ્ર માનવામાં આવી હતી. આ ઉપરાંત સુધરાઈ પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા, ઉપપ્રમુખ પરેશભાઈ માલસતર, કારોબારી ચેરમેન પ્રકાશ લોદરિયા, દંડક ગિરીશભાઈ પરમાર, અંજાર વિકાસ સમિતિના મહેન્દ્રભાઈ કોટક, જિલ્લા ભાજપના ખજાનચી સુરેશભાઈ ટાંક, શહેર ભાજપ પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, મહામંત્રી અશ્વિનભાઈ સોરઠિયા, ક્રિપાલસિંહ રાણા, વિરાજબેન દેસાઈ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઈ.આઈ. મહેશદાન ગઢવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.સમારોહ દરમિયાન અભ્યાસ, રમતગમત, સાંસ્કૃતિક અને અન્ય સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામો અને પ્રમાણપત્રો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવતા મહાનુભાવોએ તેમને ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવા પ્રેરણા આપી હતી.

કાર્યક્રમનું સંચાલન શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન તેજસ મહેતા, સંતોષબા ઝાલા અને ઉર્વીબેન જોષીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ હાર્દિકભાઈ પટેલે વ્યક્ત કરી હતી. દશાબ્દી મહોત્સવ અને કચ્છી નવાં વર્ષની આ ઉજવણી માત્ર ઉત્સવ પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ શાળાના વિકાસ, ગુણવત્તાસભર શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતરના સંકલ્પને વધુ મજબૂત બનાવતો પ્રસંગ સાબિત થયો હતો.

# "હે વરુણદેવ, વરસાદ વરસાવો..." નાનાં ભૂલકાંઓની પ્રાર્થનાએ સૌના હૃદય સ્પર્શ્યાં

### આષાઢી બીજ નિમિત્તે આદિપુરની શાળામાં ગાયત્રી હવન, બાળ રથયાત્રા અને સાંસ્કૃતિક ઉજવણી

ગાંધીધામ- કચ્છ ઉદય : આદિપુરની ફન્ગો પ્લે સ્કૂલ ખાતે આષાઢી બીજના પાવન પર્વની અનોખી અને સંસ્કારમય ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓ સાથે બાળકોને જોડવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમોમાં નાનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખાસ કરીને સારા વરસાદ માટે બાળકો દ્વારા કરવામાં આવેલી નિર્દોષ પ્રાર્થનાએ સમગ્ર કાર્યક્રમનું કેન્દ્રબિંદુ બની સૌના હૃદયને સ્પર્શી લીધા હતા.

કાર્યક્રમની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે ગાયત્રી હવનથી કરવામાં આવી હતી. હવન દરમિયાન વિશ્વશાંતિ, સુખ-સમૃદ્ધિ અને સમયસર સારા વરસાદ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો અને પ્રજાજનોની સુખાકારી માટે વરુણદેવને પ્રસન્ન કરવાની ભાવના સાથે વિશેષ પ્રાર્થના યોજાઈ હતી.

આ પ્રસંગે નાનાં ભૂલકાંઓએ પોતાની કાલીઘેલી ભાષામાં ભગવાનને વરસાદ વરસાવવાની વિનંતી કરી હતી. બાળકોના નિખાલસ શબ્દો, નિર્દોષ ભાવનાઓ અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ જોઈ ઉપસ્થિત શિક્ષકો, વાલીઓ અને મહેમાનો ભાવવિભોર બની ગયા હતા. બાળહૃદયમાંથી નીકળેલી પ્રાર્થનાએ સમગ્ર વાતાવરણમાં ભક્તિ, નિર્મળતા અને આશાનો સંદેશ પ્રસરી ગયો હતો.

ઉજવણીના ભાગરૂપે ભવ્ય બાળ રથયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રંગબેરંગી ફૂલો અને ધાર્મિક શણગારથી સજાવાયેલા રથ સાથે બાળકો પરંપરાગત વેશભૂષામાં જોડાયા હતા. ભક્તિગીતો, જયઘોષ અને ધાર્મિક સૂત્રોચ્ચાર વચ્ચે નીકળેલી રથયાત્રાએ સમગ્ર શાળા પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને આષાઢી બીજનું ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. ભારતીય પરંપરામાં વરસાદ, પ્રકૃતિ અને ઋતુચક્રનું સ્થાન શું છે તેની રસપ્રદ માહિતી પણ આપવામાં આવી હતી. બાળપણથી જ સંસ્કાર, સંસ્કૃતિ અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વિકસે તે માટે આવા કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થાય છે તેવું જણાવાયું હતું.

શાળાના મેનેજમેન્ટના પ્રતિનિધિઓ અલ્પા ધર્માણી અને મમતા દલવાડીએ જણાવ્યું હતું કે શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન પણ એટલું જ જરૂરી છે. બાળકોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના અને સામાજિક મૂલ્યો વિકસે તે હેતુથી શાળા દ્વારા નિયમિત રીતે આવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

કાર્યક્રમમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતે સૌએ સારા વરસાદ, હરિયાળી અને સુખાકારી માટે સામૂહિક પ્રાર્થના કરી હતી. નાનાં ભૂલકાંઓની નિર્દોષ પ્રાર્થનાએ આષાઢી બીજની ઉજવણીને યાદગાર બનાવી દીધી હતી.

# અજય'સ કાફેનો ભુજમાં પ્રથમ આઉટલેટ શરૂ કર્યા બાદ જિલ્લામાં વધુ નવા કાફે શરૂ કરવાનું આયોજન

### ગુજરાતમાં ૨૭૨થી વધુ આઉટલેટ્સનું વિશાળ નેટવર્ક ધરાવતી અગ્રણી કાફે ચેઇન હવે સરહદી જિલ્લાના અર્થતંત્ર અને રોજગાર સર્જનમાં ભાગીદાર બનશે







ભુજ - કચ્છઉદય : ગુજરાતની સૌથી મોટી અને અગ્રણી કાફે ચેઈન્સમાં સ્થાન ધરાવતા અજય'સ કાફે દ્વારા કચ્છ ક્ષેત્રમાં સત્તાવાર રીતે પોતાનો ભવ્ય પ્રવેશ કરી દેવામાં આવ્યો છે. બ્રાન્ડે ૧૮ જૂનના રોજ ભુજ ખાતે પોતાના પ્રથમ આઉટલેટનું લોન્ચિંગ કર્યું છે, જે કંપનીની અત્યાર સુધીની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ૨૭૨થી વધુ આઉટલેટ્સ સાથે મજબૂત હાજરી ધરાવતી આ બ્રાન્ડનું કચ્છમાં આ નવું વિસ્તરણ પ્રાદેશિક વિકાસ, સ્થાનિક સ્તરે રોજગાર સર્જન અને રાજ્યભરમાં બ્રાન્ડની પકડ વધુ મજબૂત કરવાની દિશામાં એક મોટું કદમ છે. આ આઉટલેટની શરૂઆત સાથે જ કંપનીએ આગામી દિવસોમાં સમગ્ર કચ્છ પ્રદેશમાં નવા ૮ થી ૧૦ કાફે શરૂ કરવાની એક વ્યાપક યોજના પણ બનાવી છે, જેનાથી ગ્રાહકો માટે સરળતા વધશે અને સ્થાનિક સ્તરે વેપાર-રોજગારની નવી વિપુલ તકો ઊભી થશે. ભુજ આઉટલેટના લોન્ચિંગ પ્રસંગે અજય'સ કાફેના સંસ્થાપક ડિરેક્ટર અજય સોલંકીએ જણાવ્યું હતું કે, ભુજમાં પ્રથમ આઉટલેટ શરૂ થવું એ કંપની માટે ગર્વની ક્ષણ છે અને કચ્છ રાજ્યના સૌથી આશાસ્પદ તથા ઝડપી આર્થિક વિકાસ ધરાવતા પ્રદેશોમાંનો એક હોવાથી અહીં વૃદ્ધિની અસીમ સંભાવનાઓ રહેલી છે.

આ વિસ્તરણ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે અજય'સ કાફેને ગુજરાતના સંગઠિત કાફે ઉદ્યોગમાં તેના ઉત્કૃષ્ટ યોગદાન માટે સતત સરાહના અને માન્યતા મળી રહી છે. હાલમાં જ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રજૂ કરાયેલા પ્રતિષ્ઠિત 'પ્રાઇડ ઓફ ગુજરાત એવોર્ડ્સ'માં અજય'સ કાફે બ્રાન્ડને "લીડિંગ કાફે ચેઈન ઓફ ધ યર" એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, બ્રાન્ડની વધતી જતી લોકપ્રિયતાને કારણે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઈટી નાઉ દ્વારા વર્ષની સૌથી લોકપ્રિય કાફે ચેઈનનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે, તેમજ ફૂડ કોનોઈસર્સ ઈન્ડિયા એવોર્ડ્સમાં 'બેસ્ટ ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ ચેઈન - વેસ્ટ ઈન્ડિયા ૨૦૨૬' માટે પણ આ બ્રાન્ડની પસંદગી થઈ છે.

વર્ષ ૨૦૧૪માં અજય સોલંકી અને જયદીપ સોલંકી નામના બે ભાઈઓ દ્વારા સ્થાપિત અજય'સ કાફે હેપ્પી વાલી ફીલિંગની ફિલસૂફી પર કાર્ય કરે છે, જેનો મુખ્ય હેતુ તમામ લોકોને ક્વોલિટી ફૂડ વ્યાજબી ભાવે અને સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે. અજય'સ ગુડ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત આ બ્રાન્ડે નવસારી ખાતેના પોતાના પ્રથમ આઉટલેટથી શરૂઆત કરીને આજે લાખો ગ્રાહકોના દિલ જીતી લીધા છે. કંપની પોતાના અદ્યતન ૪૫,૦૦૦ ચોરસ ફૂટના પ્રોડક્શન ફેસીલીટી અને ઈન-હાઉસ ટેસ્ટિંગ લેબોરેટરી દ્વારા કડક ગુણવત્તાના ધોરણો જાળવી રાખે છે, જેથી ગ્રાહકોને તેમની સિગ્નેચર કોલ્ડ કોફી, બર્ગર અને પિઝા જેવી આઈટમ્સ હંમેશા તાજી અને ઉચ્ચ ગુણવત્તાવાળી મળી રહે. એક સફળ ફૂડ બ્રાન્ડ હોવાની સાથે જ કંપનીએ પોતાના ફ્રેન્ચાઈઝી નેટવર્ક દ્વારા ૨૦૦થી વધુ ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવ્યા છે અને આશરે ૧,૦૦૦ જેટલા લોકોને રોજગારી પૂરી પાડી છે. આગામી સમયમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં અજય'સ કાફે ભારતની સૌથી મોટી ક્યુએસઆર ચેઈન બનવાનું વિઝન ધરાવે છે.

# રેહાણા ગામે શૂરાપુરા દાદાના આશીર્વાદે ગુંજ્યું

### ચૌહાણ પરિવારના હોમ-હવન સાથે સેવાયજ્ઞનું અનોખું આયોજન

ભુજ - કચ્છ ઉદય : કચ્છની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખતા રેહાણા સ્થિત શૂરાપુરા દાદાના પવિત્ર સ્થાનકે ચૌહાણ પરિવાર દ્વારા ભક્તિ, સેવા અને સમાજકલ્યાણનો અનોખો સમન્વય સર્જતો ભવ્ય હોમ-હવન કાર્યક્રમ યોજાયો હતો. ગોઠી પરિવારો, સમાજના અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં સારા વરસાદ, કૃષિ સમૃદ્ધિ, સર્વજીવ કલ્યાણ અને સમાજની સુખાકારી માટે વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.

વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વાતાવરણ વચ્ચે આચાર્ય જનક મહારાજ (માધાપરવાળા)ના માર્ગદર્શન હેઠળ હવનવિધિ સંપન્ન થઈ હતી. મુખ્ય યજમાન તરીકે વિનોદભાઈ પરસોત્તમ ચૌહાણ તથા અશોકભાઈ ચૌહાણ દંપતીએ યજ્ઞકુંડમાં આહુતિ અર્પણ કરી હતી. હવન દરમિયાન કુદરતી આપત્તિઓ દૂર રહે, સમયસર વરસાદ વરસે, પશુધન અને ખેતીમાં સમૃદ્ધિ આવે તેમજ સમગ્ર માનવજાત સુખ-શાંતિ અનુભવે તેવા શુભ સંકલ્પો સાથે વિશેષ આહુતિઓ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ચૌહાણ પરિવારના ઉપપ્રમુખ નવીનભાઈ ચૌહાણના હસ્તે મુખ્ય યજમાન દંપતીનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગે સમાજના મંત્રી વિનોદભાઈ ચૌહાણએ શૂરાપુરા દાદાના ઈતિહાસ, તેમની લોકઆસ્થા અને સમાજને એકતાના સૂત્રમાં બાંધવામાં તેમના યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આવા ધાર્મિક કાર્યક્રમો માત્ર આસ્થાનું કેન્દ્ર જ નહીં, પરંતુ સમાજમાં સહકાર, સંસ્કાર અને સેવાભાવની ભાવના મજબૂત બનાવવાના મહત્વપૂર્ણ માધ્યમ પણ બને છે.

ધાર્મિક કાર્યક્રમને સેવાકીય પરિમાણ આપતા ચૌહાણ પરિવારે જરૂરિયાતમંદ લોકો માટે કુલ રૂ. ૮૦ હજારની તબીબી સહાય અર્પણ કરી હતી. આ સહાયથી અનેક પરિવારોને આરોગ્ય સંબંધિત મુશ્કેલીઓમાં રાહત મળશે તેવી લાગણી ઉપસ્થિતોએ વ્યક્ત કરી હતી. સમાજહિતના આ કાર્યને ઉપસ્થિતોએ હર્ષ અને ગૌરવ સાથે વધાવ્યું હતું. આ પ્રસંગે સમાજના વરિષ્ઠ આગેવાન અને સેવાભાવી વ્યક્તિત્વ શાંતિલાલ ઓધવજી ચૌહાણનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષો સુધી સમાજ અને ધાર્મિક ક્ષેત્રે આપેલી તેમની સેવાઓને યાદ કરીને તેમને શાલ અને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજનનભાઈ ચૌહાણ, બાબુભાઈ ચૌહાણ, સોમનભાઈ ચૌહાણ, ત્રંબકલાલ ચૌહાણ, દિલીપભાઈ ચૌહાણ, શાંતિલાલ ચૌહાણ, ધરમશી ચૌહાણ તથા સ્થાનકના પૂજારી ગોવર્ધનભાઈ ચૌહાણ સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને માનવસેવાના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમ ચૌહાણ સમાજ માટે સ્મરણિય બની રહ્યો હતો.

# સંપત્તિ કરતાં સંસ્કારનો વારસો વધુ મૂલ્યવાન : સંજય મહારાજ એમ. જોશી

### માંડવી લોહાણા મહાજન આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં પિતૃમોક્ષ, સંસ્કાર અને સમાજસેવાનો પ્રેરક સંદેશ : જી.ટી. હાઈસ્કૂલ-૧૯૯૫ બેચના મિત્રો સહિત મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા

માંડવી - કચ્છ ઉદય : માંડવી લોહાણા મહાજન દ્વારા પવિત્ર વિલઓન માસ નિમિત્તે પિતૃઓના મોક્ષાર્થે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ધાર્મિક શ્રદ્ધા, આધ્યાત્મિક ચિંતન અને સામાજિક એકતાનું કેન્દ્ર બન્યો હતો. લોહાણા મહાજનવાડી ખાતે યોજાયેલા આ ભવ્ય જ્ઞાનયજ્ઞમાં સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તેમજ મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી ભાગવત કથાનું શ્રવણ કરીને આધ્યાત્મિક લાભ મેળવ્યો હતો.

ભાગવત કથાના વક્તા સંજય મહારાજ એમ. જોશીએ પોતાના ઓજસ્વી પ્રવચનમાં જીવનમૂલ્યો અને સંસ્કારોના મહત્વ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આજના ભૌતિકવાદી યુગમાં મોટાભાગના લોકો સંતાનો માટે સંપત્તિ એકત્રિત કરવામાં જીવન વ્યતીત કરે છે, પરંતુ સાચા અર્થમાં જો કોઈ વારસો સૌથી વધુ મૂલ્યવાન હોય તો તે સદ્સંસ્કારોનો છે. ધન-સંપત્તિ સમય સાથે ઘટી શકે છે, પરંતુ સારા સંસ્કારો વ્યક્તિને સમગ્ર જીવન દરમિયાન યોગ્ય માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. વધુમાં જણાવ્યું હતું કે માતા-પિતા સંતાનોને ઉચ્ચ શિક્ષણ, સુખ-સગવડો અને વૈભવ તો આપી શકે છે, પરંતુ જો સંસ્કારનો પાયો મજબૂત નહીં હોય તો આ બધું અધૂરું સાબિત થઈ શકે છે. સમાજમાં વધતી અસહિષ્ણુતા, કુટુંબોમાં વધતા મતભેદો અને માનવીય મૂલ્યોના હ્રાસ પાછળ સંસ્કારોની ઘટતી જતી અસર જવાબદાર હોવાનું તેમણે જણાવ્યું હતું. તેથી દરેક પરિવારે આગામી પેઢીને ધર્મ, કરુણા, સેવાભાવ, વડીલો પ્રત્યે આદર અને સમાજ પ્રત્યેની જવાબદારીના મૂલ્યો આપવાનો સંકલ્પ કરવો જોઈએ.

પિતૃમોક્ષના વિષયને સ્પર્શતા સંજય મહારાજે જણાવ્યું હતું કે જે વ્યક્તિઓ નિઃસ્વાર્થ ભાવથી પોતાના પિતૃઓના કલ્યાણ માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જેવા ધાર્મિક આયોજનો કરે છે, તેમને શાસ્ત્રોમાં અશ્વમેધ યજ્ઞ જેટલું પુણ્યફળ પ્રાપ્ત થતું હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે. પિતૃઓનું સ્મરણ, તેમની પ્રત્યે કૃતજ્ઞતા અને તેમના આશીર્વાદની કામના ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. આવા આયોજનો દ્વારા માત્ર ધાર્મિક વિધિ જ નહીં, પરંતુ પરિવાર અને સમાજમાં સંસ્કારોનું સિંચન પણ થાય છે.

આ પ્રસંગે જી.ટી. હાઈસ્કૂલ, માંડવીના વર્ષ ૧૯૯૫ના બેચના જીવદયાપ્રેમી મિત્રમંડળે પણ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. સમાજસેવા, જીવદયા અને માનવતાના કાર્યો માટે જાણીતા આ મિત્રવર્તુળે કથાશ્રવણનો લાભ લઈ ધાર્મિક કાર્યક્રમમાં સક્રિય સહભાગિતા દર્શાવી હતી. ગ્રુપના પ્રતિનિધિ દર્શનભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે માંડવી લોહાણા મહાજન દ્વારા યોજાયેલ આ સપ્તાહ માત્ર ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ સમાજમાં સંસ્કાર, એકતા અને આધ્યાત્મિક જાગૃતિ ફેલાવતું પ્રેરણાદાયી આયોજન છે.

કાર્યક્રમ દરમિયાન લોહાણા મહાજનના પ્રમુખ શૈલેષભાઈ મડિયાર, ઉપપ્રમુખ દિલીપભાઈ ઠક્કર, પૂર્વ પ્રમુખ ગોકુલભાઈ તન્ના, સલાહકાર સમિતિના સભ્યો, યુવા પાંખ અને મહિલા પાંખના હોદ્દેદારો સહિત સમાજના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મહાજનની વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવેલી સુવ્યવસ્થિત કામગીરીની ઉપસ્થિતોએ પ્રશંસા કરી હતી. ખાસ કરીને યુવા અને મહિલા પાંખની સક્રિય ભૂમિકાએ કાર્યક્રમને વધુ સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે લોહાણા સમાજના અગ્રણી પ્રવીણભાઈ પોપટે જી.ટી. હાઈસ્કૂલ-૧૯૯૫ બેચના મિત્રમંડળ દ્વારા વર્ષોથી હાથ ધરવામાં આવતી જીવદયા, ગૌસેવા, જરૂરિયાતમંદોને સહાય અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે સમાજને માત્ર આર્થિક રીતે નહીં પરંતુ માનવીય મૂલ્યો અને સેવાભાવથી પણ સમૃદ્ધ બનાવવામાં આવા યુવાનોનું મહત્વનું યોગદાન છે. તેમની સેવાપ્રવૃત્તિઓ નવી પેઢી માટે પ્રેરણારૂપ બની રહી છે. ધાર્મિક શ્રદ્ધા, પિતૃભક્તિ, સંસ્કાર અને સમાજસેવાના સંદેશ સાથે યોજાયેલ આ શ્રીમદ્ ભાગવત સપ્તાહે માંડવીના સામાજિક અને ધાર્મિક જીવનમાં એક યાદગાર છાપ છોડી છે. ભાગવત કથાના માધ્યમથી જીવનના મૂલ્યોને સમજવાનો અને આગામી પેઢીને સદ્સંસ્કારોનો વારસો આપવાનો જે સંદેશ આપવામાં આવ્યો, તે ઉપસ્થિત સૌના હૃદયને સ્પર્શી ગયો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ વચ્ચે સમાજ એકતા અને આધ્યાત્મિક ઉન્નતિનો અનોખો અનુભવ સર્જાયો હતો.

# ભુજમાં વરસાદ વરસે એ માટે હવન કરાયો



ભુજ - કચ્છ ઉદય : શહેરના પુનિતવન ગ્રૂપના સાંજના ગ્રૂપમાં બેસતા વડીલો દ્વારા કચ્છમાં ભુજમાં વરસાદ ખેંચાયો છે તથા વરસાદ વરસે એ માટે વરૂણ દેવને રિઝવવા માટે ચંગલેશ્વર મહાદેવ મંદિર ખાતે હવન કરવામાં આવ્યું હતું. હવનના મુખ્ય આચાર્ય પરિક્ષીત મહારાજ રહ્યા હતા. આચાર્ય ઉપેનભાઈ ભટ્ટ, પ્રદીપભાઈ દવે સાથે રહ્યા હતા. મુખ્ય હવના યજમાન દંપતિ તરીકે એડવોકેટ મયૂરભાઈ પુરોહિત રહ્યા હતા. મંદિરના પૂજારી હસમુખભાઈ જંગમ દ્વારા સહયોગ પ્રાપ્ત થયો હતો.

યજ્ઞ માટે આર્થિક સહયોગ નટવરલાલ ઠક્કર, પ્રદીપભાઈ શાહ, મહેશભાઈ શાહ, વનરાજસિંહ જાડેજા, ભૂપેન્દ્ર અમ. મહેતા, રમેશભાઈ આહિર, અમૃતભાઈ શાહ, હિતેશભાઈ ચોથાણી, ગણપતભાઈ ભટ્ટ, વી.સી. માંડલિયા, ચીમનલાલ, બી.કે. જાડેજા, કૈલાસભાઈ અનમ, નરેન્દ્રભાઈ દાવડા, નવીનભાઈ મોથાળા, મયૂર પુરોહિત, યશ પુરોહિત વગેરે રહ્યા હતા અને યજ્ઞમાં આહૂતિ આપી વરૂણદેવને રિઝવી ભુજ - કચ્છમાં શ્રીકાર વરસાદ થાય એવી મંગલ કામના કરી હતી. પુનિતવનના દિગ્વિજયસિંહ જાડેજાએ વ્યવસ્થા કરી હતી.

# નલિયામાં વિકાસનો નવો અધ્યાય : તાલુકાનો પ્રથમ ફોરલેન માર્ગ બનશે આધુનિકતાની ઓળખ

### રૂા. ૬ કરોડના ખર્ચે વીર અબડા દાદા સર્કલથી બસ સ્ટેશન સુધી માર્ગનું કામ પૂરજોશમાં, ડિવાઇડર અને ફૂટપાથથી વધશે શહેરની શોભા

નલિયા- કચ્છ ઉદય : અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આધુનિક સુવિધાઓથી સજ્જ તાલુકાના પ્રથમ ફોરલેન માર્ગનું નિર્માણ કાર્ય તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. રૂા. ૬ કરોડના ખર્ચે હાથ ધરાયેલી આ મહત્વાકાંક્ષી યોજનાના અંતર્ગત વીર અબડા દાદા સર્કલથી બસ સ્ટેશન સુધીના આશરે દોઢ કિલોમીટર લાંબા માર્ગને વિશાળ અને સુવિધાસભર બનાવવામાં આવી રહ્યો છે. માર્ગનું કામ પૂર્ણ થતાં નલિયા શહેરને નવી ઓળખ મળશે અને વિકાસના ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત થશે.

તાલુકા પંચાયત પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે અબડાસા તાલુકાના ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારનો ફોરલેન માર્ગ બની રહ્યો છે. માર્ગની મધ્યમાં આકર્ષક ડિવાઈડરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જ્યારે બંને બાજુ રાહદારીઓની સુરક્ષા અને સુવિધા માટે આધુનિક ફૂટપાથ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત માર્ગ પર જરૂરી લાઈટિંગ, ડ્રેનેજ અને અન્ય સુવિધાઓનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે, જેથી નલિયાનો મુખ્ય માર્ગ વધુ વ્યવસ્થિત અને આકર્ષક બની શકે. વર્ષોથી વધતા વાહનવ્યવહારના કારણે શહેરના આ મુખ્ય માર્ગ પર ટ્રાફિકની સમસ્યા અનુભવાતી હતી. ફોરલેન માર્ગ તૈયાર થતાં વાહનોની અવરજવર વધુ સરળ બનશે, અકસ્માતોના બનાવોમાં ઘટાડો થશે અને નાગરિકોને ઝડપી તથા સુરક્ષિત મુસાફરીનો લાભ મળશે. બસ સ્ટેશન અને શહેરના મુખ્ય વિસ્તારોને જોડતો આ માર્ગ વેપાર-ધંધા તેમજ સ્થાનિક અર્થતંત્ર માટે પણ લાભદાયી સાબિત થશે.

શહેરના પ્રવેશદ્વાર સમાન આ માર્ગ નલિયાની સુંદરતા અને આધુનિક છબીને નવી ઊંચાઈ આપશે. સ્થાનિક લોકોમાં પણ આ વિકાસકાર્યને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. વિકાસલક્ષી આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નલિયા માત્ર અબડાસા તાલુકાનું મુખ્ય મથક જ નહીં, પરંતુ આધુનિક સુવિધાઓથી સજ્જ અને સુવ્યવસ્થિત શહેર તરીકે નવી ઓળખ ઉભી કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ભુજ નગરપાલિકાના હોદ્દેદારો ઉજવણીમાં જોડાયા



ભુજ- કચ્છઉદય : ઓધવ એવન્યુ સોસાયટીમાં આવેલા સોમનાથ મહાદેવ અને બહુચર માતાના મંદિરે પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે વિવિધ ધાર્મિક પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધ્યાત્મિક મહોત્સવમાં ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહ, ઉપપ્રમુખ બિંદિયાબેન ઠક્કર, શાસક પક્ષના નેતા ધર્મેશભાઈ ગોર, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી તેમજ સ્થાનિક કાઉન્સિલર ગીતાબેન અલ્પેશભાઈ પટેલ અને કલ્પનાબેન ઠાકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન અવસરે સોસાયટીના તમામ રહેવાસીઓએ પણ મોટી સંખ્યામાં હાજર રહીને દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

# વતનની વાટે પરત ફરેલી દીકરીઓનું રેહામાં ભાવભર્યું સન્માન

### કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા ૨૦૧ નિયાણી બહેનોને અપાઈ સ્મૃતિભેટ, સેવાભાવીઓને પણ કરાયા સન્માનિત

કુકમા-કચ્છ ઉદય : ભુજ તાલુકાના મોટા રેહા ગામે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહના સમાપન પ્રસંગે સમાજની નિયાણી દીકરીઓના સન્માન માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. દેશના વિવિધ શહેરો અને રાજ્યોમાં સાસરે વસવાટ કરતી સમાજની ૨૦૧ બહેનોને વતનની ધરતી પર આમંત્રિત કરી તેમનું સ્મૃતિભેટ અને સન્માનપત્ર અર્પણ કરીને ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે થઈ હતી. કથાકાર શિવ મહારાજ, રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ વિનોદભાઈ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, ઘટક પ્રમુખ પ્રકાશભાઈ ચૌહાણ, સરપંચ ગેલુભા જાડેજા, હરીભાઈ જાટિયા સહિતના આગેવાનોએ દીપ પ્રગટાવી કાર્યક્રમને પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે વિનોદભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, લગ્ન બાદ દીકરીઓ પોતાના વતનથી દૂર સાસરે સ્થાયી થાય છે, પરંતુ તેમના મનમાં વતન અને સમાજ પ્રત્યેનો પ્રેમ અવિરત રહે છે. આવા સન્માન સમારોહ દ્વારા દીકરીઓને પોતાના ગામ, સમાજ અને બાળપણની યાદો સાથે ફરીથી જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કાર્યક્રમના કારણે વર્ષો બાદ અનેક બહેનોને પોતાની સખીઓ અને સ્વજનો સાથે મુલાકાત કરવાનો અવસર મળ્યો હતો.

સન્માનિત બહેનોએ સમાજ દ્વારા અપાયેલા આ સન્માનને અનોખી પહેલ ગણાવી હતી અને જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર સન્માન પૂરતો નહીં પરંતુ લાગણી અને સંબંધોને મજબૂત બનાવતો અવસર સાબિત થયો છે. પ્રસંગ દરમિયાન સમાજ અને ગૌસેવાના કાર્યોમાં યોગદાન આપનાર દાતાશ્રીઓ તથા સેવાભાવી આગેવાનોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગૌશાળામાં લીલો ચારો પૂરો પાડનાર, આરોગ્ય કેન્દ્ર માટે જમીનદાન કરનાર તેમજ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સહયોગ આપનાર વ્યક્તિઓને શાલ અને સન્માનચિહ્ન અર્પણ કરીને બિરદાવવામાં આવ્યા હતા.કથા આયોજનના સંયોજકો, દાતાઓ અને કાર્યકર્તાઓના યોગદાનની પણ નોંધ લેવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ રમેશભાઈ ચૌહાણે કરી હતી. મહિલા મંડળ અને યુવા મંડળના કાર્યકર્તાઓએ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. રેહા ગામે યોજાયેલો આ કાર્યક્રમ સમાજમાં દીકરીઓના સન્માન, પારિવારિક મૂલ્યો અને સામાજિક એકતાનો સંદેશ આપતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

# ગાંધીધામ દરજી સમાજ મહિલા મંડળે તેજસ્વી વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માનથી નવાજ્યા

ગાંધીધામ- કચ્છ ઉદય : શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા ગાંધીધામ દરજી સમાજ મહિલા મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં સમાજના વિવિધ ધોરણોમાં શ્રેષ્ઠ પરિણામ મેળવનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરી તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

કાર્યક્રમ મહિલા મંડળના પ્રમુખ શીતલબેન લીંબડના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. મંત્રી પૂનમબેન પીઠડિયા, સહમંત્રી એલ્કાબેન પરમાર, ખજાનચી કલ્પનાબેન વાઘેલા, સહખજાનચી શ્વેતાબેન પીઠડિયા તેમજ સલાહકાર શિવાનીબેન પરમાર, કાજલબેન પીઠડિયા, ભાવનાબેન પરમાર અને સુશીલાબેન વેલજીભાઈ વાઘેલાએ આયોજનને સફળ બનાવવા સક્રિય ભૂમિકા ભજવી હતી.

સમારોહમાં ભચાઉ મહિલા મંડળના પ્રમુખ શીતલબેન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે શિક્ષણ જીવનની સૌથી મોટી મૂડી છે અને સતત પરિશ્રમથી જ સફળતાના શિખરો સર કરી શકાય છે. તેમણે સન્માનિત વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વધુ પ્રગતિ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.


કાર્યક્રમનું સંચાલન ત્રિવેણીબેન જિતેન્દ્રભાઈ ડાભીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ શિવાનીબેન પરમારે વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજના આગેવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

મહિલા મંડળ દ્વારા જણાવાયું હતું કે સમાજમાં શિક્ષણ પ્રત્યે વધુ જાગૃતિ આવે, વિદ્યાર્થીઓને યોગ્ય પ્રોત્સાહન મળે અને નવી પેઢી ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધે તે માટે આવા સન્માન સમારોહો આગામી સમયમાં પણ યોજવામાં આવશે.

# ઘણા બધા ભુજવાસીઓને ભાગ્યે જ ખબર હશે કે ભુજમાં એક ત્રીજું મોટું તળાવ "ધૂનારા" પણ આવેલું છે



સીટીસર્વે નકશામાં ધૂનારા તળાવ


ભુજના બધા જ તળાવ દર્શાવતો તળાવ પરિક્રમા નકશો


ભુજનું હમીરસર જેટલું મોટું છતાં "અજાણ્યું તળાવ" ધૂનારા


વરસાદ આવે તેના માટેના યજ્ઞ અને જળસંગ્રહની પ્રવૃતિ અને તળાવો અંગેની જુદી જુદી પ્રવૃત્તિ માટે શ્રી કે. એમ. આર્યનુ ગયા વર્ષે રાજયપાલ તેવું દેવવ્રતજી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

## ૭૭ એકર જેટલા વિશાળ વિસ્તાર પર આ તળાવ આવેલું છે : ભુજની દક્ષિણે આવેલા આ તળાવનું માનવ ધર્મ ન્યાસ નામની ભુજોડીની સંસ્થા દ્વારા દાતાઓ અને મહેનતુ ખેડૂતો અને શ્રમજીવીઓની સહિયારી નિસ્વાર્થ મદદથી ખાણેત્રુ કરાયું : આ તળાવના વિકાસ માટે તળાવપ્રેમી સંશોધક તજજ્ઞ દ્વારા કરાયેલા મહત્વના સૂચનો : ભવિષ્યમાં અહીં પર્યટન સ્થળના વિકાસનો સુંદર અવકાશ

ભુજ -કચ્છઉદય : ભુજમાં રહેતા ઘણા બધા રહેવાસીઓને કદાચ ભાગ્યે જ ખબર હશે કે ભુજમાં હમીરસર તળાવ તથા દેશલસર તળાવ ઉપરાંત, લગભગ હમીરસર તળાવ જેટલું જ મોટું એક ત્રીજુ તળાવ અને અન્ય નાના ઉમાસર તથા પ્રાગસર તળાવ પણ આવેલા છે. આ ઉપરાંત ભુજમાં અથવા તેની નજીકમાં ૩૫ જેટલી નાની તળાવડીઓ આવેલી છે.આ ત્રીજા મોટા તળાવનું નામ છે "ધૂનારા" તળાવ. આ તળાવ વિશે પ્રકાશ પાડતા માનવ ધર્મ સેવા ન્યાસ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિલાલ એમ આર્યએ ખૂબ જ રસપ્રદ માહિતી આપતાં જણાવ્યું કે ભુજની ઉત્તરે આવેલો ધૂનારાજા ડેમ જેવું જ નામ ધરાવતું પરંતુ તેનાથી વિરુદ્ધ જ દક્ષિણ દિશામાં આવેલું આ વિશાળ ધૂનારા તળાવ આ ૭૭ એકરમાં ફેલાયેલું છે. આ વિશાળ તળાવ મહિલા કલ્યાણ કેન્દ્રથી આગળ જતાં તે જ બાજુએ આવેલું છે.

શહેરની દક્ષિણ ભાગોળે આવેલા ધુનારા નામના આ તળાવનું ખાણેત્રુ ગુજરાત સરકારના સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૬ જળ સંચય જન ભાગીદારી ૨.૦ અંતર્ગત માનવધર્મ સેવા ન્યાસ-ભુજોડી દ્વારા ૧૦૦ ટકા સ્વખર્ચે લોકભાગીદારીથી કરવામાં આવ્યુ હતું. ગાંડા બાવળની ગીચ ઝાડીમાં અટવાયેલું અને ઉપેક્ષિત ધુનારા તળાવને વહીવટી તંત્ર અને લોકોના હૈયે બેસાડવા સંસ્થાએ નાગરિકધર્મ ફરજ બજાવ્યો હોવાનુ જણાવ્યું હતું.આ ધુનારા તળાવના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધન માટે ખાણેત્રું કરવું બહુ જરૂરી હતું એટલે ખેડુતભાઈઓ અને દાતાઓના સહયોગથી તળાવને પુનર્જીવિત કરવાનું કામ ત્રણ તબક્કામાં સંપન્ન થયું હતું. ગયા એપ્રિલ મહિનાથી છેલ્લા તબક્કાનું કામ સતત ચાલુ હતું. ધુનારા તળાવમાં ૪ એકર વિસ્તારમાં બાવળ ઝાડી-ઝાંખરાની સફાઈ કરીને ત્રણ એકરમાં તળાવ ઊંડું ઉતારી વિસ્તૃતીકરણ અને પાણી સંગ્રહ ક્ષમતા વધારવામાં આવી હતી. ૧૬ ખેડૂતો લાભાર્થી અને સહયોગી બન્યા અને ૧૫૦૦ ડમ્પર ભરીને માટી બહાર કાઢવામાં આવી હતી.

શ્રી આર્યએ જણાવ્યું હતું કે કેટલાક લોકોએ કૂડો-કચરો, મલબો, કાટમાળ, ડમ્પીંગ સામગ્રી વગેરે ધૂનારા તળાવમાં નાખેલો હતો જેનો ઉપલબ્ધ સાધનો દ્વારા નાશ, નિકાલ કરી તળાવને સ્વચ્છ અને સંસ્કારિત કરવામાં આવ્યું હતું. ધુનારા તળાવમાં ખાણેત્રું, ગાંડા બાવળની સફાઈ, કુડા કચરાના ઢગલા, કાટમાળ વગેરે કામગીરી કરવામાં નગરપાલિકાને રૂપિયા ૩૦ લાખનો ખર્ચ થાય એવો અંદાજ જાણકાર લોકોનો છે પરંતુ તે કામ લોકભાગીદારી અને ખેડૂતોના સાથ સહકારથી અત્યંત નજીવા ખર્ચે સેવાભાવથી કાર્ય સંપન્ન થયું છે. જેનાથી વરસાદી પાણી સંગ્રહ અને ભૂગર્ભ જળના પુનર્ભરણમાં વધારો થશે, પશુધન, પક્ષી, જીવ જંતુ અને પર્યાવરણ માટે ઉપયોગી અને ફાયદાકારક થશે. આ કાર્ય જોઈને આજુબાજુના લોકો ખુશ થયા હતા. ભુજમાં ઘણા ઉપયોગી તળાવો ચારે દિશામાં આવેલા છે તેના વિકાસ અને સંરક્ષણ માટે નાગરિકો અને વહીવટી તંત્ર દ્વારા સંતોષકારક કાર્યવાહી કરવામાં આવે તો પાણીની સંગ્રહશક્તિ ઘણી જ વધી શકે તેમ છે. ભુજને પાણીના નવા સ્ત્રોત પણ ઉપલબ્ધ થઈ શકે. શ્રી આર્યએ જણાવ્યું એ અત્યારે તરીકે માત્ર હમીરસર તળાવ પર જ બધાનું ધ્યાન હોવાથી તેની પાછળ મોટા ખર્ચા વારંવાર કરવામાં આવે છે ત્યારે અન્ય તળાવ પ્રત્યે પણ ધ્યાન આપવું જોઈએ. સાચી દિશામાં તળાવના ઉત્થાન માટે નગરપાલિકા અથવા સિચાઈ ખાતા દ્વારા અને દાતાઓ દ્વારા પણ પ્રયાસ કરવામાં આવે તો ઘણી ઉપલબ્ધિ મળી શકે તેમ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ધુનારા તળાવ હમીરસર તળાવથી દશ ગણું વધુ ફાયદાકારક થાય તેવું હોવાનો તેમણે દાવો કર્યો હતો. ગુજરાત સરકાર સુજલામ સુફલામ જળ સંચય અભિયાન માટે વધારે નાણાં આવતા વર્ષોમાં ફાળવે અને આ તળાવના વિકાસની યોજના બનાવે એવી માગણી કાંતિલાલ આર્યએ કરી છે. આ વર્ષે તાલુકા દીઠ ૧૦ કામો હાથ પર લેવાની મર્યાદા બાંધી દીધી હોવાથી ભુજ તાલુકામાં માત્ર એક તળાવ ને ૬૦-૪૦ ટકા લોકભાગીદારીનો લાભ મળી શક્યો છે બાકીના બધા તળાવો ૧૦૦ ટકા સ્વખર્ચે કરવા મંજુરી મળી છે તેવુ તેમણે જણાવ્યું છે. ધુનારા તળાવ સંદર્ભે માંગણી અને સૂચનો કરતા જણાવ્યું છે કે ધૂનારા તળાવમાં ઊગેલા ગાંડા બાવળની જડમૂળથી સફાઈ તથા તળાવના હદ નિશાનની માપણી અને ખૂટા ખોડવા જોઈએ. તળાવની આજુબાજુના વિસ્તારમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવું જોઈએ. તળાવની ફરતે રસ્તો અને બંધ પાળો બનાવી તળાવના વિકાસ અને બ્યુટીફીકેશન માટે સેવા ભાગી દાતાઓ અને નગરપાલિકા કે સિચાઈ ખાતાં દ્વારા પ્રોજેક્ટ રીપોર્ટ અને દરખાસ્ત તૈયાર કરવામાં આવે તો ભુજને એક સરસ પર્યટન સ્થળ અને પાણીનો સ્ત્રોત મળે તેવું તેમણે સૂચન કર્યું હતું.

# પ્રજ્ઞાચક્ષુઓ માટે આશા, આત્મવિશ્વાસ અને અવસરોનો ઉત્સવ

## એનએબીના સમારોહમાં શિક્ષણ, રમતગમત અને સમાજસેવામાં યોગદાન આપનારાઓનું ભવ્ય સન્માન

ભુજ - કચ્છ ઉદય : પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગજનોને સમાજની મુખ્યધારામાં જોડવા તેમજ તેમની પ્રતિભાને યોગ્ય મંચ મળે તેવા હેતુથી નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ (એનએબી) કચ્છ શાખા દ્વારા ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક કિટ વિતરણ, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપ સહાય, રમતગમત ક્ષેત્રે રાજ્યસ્તરે સિદ્ધિ મેળવનારા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓનું સન્માન તેમજ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં સહયોગ આપનાર દાતાઓ, શિક્ષકો અને સંસ્થાઓને બિરદાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે થયો હતો. એજ્યુકેશન ઈન્સ્પેક્ટર મહેશદાન ગઢવી, એનએબી ગુજરાત રાજ્ય શાખાના સેક્રેટરી તારકભાઈ લુહાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ અભય શાહે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, પ્રજ્ઞાચક્ષુઓ માટે શિક્ષણ અને આત્મવિશ્વાસ જ સફળતાની સાચી ચાવી છે. ટ્રસ્ટી અલીભાઈ લુહારે સંસ્થાની વર્ષોથી ચાલી રહેલી સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો, જ્યારે દેવાંગભાઈ ગઢવીએ સંસ્થાની વિવિધ યોજનાઓ અને ભવિષ્યના આયોજનો અંગે માહિતી આપી હતી.

સ્પેશિયલ ખેલ મહાકુંભ-૨૦૨૫માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને સન્માનપત્ર અર્પણ કરીને તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. ખેલ મહાકુંભ દરમિયાન રેફરી અને સ્વયંસેવક તરીકે સેવા આપનાર વ્યક્તિઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને સ્કોલરશિપના ચેક વિતરણ કરીને તેમના શૈક્ષણિક માર્ગને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પ્રસંગે છેલ્લા ૧૯ વર્ષથી સંસ્થામાં સ્પેશિયલ એજ્યુકેટર તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપતા હેતલબેન ભટ્ટનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત નલિયા ફૂડ ફેસ્ટિવલ દરમિયાન સેવાભાવી ભાવનાથી શ્રમદાન કરનારા ભાઈ-બહેનોને પણ બિરદાવવામાં આવ્યા હતા. મહેશદાન ગઢવીએ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપતાં દિવ્યાંગજનોને ઉપલબ્ધ સહાય અને સુવિધાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તારકભાઈ લુહારે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને પડકારોથી ડર્યા વિના શિક્ષણ, કૌશલ્ય અને મહેનતના બળે પોતાનું ઉજ્જવળ ભવિષ્ય ઘડવાની પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે દ્રષ્ટિનો અભાવ સફળતાના માર્ગમાં અવરોધ બની શકતો નથી, જો મનમાં આત્મવિશ્વાસ અને આગળ વધવાની ઈચ્છા હોય. કાર્યક્રમ દરમિયાન સમાજના વિવિધ વર્ગો દ્વારા મળતા સહયોગની પણ નોંધ લેવામાં આવી હતી. દાતા મુકેશભાઈ સંઘવીએ રૂ. ૩૧ હજાર અને જયેશભાઈ સોનીએ રૂ. ૧૧ હજારનું દાન અર્પણ કરીને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને બળ પૂરું પાડ્યું હતું. લોહાણા સમાજ દ્વારા સંસ્થાને નજીવા દરે હોલ ઉપલબ્ધ કરાવવામાં આવતો હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. અભય શાહ, મનોજ જોશી, પ્રકાશ ગાંધી સહિતના આગેવાનો તેમજ ટ્રસ્ટીઓ દીપક શાહ, અલી લુહાર, દશરથ આહીર, દિલીપ ઠક્કર, કપિલ વોરા અને ધ્રુવ આહીર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સફળ આયોજનમાં અનેક સ્વયંસેવકો અને કાર્યકરોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સંચાલન શ્રુતિબેન રૂપારેલે કર્યું હતુ જ્યારે આભારવિધિ પ્રકાશ ગાંધી દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે માત્ર સન્માનનો અવસર નહીં, પરંતુ આત્મવિશ્વાસ, સ્વાવલંબન અને નવી આશાઓનું પ્રેરણાદાયી મંચ બની રહ્યો હતો.

# સમાજની એકતા, શિક્ષણ અને વિકાસના મુદ્દે વાલ્મીકિ સમાજનું શક્તિપ્રદર્શન

## નખત્રાણામાં યોજાયેલી બેઠકમાં નવા હોદ્દેદારોને સોંપાયા નિમણૂકપત્રો, આગામી કાર્યક્રમોની રૂપરેખા ઘડાઈ

નખત્રાણા-કચ્છ ઉદય : પશ્ચિમ કચ્છ અબડાસા વાલ્મીકિ સમાજ દ્વારા નખત્રાણા ખાતે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સમાજની એકતા, સંગઠન, શિક્ષણ અને સર્વાંગી વિકાસના મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહ્યા હતા. સમાજના પ્રમુખ મગન મેઘજી મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, કારોબારી સભ્યો, યુવા કાર્યકરો અને સમાજજનોની ઉપસ્થિતિએ બેઠકને વિશેષ મહત્વપૂર્ણ બનાવી હતી.

બેઠકમાં સમાજને વધુ સુદ્રઢ અને સંગઠિત બનાવવા માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં સમાજના યુવાનો શિક્ષણ ક્ષેત્રે આગળ વધે, સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા સાબિત કરે તેમજ સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગૃત બને તે સમયની માંગ છે. સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણને સૌથી અસરકારક માધ્યમ ગણાવી તેના પ્રચાર-પ્રસાર અને પ્રોત્સાહન માટે વિશેષ પ્રયાસો હાથ ધરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પશ્ચિમ કચ્છ વાલ્મીકિ સમાજ દ્વારા આગામી સમયમાં યોજાનારા રામદેવજી મહારાજના ધાર્મિક અને સામાજિક કાર્યક્રમ અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના દરેક વર્ગના લોકો સક્રિય સહભાગી બને તેવી અપીલ પણ કરવામાં આવી હતી. ઉપરાંત આગામી દિવસોમાં સમાજહિતના વિવિધ કાર્યક્રમો, સેવાકીય પ્રવૃત્તિઓ અને સંગઠનાત્મક કાર્યોને વધુ ગતિ આપવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સમાજના બંધારણ અને પરંપરા અનુસાર વિવિધ ઠરાવોના વાંચન સાથે જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. સમાજના નવા હોદ્દેદારો, કારોબારી સભ્યો અને કાર્યકરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ જવાબદારીઓ માટે પસંદગી પામેલા હોદ્દેદારોને નિમણૂકપત્રો અર્પણ કરી સમાજના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. પ્રમુખ મગન મેઘજી મકવાણાએ જણાવ્યું હતું કે સમાજની પ્રગતિ માટે એકતા, શિક્ષણ અને સંગઠન એ ત્રણ મુખ્ય આધારસ્તંભ છે. સમાજના દરેક વ્યક્તિએ પરસ્પર સહકાર અને સમર્પણની ભાવના સાથે કાર્ય કરશે તો આવનારા સમયમાં વાલ્મીકિ સમાજ વધુ સશક્ત અને પ્રગતિશીલ બની શકશે.

બેઠકમાં રમેશભાઈ ચૌહાણ, કુંવરજી કાનજી કબીરા, પ્રતાપ ચૌહાણ, પ્રવીણ વાઘેલા, ઘનશ્યામભાઈ વાળા, પ્રવીણ ચૌહાણ, ક્રાંતિ પરમાર, ધર્મેશભાઈ વાઘેલા, કાંતિ મકવાણા, રમેશ પરમાર, અનિલભાઈ વાઘેલા, દિનેશ પરમાર, દીપકભાઈ વાળા સહિત સમાજના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પંકજ કબીરાએ કર્યું હતું. બેઠકના અંતે સમાજની એકતા અને સંગઠનને વધુ મજબૂત બનાવી વિકાસના નવા આયામો સર કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# કચ્છની પોસ્ટ ઓફિસોમાં પાસબુક સંકટ યથાવત

## આર.ડી. ખાતાધારકો ડિફોલ્ટના ભયમાં; ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાહકો પરેશાન

ભુજ-કચ્છ ઉદય : કચ્છની પોસ્ટ ઓફિસોમાં પાસબુક અને જરૂરી સ્ટેશનરીની અછતનો પ્રશ્ન લાંબા સમયથી યથાવત રહેતા હજારો ખાતાધારકો મુશ્કેલીમાં મુકાયા છે. મર્યાદિત પ્રમાણમાં પાસબુકનો જથ્થો મળી રહ્યો હોવા છતાં જિલ્લાભરની જરૂરિયાત સામે તે પૂરતો ન હોવાથી અનેક પોસ્ટ ઓફિસોમાં ગ્રાહકોને સમયસર પાસબુક મળી રહી નથી.

આ સ્થિતિનો સૌથી વધુ પ્રભાવ રિકરિંગ ડિપોઝીટ (આર. ડી.) ખાતાધારકો પર પડી રહ્યો છે. જૂન મહિનામાં નવા આર.ડી. ખાતા શરૂ કરનારાઓને જુલાઈમાં આગામી હપ્તો ભરવાનો સમય આવ્યો છે, પરંતુ પાસબુકના અભાવે હપ્તાની નોંધણી અને એન્ટ્રીની પ્રક્રિયામાં વિલંબ સર્જાઈ રહ્યો છે. પરિણામે અનેક ખાતાઓ ડિફોલ્ટમાં જવાની શક્યતા ઊભી થઈ છે. ડિફોલ્ટ બદલ વસૂલાતો દંડ ગ્રાહકોને ચૂકવવો પડશે કે પછી તંત્ર તેની જવાબદારી સ્વીકારશે તે અંગે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. માહિતગાર વર્તુળોના જણાવ્યા મુજબ રાજકોટથી પાસબુકનો થોડો જથ્થો કચ્છમાં મોકલવામાં આવી રહ્યો છે, પરંતુ તે માંગની સરખામણીએ ખૂબ જ ઓછો છે. જેના કારણે કેટલાક વિસ્તારોમાં જ પાસબુક ઉપલબ્ધ બની રહી છે, જ્યારે અનેક ગામડાંઓમાં હજુ પણ ગ્રાહકો રાહ જોતા રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ વ્યવહારો અને ઓનલાઈન સુવિધાઓ મર્યાદિત હોવાથી લોકો પોસ્ટ ઓફિસની પરંપરાગત સેવાઓ પર વધુ નિર્ભર છે, જેના કારણે મુશ્કેલી વધુ વકરી રહી છે. ખાતાધારકોમાં એવી લાગણી પણ જોવા મળી રહી છે કે તેમની કોઈ ભૂલ ન હોવા છતાં પાસબુકના અભાવે જો ખાતું ડિફોલ્ટમાં જશે તો તેમને આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે. કચ્છભરની પોસ્ટ ઓફિસોમાં પૂરતા પ્રમાણમાં પાસબુક અને અન્ય જરૂરી સ્ટેશનરીનો તાત્કાલિક જથ્થો પહોંચાડવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે, જેથી ગ્રાહકોના નાણાકીય હિતો સુરક્ષિત રહી શકે અને બચત યોજનાઓમાં અવરોધ ઉભો ન થાય.

# ભુજમાં લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ભારતીય માનક બ્યૂરો દ્વારા ગુણવત્તા ધોરણો અંગે માર્ગદર્શન : એક્સ્ટ્રા પેજમાં રવિ-સોમના ૧૯-૦૭-૨૦૨૬

ગાંધીધામ-કચ્છ ઉદય : ભારતીય માનક બ્યૂરોની ગાંધીધામ શાખા કચેરી દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી ભુજ ખાતે લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં આશરે ૫૦ જેટલા ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગ ક્ષેત્રના પ્રતિનિધિઓ જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન ઋતુરાજસિંહ, અભિષેકભાઈ, સંતોષકુમાર તિવારી અને વિશાલભાઈએ ઉદ્યોગકારો સાથે સંવાદ સાધી ભારતીય માનકો અને ગુણવત્તાના ધોરણોની માહિતી આપી હતી. આ ઉપરાંત હેવી ડ્યૂટી બર્ન્ટ ક્લે બિલ્ડિંગ બ્રિક્સ તથા બેન્ટોનાઈટ માટેના ભારતીય માનકો વિષયક વિશેષ તકનીકી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. કરમદીપ જાડેજાએ આ વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જાગૃતિ કાર્યક્રમમાં ઉદ્યોગોને ગુણવત્તાયુક્ત ઉત્પાદન અને માનક આધારિત કામગીરી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# રાષ્ટ્રીય પર્વોની ઉજવણીને મળશે નવી ઊર્જા અને નવી દિશા

## દિલ્હી ગુજરાતી સમાજની રાષ્ટ્રીય પર્વ સમિતિના અધ્યક્ષની વરણી : સમાજહિતના રચનાત્મક કાર્યોને મળશે વેગ

ભુજ - કચ્છ ઉદય : દિલ્હી ગુજરાતી સમાજના ટ્રસ્ટી મંડળ અને વ્યવસ્થાપક મંડળની સંયુક્ત બેઠકમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાષ્ટ્રીય પર્વ સમિતિના અધ્યક્ષની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમાજના બંધારણની કલમ-૧૭ મુજબ થયેલી આ નિમણૂકને સમાજના આગેવાનો, ટ્રસ્ટીઓ અને સભ્યો દ્વારા આવકારી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમાજના માનદ મંત્રી સી.એ. હિતેશ અંબાણીએ જણાવ્યું હતું કે નવી ટીમના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય પર્વ સમિતિ વધુ સક્રિય બની સમાજ અને રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરશે. રાષ્ટ્રીય પર્વોની ગૌરવપૂર્ણ ઉજવણી ઉપરાંત સમાજમાં રાષ્ટ્રપ્રેમ, સામાજિક જાગૃતિ, એકતા અને સંસ્કારના મૂલ્યોને મજબૂત બનાવતા કાર્યક્રમો યોજાશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સમિતિ દ્વારા સ્વાતંત્ર્ય દિવસ, પ્રજાસત્તાક દિવસ સહિતના રાષ્ટ્રીય મહત્ત્વના પર્વોની ઉજવણી વધુ ભવ્ય અને જનભાગીદારીયુક્ત બનાવવામાં આવશે. સાથે જ યુવા પેઢીમાં રાષ્ટ્રીય ચેતના અને સમાજ પ્રત્યેની જવાબદારીનો ભાવ વિકસે તેવા પ્રેરણાત્મક આયોજનોને પણ પ્રાધાન્ય આપવામાં આવશે. નવનિયુક્ત અધ્યક્ષે સમાજ દ્વારા વ્યક્ત કરાયેલા વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સમિતિના સંયોજિકા દક્ષા પંચાલ સાથે સંકલન કરીને ટૂંક સમયમાં સમિતિની રચના પૂર્ણ કરવામાં આવશે. સમાજના તમામ વર્ગોને સાથે રાખી વર્ષ દરમિયાન વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમજ સમાજહિતના કાર્યોને વધુ ગતિ આપવામાં આવશે. બેઠકમાં ઉપસ્થિત ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોએ જણાવ્યું હતું કે દિલ્હી ગુજરાતી સમાજ વર્ષોથી રાષ્ટ્રીય મૂલ્યો, સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસાના જતન માટે કાર્યરત છે. નવી સમિતિના નેતૃત્વ હેઠળ આ પ્રવૃત્તિઓ વધુ વ્યાપક બનશે અને સમાજજીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયાસોને નવી મજબૂતી મળશે. અંતે સમાજ પરિવાર દ્વારા નવનિયુક્ત અધ્યક્ષને સફળ અને યશસ્વી કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# મહિલા મંડળના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંગીત, મનોરંજન અને સૌહાર્દની ત્રિવેણી

## 'સુરીલી યાદોની તંબોલા'માં બહેનોએ માણી યાદગાર પળો, ચિત્રહાર હાઉઝી રહ્યું મુખ્ય આકર્ષણ

ભુજ- કચ્છ ઉદય : અહીંના વી.બી.સી. મહિલા મંડળ દ્વારા આયોજિત 'ગીતોનો ગુલદસ્તો - સુરીલી યાદોની તંબોલા' કાર્યક્રમ ઉત્સાહ, ઉમંગ અને આનંદથી ભરપૂર રહ્યો હતો. મહિલા સભ્યો માટે ખાસ આયોજન કરાયેલા આ કાર્યક્રમમાં સંગીતના સુરીલા સૂર, મનોરંજક રમતો અને સાંસ્કૃતિક રજૂઆતોનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. પ્રમુખ જયશ્રીબહેન ખંડોલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ લતાબેન વોરાના સ્વરે નવકાર મહામંત્રના મંગલોચ્ચારથી થયો હતો. ત્યારબાદ તમામ બહેનોએ સમૂહમાં 'મૈત્રીભાવ' પ્રાર્થના ગાઈ એકતા, મિત્રતા અને સદભાવનાનો સંદેશ આપ્યો હતો. ભાવપૂર્ણ શરૂઆત બાદ સમગ્ર કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. જાણીતા કલાકાર કાર્તિકભાઈ અંતાણી દ્વારા રજૂ કરાયેલું 'ચિત્રહાર હાઉઝી' કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યું હતું. લોકપ્રિય જૂના અને નવા ગીતોની મધુર રજૂઆત સાથે રમાડવામાં આવેલી તંબોલાએ બહેનોને અનોખો રોમાંચ અને મનોરંજન પૂરું પાડ્યું હતું. ગીતોની ધૂન સાથે બહેનોએ ગાયન, નૃત્ય અને ગરબાની રમઝટ બોલાવી કાર્યક્રમને જીવંત બનાવી દીધો હતો. કાર્યક્રમ દરમિયાન યોજાયેલા ૧૦ લકી ડ્રો અને બેસ્ટ ડ્રેસકોડ સ્પર્ધાના વિજેતાઓને હંસાબેન સુરેશ દોશી તરફથી ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે 'સુરીલી યાદોની તંબોલા'ના વિજેતાઓને પ્રમુખ જયશ્રીબહેન ખંડોલ અને કમિટી સભ્ય રેખાબેન ઝોટાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. મંત્રી નિર્મળાબેન દોશીએ કાર્યક્રમનું અસરકારક સંચાલન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળના કારોબારી સભ્યો અને કાર્યકર્તાઓએ કરેલી કામગીરીને ઉપસ્થિતોએ બિરદાવી હતી. સંગીત, મિત્રતા અને સાંસ્કૃતિક મિલનનો આ અવસર મહિલા મંડળ માટે એક યાદગાર પ્રસંગ બની રહ્યો હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

# વરસાદના અભાવે કચ્છમાં પશુધન સામે નિભાવનું સંકટ

## માલધારીઓની હિજરત અટકાવવા રેલવે મારફતે ઘાસચારો પહોંચાડવા અને ડેપો શરૂ કરવાની માંગ

અંજાર-કચ્છ ઉદય : કચ્છમાં ચોમાસાની સિઝન દરમિયાન વરસાદે લાંબો વિરામ લેતાં પશુપાલન ક્ષેત્ર માટે ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ઘાસચારાનું ઉત્પાદન નબળું રહેતાં પશુધનના નિભાવનો પ્રશ્ન ગંભીર બન્યો છે. આ સંજોગોમાં સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી કચ્છમાં ઘાસચારાની તાત્કાલિક ઉપલબ્ધિ માટે વિશેષ આયોજન કરવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે કચ્છની ગ્રામ્ય અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર પશુપાલન અને કૃષિ છે. જિલ્લામાં લાખો પશુઓ અને હજારો માલધારી પરિવારો જીવનનિર્વાહ માટે પશુપાલન પર નિર્ભર છે. પરંતુ ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ચરિયાણ વિસ્તારોમાં લીલો ચારો ઊગી શક્યો નથી અને ઘાસચારાનું ઉત્પાદન પણ ખૂબ ઓછું રહ્યું છે. જેના કારણે આગામી સમયમાં ઘાસચારાની તીવ્ર અછત સર્જાવાની શક્યતા ઊભી થઈ છે. રજૂઆતમાં જણાવાયું છે કે પશુઓને પૂરતો ચારો નહીં મળે તો તેમના આરોગ્ય પર સીધી અસર થશે અને દૂધ ઉત્પાદનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી શકે છે. પરિણામે પશુપાલકોની આવકમાં ઘટાડો થવાની સાથે ગ્રામ્ય અર્થતંત્રને પણ ફટકો પડી શકે છે. જો સ્થિતિ વધુ ગંભીર બનશે તો હજારો માલધારીઓને પોતાના પશુધન સાથે અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવાની ફરજ પડી શકે છે. આ સંભાવિત સંકટને ધ્યાનમાં રાખીને અન્ય રાજ્યો તેમજ ગુજરાતના ઘાસ ઉપલબ્ધ વિસ્તારોમાંથી રેલવે મારફતે કચ્છ સુધી ઘાસચારો પહોંચાડવાની વ્યવસ્થા કરવા માંગ કરવામાં આવી છે. સાથે જ વન વિભાગ પાસે ઉપલબ્ધ સંગ્રહિત ઘાસચારો વિવિધ તાલુકાઓમાં ડેપો શરૂ કરીને રાહતદરે પશુપાલકોને વિતરણ કરવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે. કચ્છમાં વરસાદની અનિશ્ચિત સ્થિતિ વચ્ચે પશુધન અને પશુપાલકોના હિતોને સુરક્ષિત રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા આગોતરા આયોજન અને તાત્કાલિક રાહતના પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. માલધારી સમાજનું માનવું છે કે સમયસર ઘાસચારો ઉપલબ્ધ થશે તો પશુધનને બચાવી શકાશે અને સંભવિત હિજરતની સ્થિતિ પણ ટાળી શકાશે.

# વરસાદી વિરામથી કચ્છના જળાશયો સૂકાયા

### ૧૨૫ ડેમ તળિયાંઝાટક થતાં પાણી અને સિંચાઈની સ્થિતિ ચિંતાજનક : ખેડૂતોમાં વધી ચિંતા

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં ચોમાસાની મોસમ શરૂ થયા બાદ પણ વરસાદે સંતોષકારક હાજરી ન પુરાવતાં જળસંગ્રહની સ્થિતિ ગંભીર બની રહી છે. જૂન માસ લગભગ વરસાદ વિના પસાર થયા બાદ જુલાઈના પ્રથમ પખવાડિયામાં પણ માત્ર છૂટાછવાયા ઝાપટાં નોંધાતા જિલ્લાના ડેમોમાં નવા પાણીની આવક થઈ નથી. પરિણામે મધ્યમ સિંચાઈના પાંચ અને નાની સિંચાઈના ૧૨૦ મળી કુલ ૧૨૫ ડેમ તળિયાંઝાટક થઈ ગયા છે. જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ વરસાદના બે ટકા જેટલો પણ વરસાદ નોંધાયો ન હોવાથી જળસંકટની ભીતિ વધુ ઘેરી બની રહી છે. સિંચાઈ વિભાગના આંકડા મુજબ સમગ્ર ગુજરાતમાં કચ્છની જળસંગ્રહ સ્થિતિ સૌથી નબળી નોંધાઈ છે. કચ્છના મધ્યમ સિંચાઈ વિભાગ હેઠળ આવેલા ૨૦ ડેમોમાં હાલમાં માત્ર ૨૪ ટકા જળસંગ્રહ છે, જ્યારે નાની સિંચાઈના ૧૭૦ ડેમોમાંથી ૧૨૦ ડેમ સંપૂર્ણ ખાલી થઈ ગયા છે. બાકીના ડેમોમાં પણ જીવંત જળજથ્થો માત્ર ૧૧ ટકા જેટલો જ બચ્યો હોવાનું જાણવા મળે છે. વરસાદની સતત ખેંચને કારણે ડેમો, તળાવો અને જળાશયોમાં પાણીની સપાટી ઘટી રહી છે. ચોમાસાના આ મહત્વપૂર્ણ તબક્કે વરસાદ ન પડતાં કૃષિ ક્ષેત્રમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ખેડૂતો હજુ પણ વાવણી માટે યોગ્ય વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો ખરીફ પાકનું વાવેતર પ્રભાવિત થઈ શકે છે. સાથે જ ડેમોમાં પૂરતો જળસંગ્રહ નહીં થાય તો આગામી રવી સિઝનમાં સિંચાઈ માટે પાણીનો ગંભીર પ્રશ્ન ઊભો થઈ શકે છે. કચ્છ જેવા સુકા પ્રદેશમાં ડેમો અને જળાશયો જ પાણીનો મુખ્ય આધાર હોવાથી તેમની હાલની સ્થિતિ તંત્ર અને ખેડૂતો બંને માટે ચિંતાજનક બની છે. વરસાદના અભાવે પશુપાલન ક્ષેત્ર પર પણ અસર થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. પાણી અને ચારા બંનેની ઉપલબ્ધિ પર અસર પડે તો ગ્રામ્ય વિસ્તારોમાં મુશ્કેલીઓ વધી શકે છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષની સ્થિતિ વધુ નબળી હોવાનું આંકડાઓ દર્શાવે છે. ગયા વર્ષે જુલાઈના મધ્ય સુધીમાં જિલ્લામાં ૬૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો હતો અને મધ્યમ સિંચાઈના ડેમોમાં આશરે ૫૬ ટકા જળસંગ્રહ થયો હતો. જ્યારે હાલમાં માત્ર ૨૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. એટલે કે એક વર્ષમાં જળસંગ્રહમાં આશરે ૩૨ ટકાનો ઘટાડો નોંધાયો છે, જે ચિંતાજનક માનવામાં આવે છે. જિલ્લામાં હવે સૌની નજર આગામી વરસાદી રાઉન્ડ પર મંડાયેલી છે. હવામાન વિભાગ દ્વારા વરસાદી પ્રવૃત્તિ વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ કચ્છને જળસંકટમાંથી બહાર લાવવા માટે વ્યાપક અને સચરાચર વરસાદ અત્યંત જરૂરી બની ગયો છે. જો જુલાઈના અંત સુધીમાં પૂરતો વરસાદ નહીં વરસે તો પાણી, ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા પ્રશ્નો વધુ વિકટ સ્વરૂપ ધારણ કરી શકે છે.

# કચ્છી ઊંટોના ભવિષ્યને લઈને માલધારી સમાજમાં ચિંતા

### રાવરી ઊંટોને પાંજરાપોળમાં ખસેડવાના નિર્ણય સામે ઉઠ્યો વિરોધ : પરંપરાગત ઉછેરકોને સોંપવાની માંગ

ભુજ- કચ્છ ઉદય : કચ્છની ઓળખ સમાન રાવરી તરીકે જાણીતી કચ્છી નસલના ઊંટોને પાંજરાપોળમાં ખસેડવાના નિર્ણયને લઈને માલધારી સમાજ, ઊંટ ઉછેરક સંગઠનો અને જીવદયાપ્રેમીઓએ વિરોધ નોંધાવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ઢોરી ઊંટ ઉછેર કેન્દ્રમાંથી આશરે ૧૦૦ જેટલા ઊંટોને રાપર પાંજરાપોળ ખાતે મોકલવામાં આવતા આ મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. સંગઠનોએ રાજ્યના પશુપાલન મંત્રી તેમજ કચ્છના પ્રભારી મંત્રી સમક્ષ રજૂઆત કરીને આ ઊંટોને પાંજરાપોળને બદલે ઊંટ ઉછેરના વ્યવસાય સાથે સંકળાયેલા માલધારીઓને સોંપવાની માંગ કરી છે.

માલધારી આગેવાનોના જણાવ્યા મુજબ કચ્છી ઊંટો સદીઓથી બન્ની, છારી-ઢંઢ અને કચ્છના કાંઠાળ વિસ્તારોના વિશાળ ચરિયાણોમાં કુદરતી રીતે ઉછરતા આવ્યા છે. આ પ્રજાતિની વિશેષતા તેની મુક્ત જીવનશૈલી અને કઠિન પરિસ્થિતિઓમાં જીવંત રહેવાની ક્ષમતામાં રહેલી છે. આવા ઊંટોને ચરિયાણથી દૂર પાંજરાપોળમાં રાખવાની વ્યવસ્થા તેમની પ્રકૃતિ અને સ્વભાવને અનુકૂળ નથી. પરિણામે ઊંટોના આરોગ્ય અને સંવર્ધન પર પણ નકારાત્મક અસર પડી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજ્યના પશુપાલન વિભાગ સંચાલિત ઢોરી ઊંટ ઉછેર કેન્દ્રમાં ઊંટોની સંખ્યા વધતાં તેમના નિભાવ માટેનો ખર્ચ પણ વધ્યો હોવાનું માનવામાં આવે છે. આર્થિક ભારણ ઘટાડવાના હેતુથી સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે માલધારી સંગઠનોનું કહેવું છે કે જો સરકાર ખર્ચ ઘટાડવા માંગતી હોય તો ઊંટોને અનુભવી માલધારીઓને સોંપી શકાય, કારણ કે તેઓ વર્ષોથી આ પ્રજાતિના ઉછેર અને સંવર્ધન સાથે જોડાયેલા છે. કચ્છી રાવરી ઊંટો માત્ર એક પશુ નથી, પરંતુ કચ્છની સાંસ્કૃતિક ઓળખ, માલધારી જીવનશૈલી અને પરંપરાનો મહત્વપૂર્ણ ભાગ છે. આ નસલના સંરક્ષણ માટે સ્વતંત્રતા બાદ ઢોરી ખાતે વિશેષ ઊંટ ઉછેર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષોથી આ કેન્દ્ર કચ્છી ઊંટોના જતન અને વિકાસ માટે કાર્યરત રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં કેમલ મિલ્ક ઉદ્યોગના વિકાસ અને સરકારના વિવિધ કાર્યક્રમોના કારણે ઊંટ ઉછેરને નવી ગતિ મળી છે. કચ્છમાં ઊંટના દૂધની વધતી માંગને કારણે અનેક યુવા માલધારીઓ આ વ્યવસાય સાથે જોડાયા છે. આજે કચ્છી અને ખારાઈ ઊંટોની માંગ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ વધી રહી છે. માલધારી સમાજનું માનવું છે કે આવી સ્થિતિમાં કચ્છી ઊંટોને પાંજરાપોળમાં મોકલવાને બદલે તેમના પરંપરાગત ઉછેર અને સંવર્ધન માટે માલધારીઓને જ જવાબદારી સોંપવી વધુ યોગ્ય અને વ્યવહારુ સાબિત થઈ શકે. આ મુદ્દે વિવિધ સ્તરે રજૂઆતો શરૂ થઈ છે અને કચ્છની આ અમૂલ્ય પશુધન સંપત્તિના હિતમાં સરકાર હકારાત્મક નિર્ણય લેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સદીઓથી જળવાયેલી પૂર્વજ પૂજનની પરંપરાએ આષાઢી બીજે સર્જ્યો શ્રદ્ધાનો માહોલ

### કોટડા આથમણા ગામે દેશભરમાંથી ઉમટ્યા માકાણી પરિવારના સભ્યો, પૂર્વજોના પાળિયે અર્પી શ્રદ્ધાંજલિ

કુકમા-કચ્છ ઉદય : કચ્છની સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરંપરાઓમાં પૂર્વજોના સન્માન અને સ્મરણની અનોખી પરંપરાઓ આજે પણ જીવંત છે. ભુજ તાલુકાના કોટડા આથમણા ગામે દર વર્ષે આષાઢી બીજના દિવસે પૂર્વજોના પાળિયાની પૂજા અને સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાય છે, જેમાં દેશના વિવિધ રાજ્યોમાંથી માકાણી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાના પૂર્વજોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. કચ્છી નવા વર્ષની શરૂઆત સાથે યોજાતો આ કાર્યક્રમ સમાજની એકતા, સંસ્કૃતિ અને વારસાનું પ્રતિક બની ગયો છે.

બારોટ વહીવંચાઓના ચોપડાઓ અનુસાર કોટડા આથમણા ગામનો ઈતિહાસ અંદાજે સાડા ચારથી પાંચસો વર્ષ જેટલો જૂનો છે. ગામના સ્થાપક અને મુખ્ય પૂર્વજો તરીકે વડેરા માકાદાદા, ભગુદાદા અને સતી જશુમાનું વિશેષ સ્થાન માનવામાં આવે છે. તેમના ત્યાગ, શૌર્ય અને લોકહિતના કાર્યોના સ્મરણરૂપે આજે પણ તેમના પાળિયા પૂજાય છે. ગામના વિકાસ અને સ્થાપનામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને કારણે તેઓ સમાજ માટે આદર અને શ્રદ્ધાના કેન્દ્ર રહ્યા છે.

અગાઉના સમયમાં વાહનવ્યવહારની મર્યાદિત સુવિધાઓને કારણે સમાજના લોકો ચોક્કસ પ્રસંગોએ જ ગામે આવી શકતા હતા. પરંતુ આધુનિક પરિવહન વ્યવસ્થાના વિકાસ બાદ હવે દર વર્ષે આષાઢી બીજના અવસરે દેશના વિવિધ ભાગોમાં વસતા માકાણી પરિવારના સભ્યો કોટડા પહોંચી પૂર્વજોના દર્શન કરી આશીર્વાદ મેળવે છે. આ અવસરે અખિલ ભારતીય પાટીદાર માકાણી પરિવારનું સ્નેહમિલન પણ યોજાય છે, જેના કારણે વિવિધ વિસ્તારોમાં વસતા પરિવારજનો વચ્ચે આત્મીયતા અને સંબંધો વધુ મજબૂત બને છે.

કાર્યક્રમ દરમિયાન સમાજની દીકરીઓ પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહી પૂર્વજોના પાળિયે વંદન કરે છે, સગા-સંબંધીઓ સાથે મુલાકાત કરે છે અને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરે છે. મહાપ્રસાદ, ભેટ-પૂજા અને આશીર્વાદની પરંપરાઓ સાથે સમગ્ર કાર્યક્રમ ધાર્મિક અને સાંસ્કૃતિક ભાવનાથી છલકાતો રહે છે. ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે પૂર્વજોએ ગૌરક્ષા અને સમાજહિત માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી, જેના કારણે તેઓ આજે પણ પૂજનીય સ્થાન ધરાવે છે.

સદીઓ જૂની આ પરંપરા માત્ર ધાર્મિક શ્રદ્ધા પૂરતી મર્યાદિત નથી, પરંતુ નવી પેઢીને પોતાના ઈતિહાસ, સંસ્કાર અને પૂર્વજોના બલિદાનથી પરિચિત કરાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ પણ બની રહી છે. કોટડા આથમણા ગામે દર વર્ષે યોજાતો આ કાર્યક્રમ કચ્છની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો અને સમાજને પોતાના મૂળ સાથે જોડતો અનોખો અવસર સાબિત થઈ રહ્યો છે.

# વિકાસ કે વેડફાટ.... નવા બનેલા રસ્તાને ફરી ખોદતા નાગરિકોમાં નારાજગી

ભુજ-કચ્છ ઉદય : શહેરના એરપોર્ટ રોડ પર એક તરફ માર્ગ નવીનીકરણની કામગીરીને લઈને વિકાસના દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ તંત્રોની બેદરકારી અને સંકલનના અભાવે પ્રજાના પૈસાનો બેફામ બગાડ થતો હોવાના દૃશ્યો સામે આવ્યા છે. તાજેતરમાં જ ડામર પાથરીને તૈયાર કરાયેલા માર્ગને હવે ગટરલાઈનની કામગીરી માટે ફરી ખોદવામાં આવતા લોકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ રસ્તાના નવીનીકરણ પહેલાં જ ગટરલાઈન સહિતની તમામ કામગીરી પૂર્ણ થવી જોઈએ હતી. પરંતુ સંબંધિત વિભાગો વચ્ચે યોગ્ય આયોજન અને તાલમેલના અભાવે હવે નવો માર્ગ તોડી પાડવાની ફરજ પડી છે. પરિણામે લાખો રૂપિયાના ખર્ચે કરાયેલી કામગીરી પર પાણી ફરી વળ્યું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. એરપોર્ટ રોડ શહેરના મહત્વના માર્ગોમાંનો એક હોવાથી અહીં રોજબરોજ મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે. નવા રસ્તાના ખોદકામથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે જ નવા બનેલા માર્ગની ગુણવત્તા અને તેની ટકાઉપણાને લઈને પણ પ્રશ્નો ઊભા થયા છે.

જાગૃત નાગરિકોનું કહેવું છે કે વિકાસના કામોમાં એક વિભાગ રસ્તો બનાવે અને બીજો વિભાગ થોડા દિવસોમાં તેને ખોદી નાંખે તે વહીવટી તંત્રની આયોજનહીનતા દર્શાવે છે. જો અગાઉથી સંકલિત આયોજન કરવામાં આવે તો આવા ખર્ચાળ અને અસુવિધાજનક ખોદકામ ટાળી શકાય.

નાગરિકોએ જવાબદાર વિભાગો સામે જવાબદારી નક્કી કરવાની તેમજ ભવિષ્યમાં માર્ગ, ગટર અને અન્ય માળખાકીય સુવિધાઓના કામો એકસાથે આયોજનબદ્ધ રીતે હાથ ધરવાની માંગણી કરી છે. એરપોર્ટ રોડ પરની આ ઘટના વિકાસ કાર્યોમાં સંકલનના અભાવનું વધુ એક ઉદાહરણ બની છે, જે પ્રજાના પૈસાના યોગ્ય ઉપયોગ અંગે ગંભીર સવાલો ઉભા કરે છે.

# શિક્ષક કલ્યાણની યોજના બની પરિવાર માટે સહારોરૂપ

### સ્વર્ગસ્થ મુખ્ય શિક્ષકના પરિવારને પાંચ લાખ રૂપિયાની વીમા સહાય અર્પણ

રાપર- કચ્છઉદય: રાપર તાલુકાના સેલારી નાકા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક સ્વ. જલાભાઈ રાજાભાઈ સોલંકીના અવસાન બાદ તેમના પરિવારને પાંચ લાખ રૂપિયાની વીમા સહાય આપવામાં આવતાં શિક્ષક વર્તુળમાં આ યોજનાની ઉપયોગિતા ફરી એકવાર ઉજાગર થઈ છે. એક્સિસ બેંકના સેલેરી એકાઉન્ટ સાથે સંકળાયેલી વીમા યોજના હેઠળ મળેલી આ સહાય પરિવાર માટે મુશ્કેલ સમયમાં મહત્વપૂર્ણ આર્થિક ટેકો બની છે.

તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ઢીલાના હસ્તે સ્વ. સોલંકીના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ સ્વ. સોલંકીએ શિક્ષણ ક્ષેત્રે આપેલી સેવાઓને યાદ કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે જ પરિવારજનોને સાંત્વના પાઠવી તેમની સાથે સંવેદના વ્યક્ત કરી હતી.

એક્સિસ બેંક સાથે થયેલા કરાર મુજબ સેલેરી એકાઉન્ટ ધરાવતા કોઈપણ શિક્ષકનું કુદરતી અવસાન થવા પર તેમના પરિવારને પાંચ લાખ રૂપિયાની વીમા સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના શિક્ષક પરિવારોને આર્થિક સુરક્ષા પૂરી પાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. રાપર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના સૌજન્ય અને સતત અનુસરણના કારણે વીમા દાવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ હતી, જેના પરિણામે સહાયની રકમ સમયસર પરિવાર સુધી પહોંચી શકી હતી.

આ પ્રસંગે એક્સિસ બેંકના શાખા પ્રમુખ જીતેન જીવનાની, ઓપરેશન હેડ દિલીપ મહેશ્વરી, રાપર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ભરતસિંહ પરમાર, મહામંત્રી મહાદેવભાઈ કાગ, ઉપપ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી સહિત શિક્ષક સંઘના હોદ્દેદારો, શિક્ષકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષકો માટેની આવી કલ્યાણકારી યોજનાઓ વધુ વ્યાપક બને અને જરૂરિયાતમંદ પરિવારોને સમયસર સહાય મળે તેવા આશય પણ વ્યક્ત કર્યા હતા.

# ધર્મમય વાતાવરણ વચ્ચે જિનાલયની વર્ષગાંઠની ઉજવણી

### સુમરાસરમાં ધ્વજારોહણ, અભિષેક, પૂજન અને હવન સહિતના કાર્યક્રમોમાં ભાવિકોની ઉપસ્થિતિ

સુમરાસર - કચ્છ ઉદય : ભુજ તાલુકાના સુમરાસર ગામ સ્થિત શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલયની ૨૦મી વર્ષગાંઠ નિમિત્તે ભક્તિભાવ અને ધાર્મિક ઉલ્લાસ સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. દિવસભર ચાલેલા ધાર્મિક અનુષ્ઠાનોમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ અને ગ્રામજનો જોડાયા હતા. પ્રસંગે મૂળનાયક શ્રી પાર્શ્વનાથ દાદાના ધ્વજારોહણનો લાભ પારેખ નેમીદાસ વિશનજી, વોરા રવિલાલ પોપટલાલ તથા શાહ મહેશચંદ્ર નાનચંદ પરિવારે લીધો હતો. મણિભદ્રવીર દાદાની દેરીના ધ્વજારોહણ અને નવકારશીનો લાભ વોરા વીરૂબેન સાકરચંદ તથા વોરા લતાબેન લીલાધર પરિવારે પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત ચક્રેશ્વરી દેવી અને પદ્માવતી દેવીની દેરીઓના ધ્વજારોહણના લાભાર્થી પરિવારો દ્વારા પણ શ્રદ્ધાભેર સેવા અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા, મણિભદ્રવીર દાદાનું વિશેષ પૂજન, હવન તથા અન્ય ધાર્મિક વિધિઓ વિધિકાર કેવલભાઈના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવી હતી. બપોરે સ્વામીવાત્સલ્યનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ભાવિકોએ લાભ લીધો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા વિજય શાહ, દિલીપભાઈ, જગદીશભાઈ, કમલેશભાઈ, નલીનભાઈ, પ્રવીણભાઈ, શરદભાઈ, વિજયભાઈ, પ્રકાશભાઈ, ધીરજભાઈ, મગનલાલભાઈ તથા કીર્તિભાઈ સહિતના આગેવાનોએ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. જિનાલયની વર્ષગાંઠની ઉજવણી શ્રદ્ધા, ભક્તિ અને સામૂહિક ધાર્મિક એકતાના સુંદર માહોલમાં સંપન્ન થઈ હતી.

# કચ્છના ઐતિહાસિક વારસાના સંશોધન માટે ઝારા-લખપત પ્રવાસનો નિર્ણય

### કચ્છ ઇતિહાસ પરિષદની બેઠકમાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત અને સંશોધન પ્રવૃત્તિઓ અંગે ચર્ચા

ભુજ- કચ્છ ઉદય : કચ્છ ઈતિહાસ પરિષદની કારોબારી સમિતિની બેઠક ભુજ સ્થિત દરબારગઢ કાર્યાલય ખાતે પ્રમુખ નરેન્દ્રભાઈ વ્યાસના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં કચ્છના ઐતિહાસિક વારસાના સંરક્ષણ, સંશોધન અને અભ્યાસને વધુ વ્યાપક બનાવવા માટે વિવિધ મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવી હતી.

બેઠકની શરૂઆત ખજાનચી સહદેવસિંહ જાડેજાએ ગત બેઠકની કાર્યવાહીનું વાચન કરીને કરી હતી. મહામંત્રી પ્રમોદભાઈ જેઠીએ અગાઉ લેવાયેલા ઠરાવોની અમલવારી અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે આગામી માસમાં સંસ્થા દ્વારા ઐતિહાસિક સ્થળોનો અભ્યાસ પ્રવાસ યોજવાની યોજના છે. ચર્ચા દરમિયાન ઝારાનો ડુંગર, માતાનામઢ, લખપત, કોટેશ્વર અને ગુનેરી ગુફા જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત અંગે સૂચનો કરવામાં આવ્યા હતા. ઉપપ્રમુખ વિશ્વનાથ જોશીએ ધોળાવીરા અને કંથકોટ જેવા મહત્વના ઐતિહાસિક સ્થળોને પણ પ્રવાસમાં સામેલ કરવાની દરખાસ્ત મૂકી હતી. અંતે સંશોધન માટે પૂરતો સમય મળી રહે તે હેતુથી પ્રથમ તબક્કે ઝારાનો ડુંગર અને લખપતની મુલાકાત લેવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. પ્રવાસની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

બેઠક દરમિયાન રતનસિંહ અબડાએ પાળિયાપૂજન અને કચ્છના ઐતિહાસિક વારસાને લગતા પોતાના અનુભવો રજૂ કર્યા હતા. ઉપપ્રમુખ કિરીટસિંહ જાડેજાએ સંસ્થાની સંગઠનાત્મક પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. ભૂપેન્દ્રભાઈ મહેશ્વરીએ ભુજિયાના ડુંગર નજીક સંવત ૧૬૭૪ના યુદ્ધમાં વીરગતિ પામેલા આયડી નુખના શૂરવીરોની સ્મૃતિમાં માધાપર ખાતે આવેલા સ્મારક અંગે રસપ્રદ માહિતી આપી હતી. બેઠકના અંતે મહારાવ પ્રાગમલજી ત્રીજા અને મહારાણી પ્રીતિદેવી દ્વારા સંસ્થાને કાર્યાલય માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલી જગ્યા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. બેઠકમાં અબ્દુલ ગફુર શેખ, પ્રતાપભાઈ રૂપારેલ, દિલીપ આચાર્ય, કનૈયાલાલ અબોટી અને વનરાજસિંહ જાડેજા સહિતના કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના "કેચ ધ રેઈન" મંત્રને સાકાર કરવા કોડાય - મદનપુરાની સીમમાં ૧૪ એકરમાં તળાવ ઉંડુ કરવાના જનભાગીદારીના કામો સાથે ગુજરાત સરકારની ધારાસભ્ય ગ્રાંટ જોડી રીચાર્જ બોર માટે રકમ ફાળવવામાં આવી તે સ્થળ "રામ સાગર" નું પ્રદેશ ભાજપના મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે સહિત સ્થાનિક આગેવાનોએ નિરીક્ષણ કર્યું હતું.

# કંઢોરાના હાટકેશ મંદિરના સેવક ધીરજલાલભાઈ શાહને ભાવભીની શ્રદ્ધાંજલિ



ભુજ - કચ્છઉદય : સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢની નજીક આવેલા કંઢોરા સ્થિત હાટકેશ મંદિરના સ્થાપક સ્વર્ગસ્થ રવિલાલભાઈ શાહના પુત્ર ધીરજલાલભાઈ શાહના આકસ્મિક અવસાનના સમાચારથી સમગ્ર વિસ્તાર તેમજ તેમને ઓળખતા વર્તુળોમાં શોકની લાગણી પ્રસરી છે. વિદાય હાટકેશ મંદિર સાથે જોડાયેલા શ્રદ્ધાળુઓ, ગ્રામજનો અને મિત્રવર્તુળ માટે મોટી ખોટ સમાન ગણાઈ રહી છે.

માતાનામઢ જેવાં વિશ્વવિખ્યાત તીર્થસ્થાનની નજીક આવેલું કંઢોરાનું હાટકેશ મંદિર એક સમયે નાગર સમાજ માટે લગભગ અજાણ્યું હતું. વર્ષો સુધી મંદિર વિશે બહુ ઓછા લોકોને જાણકારી હતી. જોકે મંદિરના નિર્માણ અને વિકાસ પાછળ સ્વર્ગસ્થ રવિલાલભાઈ શાહનું મહત્વનું યોગદાન રહ્યું હતું. જેમ માતાનામઢના ઈતિહાસમાં દેવચંદ વાણીયાનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે, તેમ કંઢોરાના હાટકેશ મંદિરના નિર્માણ સાથે રવિલાલભાઈ શાહનું નામ પણ અવિસ્મરણીય રીતે જોડાયેલું છે. ધીરજલાલભાઈ શાહ માતાનામઢ મંદિર સામે આવેલી "ધીરજ સ્ટોર"ના સંચાલક તરીકે જાણીતા હતા. સરળતા, નમ્રતા અને આત્મીયતાભર્યા સ્વભાવને કારણે તેઓ યાત્રાળુઓ અને સ્થાનિક લોકોમાં વિશેષ લોકપ્રિયતા ધરાવતા હતા. માતાનામઢની મુલાકાતે આવતા અનેક લોકો માટે તેમની દુકાન માત્ર વેપારનું સ્થળ નહીં પરંતુ આત્મીય મુલાકાતનું કેન્દ્ર બની રહેતી. તેમને મળનાર દરેક વ્યક્તિ તેમના ઉમળકા ભર્યા સ્વાગત અને નિખાલસ વ્યવહારને યાદ કરે છે. કંઢોરાના હાટકેશ્વર મહાદેવ મંદિરના નામકરણ પાછળ પણ એક રસપ્રદ ઈતિહાસ જોડાયેલો છે. ગામમાં નાગર સમાજના ઘરો ન હોવા છતાં અહીં હાટકેશ્વર મહાદેવનું મંદિર કેમ સ્થાપિત થયું તે અંગે જિજ્ઞાસા રહેતી હતી. ગામના અગ્રણી સ્વર્ગસ્થ ગનુભા જાડેજાના જણાવ્યા મુજબ મંદિરનું નામકરણ શાસ્ત્રોક્ત રીતે થાય તે હેતુથી માતાનામઢના મૂળજી મહારાજની સલાહ લેવામાં આવી હતી. મંદિરની રાશિનું અવલોકન કરીને તેમણે તેનું નામ "હાટકેશ્વર" રાખ્યું હતું. જાણીતા સંશોધક અને લેખક જગદીશચંદ્ર છાયાએ પણ પોતાના અભ્યાસ દરમિયાન કંઢોરાના હાટકેશ મંદિરને કચ્છના મહત્વપૂર્ણ હાટકેશ મંદિરોમાં સ્થાન આપ્યું હોવાનું નોંધ્યું છે. આ પવિત્રધામ સાથે શાહ પરિવારની સેવાભાવના અને સમર્પણની પરંપરા વર્ષોથી જોડાયેલી રહી છે. ધીરજલાલભાઈ શાહની વિદાયથી સમાજે એક વિનમ્ર, સૌજન્યશીલ અને સેવાભાવી વ્યક્તિત્વ ગુમાવ્યું છે. તેમના સદગુણો અને માનવીય સંબંધોની ઉષ્મા લાંબા સમય સુધી લોકોના હૃદયમાં જીવંત રહેશે. પરમાત્મા સદગત આત્માને ચિરશાંતિ અર્પે તથા શોકગ્રસ્ત પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી સર્વત્ર પ્રાર્થના વ્યક્ત કરવામાં આવી છે.

# ધાર્મિક આસ્થાના માહોલમાં શનિદેવ મંદિરનો પાટોત્સવ સંપન્ન

### વૈદિક વિધિઓ, મહાઆરતી અને મહાપ્રસાદમાં ભાવિકો ઉમટ્યા : રાજકીય-સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિએ પ્રસંગને બનાવ્યો યાદગાર

નખત્રાણા - કચ્છ ઉદય : કોટડા (જ.) તરફ જવાના ધોરીમાર્ગ પર ચત્રભુજની આંટી પાસે આવેલ શનિદેવ મંદિરનો ૧૩મો પાટોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવાયો હતો. પાટોત્સવ નિમિત્તે યોજાયેલા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

પૂજારી ટીનાભાઈ રામાવતના સાનિધ્યમાં સુખદેવસિંહ સરવૈયા, ધ્રુવ અમિતભાઈ પલણ, છગનભાઈ અનમ તથા છાયાબેન વી. પલણના યજમાનપદે આચાર્ય વિનયભાઈ ગોર દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ધ્વજારોહણ અને હોમહવનની વિધિઓ સંપન્ન કરાવવામાં આવી હતી. મંદિર પરિસરમાં સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. પ્રસંગે શૈલેશ બારોટ અને તેમની ટીમ દ્વારા સંગીતમય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદનો લાભ લીધો હતો.

ગોવિંદભાઈ પલણ પરિવારના બ્રિજેશ પલણ, અમિતભાઈ પલણ અને મિતેશ પલણની આગેવાનીમાં યોજાયેલા પાટોત્સવને સફળ બનાવવા અનેક દાતાઓએ આર્થિક સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં નખત્રાણા નગરપાલિકાના નગરપતિ વસંતભાઈ વાઘેલા, તાલુકા પંચાયત સભ્ય કલ્પેશ સચદે, ઉપનગરપતિ દમયંતીબેન સેંઘાણી, કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ સોમજિયાણી સહિત રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પાટોત્સવના સફળ આયોજનથી મંદિર પરિસરમાં આસ્થા અને ભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો તેમજ ભાવિકોએ શનિદેવના દર્શન કરી ધર્મલાભ મેળવ્યો હતો.

# બોરીવલીમાં કચ્છી જૈન સંતોના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભાવિકો ઉમટ્યા

### ચાતુર્માસ આત્મશુદ્ધિ, તપ અને આરાધનાનો શ્રેષ્ઠ સમયગાળો : નયશેખર મહારાજ સાહેબ

ભુજ-કચ્છ ઉદય : મુંબઈના બોરીવલી સ્થિત પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘમાં કચ્છી જૈન સંતો ધર્મરત્નચંદ્રજી મહારાજ સાહેબ તથા નયશેખર મહારાજ સાહેબના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભવ્ય સામૈયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રાવક - શ્રાવિકાઓ અને જૈન સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મંગલ પ્રવેશ દરમિયાન ભાવિકોએ ગ્રંથ અને કામળી અર્પણ કરી ગુરુપૂજન કર્યું હતું. ત્યારબાદ યોજાયેલી ધર્મસભામાં નયશેખર મહારાજ સાહેબે જણાવ્યું હતું કે ચાતુર્માસના ચાર મહિના આત્મશુદ્ધિ, સંયમ, તપ, સ્વાધ્યાય અને ધર્મ આરાધના માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ સમય દરમિયાન નિયમિત પ્રતિક્રમણ, નવકાર મહામંત્રનું સ્મરણ અને જિનશાસનની આરાધના દ્વારા આત્મકલ્યાણનો માર્ગ સરળ બને છે. પ્રસંગે બોરીવલી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘના પ્રમુખ, ટ્રસ્ટીમંડળના સભ્યો, વિવિધ જૈન સંઘોના ટ્રસ્ટીઓ, અગ્રણી મહાનુભાવો તેમજ કચ્છ, ગુજરાત, મધ્યપ્રદેશ સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૨૩ના સરકારી ઠરાવ છતાં કચ્છમાં ૨૦૦૮ની જંત્રીના દરોનો આધાર

### સબ-રજિસ્ટ્રાર કચેરીઓની કાર્યવાહી સામે પ્રશ્નો, મહેસૂલ સચિવને રજૂઆત

ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩માં જંત્રીના દરો અંગે મહત્વપૂર્ણ ઠરાવ જાહેર કરવામાં આવ્યો હોવા છતાં કચ્છ જિલ્લામાં કેટલાક દસ્તાવેજોની નોંધણી વખતે હજુ પણ વર્ષ ૨૦૦૮ની જૂની જંત્રીના દરોને આધારે બજાર કિંમત નક્કી કરવામાં આવતી હોવાનો મુદ્દો સામે આવ્યો છે. આ બાબતે ભુજના ધારાશાસ્ત્રી મીત કતિરાએ ગુજરાત સરકારના મહેસૂલ સચિવ ડો. જયંતી રવિને પત્ર પાઠવી તાત્કાલિક સ્પષ્ટતા અને યોગ્ય અમલ માટે જરૂરી સૂચનાઓ આપવાની માંગ કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩માં જાહેર કરેલા ઠરાવમાં સ્પષ્ટ જોગવાઈ કરી છે કે જે વિસ્તારોમાં બિનખેતી જમીનના જંત્રીના દર ઉપલબ્ધ ન હોય ત્યાં ખેતીની જમીનના ઉચ્ચત્તમ જંત્રી દરને આધાર માની રહેણાક હેતુ માટે દોઢ ગણો, ઔદ્યોગિક હેતુ માટે બે ગણો અને વાણિજ્યિક હેતુ માટે અઢી ગણો દર ગણવાનો રહેશે. સરકારનો આ નિર્ણય જમીનના મૂલ્યાંકનમાં એકરૂપતા લાવવા અને નાગરિકોને અનાવશ્યક વિવાદોથી બચાવવા માટે લેવામાં આવ્યો હતો. તેમ છતાં કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં દસ્તાવેજોની નોંધણી દરમિયાન સબ-રજિસ્ટ્રાર કચેરીઓ દ્વારા બજાર કિંમત નક્કી કરતી વખતે વર્ષ ૨૦૦૮ની જંત્રીના દરોને ધ્યાને લેવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિણામે અરજદારોને વધુ સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે કહેવામાં આવે છે. જો અરજદાર આ ગણતરી સાથે સંમત ન થાય તો મામલો ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨-ક હેઠળ નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી સમક્ષ મોકલવામાં આવે છે. મીત કતિરાએ રજૂઆતમાં જણાવ્યું છે કે કચ્છ જિલ્લામાં છેલ્લા ૧૦થી ૧૫ વર્ષ દરમિયાન ઔદ્યોગિક, રહેણાક અને વ્યાપારી વિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં પણ કચ્છ મહત્વનું સ્થાન ધરાવે છે. આવી સ્થિતિમાં સરકારના અમલમાં રહેલા ઠરાવને બદલે જૂના અને અમલ બહાર થયેલા દરોના આધારે મૂલ્યાંકન કરવું કાયદાકીય રીતે યોગ્ય નથી. તેમણે મહેસૂલ વિભાગને વિનંતી કરી છે કે વર્ષ ૨૦૨૩ના સરકારી ઠરાવ અંગે તમામ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવે અને જંત્રીના દરોની ગણતરીમાં સરકારની હાલની નીતિનો જ અમલ થાય તેની ખાતરી કરવામાં આવે. સાથે જ અરજદારોને અનાવશ્યક મુશ્કેલી, વિલંબ અને વધારાના આર્થિક બોજમાંથી મુક્તિ મળે તે માટે સમગ્ર જિલ્લામાં એકસરખી પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

આ રજૂઆત બાદ હવે મહેસૂલ વિભાગ આ મુદ્દે શું નિર્ણય લે છે અને કચ્છમાં જંત્રીના દરોની અમલવારી અંગે કેવી સ્પષ્ટતા કરે છે તેના પર જમીન અને મિલકત ક્ષેત્ર સાથે સંકળાયેલા વર્ગોની નજર મંડાઈ છે.

આને વધુ અખબારી, તપાસાત્મક અને ત્રણ કોલમના મોટા ન્યૂઝ મેટર તરીકે પણ વિસ્તૃત કરી શકાય.

# કચ્છના પશુપાલકો માટે રાહત દરે ઘાસ વિતરણનો નિર્ણય

# આવકાર-દાયક, પણ અમલવારીમાં નહી નડે આ મોટા પડકારો?

**જે રીતે કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી અબોલ પશુધનની વહારે આવવા માટે પુરજોશમાં મહેનત કરી સમસ્યાને પહોંચી વળવા ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે..! : વહીવટીતંત્રની સાથોસાથ વિવિધ જીવદયાપ્રેમી-ધાર્મિક સંસ્થાઓએ પણ મદદમા જોડાઈ પશુધનને રાહત મળે તેવા પ્રયાસે હાથ ધરી અબોલ જીવોના આર્શીવાદ મેળવવાની કરવી જોઈએ પહેલ : ફક્ત આવેદનો અને રજુઆતો માત્ર જ નહી પણ અબોલ જીવોને કે મદદરૂપ થવાય તે વિચારી અમલવારી કરવાનો સમય આવ્યો છે, હવે જરૂર છે મદદની..!**

**મોટો ભૌગોલિક વિસ્તાર વહીવટીતંત્રની કસોટી કરશે : ઘાસ કાર્ડ બનાવવામાં ભ્રષ્ટાચાર અને ટેક્કર માફિયાઓની જેમ 'ઘાસ માફિયાઓ' સક્રિય ન થાય તે માટે કલેક્ટર તંત્રએ રાખવી પડશે કડક અગમચેતી**

## તંત્ર અને કલેક્ટર વહીવટીતંત્રએ રાખવાની અગમચેતીઓ..!

ગાંધીધામ : આ યોજનાનો લાભ સાચા અર્થમાં છેવાડાના માલધારી સુધી પહોંચે તે માટે કલેક્ટર તંત્રએ કેટલીક કડક અગમચેતી રાખવી અનિવાર્ય છે:

**૧. બોગસ કાર્ડ અટકાવવા ડિજિટલ વેરિફિકેશન** : ફોટાવાળા વિશેષ ઘાસ કાર્ડ બનાવતી વખતે ગ્રામ પંચાયતના પશુ રજીસ્ટર (૮-અ અને તલાટીના દાખલા) તેમજ પશુઓના કાનમાં મારેલા ટેગ નંબર સાથે ક્રોસ-વેરિફિકેશન કરવું જરૂરી છે, જેથી કોઈ લેભાગુ તત્વો ખોટી રીતે લાભ ન ખાટી જાય. **૨. સપ્લાય ચેઈન અને વજનમાં પારદર્શિતા** : વન વિભાગના ડેપો પર આવતો ઘાસચારો ગુણવત્તાયુક્ત અને સૂકો જ હોય તેમજ વજનમાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે દરેક ડેપો પર સીસીટીવી અથવા કડક સુપરવિઝન ઓફિસરની નિમણૂક કરવી જોઈએ. સાત દિવસનો જથ્થો એકસાથે આપતી વખતે સડો લાગેલો ઘાસચારો ન ધાબડી દેવાય તે જોવું રહ્યું. **૩. ડેપોની સંખ્યામાં વધારો અને વિકેન્દ્રીકરણ** : માત્ર વન વિભાગના ગણ્યાગાંઠ્યા ડેપો પર નિર્ભર રહેવાના બદલે, દરેક તાલુકા મથકે અને મોટા ગઢ (ગામો) મધ્યે હંગામી સબ-ડેપો શરૂ કરવા જોઈએ, જેથી માલધારીઓને પરિવહનનો મોટો ખર્ચ ન ભોગવવો પડે. **૪. મુદત અને પશુ મર્યાદા વધારવા સરકારમાં ત્વરિત રજૂઆત** : કચ્છની ગંભીર પરિસ્થિતિને જોતાં કલેક્ટરે પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને અથવા રાજ્ય સરકારમાં તાત્કાલિક દરખાસ્ત મોકલીને ૧૫ દિવસની મુદત લંબાવીને ઓછામાં ઓછી બે મહિના કરવા અને પશુઓની મર્યાદા ૫ થી વધારીને ૧૫ કે ૨૦ કરવા માટે રજૂઆત કરવી જોઈએ.

ગાંધીધામ : અછત અને દુષ્કાળનો કાયમી સામનો કરતા સરહદી કચ્છ જિલ્લાના માલધારીઓ માટે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા પ્રતિકિલો માત્ર બે રૂપિયા લેખે સૂકો ઘાસચારો આપવાનો નિર્ણય ખરેખર સંજીવની સમાન અને આવકારદાયક છે. પરંતુ, વાતાનુકૂલિત ઓફિસોમાં બેસીને બનાવાતા સરકારી ઠરાવો અને કચ્છની વરવી વાસ્તવિકતા વચ્ચે મોટો તફાવત હોય છે. સરકારના આ આદેશની ગ્રાઉન્ડ લેવલ પર અમલવારી કરતી વખતે વહીવટીતંત્ર અને કલેક્ટર સામે કેવા ગંભીર પ્રશ્નો, નકારાત્મક પાસાઓ અને પડકારો આવી શકે છે અથવા તો આ આદેશની અમલવારીમાં કેટલાક પડકારો તંત્રને નહી નડે? તેવા સવાલો પણ આ ક્ષેત્રથી સંકળાયેલા અભ્યાસુવર્ગ દ્વારા કરવામા આવી રહ્યા છે.

### કંટ્રોલરૂમ કરવો જોઈએ શરૂ : માલધારી સીધી જ કરી શકે સમસ્યાની ફરીયાદ.!

ગાંધીધામ : સરકારની દાનત પશુપાલકોને મદદ કરવાની છે તેમાં કોઈ શંકા નથી, પરંતુ જો કચ્છનું વહીવટીતંત્ર ઊંઘતું ઝડપાશે તો આ યોજના માત્ર કાગળ પર જ સગેવગે થઈ જશે. તંત્રએ 'પ્રો-એક્ટિવ' થઈને કંટ્રોલ રૂમ શરૂ કરવો જોઈએ, જેથી ઘાસચારાની અછત કે કાળાબજાર અંગે માલધારીઓ સીધી ફરિયાદ કરી શકે.

### હયાત સ્ટાફ પર ભારણ અને ભૌગોલિક અંતર

ગાંધીધામ :નવા મહેકમ વગર હયાત સ્ટાફથી જ કામગીરી કરવાનો આદેશ છે. કચ્છના પશ્ચિમ છેડાના લખપત-અબડાસાથી લઈને રાપર-વાગડના અંતરિયાળ ગામો સુધી એક-બે ડેપો પરથી ઘાસ લેવા માટે માલધારીઓને ટ્રેક્ટર ભાડાના ખર્ચા ઘાસની કિંમત કરતાં વધી નહી જાય તેવી ભીતી પણ સેવાઈ રહી છે.

### ૫ પશુઓની મર્યાદા અને કચ્છનો માલધારી: ઊંટના મોંમાં જીરા સમાન સાબિત નહી થાય?

ગાંધીધામ : સરકારી ઠરાવ મુજબ પરિવાર દીઠ વધુમાં વધુ ૫ પશુઓ માટે જ ઘાસ અપાશે. વાસ્તવિકતા એ છે કે કચ્છના નાના અને સીમાંત માલધારીઓ પાસે પણ સરેરાશ ૨૦ થી પચાસ કે તેથી વધુ પશુઓ હોય છે. તેવામાં માત્ર ૫ પશુઓ લેખે અપાતું ઘાસ ઊંટના મોંમાં જીરા સમાન સાબિત થશે. બાકીના પશુઓ ક્યાં જશે? આ મર્યાદા પશુપાલકોમાં ભારે અસંતોષ ઊભો કરી શકે છે.

### 'ઘાસ માફિયા' અને કાળાબજારની આશંકા

ગાંધીધામ :ભૂતકાળમાં પાણી અને ખાતરમાં જે રીતે કાળાબજાર થાય છે, તેમ સસ્તા દરના આ ઘાસચારાનો જથ્થો બિન-પશુપાલકો કે મોટા તત્વો બોગસ કાર્ડ બનાવીને ડાયવર્ટ કરી જાય તેવી પૂરેપૂરી આશંકા છે.

### ૧૫ દિવસની ટૂંકી મુદત

ગાંધીધામ :સરકારે આ યોજના માત્ર ૧૫ દિવસ માટે જ ચાલુ રાખવાનો આદેશ કર્યો છે. કચ્છ જેવા વિશાળ જિલ્લામાં જ્યાં અંતરિયાળ વાંઢો અને ગામડાઓ આવેલા છે, ત્યાં ૧૫ દિવસ તો માત્ર વ્યવસ્થા ગોઠવવામાં અને કાર્ડ બનાવવામાં જ નીકળી જશે. આ ટૂંકી મુદત મજાક સમાન સાબિત ન થઈ જાય તે જોવુ પડશે.

**નર્મદા કેનાલમાંથી પાણીની બેફામ ચોરી**

# પૂર્વ કચ્છમાં ઉદ્યોગો અને હોટલોને 'લીલા લહેર' : જનતાને પાણી માટે વલખા

**તંત્રની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારના કારણે પૂર્વ કચ્છમાં પાણીચોરો બેફામ ; હાઈવે પર સિક્યુરિટી ગાર્ડ ગોઠવીને રાત-દિવસ થાય છે કિંમતી જળની ખુલ્લેઆમ લૂંટ : જનતાના હકનું પાણી ઉદ્યોગપતિઓ અને હોટલ માલિકો ઉસેડી રહ્યા છે અને વહીવટી તંત્ર મૌન પ્રેક્ષક બનીને જોઈ રહ્યું છે તમાસો**

**પાણીના ગેરકાયદેસર જોડાણોની જિલ્લા વ્યાપી તપાસ કરાવો : સંકલનમાં આ વિષય બાબતે વિવીધ અધિકારીઓના લ્યો કડક ઉધડા : પાણી પુરવઠા સહિતના જેઓની જવાબદારી બની રહી છે તે તમામ શું કરી રહ્યા છે આ દીશામા?**

ભચાઉ - કચ્છઉદય : કચ્છ જિલ્લાની સૂકી ભઠ્ઠ ધરતી પર નર્મદાના નીરના આગમન બાદ એક તરફ ખેડૂતો અને પશુપાલકોની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, પરંતુ આ સિક્કાની બીજી બાજુ અત્યંત કાળી અને ચિંતાજનક છે. કચ્છના પૂર્વ વિભાગમાં નર્મદાની મુખ્ય કેનાલ જાણે સ્થાનિક ખાનગી ધંધાર્થીઓ, હાઈવેની હોટલો અને મોટા ઉદ્યોગ ગૃહો માટે મફત કમાણીનું સાધન બની ગઈ છે. પૂર્વ કચ્છના રાપર અને ભચાઉ પંથકમાં નર્મદાની કેનાલમાંથી પાણીની બેફામ ચોરી થવાની ફરિયાદો અવારનવાર ઉઠી રહી છે, પરંતુ જવાબદાર તંત્ર દ્વારા આ ગંભીર બાબતે જાણીજોઈને ખાડા કાન કરવામાં આવતા હોવાથી પાણી ચોરીનું આ દૂષણ હવે અત્યંત વકરી ગયું છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, ભચાઉથી શરૂ કરીને કુંજીસર, મેઘપર, સામખીયાળી, લાકડીયા, પલાસવા, ગાગોદર, કટારીયા, શિકારપુરથી માંડીને છેક માળિયા હાઈવે પર આવેલી હોટલોમાં ચોવીસે કલાક પાણીની રેલમછેલ જોવા મળે છે. આ તમામ હોટલો અને સર્વિસ સ્ટેશનોમાં કોઈ કાયદેસરના કનેક્શન વિના, માત્ર નર્મદાની કેનાલમાંથી ગેરકાયદેસર પાઈપલાઈનો નાખીને ખુલ્લેઆમ પાણીની ચોરી કરવામાં આવી રહી છે. નવાઈની વાત તો એ છે કે, હાઈવે પર ધમધમતી આ મોટી હોટલો ઉપરાંત આ ઔદ્યોગિક વિસ્તારના રાક્ષસી ઉદ્યોગ જૂથો પણ પાણીની ચોરી કરવામાં જરાય પાછળ રહ્યા નથી.

આ ઉદ્યોગો અને ખાનગી ધંધાર્થીઓની હિંમત એટલી હદે વધી ગઈ છે કે જ્યારે કેનાલમાંથી મોટા મોટા પંપો દ્વારા પાણી ખેંચવામાં આવતું હોય, ત્યારે હાઈવે પર સરકારી તંત્ર કે પોલીસની કોઈ તપાસ ગાડી આવે છે કે નહીં તેની વોચ રાખવા માટે ખાસ ખાનગી સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવામાં આવે છે. આ સિક્યુરિટી ગાર્ડ્સ બાજ નજર રાખે છે અને કોઈ સરકારી અધિકારીની હિલચાલ દેખાય તો તરત જ પાણી ખેંચવાનું ઓપરેશન બંધ કરી દેવાય છે.

આ સમગ્ર કૌભાંડમાં સૌથી વધુ આઘાતજનક બાબત વહીવટી તંત્ર અને પોલીસ તંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની ભૂમિકા છે. સ્થાનિક લોકોમાં ભારે રોષ સાથે ચર્ચા છે કે તંત્રના કેટલાક ભ્રષ્ટ બાબુઓની મિલીભગત અને સીધી સાઠગાંઠના કારણે જ આ પાણીચોરોને મોકળું મેદાન મળી ગયું છે. કાયદાનો કોઈ ડર ન હોય તેમ આ ગેરકાયદેસર પ્રવૃત્તિ રાત-દિવસ ચાલી રહી છે. જ્યારે બીજી તરફ, આ વિસ્તારના સામાન્ય શહેરી અને ગ્રામીણ જનતાને પીવા માટે પૂરતું પાણી પણ નસીબ થતું નથી. આમ, જનતાના હકનું પાણી ઉદ્યોગપતિઓ અને હોટલ માલિકો ઉસેડી રહ્યા છે અને વહીવટી તંત્ર મૌન પ્રેક્ષક બનીને આ તમાશો જોઈ રહ્યું છે. જો તાત્કાલિક ધોરણે આ પાણીચોરો સામે કડક કાનૂની પગલાં ભરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં પૂર્વ કચ્છમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાશે અને જનઆંદોલન ફાટી નીકળે તો નવાઈ નહીં.

### ગણેશનગરમાં અગમ્ય કારણોસર એસિડ પી જનાર પ્રૌઢનું સારવારમાં મોત

ગાંધીધામ : ગાંધીધામના ગણેશનગરમાં રહેતા ૫૦ વર્ષીય પ્રૌઢ સુનીલભાઈ લાલજીભાઈ દાફડા ગત તારીખ ૩૦/૦૬/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર એસિડ પી ગયા હતા. તેમને ગંભીર હાલતમાં ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં લાંબી સારવાર બાદ ગત તા. ૧૮/૦૭/૨૦૨૬ના રોજ મોડી રાત્રે ૨૩:૫૧ વાગ્યે તેમનું મોત નીપજ્યું છે. હોસ્પિટલના ડો. કિશન ગમારની ટેલિફોનિક વર્ધિના આધારે ગાંધીધામ "બી" ડિવિઝન પોલીસે બીએનએસએસ કલમ-૧૯૪ મુજબ અકસ્માત મોત (અ.મોત નં. ૫૦/૨૦૨૬) ની નોંધ કરી આગળની તપાસ પીએસઆઈ એસ. જે. પઢારને સોંપી છે

### આદિપુરની કોલેજિયન યુવતી રાજકોટથી લાપતા

ગાંધીધામ : આદિપુરની ન્યૂ સોસાયટી શિણાય ખાતે રહેતા રમેશભાઈ વાઘમશીની પુત્રી અને તોલાણી આર્ટસ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષ અને ૧૧ મહિનાની ખુશાલી રમેશભાઈ વાઘમશી ગત તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ ઘરેથી મામાની દીકરીને મળવા જઉં છું તેમ કહી નીકળી હતી. ત્યારબાદ તા. ૧૮ના રોજ પિતા સાથે ફોન પર વાતચીતમાં પોતે રાજકોટ બસ સ્ટેશને ભાઈ પાસે જવા ઊભી હોવાનું જણાવ્યું હતું, પણ ત્યારપછી તેનો ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. ૫.૨ ફૂટ ઊંચાઈ, નાકની બાજુમાં કાળો મસો અને કાળું પેન્ટ-રાખોડી ટીશર્ટ તથા સફેદ દુપટ્ટો પહેરેલી આ યુવતી અંગે આદિપુર પોલીસે ગુમનોંધ (નં. ૬૩/૨૦૨૬) નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ભારતનગરમાંથી ૨૦ વર્ષીય યુવતી ગુમ

ગાંધીધામ પ્લોટ નં.૨૫, વોર્ડ ૯-એજી, ભારતનગરમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી ક્રિશ્ના મનજીભાઈ ભાનુશાળી (ધંધો: પાર્લર) ગત તારીખ ૧૯/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં ઘરેથી પાર્લર જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી નથી. શરીરે મજબૂત બાંધો, ઘઉંવર્ણ રંગ, સાડા ચાર ફૂટ ઊંચાઈ ધરાવતી આ યુવતીએ લાલ કલરનો ડ્રેસ પહેરેલો છે. એ'' ડિવિઝન પોલીસે ગુમનોંધ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંધીધામ પંથકમાં પોલીસની સપાટોઃ તલવાર-છરીધારીઓ અને નશાખોર ચાલકો સામે કડક કાર્યવાહી

**''પૂર્વ કચ્છના ગાંધીધામ "એ" અને "બી" ડિવિઝન તેમજ આદિપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે ગુનાખોરી ડામવા માટે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી હથિયારબંધી ભંગ તેમજ નશાખોર વાહનચાલકો સામે લાલઆંખ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

ગાંધીધામ : ગાંધીધામ "એ" ડિવિઝન પોલીસ મથકના કોન્સ્ટેબલ નીતિનકુમાર વરચંદ અને ટીમે પેટ્રોલીંગ દરમિયાન ખોડીયારનગર ઝૂંપડા, રમણ ચોરાયા પાસેથી પસાર થતા નરેશ નારણભાઈ ગોહીલ (મેઘવાળ) (ઉ.વ.૨૨, રહે. રામદેવપીર મંદિર પાસે, જી.આઈ.ડી.સી. ગાંધીધામ) ને અટકાવી તલાશી લીધી હતી. તેના કબ્જામાંથી રૂ. ૫૦ની કિંમતની કવર વાળી છરી મળી આવતા, જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ તેની ધરપકડ કરાઈ છે. પોલીસે અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી વગર પાસ-પરમીટે કેફી પીણું (દારૂ) પીધેલી હાલતમાં જોખમી રીતે વાહન હંકારતા ૩ નશાખોરોને મોટર વ્હીકલ એક્ટ અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ઝડપી લીધા છે અમદાવાદનો ચાલક XUV-૭૦૦ સાથે પકડાયો: ગાંધીધામ "બી" ડિવિઝન પોલીસે ગુડ સાઈડ પુલ પાસે સર્વિસ રોડ પરથી વૈભવી મહિન્દ્રા XUV-૭૦૦ કાર (નંબર: GJ-01-WJ-4143) ના ચાલક રવિકુમાર સિપ ાહીલાલ સિંઘ (ઉ.વ.૩૮, રહે. પ્રાર્થના બંગ્લોઝ, સરસપુર, અમદાવાદ) ને ફૂલ નશાની હાલતમાં ગાડી ચલાવતા ઝડપી લીધો હતો. એ ડિવિઝન પોલીસે જી. આઈ.ડી.સી. રામદેવપીર મંદિર પાસે હોન્ડા શાઈન બાઈક (નંબરઃ GJ-09-C-6504) ના ચાલક હસમુખ ઉર્ફે લાલો માનભાઇ સોલંકીને તેમજ સુંદરપુરી પાણીના ટાંકા પાસે રોડ પરથી હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક (નંબરઃ GJ-12-ES-4414) ના ચાલક ઈકબાલ આદમભાઇ રાયમા (ઉ.વ.૩૨, રહે. નવી સુંદરપુરી) ને દારૂ પીધેલી હાલતમાં બાઈક ચલાવતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

**ચોમાસાની 'ઓફ-સિઝન'માં ઘૂસણખોરી : મોટી ગફલતની આશંકા !**

# સરક્રીકમાંથી ફરી બિનવારસી બોટ ઝડપાઈ : સવાલ એ છે કે તેને લાવનારા નાપાક તત્વો ક્યાં ગુમ થઈ ગયા?

**શું બોટ આપોઆપ દરિયાના મોજાં પર તરીને ભારતીય સરહદમાં ઘૂસી આવી? એજન્સીઓ મૌન કેમ? કચ્છના નિર્જન ટાપુઓ પર ઘૂસણખોરો છુપાયા હોવાની ભીતિ : ચોમાસાની 'ઓફ-સિઝન'માં માછીમારીના બહાને મોટી સાજિશની આશંકા!**

ભુજ:કચ્છની સરહદી ક્રીક લાઈન અને દરિયાઈ વિસ્તારમાંથી અવારનવાર પાકિસ્તાની માછીમારોની બિનવારસી બોટ પકડાવાનો સિલસિલો યથાવત રહ્યો છે. તાજેતરમાં જ સરક્રીક વિસ્તારમાંથી વધુ એક બિનવારસુ બોટ સુરક્ષા દળોના હાથે ઝડપાઈ છે. પરંતુ દર વખતની જેમ આ વખતે પણ એક જ મોટો અને વેધક સવાલ હવામાં તરી રહ્યો છે કે, આ બોટમાં સવાર થઈને આવેલા તત્વો ક્યાં 'છૂ' થઈ ગયા? શું આ બોટો આપોઆપ જ પાકિસ્તાનથી સરહદ પાર કરીને કચ્છના દરિયાઈ વિસ્તારોમાં ઘૂસી આવે છે? તેને લાવનારા ઘૂસણખોરો ક્યાં ગુમ થઈ ગયા, તેની કોઈ જ સ્પષ્ટતા સુરક્ષા એજન્સીઓ દ્વારા કેમ કરવામાં આવતી નથી? જડબેસલાક સુરક્ષાના દાવા વચ્ચે સત્તાવાર ફોડ કેમ નહીં?એકતરફ કચ્છના દરિયાઈ અને ક્રીક ક્ષેત્રમાં બીએસએફ, કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસ દ્વારા જડબેસલાક સુરક્ષા કિલ્લેબંધી હોવાના દાવાઓ કરાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , હાઈટેક કેમેરા અને ડ્રોન સર્વેલન્સ સિસ્ટમ વિકસાવવાની મોટી-મોટી વાતો થાય છે, ત્યારે બીજીતરફ આવી બોટો લઈને સરહદમાં ઘૂસી આવતા નાપાક તત્વો ક્યાં ગાયબ થઈ જાય છે તે રહસ્ય વધુ ઘેરૂ બન્યું છે. સવાલ તો એ પણ થાય છે કે, શું તેઓ સુરક્ષા એજન્સીઓની નજર ચૂકવીને ભારતમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરી ચૂક્યા છે?કે પછી બોટ અહીં છોડીને દરિયાઈ માર્ગે પરત પાકિસ્તાન જતા રહ્યા છે?આ બાબતે કોઈ જ સત્તાવાર ફોડ ન પાડવામાં આવતા સરહદી વિસ્તારના નાગરિકોમાં અનેક શંકા-કુશંકાઓ જન્મી રહી છે.

કચ્છના વિશાળ દરિયાઈ પટ્ટામાં અનેક એવા ટાપુઓ આવેલા છે જે સંપૂર્ણપણે નિર્જન અને વેરાન છે. આ ભૌગોલિક પરિસ્થિતિનો ગેરલાભ લઈને પાકિસ્તાન તરફથી આવેલા શંકાસ્પદ તત્વો આ નિર્જન ટાપુઓ પાછળ છુપાઈ ગયા હોવાની આશંકા નકારી શકાતી નથી. જો આ તત્વો દેશની આંતરિક સુરક્ષાને નુકસાન પહોંચાડવાના ઈરાદા સાથે ભારતીય સરહદમાં પગપેસારો કરી ગયા હોય, તો તે રાષ્ટ્રીય સુરક્ષા માટે બહુ મોટો ખતરો સાબિત થઈ શકે છે. પાકીસ્તાની માછીમારીનો ઈરાદો માની લેવો ભારે પડી શકે છે!"અત્યારે ચોમાસાની સિઝન ચાલી રહી છે, દરિયો ભારે કરંટ સાથે રફ હોય છે. આ દિવસોમાં કાયદેસરની માછીમારી પર પણ પ્રતિબંધ જેવો માહોલ હોય છે અને દરિયામાં 'ઓફ-સિઝન' ચાલે છે. આવા જોખમી હવામાનમાં પણ જો પાકિસ્તાની બોટ કચ્છના કાંઠે ઘૂસી આવતી હોય, તો તેના ઈરાદા માત્ર 'માછીમારી' પૂરતા જ રહ્યા હશે તેમ માની લેવું એ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ માટે ભારે ગફલતભર્યુ સાબિત થઈ શકે છે. માત્ર બિનવારસી બોટ પકડીને સંતોષ માની લેવાના બદલે, એજન્સીઓએ હવે કડક રૂખ અપનાવવી પડશે. ક્રીકના ગૂંચવણભર્યા માર્ગો અને નિર્જન ટાપુઓ પર તાત્કાલિક મેગા સર્ચ ઓપરેશન શરૂ કરવું અનિવાર્ય બન્યું છે. દેશની જનતા અને સરહદી કચ્છના રહિશોને એ જાણવાનો પૂરો હક છે કે આ બોટો લાવનારા અસલી ચહેરાઓ અત્યારે ક્યાં છે?

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

**છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન**



આપની વિદાયને આજે ૬ વર્ષ વિતી ગયાં છતાં મન હજુ માનતુ નથી કે આપ અમારી વચ્ચે નથી, મજદુર સંગઠન તથા કંડલા પોર્ટ ટ્રસ્ટના કર્મચારીઓ માટે પુરી ન શકાય તેવી આપની ખોટ હંમેશા વર્તાશે, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે...

**સ્વ. મનોહર એલ. બેલાણી (સ્વ. તા. ૨૦.૦૭.૨૦૨૦)**
મહામંત્રીશ્રી, ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કસ યુનિયન (HMS) – કંડલા
પૂર્વ ટ્રસ્ટી દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ – કંડલા

::: શોકમગ્ન :::
**એલ.સત્યનારાયણ - (પ્રમુખ)**
તથા યુનીયનના હોદ્દેદારો,
કારોબારી સભ્યશ્રીઓ અને સદસ્યશ્રીઓ
ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કસ HMS યુનીયન કંડલા